
# જૈન રામાયણ

## રજોહરણની ખાણ

### સીતાને કલંક



6

પ્રવચનકાર
વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

સંપાદક
પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી** મહારાજ

# જૈન રામાયણ અને અન્ય રામાયણો

જો કે અન્ય રામાયણો અને આ જૈન રામાયણો વચ્ચે ઘણું ઘણું અંતર છે, અન્ય રામાયણોમાં ઘણે ઠેકાણે રાવણને રાક્ષસ, અધમ તથા હીન તરીકે ચિતરવામાં આવે છે. તદુપરાંત પરસ્ત્રીલંપટ, દુષ્ટ અને નરાધમ રૂપે પણ રાવણની પ્રસિદ્ધિ ઈતર કથાઓમાં સ્થળે સ્થળે કરવામાં આવી છે.



પણ વાસ્તવિક સ્થિતિ તદ્દન જુદી છે. તે ગ્રંથકારો પણ પોતાના ગ્રંથોમાં એ વાતને તો કબૂલે છે કે 'રાવણે મહાસતી સીતાજી પર ક્યારેય બળાત્કાર કર્યો જ નથી.' જૈન રામાયણમાં તો એવો સ્પષ્ટ રીતે ઉલ્લેખ છે કે, રાવણ-દશમુખ સદાચારી તથા પરસ્ત્રીવિમુખ શીલવાન મહાપુરુષ હતા. નલકૂબરની પત્ની ઉપરંભા જ્યારે રાવણના રૂપગુણથી આકર્ષાઈ રાવણ તરફ કામ રાગભરી પ્રીતિ અને આકર્ષણ ધરાવે છે ને તે માટે અજેય એવી નલકૂબરની નગરીના દ્વારો ઉઘાડી આપવા માટે વિદ્યાદાન કરવાનું પ્રલોભન આપે છે : ને તેનો જે વખતે બિભિષણ સ્વીકાર કરે છે. ત્યારે રાવણ વિભીષણ પર આક્રોશ વ્યક્ત કરે છે. આ જ ઘટના રાવણની સદાચારીતાનો પરિચય કરાવે છે.

# જૈન રામાયણ

## રજોહરણની ખાણ
## સીતાને કલંક



# 6

**પ્રવચનકાર**
વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

**સંપાદક**
પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી** મહારાજ



........પ્રવચનકાર........

પરમારાધ્યપાદ

પરમગુરુદેવ-પરમોપાસ્ય

**શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમસૂરીશ્વર-**

પટ્ટધરરત્ન, ગુણરત્નરત્નાકર,

જૈનશાસનજ્યોતિર્ધર, તપાગચ્છાધિપતિ,

વ્યાખ્યાનવાચસ્પતિ, પ્રવચનગારુડી,

પરમગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ્

**વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

........સંપાદક.......

સિંહગર્જનાના સ્વામી, આચાર્યદેવેશ શ્રીમદ્

વિજય **મુક્તિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટવિભૂષક, પ્રશમરસપયોનિધિ, આચાર્યદેવ શ્રીમદ્

વિજય **જયકુંજરસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટાલંકાર, પ્રભાવક પ્રવચનકાર, આચાર્યદેવ શ્રીમદ્

વિજય **મુક્તિપ્રભસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટધરરત્ન, પ્રસિદ્ધપ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્

**વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજ**

# જૈન રામાયણ : રજોહરણનો ભાગ-૬
## સીતા ને કલંક

વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રંથમાળા-૧૩

**પ્રકાશન** : વિ.સં. ૨૦૬૭

**નકલ** : ૩૦૦૦

**મૂલ્ય** : ૭૫/-

**ભાગ ૧ થી ૭** : ૫૦૦/- ( સંપૂર્ણ સેટ )

**પ્રાપ્તિસ્થાન** : શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ
એ/૧, ઘનશ્યામ પાર્ક ફ્લેટ, ૧૭, આનંદનગર
સોસાયટી, પાલડી ભઠ્ઠા, અમદાવાદ.
ફોન : ૨૬૫૭૬૮૬૪
Email : muktikiran99@yahoo.com

**પ્રકાશક** : મુદ્રક : શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન, અમદાવાદ.

જૈન રામાયણ : રજોહરણની ખાણ : પ્રવચનકાર મહર્ષિદેવ



જૈનશાસન જ્યોતિર્ધર વ્યાખ્યાનવાચસ્પતિ

તપાગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્

# વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

મહાગ્રંથ પ્રકાશન - સુકૃતના સહભાગી



## શ્રાદ્ધવર્ય શ્રી લાલચંદજી છગનલાલજી

પિંડવાડા, જી. સિરોહી

શ્રીપાલનગર, વાલકેશ્વર, મુંબઈ.



# ઋણ સ્વીકાર

૯૬ વર્ષના દીર્ઘ આયુષ્યમાં ૭૯ વર્ષનો નિર્મળ ચારિત્ર પર્યાય અને ૫૬ વર્ષનો આરાધના-રક્ષા-પ્રભાવના સભર આચાર્યપદ પર્યાય ધરનાર પરમગુરુદેવ પૂ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના પાર્થીવ દેહના અંતિમ સંસ્કારથી પવિત્ર-ભૂમિ પર નિર્મિત **'સ્મૃતિમંદિર'**ની પાવન પ્રતિષ્ઠાના ઉપલક્ષ્યમાં **'સ્મૃતિમંદિર પ્રકાશન'**ની સ્થાપના થઈ ત્યારથી પ્રકાશન કાર્યની પા પા પગલી ભરતાં અમે આજે એક ભગીરથ કાર્ય કરવા સમર્થ બની રહ્યાં છીએ. તે દેવ-ગુરુની અસીમકૃપાનું પરિણામ છે.

**'જૈન રામાયણ : રજોહરણની ખાણ'** ૭ ભાગમાં પ્રકાશન કરવાનો વિચાર થયો ત્યારથી એક મોટું ટેન્શન હતું. પણ **'કૃપા'** શું કામ કરે છે તેનો અમે અનુભવ કરી શક્યા છીએ.

વ્યાખ્યાન વાચસ્પતિ પરમારાધ્યપાદ પરમગુરુદેવશ્રી જેવા સમર્થ મહાપુરુષની ભલભલાનાં હૈયાને હચમચાવી દેતી ધર્મદેશનાને સાક્ષાત્ સાંભળતા હોઈએ તેવા આ પ્રવચનોનું પ્રકાશન તેઓશ્રીની મહતીકૃપા સાથે, સિંહગર્જનાના સ્વામી પૂ.આ.શ્રી **વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા,** સમર્પણમૂર્તિ પૂ.આ.શ્રી **વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા** પ્રશમરસપયોનિધિ પૂજ્ય આચાર્ય શ્રી **વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજા**, પ્રવચનપ્રભાવક પૂ.આ.શ્રી **વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની અને અમારા માર્ગદર્શક **પૂ.આ.શ્રી શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની પણ અસીમ કૃપાનું ફળ છે.

સમર્થ સાહિત્યકાર પૂ. આચાર્યદેવશ્રી **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ** 'પ્રસ્તાવના' લખી આપીને અમારા આ કાર્યને ખૂબ જ ગૌરવ બક્ષ્યું છે.

પિંડવાડાના વતની હાલ મુંબઈ વસતા **શ્રેષ્ઠિવર્ય શ્રી લાલચંદજી છગનલાલજી પરિવારે** આ સાહિત્ય પ્રકાશનનો અનેરો લાભ લઈને અમારા ઉલ્લાસમાં અભિવૃદ્ધિ કરી છે. અમે તેઓના ખૂબ ખૂબ ઋણી છીએ.

**-સ્મૃતિમંદિર પ્રકાશન**




## સ્મૃતિના સથવારે

**'જૈન રામાયણ'**ના પ્રવચનો દ્વારા જૈન-જૈનેતર જગતને જૈન રામાયણનો નોખો-સાવ અનોખો પરિચય કરાવનારા વ્યાખ્યાન વાચસ્પતિ પ્રવચનગારુડી સ્વર્ગીય પરમગુરુદેવ પૂ.આચાર્યદેવેશ **શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના અપાર ઉપકારોને કોઈ શબ્દોમાં ય વર્ણવી શકાય તેમ નથી, જન્મથી-ગળથૂથીમાંથી મળેલા તેઓશ્રીને સાધુ જીવનમાં સતત સાંભળવાનો અને માણવાનો અવસર સંસારી પિતાજી **શ્રીયુત્ ચન્દ્રકાન્તભાઈ લક્ષ્મીચંદ દોશી** (પછીથી મુનિરાજશ્રી **ચારિત્રસુન્દરવિજયજી મ.**)ની ભાવનાથી અને પરમતારક ગુરુદેવો સિંહગર્જનાના સ્વામી સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી **વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા,** પૂર્વદેશ કલ્યાણકભૂમિતીર્થોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી **વિજયજયકુંજરસૂરીશ્વરજી મહારાજા** અને પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી **વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની આશીર્વાદપૂર્ણ ઉદારતાથી મળી શક્યો, તેથી જ પ્રભુશાસનના મર્મને પામવાનું યત્કિંચિત્ સામર્થ્ય પ્રગટ્યું અને એક મહાગંભીર સાગરને અવગાહવા જેવા આ સંપાદનના કાર્યને કરવા ઉલ્લસિત બની શક્યો છું.

પરમશ્રદ્ધેય ગચ્છાધિપતિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી **વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા**ની તારક નિશ્રામાં વિ.સં. ૨૦૬૨-૬૩ના ચોમાસામાં શ્રીપાલનગરની સ્થિરતા દરમ્યાન આ સંપાદન માટે તેઓશ્રીની અનુમતિ મળી તથા જૈન પ્રવચન પ્રચારક ટ્રસ્ટના ટ્રસ્ટીવર્ય **સુશ્રાવક શ્રી કાન્તિલાલ ચુનીલાલે** પણ આ કાર્ય માટે "પૂજ્યપાદશ્રીના પ્રવચનગ્રંથો કે પ્રવચનોને આપ બધા તૈયાર કરો કે સંપાદન કરો તે ખૂબ જરુરી છે" આવી ભાવનાના શબ્દો દ્વારા આવકાર્યું તેથી સરળ ગતિએ સંપાદન શક્ય બની શક્યું.

જો કે મુંબઈથી અમદાવાદ-રાજસ્થાન અને દિલ્હીના વિહારો ફરી દિલ્હીથી અમદાવાદ-મુંબઈના વિહારો અને અનેકવિધ ધર્મઉત્સવો આદિની વ્યાક્ષિપ્તતાને કારણે સંપાદન કાર્ય ખૂબ જ મંદ ગતિએ થયું, છતાંય નિશ્રાવર્તી મુનિગણ આદિનો આ કાર્યમાં રહેલો સહકાર અવિસ્મરણીય રહ્યો છે.

મારા પરમોપાસ્ય, સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રી **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજીમહારાજા**એ પોતાની આગવી શૈલીમાં પ્રસ્તાવના લખી આપીને મારા આ કાર્યને ખૂબ જ હળવું બનાવ્યું છે. તેમ છતાંય મતિઅલ્પતા અને કાર્ય-અદક્ષતાને કારણે આવા ભગીરથ કાર્યમાં સ્વર્ગીય પરમગુરુદેવશ્રીના આશય વિરુદ્ધ કે શાસ્ત્ર વિરુદ્ધ કાંઈપણ કાર્ય બન્યું હોય તો ત્રિવિધે ક્ષમાયાચના પૂર્વક વાચકવર્ગને એટલું જ ભારપૂર્વક જણાવીશ કે **"સ્વાદુઃ સ્વાદુઃ પુરઃ પુરઃ"** ની નીતિને ધ્યાનમાં રાખીને જેમ-જેમ વાંચતા જશો તેમ-તેમ જૈનરામાયણનો અદ્ભુત રસાસ્વાદ માણવા દ્વારા અપૂર્વ ભાવાનુભૂતિ અને વર્ણનાતીત આનંદની અનુભૂતિ થશે એ નિઃશંક છે

## સંપાદન શૈલી



શ્રી વીરશાસન કાર્યાલય દ્વારા વિ.સં. ૧૯૮૯ થી **'જૈન રામાયણ'** ૭ ભાગમાં પ્રકાશિત થયા પછીની આવૃત્તિઓમાં મહદ્અંશે સંસ્કૃત શ્લોકો કાઢી નાંખવામાં આવેલાં હતાં. અહીં ફરી એ શ્લોકોને તે-તે સ્થળે ગોઠવી દીધા છે અને વાચકવર્ગની વાંચનમાં એક રસધારા ટકી રહે તે માટે એક દિવસના પ્રવચન પછી બીજા દિવસના પ્રવચનમાં ઉપદેશ આદિ રૂપે નવી-નવી આવતી વાતોને યથાવત્ જાળવી રાખીને જે પુનરાવર્તન જેવું જણાતું હતું, તે દૂર કર્યું છે અને તે વખતની જુની ભાષાને થોડી મઠારી છે.

કલિકાલસર્વજ્ઞ પરમોપકારી આચાર્યદેવ શ્રીમદ્ **હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા રચિત ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર**ના ૭મા પર્વના ૧૦ સર્ગના આધારે આ પ્રવચનો મુખ્યતયા થયા હોવાથી પૂર્વે તે-તે સર્ગ અને પ્રવચનોના ક્રમાંક મૂકાયાં હતા તે પણ દૂર કરીને અખંડ-પ્રવચનો અહીં અવતરિત કરાયા છે.

આ નવી શૈલીમાં **'જૈનરામાયણ : રજોહરણની ખાણ'** એવું ગ્રંથનું નામ રાખીને સાતે ભાગોમાં મુખ્ય વિષયને ધ્યાનમાં રાખી દરેક ભાગનું નામકરણ નીચે મુજબ કર્યું છે.

| ભાગ | સર્ગ | નામ |
|---|---|---|
| ૧. | ૧-૨-૩ | રાક્ષસવંશ અને વાનરવંશ. |
| ૨. | ૪ | રામ-લક્ષ્મણને સીતા |
| ૩. | ૫-૬ | સીતા અપહરણ |
| ૪. | ૭-૮/૧ | લંકાવિજય |
| ૫. | ૮/૨ | ઓશીયાળી અયોધ્યા |
| ૬. | ૮ | સીતાને કલંક |
| ૭. | ૯-૧૦ | રામ નિર્વાણ |

આ મુખ્ય વિષયોને સુચવનારા નામાભિધાન છે. ઠેર-ઠેર અવાંતર વિષયો-પ્રસંગો અને સાંપ્રત સમસ્યાઓના પ્રત્યાઘાતોમાં પ્રવચનકારમહર્ષિનું હૃદય વાંચવા મળે છે.

## ભાગ-૬

**'જૈન રામાયણ : રજોહરણની ખાણ'** આ મહાગ્રન્થમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી પ્રણિત ત્રિષષ્ઠિ સાતમા પર્વના **'સીતા પરિત્યાગ'** નામના આઠમા સર્ગના પ્રવચનકારમહર્ષિ પરમગુરુદેવશ્રીના પ્રવચનો ચોથા, પાંચમા અને છઠ્ઠા ભાગમાં સમાવિષ્ટ કર્યા છે.

વ્યવહારિક, તાત્વિક અને સૈદ્ધાંતિક અનેક પ્રશ્નોની છણાવટ આ પ્રવચનોમાં વિસ્તારથી કરાઈ હોવાથી આ પ્રવચનોનું કદ મોટું થયું. **'સીતાને કલંક'** નામના આ છઠ્ઠા ભાગમાં શેષ બધા પ્રવચનો સંગ્રહિત છે.

દેવદ્રવ્ય જેવો મહત્ત્વપૂર્ણ વિષય અને દીક્ષા-બાલ દીક્ષા અંગેની રહસ્યપૂર્ણ વાતોનું શાસ્ત્રાધારે થયેલું માર્મિક વિવેચન પદાર્થની વાસ્તવિકતાને જડબેસલાક સમજાવી દે તેવું છે.

જૈનશાસનનો કથાવિભાગ આત્મકલ્યાણ માટે જ છે એ વાતને વર્ણવીને 'આજે વૈરાગ્ય સામે આક્રમણ કેમ ?' એ વાતને એટલા સ્પષ્ટ શબ્દોમાં રજૂ કરવામાં આવી છે કે ધર્મવિરોધી અને દીક્ષાવિરોધી વર્ગને વિવેકી શ્રોતાઓ સહજતાથી ઓળખી શકે.

આ વિભાગનો મુખ્ય વિષય વર્ણવતાં પહેલાં શ્રી ભરતજીને દીક્ષા પછી શ્રી શત્રુઘ્નને જે જોઈએ તે આપવાની ઉદારતા પૂર્ણ રજૂઆતની સામે શ્રી રામચન્દ્રજી પાસે શત્રુઘ્નનો મથુરા માટે આગ્રહ, મથુરાના તે વખતના રાજવી મધુનો પ્રસંગ, પરાજય થતા મધુરાજાની સ્વાધ્યાયયોગ્ય શુભ ભાવના, મથુરા ઉપર ઉપદ્રવ, સાત મહર્ષિઓના પ્રભાવે ઉપદ્રવ નાશ, અર્હદ્દત્તશ્રેષ્ઠિ અને સપ્તમહર્ષિ આદિ હૃદયંગમ વિષયો ખૂબ ઊંડી વિચારણા કરવા લાયક છે.

બાલ્યકાળમાં બંધુ વિરહ પામેલા, રામ પત્ની તરીકે વનવાસ પામેલા, અને રાવણ દ્વારા અપહરણનો ભોગ બનેલા મહાસતી હજી અયોધ્યાના સુખ માણે તેટલામાં તેઓને આવેલું અનિષ્ટ સ્વપ્ન, નિવારણનો ઉપાય, તેઓશ્રીની શોક્ય બહેનો દ્વારા જ 'સીતા કલંક'ની ઉપજાવી કાઢેલી વાતનો પ્રચાર, ગર્ભના પ્રભાવથી થયેલો દોહદ અને મહેન્દ્રોદ્યાનમાં ગમન, જમણા નેત્રનું ફરકવું, દુષ્કર્મના ઉદયને સૂચવનારી ઘટના, શ્રી સમ્મેતશિખર તીર્થની યાત્રાના નામે શ્રી રામચન્દ્રજી દ્વારા સીતાનો પરિત્યાગ અને સીતાદેવીને સમ્યગ્દૃષ્ટિ આર્યસન્નારીને શોભે તેવો સંદેશ. આ બધું શાંત ચિત્તે મનનીય-પઠનીય છે.

સદ્‌ગુરુચરણ સેવાહેવાકી
**આચાર્ય વિજય શ્રેયાંસપ્રભસૂરિ**

**દ્વિ.વૈશાખ વદ-૧૧, વિ.સં.૨૦૬૬,**
**સિદ્ધાંતમહોદધિ સ્વ.પરમગુરુવર સ્વર્ગતિથિ.**
**થરા**





# જૈન રામાયણ : રજોહરણની ખાણ
## ભાગ-૧ થી ૭

સંપૂર્ણ ગ્રન્થરત્નનો લાભ લેનાર ધર્મપરાયણ જીવનના શ્રેષ્ઠ નિર્માતા

## શ્રી લાલચંદજી છગનલાલજીના

# જીવનની આછી ઝલક

નરવીરો શૂરવીરો અને ધર્મવીરોથી શોભાયમાન રાજસ્થાનની ધીંગીધરા પર આવેલ **સિરોહી** જિલ્લાના **પિંડવાડામાં પૂ. પિતાશ્રી છગનલાલજી**ના કુળમાં પૂ. માતુશ્રી **છોગીબેન**ની કૂખે વિ.સં. ૧૯૭૨માં મહા સુદ ૩ના તેઓશ્રીનો જન્મ થયો.

વર્ધમાન જૈન યુવક મંડળની સ્થાપના (પિંડવાડા) દ્વારા સંઘના અનેક કાર્યોમાં સાથ આપતા રહ્યા.

પિંડવાડાના પનોતા પુત્ર, પ્રેમના ઘૂઘવતા સાગરસમા સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના પરમ કૃપાપાત્ર બની ત્રીશ-ત્રીશ વર્ષો સુધી અખંડપણે કર્મ સાહિત્યના પ્રકાશનાદિમાં કાર્યરત રહેવા દ્વારા અપૂર્વ જ્ઞાનોપાસના અને ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિની સ્થાપના કરાવી.

જેસલમેર-અમરસાગર-લોદ્રવપુર-ભીલડીયાજી-અજારી (પિંડવાડા)-આયડ (ઉદયપુર) આદિ અનેક મહાતીર્થોના જીર્ણોદ્ધારના કાર્યની સાથે મેવાડના અગણિત મંદિરોના પુનરુદ્ધારમાં અમૂલ્ય ફાળો આપ્યો.

સુવિશુદ્ધ સંયમમહાનિધિ, વાત્સલ્યવારિધિ સ્વ. પૂજ્યપાદ આચાર્દેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ની પરમ પાવનકારી નિશ્રામાં પિંડવાડામાં ઐતિહાસિક અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તથા વ્યાખ્યાન વાચસ્પતિ પરમોકારી સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની તથા અન્ય **ગુરુભગવંતો**ની નિશ્રામાં અગ્રેસર રહી વિશ્વ વિખ્યાત આબુ દેલવાડા-બ્રાહ્મણવાડા-ઉદવાડા-પૂના-વાંસદા આદિ અનેક સ્થાનોમાં ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠાદિના પ્રસંગોની ઉજવણી કરી કરાવી.

હસ્તગિરિ મહાતીર્થ, સહસાવન ગિરનાર, શ્રીપાલનગર મુંબઈ, જી.આઈ.ડી.સી. વાપી, ચંદાવરકરલેન બોરીવલી મુંબઈ આદિમાં નૂતન દેરીઓ-જિનાલયોના નિર્માણમાં અનુમોદનીય સહયોગ આપ્યો.

સહસાવન ગિરનાર, દેલવાડા આબુ, શ્રીપાલનગર મુંબઈ, જી.આઈ.ડી.સી. વાપી જેવા વિશ્વપ્રસિદ્ધ સ્થાનોમાં કાયમી ધજા ચઢાવવાના, મૂલનાયક તથા અન્ય જિનબિંબો ભરાવવાના તથા પ્રતિષ્ઠાદિના લાભોમાં સ્વદ્રવ્યની ન્યોછાવરી કરી.

શંખેશ્વર-બ્રાહ્મણવાડામાં નવપદજીની ઓળીની આરાધના કરાવવા જેવા અનેક સુકૃતોની સમારાધના, મુકપશુઓની સુરક્ષા કાજે શિબિર-કેમ્પ અનુકંપાના કાર્યો તથા સામાજિક ક્ષેત્રોમાં અગ્રેસર રહી તન-મન-ધનથી વિવિધ સેવાઓ આપી છે.

ઉભય ગુરુદેવોના કાળધર્મ બાદ તપસ્વીસમ્રાટ્ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજા** તથા ગચ્છસમ્રાટ્ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા**ની પણ એવી જ કૃપા મેળવીને શાસન પ્રભાવક અનેક કાર્યોમાં અગ્રેસર રહી, આ ઉભયની નિશ્રામાં જ સમાધિ પામીને સ્વર્ગવાસી બન્યા.

*આપની શ્રુતભક્તિની અમે*

*પુનઃપુનઃ અનુમોદના*

*કરીએ છીએ.*

**- સ્મૃતિમંદિર પ્રકાશન**



# ભાગ-૬

## સીતાને કલંક


(૧) આપણું સુખ આપણે જ મેળવવાનું છે.

(૨) ઉત્તમ આત્માની વિચારદશાને ઓળખો

(૩) શત્રુઘ્નને મથુરાનો આગ્રહ શા માટે ?

(૪) અર્હદ્દત્ત શ્રેષ્ઠિ-સપ્તર્ષિ, આશાતના અને પશ્ચાત્તાપ

(૫) સીતાદેવીને સ્વપ્ન અને અનિષ્ટ નિવારણનો ઉપાય

(૬) આપત્તિમાં શરણરુપ એક ધર્મ જ.

(૭) ન્યાયપ્રિય રાજાઓ અને પુરમહત્તરો

(૮) કીર્તિની કામના કર્તવ્યને ભૂલાવે છે

(૯) શ્રીરામ-સીતાની નિન્દા અને આજની હાલત

(૧૦) જનમાનસ અને ધર્મશાસન

(૧૧) મહાસતી સીતાદેવીનો સંદેશ




# ક્રમનિર્દેશ


| વિષય | પૃ |
|---|---|
| (૧)આપણું સુખ આપણે જ મેળવવાનું છે | ૧ |
| • શ્રી જૈન શાસનનો કથા વિભાગ પણ આત્મકલ્યાણ માટે જ છે | ૩ |
| • આત્મકલ્યાણ એજ જીવનધ્યેય | ૪ |
| • વૈરાગ્ય સામે આક્રમણ કેમ ? | ૪ |
| • શ્રી રામ લક્ષ્મણનુ નિકાચિત કર્મ | ૫ |
| • ચોવીસ શ્રી જિનેશ્વરદેવો તદ્‌ભવમુક્તિગામી | ૫ |
| • વાસુદેવો તથા પ્રતિવાસુદેવો નિયાણું કરીને જ આવે છે | ૬ |
| • બળદેવો સ્વર્ગે કે મોક્ષે જાય | ૬ |
| • ચક્રવર્તીઓ નરકે, સ્વર્ગ અગર મોક્ષે જાય | ૭ |
| • આપણું સુખ આપણે જ મેળવવાનું છે | ૮ |
| • વાસુદેવ શ્રી લક્ષ્મણજી તે છતાંય વધુ નામના શ્રી રામચન્દ્રજીની | ૯ |
| • મહાન આત્માઓ સેવકોની વફાદારીને ભૂલે નહિ | ૯ |
| • એ કાલે અનીતિનું સેવન ન હતું | ૧૦ |
| • નાનોભાઈ જે માંગે તે મોટોભાઈ આપી દેને ? | ૧૦ |
| • શત્રુઘ્નને મથુરા માટે અતિ આગ્રહ | ૧૧ |
| • શક્તિના સદુપયોગની પૂજા હોય | ૧૨ |
| • વસ્તુ અને વસ્તુનો ઉપયોગ – એ બે વચ્ચે ભેદ પાડતાં શીખવું જોઈએ | ૧૨ |
| • ધર્માત્માનું સત્ત્વ સ્વ-પર બન્નેયને લાભદાયી હોય | ૧૩ |
| • પ્રમાદ ભયંકર છે | ૧૪ |
| • દુર્ગતિથી બચવું હોય તો | ૧૪ |
| • શ્રી રામચન્દ્રજી તથા શ્રી લક્ષ્મણજીએ શત્રુઘ્નને ધનુષ્ય-બાણો આપ્યાં | ૧૫ |
| • શત્રુઘ્ન એ મધુરાજાના પ્રમાદીપણાની માહિતી મેળવી | ૧૫ |
| • પ્રશસ્ત પ્રવૃત્તિમાં વિવેક હોય છે | ૧૬ |
| • શત્રુઘ્ને મથુરા બહાર મધુને રોક્યો | ૧૭ |
| • આત્મિક દૃષ્ટિ વિનાના લોકોની ઉંધી પ્રવૃત્તિ | ૧૭ |
| • આત્મકલ્યાણની સાધનામાં જ છૂટ નહિ ? | ૧૮ |
| • સાચો દયાળું કોણ ? પાપથી બચાવે તે | ૧૯ |
| • મધુરાજાની અંતિમ સમયની વિચારણા | ૨૦ |
| (૨) ઉત્તમ આત્માની વિચારદશાને ઓળખો | ૨૧ |
| • મરણથી નહિ પણ જન્મથી ડરો | ૨૩ |
| • વારંવાર જન્મ ન કરવા પડે તેવું જીવન જીવો | ૨૪ |
| • મધુ ભાવચારિત્રી બની દેવલોકમાં ગયો | ૨૫ |
| • 'પઉમચરિયમ્' માં આ પ્રસંગનું વર્ણન | ૨૫ |
| • હંમેશા સ્વાધ્યાય યોગ્ય શુભ ભાવના | ૨૭ |
| • સંસાર શાશ્વત પણ ખરો અને અશાશ્વત પણ ખરો | ૨૭ |
| • વિષય-કષાય રૂપ સંસારનો નાશ કરવાનો પ્રયત્ન એનું નામ ધર્મ | ૨૯ |
| • મર્યા વિના છૂટકો નથી | ૨૯ |
| • પરભવનો ઈન્કાર થઈ શકે એમ નથી | ૩૦ |
| • પરલોક ન હોય તો પણ સાચા ત્યાગીને કશું નુકસાન થતું નથી | ૩૧ |
| • સંસાર ત્યાગીને સંયમ તકલીફ રૂપ નથી | ૩૨ |
| • જ્ઞાનીની આજ્ઞા મુજબ ત્યાગ કરનારને લ્હેર જ છે | ૩૨ |
| • ધર્મીપણું પામ્યા છો કે નહિ તેની તપાસ કરો | ૩૩ |
| • મરણ સુધારવા માટેય જીવન સુધારવું જરૂરી છે | ૩૪ |
| • શ્રી જિનવચનનું સ્મરણ | ૩૫ |
| • શ્રી નવપદ ભગવંત મંગલરૂપ છે | ૩૬ |
| • શ્રી અરિહંત પરમાત્માના શરણનો સ્વીકાર | ૩૭ |
| • મધુરાજાએ આત્માના એકત્વનો અને સ્વભાવનો કરેલો વિચાર | ૩૮ |
| • આત્મસ્વભાવ પ્રગટાવવાનો અભ્યાસ કરો | ૩૮ |
| • દીક્ષાભિલાષાના અભાવને કમનસીબી માનો | ૩૯ |
| • દીક્ષાની મહત્તા આટલી બધી કેમ ? | ૪૦ |
| • બીનવફાદારોથી વસ્તુને હલકી ન મનાય | ૪૦ |
| • સાધુતાથી વંચિત હોય તેવાઓને નહિ માનવા | ૪૧ |
| • મધુરાજાએ પોતાના હાથે લોચ કર્યો | ૪૧ |
| • સંથારાપોરિસીની ભાવનાને રોજ યાદ કરો ! | ૪૨ |
| • ચમરેન્દ્ર શત્રુઘ્ન પર કોપાયમાન થાય છે | ૪૨ |
| • રાજા અને પ્રજા વચ્ચેનો સંબંધ | ૪૫ |
| • વડીલો અને આશ્રિતો બંને કર્તવ્ય વિમુખ બન્યાં છે | ૪૫ |
| • સારા વાતાવરણનો પ્રારંભ ઘરેથી કરો | ૪૭ |
| • શત્રુઘ્નના પુણ્યનો પ્રભાવ | ૪૭ |
| • મથુરા નગરીના લોકોનો પાપોદય | ૪૮ |
| • કેવલજ્ઞાની પરમર્ષિને શ્રી રામચંદ્રજીએ પૂછેલો પ્રશ્ન | ૪૯ |

- વિરાધનાથી બચવા મરાય ? ૫૦
- પતિતના નામે ધર્મની નિંદા ન થાય ૫૧

(૩) શત્રુઘ્નને મથુરાનો આગ્રહ શા માટે ? ૫૩

- શ્રદ્ધાપૂર્વક શુદ્ધ હેતુથી ધર્મક્રિયાઓ કરો ૫૬
- શત્રુઘ્નનો જીવ શ્રીધરના ભાવમાં ૫૬
- કામરાગની ભયંકરતા ૫૭
- દુનિયાદારીની રાગમાં પડેલાઓ સ્વામી પ્રત્યે પણ વફાદાર રહી શકતા નથી ૫૮
- સ્વાર્થાન્ધ લોકો દુનિયામાં ગમે તેવા સજ્જનની પણ ખોટી નિંદા કરતાં અચકાતા નથી ૫૯
- શ્રાપભૂત અને આત્મિક આશીર્વાદરૂપ ૬૧
- આજે સાધુઓના સંસર્ગથી દૂર રાખવાની પેરવીઓ કેવળ બદઇરાદાથી જ થાય છે ૬૪
- દુ:ખ નિમિત્ત, પણ વૈરાગ્ય જ્ઞાનગર્ભિત જ છે ૬૭
- ગુનાઓને રોકવા કરતાં પણ ગુનેગારોની મનોવૃત્તિ પલટાવવામાં વધુ લાભ છે ૬૭
- રત્નત્રયીની આરાધનાથી જ સાચું કલ્યાણ ૬૮
- અર્થ અને કામમાં અતિ લુબ્ધ આત્માઓ ભયંકર અનર્થોને કરે છે ૬૯
- જીવ માત્ર પ્રત્યે કલ્યાણબુદ્ધિ હોવી ઘટે ૭૦
- આત્મસ્વરૂપના વાસ્તવિક ખ્યાલ વિનાનું જીવન શ્રાપભૂત ૭૧
- કોઈને દુ:ખ આપો નહિ કોઈનું સુખ છીનવો નહિ ૭૧
- ખરેખર કર્મની ગતિ વિચિત્ર છે ૭૨
- કુલોની ઉત્તમતાનું કારણ ૭૩
- કૌશંબીમાં કન્યા અને રાજ્યનો યોગ ૭૪
- અચલ મથુરાપુરીના રાજસિંહાસને આવ્યો ૭૫
- સજ્જન અને દુર્જનનું એ જ અંતર છે ૭૬
- અંકને શ્રાવસ્તીનું રાજ્ય આપ્યું ૭૬
- ઉપકારકતાની સાથે ગંભીરતાની જરૂર છે ૭૭
- અપ્રશસ્તતાને ટાળીને પ્રશસ્તતાને કેળવો ૭૮
- અર્થીપણું સાચું આવે તો શું અસાધ્ય છે ? ૭૯
- પરના ભૂંડાની ચિંતા એ આત્મહિંસા જ છે ૮૦
- કર્મસત્તાની પ્રબલતા ૮૧
- કર્મના ઉદય વખતે વિવેકી બનવું જોઈએ ૮૨
- ધર્મસત્તાને સર્વસ્વ માનો તો કર્મસત્તા મોળી પડે ૮૨
- મથુરામાં વ્યાધિનાશ થયાનો પ્રસંગ અને દીક્ષા સંબંધી થોડા પ્રશ્નોત્તરો ૮૩
- આત્માના અર્થી બનનારા જ સાચા પરમાર્થી છે ૮૬
- સૌ સંયમી બનો એવી જ ભાવના હોવી ઘટે ૮૮
- ઉપદેશ ગૃહસ્થધર્મનો, પણ ગૃહવાસનો નહિ ૮૯
- ગૃહવાસને હેય માન્યા વિના કદિયે કલ્યાણ નહિ ૯૦
- શ્રી જૈનશાસનનું ધ્યેય જીવોને સંસારવાસથી મુક્ત બનાવવાનું છે ૯૦
- મથુરામાં વ્યાધિનાશ ૯૧

(૪) અર્હદ્દત્તશ્રેષ્ઠિ-સપ્તર્ષિ આશાતના અને પશ્ચાત્તાપ ૯૩

- અવજ્ઞા કરવી તે ઉચિત નથી ૯૫
- ગુણવાન આત્માઓની આશાતનાના પાપમાં ન પડો ! ૯૭
- મુનિઓ માટે વિનયહીનતા એ કારમો દોષ છે ૯૮
- સુધારવાનો પ્રયત્ન પણ લાયકાત મુજબ થવો જોઈએ ૯૯
- અર્હદ્દત્ત શ્રાવકે સપ્તર્ષિઓની ક્ષમા માંગી ૧૦૦
- મથુરામાં પ્રત્યેક ઘરમાં જિનબિંબની સ્થાપના ૧૦૨
- રત્નરથ રાજાને શ્રી નારદજીની સલાહ ૧૦૩
- શ્વાનવૃત્તિ નહિં સિંહવૃત્તિને કેળવો ૧૦૩
- નારદજીને મારવાનો આદેશ અને હુકમ થતાં નારદજીનું આકાશ માર્ગે ગમન ૧૦૫
- યુદ્ધ, વિજય અને મનોરમાની સાથે પાણિગ્રહણ ૧૦૬
- સ્વાધીનતા અને પરાધીનતા ૧૦૭
- શ્રી રામ-શ્રી લક્ષ્મણજીનો પરિવાર ૧૦૭

(૫) સીતાદેવીને સ્વપ્ન અને અનિષ્ટ નિવારણનો ઉપાય ૧૦૯

- પુત્રપ્રાપ્તિ એ શું સુખનું કારણ છે ? ૧૧૨
- પુત્ર થાય એટલે બાપની દુર્ગતિ ન રોકાય ? ૧૧૩
- કોઈના પણ પુણ્યોદયની ઈર્ષ્યા ન કરો ! ૧૧૪
- દુષ્કર્મનો ઉદય આવવાની તૈયારી ૧૧૫
- શીલના અર્થી આત્માઓએ આજે સાવધ રહેવું જોઈએ ૧૧૭
- શીલના અર્થીએ વિવેકપૂર્વક મર્યાદાઓનું પાલન કરવું જોઈએ ૧૧૯
- શ્રીમતી સીતાજીની સપત્નીઓ શ્રીમતી સીતાજી માટે તદ્દન ખોટી વાત રામચંદ્રજીને કરી ૧૨૧
- કર્મસત્તાના ઉપદ્રવથી આત્માને બચાવનાર ખરેખર જૈન શાસન છે ૧૨૨
- અનુકૂલ પદાર્થો મળવા કે ભોગવવા એ ઈચ્છાને આધીન નથી ૧૨૩
- શ્રીમતી સીતાજીના દોષની વાત લોકમાં શોક્યોએ ફેલાવી ૧૨૪
- વિદ્યમાન કે અવિદ્યમાન દોષોને ગાનારાઓનો તોટો નથી ૧૨૪
- નિન્દારસિકતા પોતાના આત્મા પ્રત્યે કેળવો ૧૨૬
- ઉન્માર્ગના રસિકો દ્વારા મહાપુરુષો અને સન્માર્ગ ઉપર થતું આક્રમણ ૧૨૭
- શ્રીમતી સીતાજીનો દોહદ અને મહેન્દ્રોદય ઉદ્યાનમાં ગમન ૧૨૮
- શ્રીમતી સીતાજીનું જમણું નેત્ર ફરકે છે ૧૨૯
- આપત્તિના સમયે સમાધિ જળવાય તે રીતે રહો ! ૧૩૦

• દુઃખમાં પણ સુખ અનુભવી શકાય ૧૩૧
• ચક્રવર્તી અને ઈન્દ્રના કરતાં પણ
સાધુઓ વિશેષ સુખને અનુભવે છે ૧૩૧
• દુઃખનું કારણ મમત્વનું બંધન ! ૧૩૩
• મુક્તિમાર્ગની આરાધનામાં દત્તચિત્ત બનો ! ૧૩૪
• આજના ધીંગાણા અને વિપ્લવના
વાતાવરણ સમયે શ્રદ્ધાળુઓની ફરજ ૧૩૫
• કર્મસત્તા રીઝવી રીઝે પણ નહિ રડયે
પીગળે પણ નહિ ૧૩૬
• દુઃખ પ્રત્યે નહિ, પણ પાપ પ્રત્યે
તિરસ્કાર પ્રગટવો જોઈએ ૧૩૭
• કોઈ કોઈના પણ દુષ્કર્મોદયને અન્યથા
કરી શકે જ નહિ ૧૩૮
• ધીર અને વીર બની સમભાવે વેઠો ૧૩૯

**(૬) આપત્તિમાં શરણરૂપ એક ધર્મ જ ૧૪૧**

• આપત્તિ વેળાએ ધર્મસ્થાનોને તાળા
દેવાનો થઈ રહેલો વિષમ પ્રચાર ૧૪૪
• ધર્મને પામેલો દુઃખમાં રીબાય નહિ ૧૪૫
• ધર્મમાં પૌદ્ગલિક આશંસા ન આવે
તેની પણ કાળજી રાખવી જોઈએ ૧૪૬
• તદ્હેતુ – અનુષ્ડાનનું બીજ ૧૪૭
• લક્ષ્મીની કિંમત કચરા જેટલી ૧૪૮
• ભક્તિભાવ અને અનુકંપાભાવ ૧૪૮
• ખાસ વિચારવા જેવી વાત ૧૪૯
• નગરીનો સત્ય વૃત્તાન્ત કહેનારા
અધિકારીઓ તરીકે પૂર્વ થતી નિમણુંકો ૧૫૦
• સૌ પોતપોતાની ફરજ
અદા કરનારા બને એ જ શાંતિનો માર્ગ છે ૧૫૧
• રાજા, પિતા અને પતિ સાથેનો પ્રજા,
પુત્ર અને પત્નીનો ઝઘડો ૧૫૨
• લોકચર્ચાના કારણે અયોધ્યાનગરીના
આઠ આગેવાનોની મતિમાં
પણ વિપાર્યાસ થવો ૧૫૩

**(૭) ન્યાયપ્રિયરાજાઓ અને પુરમહત્તરો ૧૫૫**

• પુરમહત્તરોને શ્રી રામચન્દ્રજીનું અભયવચન ૧૫૭
• વિજય નામના પુરમહત્તરનું કથન ૧૫૮
• વિજયનું પ્રસ્તાવના રૂપ કથન ૧૫૯
• તેથી વધુ નુકશાન થાય ૧૬૦
• શ્રીમતી સીતાદેવી પરના અપવાદનું
સ્પષ્ટીકરણ ૧૬૨
• સાચુ અર્થીપણું આવવું જોઈએ ૧૬૩
• મોક્ષનું અર્થીપણું મોક્ષ પમાડનાર
છે તે સમજો ! ૧૬૪
• તદ્દન જુઠ્ઠ પણ અપવાદને યુક્તિયુક્ત
ઠરાવવા માટે કરાતી યુક્તિઓ ૧૬૫
• બલાત્કારે પણ શ્રી રાવણ શ્રીમતી
સીતાજીને દૂષિત ન જ બનાવી શકે ૧૬૬
• આ અન્યાય દ્વેષથી નહિ પણ કીર્તિની
લાલસાથી જ થયો છે ૧૬૮

**(૮) કીર્તિની કામના કર્તવ્યને ભૂલાવે છે ૧૭૧**

• શાસન પ્રભાવક આચાર્યનું પતન ૧૭૩
• માયાપૂર્ણ એકરારો ૧૭૪
• તેઓની પરીક્ષા કરવાના બે ઉપાયો ૧૭૫
• ત્રિરાશી મતના સ્થાપક રોહગુપ્તનો પ્રસંગ ૧૭૬
• ધર્માચાર્યોએ લોકહેરીને પણ ત્યજવી જ
જોઈએ ૧૭૭
• લોક ધારત તો બીજી બાજુ
પણ વિચાર કરવાની સામગ્રી હતી જ ૧૭૭
• પુરમહત્તરોની આ વિચારણા તો શ્રી
સ્થૂલિભદ્રજીને પણ કલંકિત ઠરાવે ૧૭૯
• ચારિત્રશાલીઓને પણ ચારિત્રહીન
ઠરાવનારા ૧૭૯
• વિજયની શ્રી રામચંદ્રજીને છેલ્લી પ્રાર્થના ૧૮૦
• દુષ્કર્મના ઉદયની ભયંકરતા સમજીને
પાપોથી બચો ૧૮૧
• મળેલી અનુપમ તકને ગુમાવો નહિ ૧૮૧
• પ્રશંસાપાત્ર ભાગ્યશાળીપણું સફળ બનાવો ૧૮૨
• દુઃખથી મૌન બની જવું ૧૮૩
• અપ્રશસ્ત રાગ સંસારને વધારે છે
અને પ્રશસ્ત રાગ સંસારને ક્ષીણ બનાવે છે ૧૮૪
• શ્રી રામચંદ્રજીનો ઉત્તર ૧૮૪
• આવું કહેવા છતાંય હિતવાદી
બનવાની જ પ્રેરણા ૧૮૫
• રાત અને દિવસ જેટલું જ ભક્તિ અને
ઉપેક્ષાની વચ્ચે અન્તર છે ૧૮૫
• ભક્તિની ક્રિયા કરવાને અશક્ત
એવો પણ ભક્ત
ઉપેક્ષા કરનારો તો હોય જ નહિ ૧૮૬
• ભક્ત તો જાતને ય આફતમાં મૂકે ૧૮૭
• ભક્તો માટે જ અનામત ૧૮૭
• ભક્તિની ખામી વિના ઉપેક્ષા હોય નહીં ૧૮૮
• શુદ્ધ આચાર-વિચારની પ્રેરણાના
સ્થાનો તેજ ભક્તિના સ્થાનો છે ૧૮૮
• અવહેલના અટકાવવાનો પ્રયત્ન શાથી
નથી થતો એ વિચારતા દંભી બનશો નહિ ૧૯૦
• શ્રી તીર્થંકરદેવો પણ અવશ્ય ભાવિભાવનું
ઉલ્લંઘન કરી શકતા નથી ૧૯૨
• અપ્રશસ્ત ત્યાગ સંસારવૃદ્ધિનું કારણ
અને પ્રશસ્ત ત્યાગ સંસારક્ષયનું કારણ ૧૯૩

**(૯) શ્રી રામ-સીતાની નિન્દા અને
આજની હાલત ૧૯૫**

• છૂપી રીતે શ્રીમતી સીતાજીની નિન્દાનું શ્રવણ ૧૯૭
• શ્રીમતી સીતાજીની સાથે લોક
શ્રી રામચન્દ્રજી જેવાની પણ
નિન્દા જ કરી રહ્યા છે ૧૯૮
• આજના દીક્ષાવિરોધીઓને
સુસાધુ સંસ્થા જ જોઈતી નથી ૧૯૯
• દેવદ્રવ્યનો શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધપણે
ઉપયોગ કરનારની વિચિત્ર દલીલો ૨૦૦


- દીક્ષા વિરોધીઓએ બાળવયે અપાતી દીક્ષા વિષે ઉભી કરેલી ગેરસમજ અને તે વિશેનો ખુલાસો ૨૦૨
- બાળકમાં અણસમજ અને વિષયવાસનાને આગળ કરનારાઓએ વિચારવું ૨૦૪
- દીક્ષા વિરોધીઓની મોટી વયની દીક્ષા સામેની દલીલો પણ પોકળ જ છે ૨૦૫
- પત્ની અને કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ૨૦૬
- માતા-પિતાદિના રુદનનો પ્રશ્ન ૨૦૭
- પરિવર્તનને જોતા નથી ૨૦૭
- રાગાન્ધ અને શિષ્યલોભાન્ધ ઠરાવનારા લોકો ૨૦૯
- સમસ્ત સાધુસંસ્થાને કલંકિત ઠરાવી શકાય જ નહિ ૨૧૦
- વાત કરનારાઓએ વિચારવું જોઈએ ૨૧૧
- આ કાળમાં શ્રી ગણધરપદ હોય નહિ ૨૧૨
- એક અબજ ને આઠ શિષ્યો થાય તોય દીક્ષાધર્મના પ્રચારને અટકાવાય જ નહિ ૨૧૩
- ફરજને અદા કરનારા સાધુઓને જ આજે ધમાલખોર આદિ કહેવાય છે ૨૧૩

(૧૦) જનમાનસ અને ધર્મશાસન ૨૧૫

- લોક પ્રાય: પરનિંદામાં રસિક હોય છે ૨૧૭
- શ્રી રામચન્દ્રજીએ ચરપુરૂષોને મોકલ્યા ૨૧૮
- શ્રી રામચન્દ્રજીની વિચારણા શ્રી લક્ષ્મણજીનો ક્રોધ ૨૧૮
- સીતાત્યાગની વાતનું ઉચ્ચારણ ૨૨૦
- શ્રી લક્ષ્મણજીની વિનંતી ૨૨૦
- શ્રી રામચન્દ્રજીની અપયશની ભીરૂતા ૨૨૧
- પગે પડીને વિનંતી ૨૨૨
- શ્રી લક્ષ્મણજીએ મુખ ઢાંકીને ચાલ્યા જવું ૨૨૩
- શ્રી રામચન્દ્રજીને અત્યારે કોઈ કાંઈ કહી શકે તેમ જ નહિ ૨૨૩
- લોકની જીભે મર્યાદાનું બન્ધન નથી ૨૨૪
- ધર્માચાર્યો રાજાના સ્થાને ૨૨૬
- બન્નેય કિંમત વિનાના છે ૨૨૭
- જાતને જ નિન્દામાંથી બચાવવાનો પ્રયત્ન ૨૨૮
- યશની અતિ ઇચ્છાની ભયંકરતા ૨૨૮
- આ નિન્દા નથી પણ સ્વરૂપવર્ણન છે ૨૨૯
- ધર્મદેશકનું ધ્યેય ૨૩૦
- લોકનિન્દાથી ડરીને સદ્ધર્મની વફાદારીને ભૂલવી નહિ ૨૩૧
- સારા અને સારા ગણાતા વચ્ચેનો ભેદ ૨૩૫
- એવી આજની પરિસ્થિતિ છે જ નહિ ૨૩૬
- કુવૃષ્ટિ ન્યાયનું દ્દષ્ટાંત ૨૩૭
- કીર્તિની કારમી લાલસા, દોષનો નશો ૨૪૦
- અવિવેકી બનીને ગુણસંપન્નતાનો અપલાપ કરનારા બનો નહિ ૨૪૧
- કોઈપણ પ્રકારના આવેશને આધીન ન બનાય તેમ કરવું ૨૪૪
- પ્રેરક અને ઉપકારક પ્રસંગ ૨૪૫
- યાત્રાના બહાને શ્રીમતી સીતાજીને જંગલમાં છોડી દેવાની આજ્ઞા ૨૪૬
- શ્રીમતી સીતાજીને લઈને કૃતાન્તવદન રવાના થાય છે ૨૪૭
- દુર્નિમિતો અને અપશુકનો ૨૪૮
- શ્રીમતી સીતાજીનો કૃતાન્તવદનને પ્રશ્ન કૃતાન્તવદનનો દર્દભર્યો જવાબ ૨૪૯
- કૃતાન્તવદનનું દર્દભર્યું કથન ૨૪૯
- શ્રીમતી સીતાને કારમો આઘાત લાગે છે ૨૫૦
- વારંવાર મૂર્છા ૨૫૧
- શ્રી રામચન્દ્રજી સાથે વાત કરવાથી કાંઈ જ વળે તેમ છે નહિ ૨૫૧

(૧૧) મહાસતી સીતાદેવીનો સંદેશ ૨૫૩

- મારી પરીક્ષા તો કરવી હતી ૨૫૬
- હું મારા કર્મો ભોગવીશ પણ આપનું કૃત્ય વિવેક કુળને અનુરૂપ નથી ૨૫૬
- મિથ્યાદ્રષ્ટિઓની વાણીથી શ્રી જિનભાષિત ધર્મને તજશો નહિ ૨૫૭
- શ્રીમતી સીતાજીનું હૃદય સૌન્દર્ય ૨૫૮
- મહાસતી શ્રીમતી સીતાજીને જીવનમાં આદર્શ બનાવો ! ૨૫૯
- શુભાશુભ કર્મોના વિવેકપૂર્વકનો વિચાર ૨૬૦
- પતિના આત્મહિતની કાળજી રાખવી, એ પણ સતી સ્ત્રીનો ધર્મ છે જ ૨૬૧
- સ્વકલ્યાણની ભાવના વિના સાચા પરકલ્યાણની ભાવના પ્રગટે નહિ ૨૬૧
- લોકહેરીમાં પડેલાઓને માટે ધર્મત્યાગ, એ પણ કોઈ અશક્ય વસ્તુ નથી ૨૬૨
- કૃતાન્તવદનની સુંદર વિચારણા ૨૬૩

# આપણું સુખ આપણે જ મેળવવાનું છે.

## ૧

'સુખ' આત્માનો પોતાનો સ્વભાવ છે. આત્મકલ્યાણમાં જ સુખ સમાયેલું છે. સંસારી જીવ જેને સુખ તરીકે માને છે તે તો દુઃખ જ છે. જૈનશાસનમાં જે કાંઈ કરવાનું છે તે આત્મકલ્યાણ માટે જ છે, એટલે જૈનશાસનનો કથાવિભાગ પણ આત્મકલ્યાણ માટે જ છે એ વાતનું પ્રતિપાદન કરીને આ પ્રકરણમાં જીવનધ્યેય તરીકે આત્મકલ્યાણ બતાવીને ત્રેસઠ શલાકાપુરુષો અંગેની વિશદ વિચારણા રજૂ કરી છે. અને તેઓને વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તનમાં મોક્ષે જનારા બતાવ્યા છે.

શ્રી રામ-લક્ષ્મણ એક જ પિતાના સંતાન છતાંય શ્રી લક્ષ્મણજી નરકે જાય તેમાં ભવિતવ્યતાને કારણ તરીકે બતાવીને માર્ગદર્શક-પ્રેરક કે સહાયક ગમે તેટલા હોય કે ન હોય પણ આપણું સુખ આપણે જ મેળવવાનું છે. તે વાતને દર્શાવવામાં આવી છે.

-શ્રી

# આપણું સુખ આપણે જ મેળવવાનું છે.



- શ્રી જૈનશાસનનો કથાવિભાગ
  પણ આત્મકલ્યાણ માટે જ છે.
- આત્મકલ્યાણ એ જ જીવનધ્યેય
- વૈરાગ્ય સામે આક્રમણ કેમ ?
- શ્રી રામ લક્ષ્મણનું નિકાચિત કર્મ
- ચોવીસ શ્રી જિનેશ્વરદેવો તદ્ભવમુક્તિગામી
- વાસુદેવો તથા પ્રતિવાસુદેવો નિયાણું કરીને જ આવે છે.
- બલદેવો સ્વર્ગે કો મોક્ષે જાય
- આપણું સુખ આપણે જ મેળવવાનું છે
- વાસુદેવ શ્રી લક્ષ્મણજી તે છતાંય વધુ નામના
  શ્રી રામચન્દ્રજીની
- મહાન આત્માઓ સેવકોની વફાદારીને ભૂલે નહિ
- એ કાલે અનીતિનું સેવન ન હતું
- નાનોભાઈ જે માંગે તે મોટોભાઈ આપી દેને ?
- શત્રુઘ્નનો મથુરા માટે અતિ આગ્રહ
- શક્તિના સદુપયોગની પૂજા હોય
- વસ્તુ અને વસ્તુનો ઉપયોગ
  એ બે વચ્ચે ભેદ પાડતાં શીખવું જોઈએ
- ધર્માત્માનું સત્ત્વ સ્વ-પર બન્નેયને લાભદાયી હોય
- પ્રમાદ ભયંકર છે
- દુર્ગતિથી બચવું હોય તો
- શ્રી રામચન્દ્રજી તથા શ્રી લક્ષ્મણજીએ શત્રુઘ્નને
  ધનુષ્ય-બાણો આપ્યાં
- શત્રુઘ્ન એ મધુરાજાના પ્રમાદીપણાની માહિતી મેળવી
- પ્રશસ્ત પ્રવૃત્તિમાં વિવેક હોય છે
- શત્રુઘ્ને મથુરા બહાર મધુને રોક્યો
- આત્મિક દૃષ્ટિ વિનાના લોકોની ઉંધી પ્રવૃત્તિ
- આત્મકલ્યાણની સાધનામાં જ છૂટ નહિ ?
- સાચો દયાળું કોણ ? પાપથી બચાવે તે
- મધુરાજાની અંતિમ સમયની વિચારણા

# ૧

## આપણું સુખ આપણે જ મેળવવાનું છે.

**શ્રી જૈન શાસનનો કથાવિભાગ પણ આત્મકલ્યાણ માટે જ છે**

રામાયણના આ વૃત્તાન્તોને જાણીને આપણે શો બોધ લેવો જોઈએ ? અને આપણા જીવન પર આ વૃત્તાન્તોના શ્રવણની કેવી અસર ઉપજવી જોઈએ ? એનો પણ આપણે પ્રસંગે પ્રસંગે કેટલોક વિચાર કરી લીધો છે. કથા દ્વારા પણ આત્મકલ્યાણકારી તત્ત્વોના રસનું પાન કરાવવું. એ જ આ કથા વાંચનનો હેતુ છે. શ્રી જૈનશાસનનો કથા વિભાગ પણ આત્મકલ્યાણ માટે જ યોજાયો છે. લખનારનું, વાંચનારનું અને સાંભળનારનું આત્મકલ્યાણ થાય, એજ હેતુથી જીવન વૃત્તાન્તો આદિ સંબંધી કથાઓ શ્રી જૈનશાસનમાં લખાઈ છે. આ ઉદ્દેશ કલ્યાણના અર્થી એવા ઉપદેષ્ટા અને શ્રોતા-ઉભયની આંખ સામે જ રહેવો જોઈએ.

આ ઉદ્દેશને પોતાને માટે સિદ્ધ કરવો હોય. તો વાંચનારે અને સાંભળનારે લાયકાત કેળવવી જોઈએ. વાંચતા કે સાંભળતા આમાં ઉપાદેય શું, જ્ઞેય શું અને હેય શું ? - એ સમજવાની પૂરી ચીવટ રાખવી જોઈએ. કથાઓ વાંચીને કે સાંભળીને ઉન્માર્ગે ન દોરાવું અને સન્માર્ગમાં સુસ્થિર બન્ને જવું, એ જો કે, શ્રદ્ધાસંપન્ન સમજું આત્માઓ માટે મુશ્કેલ નથી, પરંતુ પોતાની તથા પરમઉપકારી જ્ઞાનીઓની વિવેકબુદ્ધિ તરફ બેદરકાર બનનારાઓ તો, કથાવાંચન કે કથાશ્રવણ પ્રસંગે સહેજે ઉન્માર્ગે દોરાઈ જાય છે.

**આત્મકલ્યાણ એ જ જીવનધ્યેય**

'આત્મકલ્યાણ એજ જીવનધ્યેય અને શ્રી જૈનશાસન એ જ એ ધ્યેયને પ્રાપ્ત કરવાનું એક માત્ર સાધન' - આટલો નિશ્ચય જો નિરાબાધપણે યથાર્થ સ્વરૂપમાં થઈ જાય, તો વસ્તુને વસ્તુગતે પિછાનવી અને તેનો જીવનમાં અમલ થવો, એ સહેલુ થઈ જાય. આજે જીવનના ધ્યેયનું ઠેકાણું નથી. કારણકે શ્રદ્ધાનું ઠેકાણું નથી. શ્રદ્ધાસંપન્ન સમજુ આત્માઓ, બહુ જ થોડા અને પરભાવમાં મૂંઝાઈ રહેલા આત્માઓ પાર વિનાના - આવી સ્થિતિ તો અનન્તકાળથી ચાલી આવી છે અને અનન્તકાળ રહેવાની જ છે. એટલે આપણે આપણા આત્માને કઈ કક્ષામાં મૂકવો છે, એ જ ખાસ વિચારવા જેવું છે.

અમુક આત્માએ રાજપાટ છોડી દીધું, પાર વિનાના ભોગસુખોને લાત મારી દીધી અને કેવળ આત્મકલ્યાણ માટે સંયમનો સ્વીકાર કરી, તે મહાત્મા સંયમ પાલનમાં સુસ્થિર બન્યા - એવા એવા વૃત્તાન્તોને વાંચતા કે સાંભળતા રોમાંચ થવો જોઈએ. એના વિચારમાં એવા પુણ્યાત્માઓને હાથ જોડાઈ જવા જોઈએ. 'આપણાથી નથી થતું, આપણું શું થશે ?' એવું દુઃખ થવું જોઈએ. આત્મકલ્યાણની સાચી અભિલાષા સહજ રીતે, આ બધા ભાવો ઉત્પન્ન કરી દે છે. આત્મકલ્યાણની સાચી અભિલાષા પ્રગટે તે પછી સંસારત્યાગ ન થાય એ બને, પણ સંસાર પ્રત્યે ઉદાસીનતા જરૂર આવી જાય : કારણકે, **આત્મકલ્યાણની સાચી અભિલાષા જ તે કહેવાય, કે જે સંસારથી મુક્ત બનવાના સ્વરૂપની હોય.**

**વૈરાગ્ય સામે આક્રમણ કેમ?**

આત્મકલ્યાણની વાતો તો ઘણા કરે છે, પણ આત્મકલ્યાણની સાચી અભિલાષા ઘણા થોડાઓમાં જ પ્રગટેલી જોવાય છે. અને એથી જ જૈન સમાજમાં આજે વૈરાગ્ય સામે આક્રમણ છે, આત્મકલ્યાણની સાચી અભિલાષા હોય, ત્યાં વૈરાગ્યનો સત્કાર હોય કે વૈરાગ્યનો તિરસ્કાર હોય ? આજે તો કેટલાક પામરો કહે છે કે 'અમુક મહારાજ બહુ ખરાબ છે, કેમકે, કેવળ વૈરાગ્યની વાતો કરે છે.' આવું બોલનારાઓ કેટલા બધા દયાપાત્ર છે ? જૈનકુળમાં જન્મ પામવા

છતાં એ બિચારાઓ જૈનત્વથી વંચિત રહેલા છે. એવા નામના જૈનો જ આજે શ્રી જૈનશાસનના મૂળભૂત સિદ્ધાંતો ઉપર ઘા કરી રહ્યા છે, કારણકે, તેમના મિથ્યાત્વનો ઉદય ખૂબ જ જોરદાર છે. તેમનો સંસાર રાગ ગાઢ છે અને એથી જ એમને સાચા વૈરાગ્ય પ્રત્યે પણ સૂગ છે !

### શ્રી રામ-લક્ષ્મણનું નિકાચિત કર્મ

આ બાજુ શ્રી ભરતજીએ દીક્ષા લીધી, એટલે કોઈ રાજા તો જોઈએ ને ? અનેક રાજાઓએ, પ્રજાજનોએ અને ખેચરોએ શ્રી રામચન્દ્રજીનો રાજ્યાભિષેક કરવાની પ્રાર્થના કરી, પણ શ્રી રામચન્દ્રજીએ તેઓને આજ્ઞા કરી કે, 'આ લક્ષ્મણ વાસુદેવ છે, માટે તેમનો રાજ્યાભિષેક કરો !' શ્રી રામચન્દ્રજી બલદેવ છે, અને શ્રી લક્ષ્મણજી વાસુદેવ છે, તે બંનેય બલદેવપણાનું અને વાસુદેવપણાનું કર્મ એવું તો નિકાચિત લઈને આવ્યા છે કે એનો તેમને ભોગવટો કરવો જ પડે. ત્રેસઠ શલાકાપુરૂષોમાં બલદેવોની તથા વાસુદેવોની પણ ગણતરી થાય છે. ચોવીસ શ્રી તીર્થંકરદેવો, બાર ચક્વર્તિઓ; નવ વાસુદેવો, નવ બલદેવો અને નવ પ્રતિવાસુદેવો, એ ત્રેસઠેય ઉત્તમ પુરૂષો ગણાય છે. એ બધાય છેવટમાં છેવટ અર્ધપુદ્ગલપરાવર્તન જેટલા કાળમાં તો નિયમા મોક્ષે જનારા હોય છે.

### ચોવીસ શ્રી જિનેશ્વરદેવો તદ્ભવમુક્તિગામી

શ્રી તીર્થંકરદેવો તો એ જ ભવમાં નિયમાં મોક્ષે જાય, જ્યારે બીજાઓ માટે ફેરફાર છે. આ તમામ સ્થાનો, પૂર્વે કરેલી ધર્મની આરાધનાથી જ મળે છે શ્રી તીર્થંકરદેવોના આત્માઓ તો પૂર્વે વીસ સ્થાનકની આરાધના કરી અથવા તેમાંથી થોડા અગર છેવટ એક સ્થાનકની પણ આરાધના કરીને, શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે. તે પછી એક ભવ વચ્ચે કરીને તે તારકના આત્માઓ અન્તિમ ભવમાં ત્રણ સુનિર્મળ જ્ઞાનોને સાથે લઈને જ આવે છે. ત્રણ સુનિર્મળ જ્ઞાનોને ગર્ભાવસ્થામાં પણ ધરનારા તે તારકોના આત્માઓ, જ્ઞાનપ્રધાન જીવનને જીવનારા હોય છે. આથી જ, એ તારકોના સંસાર જીવનમાં પણ એકેય ક્રિયા એવી નથી હોતી, કે જે ઔચિત્યને લંઘનારી ગણાય, આ રીતે જ્ઞાનપ્રધાન જીવન જીવતાં દીક્ષિત બની,

કેવલજ્ઞાન ઉપાર્જી, તીર્થની સ્થાપના કરી, શેષ જીવનમાં પણ અનેક આત્માઓના ઉદ્ધારક બનીને એ તારકો શ્રી સિદ્ધપદને પામે છે.

**વાસુદેવો તથા પ્રતિવાસુદેવો નિયાણું કરીને જ આવે છે**

વાસુદેવો અને પ્રતિવાસુદેવોના આત્માઓ પૂર્વે સંયમમાં નિયાણું કરીને આવે છે. ઉંચી કોટિના સંયમની સાધના કરેલી હોવાથી, નિયાણાના યોગે એ આત્માઓને ઇચ્છેલી સ્થિતિ તો પ્રાપ્ત થઈ જાય છે, પરંતુ મળેલી સામગ્રીનો એ આત્માઓ દ્વારા એવો તો ઉપયોગ થઈ જાય છે કે એ વાસુદેવોના અને એ પ્રતિવાસુદેવોના આત્માઓ, ત્યાંથી મરીને નિયમા નરકે જાય છે. આમ છતાંપણ, એ આત્માઓ ભવ્ય હોવાના કારણે તેમજ સમ્યક્ત્વ પામી ચૂકેલા હોવાના કારણે, છેવટ અર્ધપુદ્ગલપરાવર્તનમાં તો જરૂર મોક્ષે જાય છે.

**સભા** : નવ નારદ શલાકાપુરૂષોમાં નહિ ?

**પૂજ્યશ્રી** : ના. ત્રેસઠ શાલાકાપુરૂષોમાં તેમની ગણના નથી, પરંતુ એ વાત સાચી છે કે નારદો વાસુદેવના કાળમાં થાય છે,

**સભા** : નારદો અંતે મોક્ષગામી તો ખરા ને ?

**પૂજ્યશ્રી** : જરૂર, નારદો ચરમશરીરી પણ હોય છે. સઘળાય નારદોના આત્માઓ મોક્ષગામી તો ખરા જ. એ આત્માઓ પણ થોડાજ કાળમાં મુક્તિએ જનારા હોય છે. કોઈપણ નારદનો આત્મા મુક્તિએ ન જાય, એ બને જ નહિ. કેમકે, એ આત્માઓ સમ્યક્ત્વ પામેલા હોય છે. અહીં તો વાત એ છે કે, ત્રેસઠ શલાકાપુરૂષમાં નારદોની ગણના થતી નથી. એ તો ચોવીસ શ્રી તીર્થંકરદેવો અને બાર ચક્રવર્તિઓ મળીને છત્રીશ અને નવ નવ પ્રતિવાસુદેવો, વાસુદેવો અને બળદેવો એમ સત્તાવીશ, એ છત્રીશ અને સત્તાવીશ મળી કુલ ત્રેસઠ, જ્યારે ૭૨ ઉત્તમ પુરૂષોની ગણના થાય છે, ત્યારે તેમાં નવ નારદોનો સમાવેશ કરાય છે. એ જ રીતે ૧૧ રૂદ્રોનો સમાવેશ કરી, ૮૩ ઉત્તમ પુરૂષો પણ ગણાય છે.

**બળદેવો સ્વર્ગે કે મોક્ષે જાય**

બળદેવોના આત્માઓ તો તે ભવમાંથી નિયમા દેવલોકે જાય અથવા મોક્ષે પણ જાય. જેમ શ્રી તીર્થંકરદેવનો જગતમાં જોટો નથી, તેમ બળદેવ અને વાસુદેવના ભ્રાતૃસ્નેહનો પણ જગતમાં જોટો નથી.

વાસુદેવ જ્યારે મરે ત્યારે એ કાયદો જ કે. એમનું શબ લઈને બળદેવ છ મહિના સુધી ફરે. ગાઢ સ્નેહના યોગે મોહની મૂર્છા આવી જવાથી, ભાઈ મરી ગયો છે - એમ છ મહિના સુધી તો બળદેવ માને જ નહિ, પણ છ મહિને કોઈ સમજાવનાર મળી જતાં, ભાઈના શબનો અગ્નિસંસ્કાર કરીને સંયમ ગ્રહણ કરે. વાસુદેવનો વિરહ થયા પછીથી એક દિવસ પણ બળદેવ ગાદી ન ભોગવે. પહેલાંય વાસુદેવ જ ગાદીપતિ બને. બળદેવ અને વાસુદેવમાં ગાદી વાસુદેવની જ ગણાય અને પ્રતિવાસુદેવને મારે પણ વાસુદેવ જ. વયના હિસાબે બળદેવ મોટા હોય, પણ વાસુદેવ ત્રણ ખંડની માલિકી ભોગવવાનું કર્મ એવું તો નિકાચિત લઈને આવ્યા હોય છે કે, કોઈ પણ સંયોગોમાં વાસુદેવ ત્રણ ખંડના અધિપતિ બન્યા વિના મરે જ નહિ અને મરે ત્યારે પણ ત્રણ ખંડનું આધિપત્ય ભોગવતા જ મરે. નાનાભાઈને ગાદીપતિ બનાવતાં બળદેવને આંચકો ન આવે એ ખુશી જ થાય. નાનોભાઈ ગાદીપતિ બને તે છતાં પણ બંને વચ્ચે સ્નેહ સુમાર વિનાનો હોય વાસુદેવ મોટાભાઈનો વિનય ન જાળવે એમ નહિ. આગળ એ વાત આવવાની છે કે, શ્રી રામચન્દ્રજીના મરણના ખોટા પણ સમાચારો સાંભળતાની સાથે જ શ્રી લક્ષ્મણજી અવસાન પામ્યા. વાસુદેવ અને બળદેવ વચ્ચે એ રીતે એવો ગાઢ સ્નેહ સંબંધ હોય છે.

### ચક્રવર્તીઓ નરકે, સ્વર્ગે અગર મોક્ષે જાય

ત્રેસઠ શલાકાપુરૂષોમાં ચોવીસેય શ્રી જિનેશ્વરદેવો નિયમા મુક્તિએ જાય, વાસુદેવો તથા પ્રતિવાસુદેવો નિયાણું કરીને જ આવે અને એથી મરીને નરકે જ જાય, જ્યારે બળદેવો કાં તો દેવલોકે જાય અને કાં તો મુક્તિએ જાય. પ્રતિવાસુદેવો સંયમ અંગીકાર કરી શકે જ નહિ, એ નિયમ; અને બળદેવો સંયમ અંગીકાર કર્યા વિના મરે જ નહિ એય નિયમ. ચક્રવર્તીઓમાં તો કોઈ મુક્તિએય જાય, કોઈ દેવલોકેય જાય અને કોઈ નરકે પણ જાય. ચક્રવર્તીઓના જે આત્માઓ સંયમની આરાધનામાં નિયાણું કર્યા વિના આવ્યા હોય, તે આત્માઓ અમુક કાળ ચક્રવર્તીપણું ભોગવ્યા બાદ તેનો ત્યાગ કરીને સંયમ સ્વીકારે છે અને સંયમની અનુપમ કોટિની આરાધનામાં સ્થિર

બની. સર્વ કર્માને ક્ષીણ કરી. મુક્તિપદને પામે છે અથવા તો પુણ્યકર્મનો બંધ કરીને દેવલોકમાં જાય છે.

ચક્રવર્તીઓના જે આત્માઓ નિયાણું કરીને જ આવ્યા હોય છે. તે આત્માઓ તો જીવનના અન્ત સુધી સાહાબી ભોગવતા રહે છે અને ચક્રવર્તીપણું ભોગવતાં ભોગવતાં મરીને નરકે જ જાય છે. એ સમજી લેવાનું છેલ્લે છેલ્લે પણ બધું છોડીને સંયમ લે તે જ આત્માઓ ત્યાંથી મરીને નરકે જતાં બચે.

શ્રી રામચન્દ્રજી અને શ્રી લક્ષ્મણજી. એ ત્રેસઠ શલાકા પુરૂષોમાંના છે શ્રી રામચન્દ્રજી બળદેવ છે અને તદ્‌ભવ મુક્તિગામી છે. જ્યારે શ્રી લક્ષ્મણજી વાસુદેવ છે અને મરીને નરકે જનારા છે. એક જ પિતાના બે પુત્રો : બંનેય શલાકાપુરૂષો, છતાં એક મોક્ષે જાય અને એક નરકે જાય ! કારણ ? કારણ એ જ કે, બંનેના આત્માઓની ભવિતવ્યતા આદિમાં એવો ભેદ છે !

### આપણું સુખ આપણે જ મેળવવાનું છે

કર્મદળના યોગથી જે વહેલો મૂકાય તે વહેલો મુક્તિએ જાય. એમાં સગપણ કે સીફારસ કામ લાગે નહિ. આપણી મુક્તિ આપણે જ સાધવાની છે. બીજા માર્ગદર્શક, પ્રેરક, સહાયક હોવાના યોગે ઉપકારક ખરા. પણ ઉંચામાં ઉંચી કોટિનાય ઉપકારક, આપણી મુક્તિને આપણી સાધના વિના, નિકટ પણ લાવી શકે તેમ નથી. મુક્તિ જોઈએ તો આત્માએ જ ઉદ્યત બનવું જોઈએ. સારાં આલંબનો લેવાનાં, પણ આલંબનો લઈને ય સાધના તો આપણે જ કરવાની. કર્મસત્તામાં કોઈના ભરોસા ઉપર રહ્યા કામ ચાલે તેમ નથી. એ સત્તાને તોડવાનો પ્રયત્ન આપણે જ કરવાનો છે અને એ પ્રયત્ન એ જ સાચા સુખની સાચી ચાવી છે. આપણુ સુખ આપણી પાસે જ છે, દૂર નથી પણ ઢંકાયેલું છે કર્મનું ઢાંકણ જતાંની સાથે જ અનંત સુખ પ્રગટી જવાનું છે. આવો પ્રયત્ન જે કોઈ કરશે તે જ સાચુ સુખ પામશે, એ ચોક્કસ વાત છે.

આપણે એ જોઈ ગયા કે, શ્રી ભરતજીએ દીક્ષા ગ્રહણ કર્યા બાદ, અનેક રાજાઓએ, પ્રજાએ અને ખેચરોએ પણ ભક્તિપૂર્વક રાજ્યાભિષેકને માટે શ્રી રામચન્દ્રજીને પ્રાર્થના કરી પરંતુ શ્રી

રામચન્દ્રજીએ પ્રાર્થનાના ઉત્તરમાં એવી આજ્ઞા કરી કે,

*'લક્ષ્મણો વાસુદેવોऽયં, ભવદ્ભિરભિષિચ્યતામ્ ।'*

'આ લક્ષ્મણ વાસુદેવ છે, માટે તેમને જ તમારે રાજ્યાભિષિક્ત કરવા.' એમ શ્રી રામચન્દ્રજીએ ફરમાવ્યું અને એથી અનેક રાજાઓએ, પ્રજાએ અને ખેચરોએ પણ તરત જ શ્રી લક્ષ્મણજીનો રાજ્યાભિષેક કર્યો. એ વખતે શ્રી રામચન્દ્રજીને પણ બળદેવપણાનો અભિષેક કરવામાં આવ્યો. આઠમાં બળદેવ શ્રી રામચન્દ્રજી અને આઠમા વાસુદેવ શ્રી લક્ષ્મણજી, તે પછી તો, ત્રણેય ખંડની પૃથ્વીના રાજ્યનું સુખ પૂર્વક પાલન કરવા લાગ્યા.

**વાસુદેવ શ્રી લક્ષ્મણજી તે છતાંય**
**વધુ નામના શ્રી રામચન્દ્રજીની**

શ્રી લક્ષ્મણજી વાસુદેવ બન્યા, ગાદીપતિ બન્યા, પણ મોટાભાઈની જ આણ વર્તાતી હોય એમ દેખાતું. મોટાભાઈનો વિનય સાચવવાનું વાસુદેવ જરાય ચૂકે નહિ. ગાદીપતિ વાસુદેવ જ હોય અને સામાન્ય રીતે વધુ નામના પણ વાસુદેવની જ હોય, પરંતુ આ બેના પ્રસંગમાં વધુ નામના શ્રી રામચન્દ્રજીની થઈ છે. પોતાની ઓરમાન માતાને પિતાએ આપેલા વચન ખાતર શ્રી રામચન્દ્રજીએ વનવાસ સ્વીકાર્યો એથી તથા શ્રી રામચન્દ્રજીની નીતિપરાયણતા આદિ ગુણોવાળી દશા સુપ્રગટ હોવાના કારણે, શ્રી રામચન્દ્રજીની ખ્યાતિ એટલી બધી વધી જવા પામી હતી કે, શ્રી લક્ષ્મણજીની ખ્યાતિ બીજા વાસુદેવોની જેમ પંકાવા પામી નથી. શ્રી કૃષ્ણ વાસુદેવનું નામ જેટલું જાણીતું છે, તેટલું તેમના ભાઈ શ્રી બળભદ્રજીનું નામ જાણીતું નથી જ્યારે આમાં એથી ઉલટું છે શ્રી રામચન્દ્રજીનું નામ એટલું બધું જાણીતું છે કે, શ્રી લક્ષ્મણજીનું નામ યાદ આવે, તેય શ્રી રામચન્દ્રજીના નામે જ પ્રાયઃ યાદ આવે.

**મહાન આત્માઓ સેવકોની વફાદારીને ભૂલે નહિ**

આ પ્રસંગે યુદ્ધ વખતના ઉપકારો અથવા તો યુદ્ધ વખતે કરેલી સેવાઓને યાદ કરીને, શ્રી રામચન્દ્રજી શ્રી બિભીષણ આદિને ભેટો આપે છે, કેમકે એ સ્વાર્થી નહોતા.

ઉત્તમ આત્માઓ અપકારીના અપકારને ભૂલી જાય છે. પણ ઉપકારીના ઉપકારને ભૂલતા નથી. વફાદાર સેવકોની થોડી પણ સેવાને ઉત્તમ આત્માઓ ભૂલે નહિ.

શ્રી રામચન્દ્રજી શ્રી બિભીષણને આખોય રાક્ષસદ્વીપ આપે છે જો કે, લંકા તો પહેલેથી ભેટ આપી જ હતી. પણ હવે આખોય રાક્ષસદ્વીપ બિભીષણને ભેટ આપ્યો. તે પછી સુગ્રીવને આખોય કપિદ્વીપ અર્પણ કર્યો. શ્રી હનુમાનને શ્રીપુરનગર આપ્યું. વિરાધને પાતલલંકાનું, નીલને ઋક્ષપુરનું, પ્રતિસૂર્યને હનુપૂરનું. રત્નજટીને દેવોપગીત નગરનું, અને શ્રીમતી સીતાદેવીના ભાઈ ભામંડલને વૈતાઢ્યગિરિ ઉપર આવેલા રથનૂપુર નગરનું રાજ્ય આપ્યું. પોતપોતાની હદમાં સૌને સ્વતંત્રપણે રાજ્ય ભોગવવાની છૂટ આપી. એ બધાય પોતાને વાસુદેવ બળદેવના સેવક જ માને અને તેવોજ વર્તાવ રાખે, પણ તે તે પ્રદેશોમાં તેમનું શાસન સ્વતંત્રપણે વર્તી શકે.

**એ કાલે અનીતિનું સેવન ન હતું**

આ ઉપરાંત બીજાઓને પણ જુદા જુદા પ્રદેશો ભેટ આપ્યા બાદ, શ્રી રામચન્દ્રજી વિચારે છે કે, 'આ નાનાભાઈ શત્રુઘ્નને શું આપવું?' ચાર ભાઈઓમાં શ્રી ભરતજીએ તો દીક્ષા લીધી, શ્રી લક્ષ્મણજી વાસુદેવ તરીકે ગાદીપતિ બન્યા અને શ્રી રામચન્દ્રજી બળદેવ તરીકે ત્યાં જ રહ્યાં. એટલે બાકી રહ્યા એક માત્ર શત્રુઘ્ન. જો કે, શત્રુઘ્ન અયોધ્યામાં રહે તો કાંઈ વાંધો નથી, પણ બીજાઓને અમુક અમુક પ્રદેશો અપાય અને એને ન અપાય તો એ ઉચિત નહિ,આથી શ્રી રામચન્દ્રજીએ પોતાના નાનાભાઈ શત્રુઘ્નને કહ્યું કે, **'યસ્તુભ્યં રોચતે વત્સ !, તં દેશમુરરીકુરુ !'** શ્રી રામચન્દ્રજીએ બીજાઓને તો પોતાની મરજી મુજબ આપ્યું, પણ શત્રુઘ્નને તો એ જ કહ્યું કે, 'તારે જે દેશ જોઈતો હોય તે તું લઈ લે.'

**નાનોભાઈ જે માંગે તે મોટોભાઈ આપી દેને ?**

**સભા** : વ્યાજબી માંગણી હોય તો !

**પૂજ્યશ્રી** : વ્યાજબી માંગણી કોને કહેવાય ? પોતાના સ્વાર્થને જરાય અડચણ ન આવે અને તેમ છતાં પણ નાના ભાઈને તેની ઈચ્છા મુજબ દીધું એમ કહેવાય, તે જ વ્યાજબી માંગણી ગણાય,

કેમ? આજે તો માંગણી વ્યાજબી છે કે ગેરવ્યાજબી એ નક્કી કરવામાં પણ સ્વાર્થના યોગે અનીતિ સેવાય છે અહીં એવું નહોતું.

શ્રી રામચન્દ્રજીએ શત્રુઘ્નને કહ્યું કે, 'તારે જે દેશ જોઈતો હોય તે તું લઈ લે !' આના ઉત્તરમાં શત્રુઘ્ન કહે છે કે, 'મને મથુરાનું રાજ્ય આપો !'

આ માંગણી વિચિત્ર છે. શ્રી રામચન્દ્રજી એ સમજે છે અને એથી શત્રુઘ્નને સમજાવે છે. પોતાને મથુરા આપવી નથી માટે સમજાવે છે એમ નથી. સમજાવવાનું કારણ જુદું જ છે. શ્રી રામચન્દ્રજી શત્રુઘ્નને સમજાવે છે કે, 'હે વત્સ ! તે મથુરાપુરી દુ:સાધ્ય છે. કારણકે, મથુરાનગરીના રાજા મધુની પાસે ચમરેન્દ્રે આપેલું એક શૂલ નામનું હથીયાર છે રાજા મધુનો ચમરેન્દ્ર મિત્ર હોવાથી, ચમરેન્દ્રે તે શૂલ રાજા મધુને ઘણા વખત પહેલાં આપેલું છે. એ દેવાધિષ્ઠિત હથીયાર દૂરથી દુશ્મનના સર્વ સૈન્યનો નાશ કરી નાંખે છે અને તેમ કરીને તે પાછું રાજા મધુના હાથમાં જ ચાલ્યું જાય છે.'

**શત્રુઘ્નને મથુરા માટે અતિ આગ્રહ**

શ્રી રામચન્દ્રજી આ વસ્તુ દર્શાવવા દ્વારા શત્રુઘ્નને મથુરાની માંગણી પાછી ખેંચી લેવાનું અને બીજા કોઈ પ્રદેશની માંગણી કરવાનું સૂચવે છે; પરંતુ શત્રુઘ્નને તો મથુરાનો જ મોહ લાગ્યો છે. શત્રુઘ્નને તો કોઈ પણ રીતે મથુરા જ જોઈએ છે આથી શ્રી રામચન્દ્રજીની વાતને નહિ ગણકારતાં શત્રુઘ્ન શ્રી રામચન્દ્રજી પ્રત્યે કહે છે કે,

> **''XXXXXXXX,** *દેવ ! રક્ષ:કુલાન્તક ! ।*
> *તવાસ્મિ નન્વહં ભ્રાતા, ત્રાતા કસ્તસ્ય મદ્યુધિ ॥૧॥*
> *પ્રયચ્છ મથુરાં મહ્યં, સ્વયમેવ મયોરહમ્ ।*
> *પ્રતીકારં કરિષ્યામિ, વ્યાધેરિવ ભિષગ્વર: ॥૨॥''*

'હે દેવ ! આપ રાક્ષસ કુળનો નાશ કરનારા છો અને હું આપનો જ ભાઈ છું !' અર્થાત્ આપ જ્યારે રાક્ષસ કુળ જેવા સમર્થ વીરોથી ભરેલા કુળનો પણ નાશ કરી શક્યા, તો આપનો ભાઈ હું, મથુરા નગરીના મધુ જેવા રાજાને નહિ જીતી શકું ? મધુ બીજાઓ માટે અજેય હશે, પણ આપના ભાઈ એવા મારા માટે તે અજેય નથી જ. વળી 'જ્યાં હું તેની સાથે યુદ્ધ કરવા ગયો, એટલે મારી સાથેના યુદ્ધમાં તેનું રક્ષણ કરનાર કોણ છે ?' હું શ્રી રામચન્દ્રજી જેવા પરાક્રમીનો બંધુ છું, એટલે એ મારી સામે ટકી શકશે નહિ; કારણકે હું એની સામે

યુદ્ધમાં જઈશ. એટલે એને બચાવનાર કોઈ નથી. આપ મારી ચિંતા ન કરો. તેમજ હું એ મધુને શી રીતે જીતીશ એનોય વિચાર ન કરો ! 'આપ મને મથુરા આપો !' અર્થાત્ 'તને મથુરાનું રાજ્ય આપ્યું' એટલું જ આપ કહી દ્યો એટલે બસ છે ! તે પછી તો તે મધુનો પ્રતીકાર હું સ્વયમેવ કરીશ ! ઉત્તમ વૈદ્ય જેમ વ્યાધિનો પ્રતિકાર કરે છે, તેમ હું પણ મધુનો પ્રતિકાર કરીશ.

### શક્તિના સદુપયોગની પૂજા હોય

શત્રુઘ્નનો આ જવાબ, તેની પરાક્રમશીલતા સૂચવે છે. પરાક્રમી પુરૂષોના વારસામાં પણ પરાક્રમની છાયા આવે છે. આપણે આ પરાક્રમની કાંઈ પ્રશંસા કરતા નથી. પણ કુળની છાયા કેવી પડે છે તે જોવાનું છે. આપણે કેવળ પરાક્રમશીલતાના જ પ્રશંસકો નથી, પણ આપણે તો વસ્તુતઃ પરાક્રમના સદુપયોગના જ પ્રશંસકો છીએ. બીજાઓની જેમ શ્રી જૈનશાસન શક્તિનું પૂજક બનવાને ફરમાવતું નથી. પણ શક્તિના સદુપયોગની પૂજાનું વિધાન કરે છે. આનું આ પરાક્રમ જો સ્વપરના આત્મશ્રેયમાં વપરાય, દુઃખી આત્માઓના દુઃખો દૂર કરવામાં વપરાય, સજ્જનોની સેવામાં વપરાય, સંયમની સાધનામાં વપરાય, આરાધકોની આરાધનાને નિર્વિઘ્ન બનાવવામાં વપરાય, આત્માના સ્વભાવને ખીલવવામાં વપરાય, તો આપણે પરાક્રમના એવા ઉપયોગને ખૂબ જ વખાણીએ.

### વસ્તુ અને વસ્તુનો ઉપયોગ - એ બે વચ્ચે ભેદ પાડતાં શીખવું જોઈએ

આજે ઘણાઓ વસ્તુ અને વસ્તુના ઉપયોગ વચ્ચે જે ભેદ પાડવો જોઈએ, તે પાડી શકતા નથી. સમ્યક્ત્વના યોગે વસ્તુ અને વસ્તુના ઉપયોગ વચ્ચે રહેલો ભેદ પારખવાની વિવેકશક્તિ પણ પ્રગટે છે. ખરાબમાં ખરાબ પણ વસ્તુ, કોઈક અવસરે સારાના હાથે એવા સદુપયોગમાં આવી જાય છે, કે બીજી સારામાં સારી વસ્તુથી જે કાર્ય પતે તેમ ન હોય, તે જ કાર્ય ખરાબમાં ખરાબ વસ્તુથી વિવેકીના હાથે સ્હેજમાં પતી જાય. આમ છતાં પણ, ખરાબ વસ્તુનું સારી વસ્તુ તરીકે વર્ણન ન થાય. એવા પ્રસંગે તો સદુપયોગ કરનારનાં વિવેકને જ વખાણાય અને એનાં વખાણ કરતાં પણ, ખરાબ વસ્તુ સારી વસ્તુ તરીકે ન મનાઈ જાય એ માટે કાળજી રખાય. કેટલીક વાર વસ્તુનો ઉપયોગ કરનારના વિવેકની પ્રધાનતા હોય છે, તો કેટલીકવાર

વસ્તુની પ્રધાનતા હોય છે. એનો નિશ્ચય કરતી વેળા પરિણામની ઉપેક્ષા ન કરાય.

**ધર્માત્માનું સત્ત્વ સ્વ-પર બન્નેયને લાભદાયી હોય**

શક્તિ ઘણી હોય, પણ એનો દુરૂપયોગ થઈ રહ્યો હોય તો ? ઘણા કાયબળવાળો બીજા જીવોને રંજાડ્યા કરતો હોય તો ? પાપકર્મોને કરવામાં ચકચૂર રહેતો હોય તો ? ધર્મનો દ્વેષ કરતો હોય તો ? ધર્મમાર્ગમાં વિઘ્નો નાંખ્યા કરતો હોય તો ? ધર્માત્માઓને પરિતાપ ઉપજાવવાના જ પ્રયત્નો કર્યા કરતો હોય તો ? એવાનું સત્ત્વ એવાને દુર્ગતિમાં જ ઘસડી જનારું બને. ધર્મી સત્ત્વશીલ હોય તો સ્વપર-કલ્યાણ સાધે અને અધર્મી ધર્મદ્વેષી સત્ત્વશીલ હોય તો સ્વ-પર બંનેના હિતને હણનારો બને. ધર્માત્મામાં ભલે થોડું સત્ત્વ હોય, પણ તે બીજાને નુકસાન તો નહિ કરે ને ? કાયદા ભણ્યો, પણ કાયદા જાણીને યુક્તિથી બીજાઓનું હોઈયાં કરવાનું જ લઈ બેઠો, તો એ ભણતર શા કામનું ? વસ્તુમાં જેમ સારા ખોટાનો વિવેક કરવો જોઈએ, તેમ ઉપયોગ પણ જોવો જોઈએ. આજે આ વસ્તુ ભૂલાઈ છે.

શત્રુઘ્ન કમ પરાક્રમી નથી. રાજા મધુ શ્રી રાવણનો જમાઈ છે, દૈવી સંપત્તિ ભોગવનારો છે. દેવાધિષ્ઠિત શસ્ત્રવાળો છે. ભલભલા બળવાન રાજાઓ એની સામે આંગળી ચીંધી શકતા નથી. શ્રી રામચન્દ્રજીએ પણ કહ્યું છે કે 'એવાને અમારેય કેમ જીતવો એની અમને મૂંઝવણ છે.' શત્રુઘ્ન આ બધું જાણે છે, છતાં 'મધુનો પ્રતિકાર હું સ્વયમેવ કરી લઈશ' એમ કહે છે ! આ સત્ત્વશીલતા તો છે જ પરંતુ એનો ઉપયોગ વખાણવા જેવો નથી.

**સભા** : આ તો વાસુદેવ અને બળદેવ હતા ને ? છતાં આનામાં બળ વધારે કેમ ?

**પૂજ્યશ્રી** : શ્રી રામચન્દ્રજી વગેરેનું પુણ્ય જુદું છે અને મધુનું પુણ્ય જુદું છે. શ્રી ભરતજી ચક્રવર્તી હતા, છતાં શ્રી બાહુબલિજીમાં જે બળ હતું તે શ્રી ભરતજીમાં ન હતું. શ્રી શ્રેણિકની પાસે રાજ્ય હતું પણ શ્રી શાલિભદ્રજી જેવી ભોગસામગ્રી નહોતી અને શ્રી શાલિભદ્રજી પાસે દૈવી ભોગસામગ્રી હતી, પણ રાજ્ય ન હતું. આ પુણ્યભેદ ! શ્રી લક્ષ્મણજી વાસુદેવ તથા શ્રી રામચન્દ્રજી બળદેવ હતા એ બરાબર છે. તેમાં કોઈ વચ્ચે ન આવી શકે એવા પુણ્યવાળા તેઓ હતા એય

બરાબર છે પણ કોઈ પુણ્યવાનની પાસે તે કાળમાંય વિશિષ્ટ સામગ્રી હોય એ બને.

શ્રી રામચન્દ્રજી શત્રુઘ્નને અનેક પ્રકારે સમજાવે છે. પણ શત્રુઘ્ન મથુરાપુરી મેળવવાનો પોતાનો આગ્રહ ચાલુ રાખે છે શ્રી રામચન્દ્રજીએ જોયું કે 'આ કોઈપણ રીતે માને તેમ નથી.' એટલે શ્રી રામચન્દ્રજીએ મથુરાનગરીના રાજા મધુને જીતવાનો ઉપાય બતાવતાં કહ્યું કે, 'મધુ જે વખતે તેના મિત્ર ચમરેન્દ્રે આપેલા શૂલથી રહિત હોય તેમજ પ્રમાદમાં પડ્યો હોય, તેવા સમયે જ તારે મધુની સામે લડવું !'

**પ્રમાદ ભયંકર છે**

આ ઉપરથી એ પણ જાણવાનું મળે છે કે, દેવાધિષ્ઠિત શસ્ત્રો પણ પ્રમાદીને માટે સહાયક બની શકતા નથી. વિષય કષાયની રક્તતા, એ ભયંકર પ્રમાદ છે. એકલા જ બળ ઉપર તાગડધીન્ના કરવા અને પોતાની સામગ્રી તથા પુણ્યનું માપ નહિ કાઢતાં ધપાવ્યે જ રાખવું, તે પોતાના નાશને પોતે નોતરવા જેવું છે. એ રીતે તો હજારોનો નાહક સંહાર થાય. અકાલે કેટલાય મરે અને તે છતાંય વસ્તુની પ્રાપ્તિ ન થાય, પુણ્ય ક્ષીણ થવા આવ્યું હોય, ત્યારે જ પ્રાયઃ આવું નિમિત્ત મળી જાય છે. મધુ પાસે કમ સામગ્રી નથી, પણ હવે તેનો પરાજય થવાનો નિર્માયો છે. સામગ્રીસંપન્ન પણ પ્રમાદી બને તો હારે. રાજ્યની સાધનામાં પણ પ્રમાદ જો ભયંકર છે, તો ધર્મની સાધનામાં પ્રમાદ ભયંકર હોય, એમાં નવાઈ શી ?

**દુર્ગતિથી બચવું હોય તો**

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની આરાધના અખંડપણે કરવી હોય, તેણે પ્રમાદરૂપ મહાશત્રુથી સદા સાવધ રહેવું જોઈએ. દુર્ગતિરુપ દુશ્મનને ભેદનાર અને અક્ષયપદને પમાડનાર સંયમ રૂપ શસ્ત્ર સાધુઓની પાસે હોય છે. સંયમ રૂપ શસ્ત્રને જે જાળવી જાણે, તે દુર્ગતિમાં જાય નહિ અને અલ્પકાળમાં અક્ષયપદનો ભોક્તા બન્યા વિના રહે નહિ પણ સંયમ વેષ પૂરતું રહી જાય અને વિષય ક્ષાય રૂપ પ્રમાદથી ઘેરાઈ જવાય; તો દુર્ગતિ રૂપ દુશ્મન તો ફાવી જાય તે સ્વાભાવિક છે. શાસનની આરાધના કરીને આત્માને કર્મથી અલિપ્ત બનાવી દેવો હોય તો પ્રમાદ સામે સાવધ બન્યા રહેવું જોઈએ.

**"પ્રમાદ, એ સંસાર ભ્રમણની જડ છે અને સંયમ, એ સંસારના નાશનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે."** સંયમરૂપ શસ્ત્ર કે જે શ્રી જિનવરેન્દ્રે આપેલું છે, તે જેની પાસે હોય તેનાથી સંસારના વધારનારા શત્રુઓ ભાગતા ફરે છે. જેણે એ શસ્ત્રને ગ્રહણ કર્યું હોય તેણે તે શસ્ત્ર દૂર ન રહી જાય અને પ્રમાદમાં પડી ન જવાય, એની ખૂબ જ કાળજી રાખવી જોઈએ. સંયમની સાચવણીમાં કલ્યાણના અર્થીએ જરાપણ બેદરકાર નહિ બનવું જોઈએ.

### શ્રી રામચન્દ્રજી તથા શ્રી લક્ષ્મણજીએ શત્રુઘ્નને ધનુષ્ય બાણો આપ્યાં

શ્રી રામચન્દ્રજીએ શત્રુઘ્નને કહ્યુ કે, મધુની સાથે તારે તેવા જ સમયે યુદ્ધ કરવું, કે જે સમયે તે ચમરેન્દ્રે આપેલા શૂલશસ્ત્રથી રહિત હોય તેમજ જે સમયે તે પ્રમાદમાં પડેલો હોય !' આટલી સૂચના કરીને શ્રી રામચન્દ્રજીએ શત્રુઘ્નને અક્ષયબાણવાળાં બે ભાથાં આપ્યાં તેમજ કૃતાન્તવદન નામના સેનાપતિને પણ શત્રુઘ્નની સાથે જવાની આજ્ઞા ફરમાવી. શ્રી રામચન્દ્રજીએ આટલું કેમ કર્યું ? એટલા જ માટે કે શત્રુઘ્ન જ્યારે હિંમત કરીને મથુરાનું રાજ્ય જીતવા જાય જ છે, તો પછી એ જીતીને જ આવે. શ્રી લક્ષ્મણજી પણ વિજયની જ આશંસાવાળા છે. મધુ ઉપરનો વિજય, એ સામાન્ય વિજય નથી. તેવા અસામાન્ય વિજયને ઇચ્છતા શ્રી લક્ષ્મણજીએ પણ એ વખતે શત્રુઘ્નને પોતાનું અર્ણવાવર્ત ધનુષ્ય આપ્યું. તેમજ તેની સાથે પોતાના અગ્નિમુખ બાણો પણ આપ્યાં. આટલી સામગ્રી આપી, કારણકે, એ લોકો આંધળીયા કરનારા નહોતા ! આવા અવસરે પરિણામ વિચાર્યા વિના કદમ ભરનારા એ નહોતા ! અને માટે જ શત્રુઘ્ન જીતે એવી ઇચ્છાથી, મધુની બળ સામગ્રીનો વિચાર કરીને જરૂરી સૂચના અને સામગ્રી આપવાનું તેઓ ચૂકતા નથી.

### શત્રુઘ્નએ મધુરાજાના પ્રમાદીપણાની માહિતી મેળવી

આ બાજુ, શત્રુઘ્ન ત્યાંથી મથુરા તરફ પ્રયાણ કરે છે. નિરંતર પ્રયાણ કરીને તે મથુરાનગરીની નજદિકમાં આવી પહોંચે છે. શત્રુઘ્ન અને કૃતાન્તવદન સેનાપતિ વગેરે તેના સરદારો એવી રીતે પ્રયાણ કરીને આવ્યા છે કે મધુરાજાને તેમના આગમનની કશી જ ખબર પડી

 નથી. શત્રુઘ્ન વગેરે ત્યાં આવીને નદીકાંઠે પોતાનો પડાવ નાંખે છે. શ્રી રામચન્દ્રજીએ કરેલ સૂચનાને યાદ કરવામાં આવે છે અને તે સૂચનાનો અમલ કરવાનો નિશ્ચય હોવાથી, પોતાની પાસેના બાહોશ ચરપુરુષોને શત્રુઘ્ન મથુરાનગરીમાં તપાસ કરવાને મોકલે છે. મધુરાજા ક્યાં છે ? અને તેની પાસે ચમરેન્દ્રે આપેલુ શૂલ છે કે નહિ ? એની ચરપુરુષો તપાસ કરે છે. છૂપી રીતે તપાસ કરતાં, તે ચરપુરુષને ખબર પડે છે કે 'રાજા મધુ મથુરાનગરીમાં નથી. મથુરાનગરીની બહાર પૂર્વ દિશામાં આવેલા 'કુબેર' નામના ઉદ્યાનમા તે પોતાની જયંતી નામની પત્નીની સાથે ક્રીડા કરવાને માટે ગયેલ છે.' ચરપુરુષો એવી પણ બાતમી મેળવે છે કે હાલ રાજા મધુ ક્રીડારક્ત છે અને ચમરેન્દ્રે આપેલું શૂલ શસ્ત્ર તેની પાસે નથી, પણ તે મથુરાનગરીમાં રાજા મધુની આયુધશાળામાં છે ! ચરપુરુષો એ જ વખતે જઈને પોતાને મળેલી માહિતી શત્રુઘ્નને જણાવે છે.



**પ્રશસ્ત પ્રવૃત્તિમાં વિવેક હોય છે**

જુઓ કે, ભવિતવ્યતા વિપરીત હોય, ત્યારે કેવા સંયોગ આવી મળે છે, શત્રુઘ્નને વિજય મળવાનો છે, એટલે એને કેટલી અનુકૂળતા મળે છે, શત્રુઘ્ન પ્રપંચ રમી રહ્યો છે. અત્યાર સુધી તે શાંતિ જાળવીને બેઠો હતો. યુદ્ધનું એકપણ ચિહ્ન એણે દેખાવા દીધું નહોતું. આ શાંતિ અને આ બાહોશી, એ ધર્મ છે ? શાન્તિ શાન્તિ એવો જાપ કરનારાઓનો હેતુ જુઓ ! શાંતિ દંભરૂપ હોય, તો મહા અશાંતિનું કારણ. **પ્રશસ્ત ઉગ્રતા સારી, પણ દાંભિક શાંતિ ખરાબ. પ્રશસ્ત ઉગ્રતા સ્વપર માટે લાભકારી અને દાંભિક શાન્તિ સ્વપરનો ઘાત કરનારી. પ્રશસ્ત કોને કહેવાય ? એ જરૂર જોજો ! પ્રશસ્તના નામે અપ્રશસ્ત ન પોષાઈ જાય, તેની કાળજી રાખજો. પૌદ્ગલિક સ્વાર્થવૃત્તિનો એક અંશ પણ જેમાં હોય, તે પ્રશસ્ત નથી. પ્રશસ્ત પ્રવૃત્તિમાં વિવેક હોય અને કેવળ સ્વ-પરના આત્મહિતની દૃષ્ટિ હોય. જ્યાં એનો અભાવ, ત્યાં પ્રશસ્તનો પણ અભાવ, આટલી સમજપૂર્વક અપ્રશસ્તને તજી પ્રશસ્તને અપનાવજો.**

## શત્રુઘ્ને મથુરા બહાર મધુને રોક્યો

ચરપુરુષો દ્વારા મધુરાજાની પ્રમાદવાળી સ્થિતિ અને શૂલશસ્ત્ર રહિત દશા જાણીને, શત્રુઘ્ને તે જ રાત્રે મથુરાનગરીમાં પ્રવેશ કર્યો. ચરપુરુષોએ પણ આવીને કહ્યું કે '*कालोऽयं तस्य योधने*' શ્રી રામચન્દ્રજીની પણ એવી જ સૂચના હતી. શત્રુઘ્ને મથુરાપુરીમાં પ્રવેશ કર્યો, એટલે હવે વાત છૂપી રહે ? વળી આ વખતે તો યુદ્ધની જ સઘળી તૈયારી હતી. કુબેર ઉદ્યાનમાં ક્રીડામસ્ત બનેલા રાજા મધુને તેની ખબર પડી, એટલે ઝટ તે મથુરા નગરીમાં આવવા નીકળ્યો. પણ શત્રુઘ્ને તેને રસ્તામાં જ રોકીને રૂંધી લીધો. શત્રુઘ્નનો પહેલેથી જ ઈરાદો એ હતો કે મધુરાજાને પાછો મથુરાનગરીમાં પેસવા દેવો જ નહિ. અને તેથી ચમરેન્દ્રે આપેલું શૂલ તેના હાથમાં આવી શકે નહિ. રાજા મધુ મથુરામાં પેસી શકે અને આયુધશાળા સુધી શત્રુઘ્ન તેને પહોંચવા દે, તો પેલું હથીયાર તેના કામમાં આવે ને ? પણ મધુ રાજાને મથુરામાં પેસતા જ શત્રુઘ્ને રુંધ્યો, એટલે ત્યાં જ યુદ્ધની શરૂઆત થઈ ગઈ.

## આત્મિક દૃષ્ટિ વિનાના લોકોની ઉંધી પ્રવૃત્તિ

યુદ્ધમાં શું હોય ? મારામારી અને કાપાકાપી ! યુદ્ધમાં ગયેલો જીવતો પાછો આવશે કે નહિ ? તે કહેવાય નહિ મરવાનો સંભવ ઘણો અને જીવવાનો સંભવ ઓછો. એ મરણ કેવું ? મોટેભાગે તો ત્યાં દુશ્મનના માણસોને હણવાની જ વૃત્તિ હોય અને દુર્ધ્યાનમાં મરે તે દુર્ગતિએ ગયા વિના રહે નહિ. આ ભવમાં અકાળે મૃત્યુ અને પરભવમાં દુર્ગતિ. આમ છતાં પણ, કોઈ યુદ્ધમાં જાય ત્યારે દુનિયા એને ફૂલહારો પહેરાવે છે. કારણ ? કારણકે દુનિયા એવી જ વૃત્તિમાં પડેલી છે. યુદ્ધમાં આ ભવનું અકાળે મૃત્યુ અને પરભવની દુર્ગતિનો ઘણો મોટો સંભવ હોવા છતાંપણ, એ રસ્તે જનારાઓને કોઈ અટકાવતું નથી. મા-બાપ અટકાવે તો મા-બાપને કાયર તથા દ્રોહી કહેવાય છે, તાજી પરણેલી પત્ની પણ 'મારું શું થશે ?' એમ ત્યાં બોલી શકતી નથી કે એની ત્યાં કોઈ દયા ખાતું નથી, જ્યારે દીક્ષાનાં નહિ જેવા પ્રસંગમાં કારમો કોલાહલ કરી મૂકાય છે. દીક્ષામાં કલ્યાણ નિશ્ચિત છે, તે છતાંય ! દીક્ષા જો શુભ ભાવપૂર્વક લેવાય અને

આજ્ઞાધીનપણે પળાય તો એનાથી જે કલ્યાણ સધાય છે. તેવું બીજા કશાથી સધાતું નથી. આમ છતાં દીક્ષાના પ્રસંગમાં કારમો કોલાહલ અને અકાલે મરવા તથા દુર્ગતિમાં પડવા જાય, ત્યાં અભિનંદન ! આ દશાનો જો વિવેકપૂર્વક વિચાર કરવામાં આવે, તો સમજાય કે. જેનામાં આત્મિક દૃષ્ટિ નથી આવી અને પરદૃષ્ટિથી જ જેઓ દોરાયા છે. તેઓ પ્રાયઃ જ્ઞાનીઓથી ઉંધે માર્ગે જ ચાલનારા હોય છે.

ખેર, અહીં પણ મારામારી શરૂ થઈ ગઈ. રામાયણના રણના આરંભમાં શ્રી લક્ષ્મણજીએ જેમ ખરને હણ્યો હતો, તેમ આ યુદ્ધના આરંભમાં શત્રુઘ્ને પહેલો જ મધુના દીકરા લવણને માર્યો. મધુનો દીકરો લવણ કોડભર્યો નહિ હોય ? એને માટે રોનાર કોઈ નહિ હોય? પણ ત્યાં મોહની વાત જ ન થાય, એમ માને છે !

**આત્મકલ્યાણની સાધનામાં જ છૂટ નહિ ?**

દેશનું રક્ષણ કે દેશની સ્વતંત્રતાની ચળવળમાં માતા પિતાની આજ્ઞાને અવગણવાની છૂટ, સગાં-વ્હાલાંનો ત્યાગ કરવાની છુટ, માથાં ફૂટે ત્યાં જવાની છુટ અને જેલમા ગોંધાઈ રહેવા માટે જવાની પણ છુટ, એજ રીતે સ્ટીમર અને વિમાન વગેરેમાં જ્યાં ઘણીવાર જીવલેણ અકસ્માતો થાય છે. એવા સાધનોમાં બેસીને ઘરબાર તથા સાથી સંબંધી વગેરેને ત્યજીને પૈસા કમાવા પરદેશ જવાની છુટ ! પણ દીક્ષા લેવાની છુટ નહિ ! બધા જ વાંધા. એક માણસ આત્માનુ કલ્યાણ સાધવા નીકળે ત્યાં ! આત્મકલ્યાણનો સાચો માર્ગ ગમતો નથી. આત્મા વિશે વાસ્તવિક વિશ્વાસ નથી. એનું જ આ પ્રમાણપત્ર છે ને ? આત્માનું કલ્યાણ સાધવા નીકળનારને હાથ જોડવાને બદલે આજે એને દુષ્ટમાં દુષ્ટ રીતે પણ પાછો પાડવાના પ્રયાસો થાય છે, એ કઈ દશા ? તમારાથી આત્માનુ ન સધાય તો તમે જાણો, થોડું સધાય તો થોડું સાધો, પણ આત્માનું સાધનારાઓની આડે કાં આવો છો ? તમને તમારા સ્વાર્થ માટે સામાને પાપમય પ્રવૃત્તિઓમાં પડેલો રાખવાની છૂટ અને આત્મકલ્યાણના અભિલાષીને જ્ઞાનીઓએ ફરમાવેલી રીતે આત્મકલ્યાણ સાધવાની છુટ નહિ, આ કયાંનો ન્યાય?

## સાચો દયાળું કોણ ? પાપથી બચાવે તે

છોકરો નિષ્પાપ જીવનમાં જાય એ માટે રોકકળ અને છોકરો પાપમાં ખૂંચે તેની ચિન્તા કે દયા કશું જ નહિ ! કોઈ પાપી બને એનું તમને કેટલું દુ:ખ છે અને કોઈ દીક્ષિત બને એનું તમને કેટલું દુ:ખ છે ? આ બેનું માપ કાઢો દુનિયામાં સેંકડો આદમીઓ પાપો આચરી રહ્યા છે. એની દયા આવી ? સેંકડો આદમીઓ પાપથી બચવાનો માર્ગ જાણતા નથી. અજ્ઞાન છે, એની દયા આવી ? કોઈ દિવસ એમ થયું કે 'પાપમાં મસ્ત બનેલા અજ્ઞાનીઓ બિચારા શી રીતે ઉગરે અને દુર્ગતિ આદિના દુ:ખોથી કયી રીતે બચે ? દુ:ખ ખટકે છે અને દુ:ખને ઉત્પન્ન કરનાર પાપ ખટકતું નથી. એનું કારણ ? જેને પાપ ખટકે નહિ તે જ દીક્ષાનો વિરોધ કરી શકે. દયાળુ દીક્ષાનો વિરોધી હોય નહિ. દીક્ષિતના માતા-પિતા વગેરેને મોહથી દુ:ખ થાય, ત્યારે સાચો દયાળું દીક્ષિતને પાડવાનો પ્રયત્ન ન કરે, પણ મોહાધીનોમાં વિવેક પ્રગટાવવાનો જ પ્રયત્ન કરે ! પણ એ. સમ્યક્ત્વ ગુણની છાયા આવ્યા વિના પ્રાય: બને નહિ. આજે તો આત્મા, પુણ્ય પાપ આદિનો વિશ્વાસ નથી અને એથી જ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ અપાયેલી અને અપાતી દીક્ષાનો પણ વિરોધ થઈ રહ્યો છે. મોટે ભાગે તો આત્મા તથા પુણ્ય-પાપ અને મોક્ષ આદિનો વિશ્વાસ નહિ હોવાને કારણે દિકરો મરે તે ખમાય છે પણ આત્મકલ્યાણના માર્ગે જાય તે ખમાતું નથી. પણ એ પાપમાં સાથ દેનારા તો મહાપાપીઓ જ છે.

શત્રુઘ્ને યુદ્ધના આરંભમાં જ મધુના લવણ નામના દીકરાને હણી નાખ્યો, એથી રાજા મધુને ખૂબ ક્રોધ ચઢ્યો. પહેલા મધુનો દીકરો મર્યો, તે એની હારની નિશાની છે. યુદ્ધમાં જેના પક્ષમાં કોઈ મુખ્ય પહેલો મરે, તે પક્ષની પ્રાય:હાર થાય છે.

પોતાના દીકરાના અવસાનથી રાજા મધુ હવે ગુસ્સામાં આવીને લડે છે. પોતાના ધનુષ્યનું આસ્ફાલન કરીને તે શત્રુઘ્નની સામે દોડે છે અને બંનેય વચ્ચે શસ્ત્રાશસ્ત્રીનું ઘોર યુદ્ધ મચે છે. દેવો વિરુદ્ધ દાનવોના યુદ્ધની જેમ તે યુદ્ધ ઘણો કાળ ચાલ્યું અને શત્રુઘ્ન તથા મધુ એક બીજાના અસ્ત્રોને અસ્ત્રોથી છેદતા જ રહ્યા. શત્રુઘ્ને જોયું કે, 'હવે સામાન્ય હથિયારોથી કામ નહિ ચાલે. દુશ્મન સામાન્ય

હથીયારોથી જીતાય તેમ છે નહિ.' આથી શત્રુઘ્ને તેજ વખતે અર્ણવાવર્ત ધનુષ્યનું અને અગ્નિમુખ બાણોનું સ્મરણ કર્યું.

આપણે જોઈ ગયા છીએ કે, અયોધ્યાથી નીકળતા પહેલાં. શ્રી લક્ષ્મણજીએ તે અર્ણવાવર્ત ધનુષ્ય અને અગ્નિમુખ બાણો, શત્રુઘ્નને આપ્યાં હતાં. શત્રુઘ્ને સ્મરણ કરતાંની સાથે જ તે ધનુષ્ય તથા બાણો તેને પ્રાપ્ત થઈ ગયાં અને તે પ્રાપ્ત થતાંની સાથે જ ધનુષ્યને ચડાવીને અગ્નિમુખ બાણો વડે શત્રુઘ્ને શિકારી જેમ સિંહને ઘાયલ કરે, તેમ રાજા મધુને ઘાયલ કર્યો.

## મધુરાજાની અંતિમ સમયની વિચારણા

આ સમયે મધુરાજા ઘાયલ થયા બાદ વિચાર કરે છે કે

*'શૂલં પાણૌ ન મેઽભ્યાગાન્-ન હતો લક્ષ્મણાનુજઃ ।'*

"મારા મિત્ર ચમરેન્દ્રે આપેલું શૂલ મારા હાથમા આવ્યું નહિ અને આ શત્રુઘ્ન મારાથી હણાયો નહિ ! પોતાના પરાજય ઉપર પોતે શોક કરે છે. આવા પરાક્રમી રાજાને પરાજય સાલે એમાં નવાઈ નથી પણ આ બુદ્ધિ સારી તો નથી જ. દુશ્મન હણાયો નહિ, એ વિચાર ખરાબ જ છે. પણ રાજા મધુ પુણ્યવાન છે. એની વિચારસરણીને પલ્ટો ખાતાં વાર લાગતી નથી. પોતાનો અન્તકાળ નજદિક છે, એમ રાજા મધુ સમજી જાય છે. અને એથી જીંદગીમાં કરવા લાયક કૃત્યો ન કરવા બદલ રાજા મધુના હૃદયમાં પરિતાપ જન્મે છે. એટલે ફરીથી એ વિચારે છે કે"

*"ગતં મમ મુધા જન્મ, જિનેન્દ્રો ન યદર્ચિતઃ ।*
*કારિતાનિ ન ચૈત્યાનિ, દત્તં પાત્રેષુ નો મયા ॥૧॥"*

"રાજા મધુને લાગે છે કે, પોતે પોતાનું જીવન નિરર્થક ગુમાવી દીધું ! કારણકે, ન તો શ્રી જિનપુજા કરી, ન તો શ્રી જિનચૈત્યો બંધાવ્યા અને ન તો સુપાત્રમાં દાન દીધું ! શ્રી જિનેશ્વરદેવને જો સારી રીતે મેં પૂજ્યા હોત, મારી શક્યતા મુજબ મેં જો શ્રી જિનમન્દિરો બંધાવ્યા હોત અને સુપાત્રોમાં જો મેં દાન દીધું હોત, તો જ મારો આ જન્મ સફળ થાત, આવું રાજા મધુ અંતિમ અવસ્થામાં ચિન્તવે છે. મધુ રાજાનો જીવ જો ઉત્તમ ન હોત, તો પ્રાણ જવાની તૈયારી વખતે અને તે પણ આવી હાર ખાધા પછીથી, આ જાતિની વિચારણા તેને આવત ખરી ? નહિ જ, પણ આ તો સદ્‌ગતિગામી આત્મા છે, એટલે એને આવા વખતે પોતાનો જન્મ ફોગટ ગુમાવ્યાનો વિચાર આવે છે."

❋ ❋ ❋



# ઉત્તમ આત્માની વિચારદશાને ઓળખો

## ૨

અયોધ્યાની ગાદી ઉપર શ્રી લક્ષ્મણજીનો અભિષેક થયા પછી, શ્રી રામચન્દ્રજીએ શ્રી શત્રુઘ્નને જે પસંદ હોય તે માંગી લેવા જણાવ્યું ત્યારે તેઓએ મથુરાનગરીની વાત મૂકી, તે માટે ઘણું સમજાવવા છતાં તેઓ તેનો આગ્રહ છોડતા નથી, છેવટે શ્રી રામચન્દ્રજી શત્રુઘ્ન સાથે કૃતાંતવદન-સેનાનીને મોકલે છે, ને શ્રી લક્ષ્મણજી અર્ણવાવર્ત ધનુષ્ય આદિ આપે છે. મથુરાપતિ મધુ સાથેના યુદ્ધમાં પરાસ્ત મધુ રાજા જે ભાવનાઓમાં આરુઢ થાય છે. તે ઉત્તમ આત્માઓની વિચારદશાને રજૂ કરે તેવી છે.

**'હંમેશા સ્વાધ્યાય કરવા લાયક'** તરીકે પરમગુરુદેવશ્રીએ જેની વિચારદશાને વર્ણવી છે, તે મધુરાજા જિનવચનનું સ્મરણ કરી, સ્વયં મસ્તકનું લુંચન કરીને ભાવચારિત્રી બન્યા છે અને યુદ્ધભૂમિમાં જ દેહત્યાગ કરીને દેવલોક સીધાવ્યા છે. તે વિગેરે વાતો આ પ્રકરણમાં વાંચવા જેવી છે.

-શ્રી

# ઉત્તમ આત્માની વિચારદશાને ઓળખો

- મરણથી નહિ પણ જન્મથી ડરો
- વારંવાર જન્મ ન કરવા પડે તેવું જીવન જીવો
- મધુ ભાવચારિત્રી બની દેવલોકમાં ગયો
- 'પઉમચરિયમ્' માં આ પ્રસંગનું વર્ણન
- હંમેશા સ્વાધ્યાય યોગ્ય શુભ ભાવના
- સંસાર શાશ્વત પણ ખરો અને અશાશ્વત પણ ખરો
- વિષય-કષાય રૂપ સંસારનો નાશ કરવાનો પ્રયત્ન - એનું નામ ધર્મ
- મર્યા વિના છૂટકો નથી
- પરભવનો ઈન્કાર થઈ શકે એમ નથી
- પરલોક ન હોય તો પણ સાચા ત્યાગીને કશું નુકસાન થતું નથી
- સંસાર ત્યાગીને સંયમ તકલીફ રૂપ નથી
- જ્ઞાનીની આજ્ઞા મુજબ ત્યાગ કરનારને લ્હેર જ છે
- ધર્મીપણું પામ્યા છો કે નહિ તેની તપાસ કરો
- મરણ સુધારવા માટેય જીવન સુધારવું જરૂરી છે
- શ્રી જિનવચનનું સ્મરણ
- શ્રી નવપદ ભગવંત મંગલરૂપ છે
- શ્રી અરિહંત પરમાત્માના શરણનો સ્વીકાર
- મધુરાજાએ આત્માના એકત્વનો અને સ્વભાવનો કરેલો વિચાર
- આત્મસ્વભાવ પ્રગટાવવાનો અભ્યાસ કરો
- દીક્ષાભિલાષાના અભાવને કમનસીબી માનો
- દીક્ષાની મહત્તા આટલી બધી કેમ ?
- બીનવફાદારોથી વસ્તુને હલકી ન મનાય
- સાધુતાથી વંચિત હોય તેવાઓને નહિ માનવા
- મધુરાજાએ પોતાના હાથે લોચ કર્યો
- સંથારાપોરિસીની ભાવનાને રોજ યાદ કરો !
- ચરમેન્દ્ર શત્રુઘ્ન પર કોપાયમાન થાય છે
- રાજા અને પ્રજા વચ્ચેનો સંબંધ
- વડીલો અને આશ્રિતો બંને કર્તવ્ય વિમુખ બન્યાં છે
- સારા વાતાવરણનો પ્રારંભ ઘરેથી કરો
- શત્રુઘ્નના પુણ્યનો પ્રભાવ
- મથુરા નગરીના લોકોનો પાપોદય
- કેવલજ્ઞાની પરમર્ષિને શ્રી રામચંદ્રજીએ પૂછેલો પ્રશ્ન
- વિરાધનાથી બચવા મરાય ?
- પતિતના નામે ધર્મની નિંદા ન થાય



# ૨

## ઉત્તમ આત્માની વિચારદશાને ઓળખો

**સભા** : શું કોઈ દિવસ મધુરાજાએ શ્રી જિનેશ્વર દેવની પૂજા નહિ કરી હોય ?

**પૂજ્યશ્રી** : એમ કેમ કહેવાય ? જીવનમાં કાંઈકેય ધર્મવૃત્તિ ન હોય, તો અન્તિમ સમયે અને તે પણ કોઈનીય તરફથી ખાસ પ્રેરણા પામ્યા વિના આવા વિચારો આવવા એ બનાવાજોગ ઓછું છે ? ઉત્તમ આત્માઓ પશ્ચાત્તાપ કરતા હોય, ત્યારે આવું વિચારે તે સ્વાભાવિક છે. પોતે રાજા હતો, સમર્થ હતો, સામગ્રીસંપન્ન હતો, એ અપેક્ષાએ તે જેવી જિનપૂજા કરી શકે, જેટલા ચૈત્યોનું નિર્માણ કરી શકે અને જેટલું સુપાત્રદાન દઈ શકે, તેટલા પ્રમાણમાં તે તે ક્રિયાઓ તેણે ન કરી હોય અને એથી જ તેણે આવો વિચાર કર્યો હોય એ વધુ શક્ય છે. ઉત્તમ આત્માઓની વિચારદશાને સમજતાં શીખવું જોઈએ. એ પુણ્યાત્માઓ પશ્ચાત્તાપ ભાવમાં 'હું મહાપાપી' હું મહા અધમ 'હું ગજબનો વિષયાસક્ત' વગેરે વગેરે વિચારો કરે, તે સ્વાભાવિક જ છે. પણ, માત્ર તેટલા ઉપરથી જ તેમને મહાપાપી, મહા અધમ અગર તો મહાવિષયાસક્ત માની લેવા એ મુર્ખાઈ છે.

### મરણથી નહિ પણ જન્મથી ડરો

ખેર, આટલો પણ પશ્ચાત્તાપ કરવાનો સમય ન આવે એ ઈચ્છવાજોગ છે. એક દિવસ સૌને મરવાનું તો છે જ. જન્મેલો મરવાનો જ, એ સુનિશ્ચિત વાત છે. જ્યારે મરણ આવવાનું જ છે, અને તે પણ આપણી જાણ બહાર, તો પછી સાવધ થવું એમાં ડહાપણ કે બેદરકાર રહેવું એમાં ડહાપણ ? જ્ઞાનીઓ મરણથી ડરવાની ના પાડે છે.

જ્ઞાનીઓ તો મરણથી ડરનારાઓને ફરમાવે છે કે મૃત્યુથી તમે ડરો કે ન ડરો, પણ એ તો આવવાનું જ છે. કારણકે, જન્મેલાનું મરણ નિશ્ચિત જ છે. મરણ ન જોઈએ તો જન્મ ન થાય એવો પ્રયત્ન કરો કારણકે જેનો જન્મ નથી તેનું જ મૃત્યુ નથી. આ રીતે ફરમાવીને, મરણથી નહિ ડરતાં જન્મથી ડરવાનું જ્ઞાનીઓ સૂચવે છે. અને શાશ્વત કાળ માટે જન્મથી છૂટાય એવો આ જીવનમાં પ્રયત્ન કરવાની પ્રેરણા કરે છે.

**વારંવાર જન્મ ન કરવા પડે તેવું જીવન જીવો**

અત્રે એ વાત પણ ખાસ ધ્યાનમાં રાખવાની છે કે, મૃત્યુથી નફ્ફટપણે ન ડરવું, એ તો ઊલટું નુકશાનકારક છે. મૃત્યુથી બેદરકાર બનીને પોતાના જીવનને પાપમય બનાવી દેવું, એ તો એકાન્તે અનર્થકારક છે. મૃત્યુનો ડર કાઢી નાખવાનું ફરમાવનારાઓએ, જન્મથી ડરવાનું અને જન્મથી ડરીને ફેર ફેર જન્મ ન કરવો પડે એવો સુપ્રયત્ન કરવાનું સાથે જ ફરમાવ્યું છે, એ ન ભૂલો ! આથી સ્પષ્ટ છે કે, મૃત્યુથી ડરીને મૃત્યુને દૂર ધકેલવાનો પ્રયત્ન કરવો, એનો કાંઈ જ અર્થ નથી. મૃત્યુથી ડર્યા વિના, જન્મ કરવા ન પડે એવો પ્રયત્ન કરવો, એ જ હિતાવહ છે. જે આત્મા આ પ્રયત્નમાં જીવન ગાળે, તેને પશ્ચાતાપ કરવાપણું રહે નહિ. કોઈપણ ક્ષણે મરણ આવી પહોંચે તોય સાચા ધર્માત્માઓને મુંઝાવાપણું રહે નહિ. પણ એ દશા આવવી તે સહેલું નથી.

તમે જીવનને એકદમ નિષ્પાપ બનાવી શકો એ બનવાજોગ છે, પણ જીવનને નિષ્પાપ બનાવતા પહેલા પગલા તરીકે પાપભીરૂતા તો કેળવો ! સૌથી પહેલું કામ એ કરો કે, આત્માને પાપથી ડરનારો બનાવી દો ! પાપથી ડરનારો તીવ્ર બંધ કરતો નથી. પાપનો વિચાર આવતાં પણ એને દુઃખ થાય, પાપ કરવું એ એને ગમે નહિ. એટલે ઘણાખરાં પાપો તો એનાથી દૂર જ રહે. જે થોડાંક પાપો તે કરે, તેય બળતા હૈયે કરે અથવા તો બીજાઓની જેમ ખૂબ રસપૂર્વક ન જ કરે. એટલે એનો પાપકર્મનો બંધ તેવો મજબૂત પડે જ નહિ. પાપ કર્યા પછીય એને પશ્ચાતાપ થાય. જીવનમાં સાચી પાપભીરુતા આવી જાય એટલે નિષ્પાપ જીવન બહુ દૂર ન રહે. એવો આત્મા કે જેનામાં થોડો ઘણો પણ પાપનો સાચો ડર છે, તેને અવસરે શુભ ભાવના

આવવી સહેલી. જીવનના અન્ત વખતે દુનિયાદારીના રાગ-દ્વેષ જેને મૂંઝવે તે દુર્ગતિમાં જ જાય. આથી અન્તિમ સમયની દશા ઉપર ગતિનો મોટો આધાર છે. અંતિમ સમયની દશા સારી, તો ગતિ સારી જ. અન્તિમ સમયે આત્મા દુનિયાદારીની મમતા છોડે અને એક માત્ર દેવ-ગુરુ ધર્મનું શરણ સ્વીકારે એ દશા લાવવાને માટે અત્યારથી આત્માને કેળવવો જોઈએ.

### મધુ ભાવચારિત્રી બની દેવલોકમાં ગયો

રાજા મધુ તો ઉત્તમ આત્મા છે. પોતે પોતાનું જીવન ફોગટ ગુમાવી દીધું એવો પરિતાપ કરીને જ એ અટકતો નથી. યુદ્ધ ભૂમિમાં જ એ પાપવ્યાપારોનો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરે છે. શત્રુઘ્ન પ્રત્યેના દ્વેષની ભાવનાને પણ હૃદયમાંથી કાઢી નાંખે છે. અને પોતાનું સઘળુંય વોસરાવી દે છે. ને રાજા મધુ ત્યાં ને ત્યાં સર્વવિરતિરૂપ ચારિત્રથી સુસંપન્ન બને છે તેમજ ચારિત્રસંપન્ન બનીને શ્રી પંચપરમેષ્ઠીઓને નમસ્કાર કરવાની જ સત્પ્રવૃત્તિમાં લીન બને છે. શ્રી અરિહંત શ્રી સિદ્ધ, શ્રીઆચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુ એ પાંચેય પરમેષ્ઠીઓના શરણનું રાજા વધુ ધ્યાન કરે છે. આ ભાવચરિત્રમાં જ તે મૃત્યુ પામે છે અને સનત્કુમાર દેવલોકમાં તે મહર્દ્ધિક દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

રાજા મધુની આ જાતિનું ઉત્તમ વલણ જોઈને, ત્યાંના વિમાનવાસી દેવતાઓ ખૂબ પ્રસન્ન થઈ ગયાં. તેઓએ રાજા મધુના દેહ ઉપર પુષ્પવૃષ્ટિ કરી તેમજ 'મધુદેવ જય પામો !' એવી આનંદપૂર્વક ઉદ્‌ઘોષણા કરી.

### 'પઉમચરિયમ્' માં આ પ્રસંગનું વર્ણન

શ્રી દશરથકુમાર શત્રુઘ્નના રાજા મધુની સાથેના યુદ્ધનો આ પ્રસંગ આ રીતે પૂર્ણ થાય છે, પણ હજુ મધુના મિત્ર ચમરેન્દ્રે મધુના વધથી ક્રોધ પામીને શત્રુઘ્નને અકળાવી મુકવાને માટે જે ઉપદ્રવ કર્યો, તે વગેરે વૃત્તાન્ત બાકી રહે છે. એ પહેલાં આપણે '*पउमचरियं*' નામના શ્રી રામ ચરિત્રમાંથી થોડુંક આ પ્રસંગનું વર્ણન જોઈ લેવા ઇચ્છીએ છીએ. રાજા મધુએ જીવનના અન્તને નજદિક જાણીને, જે સુન્દર અને મનનીય વિચારણા અને આચરણા કરી, તેનો જ વૃત્તાન્ત

 આપણે 'શ્રી પઉમચરિયમ્' નામના રામચરિત્રમાંથી જોઈ લેવો છે.
જુઓ :

*सुयसोगसल्लियङ्गो, तं चिय दट्ठूण दुज्जयं सत्तुं ।*
*मरणं च समासन्नं, मुणिवरवयणं सरइ ताहे ॥१॥*
*पडिबुद्धो भणइ तओ, असासए इह समत्थसंसारे ।*
*इन्द्रियवसाणुगेणं, धम्मो न कओ विमूढेणं ॥२॥*
*मरणं नाउण धुवं, कुसुमसमं जोव्वणं चला रिद्धी ।*
*अवसेण मए तइया, न कओ धम्मो पमाएणं ॥३॥*
*पज्जलियम्मि य भवणे, कूवतलायस्स खणणसमारम्भो ।*
*अहिणा दट्ठस्स जए, को कालो मन्तजवणम्मि । ॥४॥*
*जाव न मुञ्चामि लहुं, पाणेहिं एत्थ जीयसंदेहे ।*
*ताव इमं जिणवयणं, सरामि सोमं मणं काउं ॥५॥*
*तम्हा पुरिसेण जए, अप्पहियं नियमेव कायव्वं ।*
*मरणंमि समावडिए, संपइ सुमरामि अरहन्तं ॥६॥*
*होई णमो अरहन्ताणं, सिद्धाण नमो सिवं उवगयाणं ।*
*आयरियउवज्झायाणं, नमो सया सव्वसाहूणं ॥७॥*
*अरहन्तो सिद्धो वि य, साहू तह केवलि य धम्मो य ।*
*एए हवन्ति नियमं, चत्तारि वि मङ्गलं मज्झं ॥८॥*
*जावइया अरहन्ता, माणुसखित्तम्मि होन्ति जयनाहा ।*
*तिविहेण पणमिऊणं, ताणं सरणं पवन्नो हं ॥९॥*
*हिंसालियचोरिक्का, मेहुणपरिग्गहं तहा देहं ।*
*पच्चखामि य सव्वं, तिविहेणाहारपाणं च ॥१०॥*
*परमत्थेण तणमओ, संथारो न वि य फासुया भूमी ।*
*हिययं जस्स विसुद्धं, तस्साया हवइ संथारो ॥११॥*
*एक्को जायइ जीवो, एक्को उप्पज्जए भमइ एक्को ।*
*सो चेव मरइ एक्को, एक्को च्चिय पावए सिद्धिं ॥१२॥*
*नाणम्मि दंसणम्मि य, तह य चरित्तम्मि सासओ अप्पा ।*
*अवसेसा दुब्भावा, वोसिरिया ते मए सव्वे ॥१३॥*
*एवं जावज्जीवं सइगं, वोसिरिय गयवरत्थो सो ।*
*पहरणजज्जरियतणू, आलुंचइ अत्तणो केसे ॥१४॥*
*जे तत्थ किन्नराई, समागया पेच्छया रणं देवा ।*
*ते मुच्चन्ति सहरिसं, तस्सुवरिं कुसुमवरवासं ॥१५॥*

*धम्मज्झाणोवगओ, कालं काऊणं तइयकप्पम्मि ।*
*जाओ सुरो महप्पा । दिव्वंगकुण्डलाभरणो ॥१९६॥*

### હંમેશા સ્વાધ્યાય યોગ્ય શુભ ભાવના

રાજા મધુની અન્તિમસમયની આ ભાવના ખૂબ જ મનન કરવા જેવી છે. શત્રુની સામે સમર ભૂમિમાં યુદ્ધ કરતા આ જાતિની સુન્દર વિચારણા સ્ફૂરવી, એ સામાન્ય વાત નથી. શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા પ્રત્યે સાચો સદ્ભાવ પ્રગટ્યા વિના, આ જાતિની વિચારણા સ્ફુરે જ નહિ. 'શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો ધર્મ જ એક માત્ર તારક છે અને એ ધર્મનું અવલંબન લીધા વિના આત્માની મુક્તિ નથી.' આ પ્રકારનો હાર્દિક નિશ્ચય થયેલો હોય, તો જ પ્રાણપંખેરું ઉડી જવાની તૈયારી હોય તે વખતે પણ આવી સુંદર મનોદશા બને. રાજા મધુએ કરેલી આ વિચારણા, આત્મકલ્યાણના અર્થીઓએ કંઠસ્થ કરી લેવા જેવી છે અને નિરંતર એનું સ્મરણ કરવા જેવું છે. પુણ્યાત્માઓએ નિરંતર રટણ કરવા યોગ્ય એક સુંદર સ્ત્રોત રૂપ આ વિચારણા છે. રાજા મધુએ પોતાના અન્ત સમયે કરેલી આ વિચારણામાં ઓતપ્રોત બની જઈને, કલ્યાણકામીઓએ પોતાના અંતરમાંથી પણ આ પ્રકારની વિચારશ્રેણી પ્રગટે, એવો પ્રયત્ન કરવા જેવો છે.

રાજા મધુનો પુત્ર લવણ યુદ્ધના આરંભમાં હણાયો, એથી તે શોકમય બની ગયો હતો, તેમજ દુશ્મન ઉપર એને ક્રોધ પણ ઘણો આવ્યો હતો. શોક અને ક્રોધમાં આવીને રાજા મધુએ, પોતાનું એ બળ અજમાવવામાં પણ કમીના રાખી ન હતી, પરંતુ આ વખતે રાજા મધુ મુનિવરનાં વચનોનું સ્મરણ કરે છે. અને પ્રતિબોધ પામે છે. પુત્રના મૃત્યુની ચિન્તાથી એ પર બને છે; અને પોતાના આત્માની ચિન્તામાં પ્રવૃત્ત થાય છે.

### સંસાર શાશ્વત પણ ખરો અને અશાશ્વત પણ ખરો

આત્મચિન્તા કરતાં રાજા મધુ આ પ્રસંગે વિચારે છે કે

'ઇન્દ્રિયોને વશ બનેલા એવા મેં મૂઢે આ અશાશ્વત એવા સમસ્ત સંસારમાં ધર્મને આચર્યો નહિ.'

**સભા** : સંસાર શાશ્વત કે અશાશ્વત ?

**પૂજ્યશ્રી** : બંનેય. સંસાર શાશ્વત પણ ખરો અને અશાશ્વત પણ ખરો.

**સભા** : એ કેમ?

**પૂજ્યશ્રી** : હયાતિની દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ સંસાર શાશ્વત છે અને પરિવર્તનની પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ સંસાર અશાશ્વત પણ ગણાય. અનન્તા આત્માઓ મોક્ષે જાય, તે છતાં એક નિગોદનો અનન્તમો ભાગ જ મુક્તિએ ગયો હોય છે; એટલે જીવોનો મોટો સમૂહ સંસારમાં હોય જ છે. સંસારનો કોઈ કાળે અન્ત આવવાનો જ નથી. સંસાર તો હતો, છે અને રહેવાનો. સારાય સંસારનું અસ્તિત્વ મટી જાય, એવું બન્યુંય નથી અને બનવાનુંય નથી. આથી સંસાર શાશ્વત પણ છે, તેમ સંસારવર્તી મોક્ષગામી જીવોની અપેક્ષાએ સંસાર અશાશ્વત પણ છે; કારણકે સંસારને છેદીને અનન્તા આત્માઓ મુક્તિએ ગયા છે, સંખ્યાબંધ આત્માઓ વર્તમાનમાં પણ મહાવિદેહ ક્ષેત્રમાંથી મુક્તિએ જઈ રહ્યા છે અને અનન્તા આત્માઓ મુક્તિએ જશે. એટલે મોક્ષગામી ભવ્યાત્માઓનો સંસાર અશાશ્વત હોય છે, કારણકે સંસાર છૂટે નહિ ત્યાં સુધી મોક્ષે જવાય નહિ. આમ છતાં, બીજા અનન્તા જીવો જેઓ ત્રણેય કાળમાં મોક્ષે જવાના નથી, એવા તે જીવો સંસારમાં હોવાથી સંસાર તો કાયમ રહે છે, પણ મોક્ષને પામેલા આત્માઓ સંસારી મટી જાય છે. પોતાના ભવની અપેક્ષાએ પણ રાજા મધુનો વિચાર યોગ્ય ગણાય. મનુષ્યભવ કોઈનો ય શાશ્વત હતો નહિ, છે નહિ અને હશે પણ નહિ. શાશ્વત સ્થિતિ મોક્ષ પ્રાપ્તિ વિના શક્ય નથી. અને મોક્ષ સંસારીપણામાંથી બાતલ થયા વિના શક્ય નથી.

સંસારીપણામાંથી બાતલ થવાને માટે એક માત્ર અનુપમ સાધન અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલો ધર્મ છે. શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાની આરાધના, સંસારી તરીકેની આપણી હયાતિ નાબુદ કરવાને માટે જ કરવાની છે. શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મની આરાધના કરવાનો વાસ્તવિક હેતુ જ એ છે કે, પોતાનો સંસાર નાશ પામે, શ્રી જિનેશ્વરદેવના સ્વરૂપને જાણનાર અને માનનારમાં પોતાના અગર તો બીજા પણ કોઈના સંસારને ટકાવી રાખવાની ભાવના હોય, એ બને જ નહિ. શ્રી જિનેશ્વર દેવને પિછાણનારો તો, પોતાના સંસારનો જેમ બને તેમ વહેલો નાશ થાય, એ જ

અભિલાષાને સેવનારો હોય. જેને સંસારમાં રહેવાનું ગમે છે, જેને સંસારમાં રહેવું એ સારુ લાગે છે, તેનામાં સાધુપણુંય નથી અને શ્રાવકપણુંય નથી. પોતાના અને સૌ કોઈના સંસારનો નાશ ઈચ્છવો એ ઉંચામાં ઉંચી કોટિની ઈચ્છા છે. આત્મામાં ભાવદયા પ્રગટ્યા વિના, એ જાતિની ઉત્તમ ઈચ્છા પ્રગટે, એ શક્ય નથી. 'જીવમાત્રના સંસારનો નાશ થાઓ !' એવી અભિલાષાની ઉત્કટતામાંથી તો તીર્થંકરત્વનું પુણ્ય સર્જાય છે. શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના એવી જ પુણ્યાભિલાષાની ઉત્કટતાથી થાય છે.

### વિષય-કષાયરૂપ સંસારનો નાશ કરવાનો પ્રયત્ન - એનું નામ ધર્મ

સંસાર એટલે વિષય અને કષાય. વિષય-કષાયનો નાશ એટલે સંસારનો નાશ. જેના વિષય-કષાય હણાયા, તેનું દુ:ખ હણાયું, તેનું પરિભ્રમણ ગયું. વિષય-કષાયના યોગે આત્માને જન્મ મરણાદિના દુ:ખો ભોગવવા પડે છે. વિષય-કષાયના યોગે જ ચાર ગતિમાં ચોરાશી લાખ યોનિઓ દ્વારા આત્મા જન્મે છે, મરે છે અને ભમે છે. આત્મા સ્વભાવે શાશ્વત છતાં, વિષય-કષાયના યોગે આ દશા ભોગવી રહ્યો છે. આ માનવભવ એમાંથી નીકળવાને માટે છે. વિષય અને કષાયથી મૂકાવાનો પ્રયત્ન કરવો, એના જેવો આ જીવનનો બીજો કોઈ સદુપયોગ નથી. વિષય અને કષાયથી મુક્ત બનવાનો પ્રયત્ન, એનું જ નામ ધર્મ. એ પ્રયત્ન અનન્તજ્ઞાનીઓની આજ્ઞા મુજબ કરવો જોઈએ, કે જેથી ધર્મ ધર્મરૂપ જ બન્યો રહે અને જેવી રીતે એ ફળવો જોઈએ, તેવી જ રીતે એ ફળે. રાજા મધુથી એ પ્રયત્ન જેવો જોઈએ તેવો ન થઈ શક્યો, માટે તે મરણ સમયે અફસોસ કરે છે. તમારે શું કરવું છે ? અફસોસ કરવાનો વખત આવે તે પહેલાં ચેતવા જેવું છે અને ચેતીને આરાધનામાં રક્ત બની જવા જેવું છે.

### મર્યા વિના છૂટકો નથી

રાજા મધુ વધુમાં વિચારે છે કે

'હું જાણતો હતો કે, મરણ નિશ્ચિત છે, યૌવન કુસુમ જેવું છે અને ઋદ્ધિ ચંચલ છે છતાંપણ મેં મારા પૂર્વ કાળમાં પરાધીન બનીને પ્રમાદથી ધર્મને કર્યો નહિ ! મરણ નિશ્ચિત છે, એમ કોણ નથી જાણતું? બધા જ જાણે છે.

દુનિયામાં મૂર્ખમાં મૂર્ખ આદમી જાણે છે કે, વહેલા અગર મોડા, પણ કોઈનો મર્યા વિના છૂટકો થવાનો નથી. મરણ પછી છૂટકો થાય જ છે, એમ તો નથી, કારણકે, મોક્ષને નહિ પામનારાઓને નિયમા બીજા ભવમાં જવું પડે છે. ખેર, અહીં તો વાત એ છે કે, જગતમાં જન્મ પામેલાઓમાંથી કોઈ મરણ ન પામે એ શક્ય જ નથી. આ વાત બરાબર છે ને ?

**સભા** : બધાને મરવાનું તો ખરૂં જ !

**પૂજ્યશ્રી** : અને મર્યા બાદ કર્મનો યોગ છે ત્યાં સુધી બીજે જન્મવું પડશે, એમ પણ ખરૂં ને ?

### પરભવનો ઈન્કાર થઈ શકે એમ નથી

**સભા** : છે તો એમજ, પણ આજે ઘણાઓ એવા છે કે જે પરભવને માનતા નથી.

**પૂજ્યશ્રી** : પરભવને નહિ માનવા માત્રથી કાંઈ પરભવમાં જવાનું અટકી પડવાનું નથી. પુણ્ય પાપને નહિ માનનારને પણ પોતાના શુભાશુભ કર્મોના ફળો તો ભોગવવાં જ પડે છે. સંસારી આત્માઓ દુન્યવી સત્તા સિવાયની બીજી કોઈ વિશિષ્ટ સત્તાને પણ આધીન છે, એમ જીવ માત્રના જીવન દ્વારા જાણી શકાય છે. એ વિશિષ્ટ સત્તા, જીવ માત્રના જીવનમાં અગત્યનું સ્થાન ભોગવે છે, કોઈપણ સંસારી જીવ એ સત્તાથી મુક્ત નથી. અમુક સ્થળે જન્મ થવો, અમુક સામગ્રી મળવી, અમુક પ્રકારના અંગોપાગોની પ્રાપ્તિ થવી, અમુક પ્રકારની શારીરિક વેદનાઓ ઉત્પન્ન થવી, બુદ્ધિમાં તરતમતા રહેવી, યશ-અપયશ મેળવવો એ વગેરે તે સત્તાને આધીન છે, કે જે સત્તાને જ્ઞાનીઓ કર્મસત્તા તરીકે ઓળખાવે છે. એક જ બાપાના બે દીકરાઓ વચ્ચે બુદ્ધિ અને અંગોપાંગ આદિનો ફરક કેમ રહે છે ? એક જ ક્ષણે ઉત્પન્ન થયેલા બે બાળકોમાં એક ને ધાગા ઉપર પડ્યા રહેવાનું મળે છે, અને એકને મુલાયમ ગાદી મળે છે, તે શાથી ? એક શ્રીમંત અને એક ગરીબ, એક સત્તાવાન અને બીજો સેવક, એક બુદ્ધિમાન અને બીજો મૂર્ખ, એક વિદ્વાન અને એક

અભણ, એકને ઠેર ઠેર સત્કાર અને બીજાનું ઘેર ઘેર અપમાન, એકના પટારા ભરેલા અને બીજાના પેટમાં ખાડો, એકને સલામી અને બીજાને લાત. આ બધું કોના યોગે થાય છે, એ વિચારો તો કર્મસત્તાની પ્રતીતિ થયા વિના રહે નહિ. અને એથી, સાચી વાત તો એ છે કે, બુદ્ધિનો સદુપયોગ કરનાર કોઈપણ વિચક્ષણ પરલોકનો ઇનકાર કરી શકે જ નહિ.

### પરલોક ન હોય તો પણ સાચા ત્યાગીને કશું નુકસાન થતું નથી

*પરલોક જ ન હોય, તો પછી પાપથી ડરવાનું પ્રયોજન શું ?* સદાચારની જરૂર શી ? જીવન નિયમન શા માટે ? પરલોક ન હોય તો તો 'કેવળ આ લોકના હિત તરફ જ દૃષ્ટિ રહેવી જોઈએ અને એથી આ લોકમાં સત્તાશાળી તથા સમૃદ્ધિવાન બનવાને માટે ગમે તેવું પાપ કરતાં પણ નહિ અચકાવું જોઈએ.' એમ કોઈ કહે તો તેનો શો જવાબ છે ? પણ વસ્તુતઃ તેમ છે જ નહિ કારણકે પરલોક છે. પરલોક ન હોત, તો જીવોની ઉત્પત્તિથી માંડીને જે જે ફરક પડે છે; તે ન પડતો હોત ! બધા સમાનપણે જન્મે, સમાનપણે જીવે અને સમાનપણે સામગ્રી પામે, તો તો મનાય કે 'પરલોક નથી.' પણ તેમ તો કદિ બન્યુંય નથી અને બનવાનુંય નથી.

**સભા** : પણ કહે છે કે પરલોક ન હોય તો તો જે લોકોએ ત્યાગ કર્યો, દેહદમન કર્યું, એ બધાને નુકસાન જ થયું ને ?

**પૂજ્યશ્રી** : વસ્તુતઃ એ દલીલ પણ બરાબર નથી. પરલોક છે જ પણ એ દલીલની ખાતર ઘડીભર એવી પણ વાત કબૂલ કરી લેવામાં આવે કે, 'પરલોક નથી.' તે છતાંય એ વાત પૂરવાર થઈ શકે તેમ છે કે 'અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા મુજબ ત્યાગ કરનાર ધર્માત્માઓને તો લાભ જ છે.' વિચારો કે માણસો દુન્વયી સામગ્રી મેળવવા મથે છે, તેનો હેતુ શો છે ? એટલો જ ને કે , પોતાની ઇચ્છા મુજબ શાન્તિથી જીવાય ?

**સભા** : હાજી.

**પૂજ્યશ્રી** : તો સમજી લો કે, શ્રી જૈનશાસનનો સાચો ત્યાગી

 એ હેતુને સુસિદ્ધ કરવાપૂર્વક જ જીવે છે. કારણકે એ દુન્યવી તૃષ્ણાઓથી પર બની જવાના પ્રયત્નમાં લીન રહેવાના યોગે તેમજ ઉપાધિ આદિથી મુક્ત હોઈને, ઘણી શાન્તિપૂર્વક જીવી શકે છે. પરભવમાં જેને મહાઋદ્ધિ મેળવવાની લાલસા છે, રૂપસુન્દરીઓ મેળવવાની જેની લાલસા છે, ચક્રવર્તી જેવી સત્તા મેળવવાને જે ઇચ્છે છે, અને પરભવમાં દુન્યવી કીર્તિ કમાવવાને જે ઈચ્છે છે, એવા પામરોની વાત બાજુએ રાખો: એ બિચારાઓને વસ્તુતઃ પરમાર્થનું ભાન નથી, પરંતુ જે પુણ્યાત્માઓને તેવી કોઈ લાલસા નથી, અને જેઓ આત્મસ્વભાવને પ્રગટ કરવાના નિમિત્તે જ ધર્મ કરે છે, તેઓ તો આ ભવમાં પણ અનુપમ શાન્તિ ભોગવી શકે છે. જેને ઇચ્છા થાય તેને ઐચ્છિક વસ્તુ ન મળે તો દુ:ખ થાય, પણ જેને તેવી ઇચ્છા જ ન હોય તેને તો દુ:ખ ન થાય ને ?

**સભા** : નહિ જ.

### સંસાર ત્યાગીને સંયમ તકલીફ રૂપ નથી

**પૂજ્યશ્રી** : સંસારત્યાગી સાંસારિક ભોગોનો અર્થી ન હોય; જો મોક્ષાર્થે જ આજ્ઞાવિહિત જીવન જીવતો હોય; તો જ તે સાચો ત્યાગી છે અને એ જ ત્યાગનું સુખ અનુભવી શકે છે. સંસારનો ત્યાગી સંસારનો અર્થી હોય તો મહાદુ:ખી, બાકી તો એના જેવો બીજો કોઈ જગતમાં સુખી નથી. 'પોતે અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાની આરાધના કરવા દ્વારા પોતાના આત્મસ્વભાવને પ્રગટ કરવાનો સમય નજદિક લાવી રહેલ છે અને અનન્તા જીવોને અભયદાન આપી રહેલ છે.' એવા વિચારથી પણ શ્રી જિનશાસનનો ત્યાગી મહાસુખી હોય છે. આથી સ્પષ્ટ છે કે, શ્રી જિનશાસનનો ત્યાગી તો પોતાના ત્યાગનું ફળ ત્યાગની સાથે જ ભોગવવા માંડે છે એને સંયમ કષ્ટરૂપ નથી લાગતું. મોસમમાં માલ રળી રહેલા વ્યાપારીઓને જેમ તકલીફ તકલીફરૂપ લાગતી નથી, તેમ સાચા સાધુઓને કઠોર તપશ્ચર્યામય સંયમ પણ તકલીફ રૂપ લાગતું જ નથી.

### જ્ઞાનીની આજ્ઞા મુજબ ત્યાગ કરનારને લ્હેર જ છે

આ રીતે પરભવ હોય કે ન હોય, તે છતાંપણ સાચા સંયમીને

છેતરાવા જેવું કાંઈ છે જ નહિ. દુન્યવી ભોગના પદાર્થોનો સંગ્રહ નહિ તથા તેનો રસ નહિ એટલે તેને તે પદાર્થોને મેળવવાની. સાચવવાની કે વધારવાની ચિન્તા નહિ. તેમજ કાંઈ લૂટાવાનું નહિ કે જેથી હૈયાને આઘાત થાય અને પોક મુકવી પડે. એમને કાણ-મોંકાણના સમાચારોય આવવાના નહિ. શારીરિક વેદના થાય કે ઉપસર્ગ પરીષહને સહવાનો સમય આવે. ત્યારે પણ એ સમભાવમાં રહેવાનો પ્રયત્ન કરે. એટલે સમાધિ રહે અને એથી તેમને તે દુ:ખ પણ બીજાઓની જેમ દુ:ખદાયક નિવડે નહિ. આ ઓછો લાભ છે ? નહિ જ. સંયમનું આ તો પ્રત્યક્ષ ફળ છે ને ? અને જ્ઞાનીઓ ફરમાવે છે કે, જે ત્યાગ આ લોકમાં આવા લાભ આપે છે, તે ત્યાગ પરિણામે આત્માને દુ:ખ માત્રથી મૂકાવે છે. તેમજ અનન્ત અને શાશ્વત સુખ પમાડે છે. જ્ઞાનીઓએ ફરમાવ્યા મુજબ પરલોકની હયાતિ માનીને ધર્મમાં રક્ત બનનારાઓને માટે તો આ દૃષ્ટિએ જોતાં, આ લોકમાંય, લ્હેર છે. અને પછી પણ લ્હેર જ છે. પરંતુ પરલોકને નહીં માનનારાઓને તો આ ભવમાં ય દુ:ખ છે. અને પરભવમાંય દુ:ખ છે. આ લોકમાં તેઓને દુન્યવી પદાર્થો મેળવવા, ભોગવવા અને સાચવવાને માટે ઘણી ઘણી તકલીફો વેઠવી પડે છે, કેટલાયની ગુલામી કરવી પડે છે અને જીંદગીમાં સંખ્યાબંધવાર પોતાની ધારણાથી વિપરીત બનાવો બનતા પોકો પણ મૂકવી પડે છે. દુન્યવી પદાર્થોના લાલચુઓ સાચી શાન્તિ અનુભવી શકતા જ નથી. દુન્યવી સુખોના જ અર્થી બની તૃષ્ણાતુર બનેલાઓની ચિન્તાઓનો પાર હોતો નથી. આલોકમાં આ દશા અને પરલોકમાં અહીં કરેલા પાપકર્મોના ફળો ભોગવવા પડે એ જુદું ! પરલોક આદિની શ્રદ્ધાથી અનન્તજ્ઞાનીઓની આજ્ઞા મુજબ જીવન જીવનાર, પોતાને માટે તેમજ જગતને માટે આશીર્વાદરૂપ બને છે જ્યારે પરલોકને નહિ માનતા દુન્યવી ભોગોપભોગોની સામગ્રીમાં જ રાચનારનું જીવન તો, તેને પોતાને માટે તેમજ જગતને માટે પણ બહુધા શ્રાપરૂપ જ નીવડે છે.

**ધર્મીપણું પામ્યા છો કે નહિ તેની તપાસ કરો**

આ તો પરલોકને નહિ માનનારાઓને અંગે વાત થઈ; પણ

પરલોક પુણ્ય વગેરેને માનનારાઓ, પરલોક-પુણ્ય-પાપ વગેરેને માનવાની વાતો કરનારાઓ, આજે કેવું જીવન જીવી રહ્યા છે ? પાપને અને પાપના ફળને માનનારો પાપથી ડરે જ નહિ એ કેમ બને ? પરભવને માનનારો જીવનમાં કદિ પણ 'પરભવમાં મારુંશું થશે ? એટલોય વિચાર ન કરે એ શું બનવાજોગ છે ? નહિ જ, અને એથી જ કહેવું પડે છે કે, 'અમે પરલોક - પુણ્ય - પાપ વગેરેને બરાબર માનીએ છીએ.' તેવી વાતો કરવી તે જુદી વાત છે અને અનન્તજ્ઞાનીઓએ ફરમાવ્યા મુજબની તત્ત્વ શ્રદ્ધા હોવી તે જુદી વાત છે. સર્વ તત્ત્વશ્રદ્ધાળુઓ ચારિત્રશીલ જ હોય, એમ નહીં. તત્ત્વશ્રદ્ધાળુ તેવા કર્મોદયના કારણે ચારિત્રશીલ ન ય હોય પરન્તુ તત્ત્વશ્રદ્ધાળુ ચારિત્રશીલ ન હોય તો પણ એ ચારિત્રનો અભિલાષી તો જરૂર હોય તત્ત્વશ્રદ્ધાળુ પાપ કરતો હોય એ શક્ય છે, પણ તત્ત્વશ્રદ્ધાળુ પાપભીરુ ન હોય એ શક્ય નથી. તમે પાપભીરુ છો ? કે પાપફલભીરુ છો ? પાપફલભીરુ કોણ નથી. દુ:ખથી કોણ ડરતું નથી ? દુ:ખથી તો સૌ ડરે છે, પણ જ્ઞાનીઓ ફરમાવે છે કે, 'દુ:ખભીરુ નહિ પણ પાપભીરુ બનો.' પાપ વિના દુ:ખ આવે એ બનવાનું જ નથી. દુ:ખભીરુ બનવું હોય તો દુ:ખ માત્રના ભીરુબનો અને જે સમજપૂર્વક દુ:ખમાત્રથી જ ડરનારો હોય, તે પાપભીરુ ન હોય એ બને જ નહિ. પાપભીરુને પાપ કરવું પડે તોય કેટલું પાપ કરે ? અને જેટલું કરે તેટલું પણ કેવી રીતે કરે, એ જાણો છો ? પાપ કરતાં પહેલા પાપ કરતી વેળાએ અને પાપ કર્યા પછી, તત્ત્વશ્રદ્ધાળુ પાપભીરુ આત્માઓની મનોદશા કેવી હોય? એમના હૈયામાં પાપ પ્રત્યે આદર હોય કે તિરસ્કાર હોય? પાપનો એમને પશ્ચાત્તાપ હોય કે પાપ કરવાનો એમને આનંદ હોય? શ્રી વંદિતાસૂત્રમાં શું બોલો છો? સમયગ્દૃષ્ટિ જીવ પાપ કરવું પડે અને કરે તો કિંચિત્ કરે અને તે પાપ પણ એવા દુ:ખપૂર્વક કરે, કે જેથી એ પાપનો બંધ અલ્પ પડે! આ બધી વાતોનો ખ્યાલ કરીને તમે તત્ત્વશ્રદ્ધાળુ છો કે નહિ, તે સ્વયં તપાસી જુઓ. તમારામાં ધર્મીપણું ન હોય તો 'અમે ધર્મી એવો ખોટો ઘમંડ ન કરો, ધર્મીપણું ન હોય તો મેળવવા મથો અને હોય તો ખૂબ ખૂબ કેળવો કારણકે, મરણ

નિશ્ચિત છે. મરણ કોઈનું રોકયું રોકાવાનું નથી. મરણ સમયે પસ્તાવું પડે. તેને બદલે અત્યારે ચેતવું તે વધારે સારું છે. વહેલા ચેતનારા મરણ-સમયે પણ અનુપમ શાન્તિ ભોગવી શકે છે. માટે હજુય ચેતો અને કલ્યાણ સાધો ! પછી તો જેવું જેનું ભાવિ !

**મરણ સુધારવા માટેય જીવન સુધારવું જરૂરી છે**

મરણ નિશ્ચિત છે. યૌવન કુસુમ જેવું છે અને ઋદ્ધિ ચંચલ છે. આટલું જાણ્યા પછીથી પણ, મરણ આવતાં પહેલા સાધવાજોગું સાધી લેવા તરફ બેદરકાર બનવું, યૌવનમાં ભાનભૂલા બનવું અને ઋદ્ધિના ગુલામ બની ધર્મથી પરાઙ્મુખ બન્યા રહેવું, એમાં કયું ડહાપણ છે ? કુસુમને કરમાતાં વાર કેટલી ? અને કરમાયેલા કુસુમની કિંમત કેટલી? યૌવનરૂપ કુસુમ કરમાય તે પહેલાં યૌવનમાં મોક્ષમાર્ગની ઉત્કટ સાધના કરવા તત્પર બનવું જોઈએ તેમજ ઋદ્ધિ ચંચલ હોવાથી, તેના ગુમાનમાં નહિ રહેતા એનો પણ બને તેટલો વધુ સદુપયોગ કરી લેવો જોઈએ. યૌવન ભોગમાં જાય અને ઋદ્ધિનો દુરૂપયોગ થાય, તો મરણ સુધરે કે બગડે ?

**સભા** : બગડે.

મોટેભાગે એમ જ થાય, માટે મરણને સુધારવું હોય તો જીવનને સુધારો. રાજા મધુ મરણને આંખ સામે જોઈ રહ્યો છે. એનું યૌવન વહી ગયું છે અને લગભગ હારી જ ચૂક્યો છે, અને ઋદ્ધિ પણ જવા બેઠી છે આવા વખતે તે પશ્ચાત્તાપ કરે છે કે, 'મરણ નિશ્ચિત છે. યૌવન કુસુમ જેવું છે અને ઋદ્ધિ ચંચલ છે. એ જાણવા છતાં પણ મેં પ્રમાદથી ધર્મને ક્ર્યો નહિ. વિષયોને આધીન બની પ્રમાદમાં પડી મેં મારું આ જીવન એળે ગુમાવ્યું.

ખરેખર, જીવન એળે ગુમાવનારાઓમાં પણ પુણ્યાત્માઓને જ મરણ સમયે આવો વિચાર આવે છે.

**શ્રી જિનવચનનું સ્મરણ**

આટલો પશ્ચાત્તાપ કર્યા બાદ, રાજા મધુને એમ થાય છે કે, હવે શોક કર્યે શું વળે ? આથી વિચારે છે કે, 'ઘર સળગવા માંડ્યું હોય ત્યારે કૂવો કે તળાવ ખોદવાની શરૂઆત થોડી જ થાય છે ? અને સાપે ડંશ દઈ દીધા પછી કાંઈ મંત્રસિદ્ધિ કરવાનો અવસર હોય છે ? ઘરમાં આગ

લાગે તે પછી કૂવો કે તલાવ ખોદવાનો પ્રયત્ન કરવો એ જેમ નિરર્થક છે. તેમ સાપ કરડ્યા પછી તેના મંત્રનો જાપ કરી તે મંત્ર સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો એ પણ નિરર્થક છે. એવા વખતે તો કૂવા-તળાવ ખોદવાનો પ્રયત્ન નહિ કરતાં તેમજ મંત્ર સિદ્ધ કરવા માટે મંત્રજાપ કરવા નહિ બેસતા, અવસરોચિત રક્ષણ કરી લેવું જ બુદ્ધિમત્તા છે. આથી જ રાજા મધુ વિચારે છે કે, 'હું મરવા પડ્યો છું જીવિતનો સંદેહ સ્પષ્ટ દેખાય છે : અત્યારે કાંઈ વિશેષ ધર્મ કરવાનો સમય નથી., એટલે જેટલામાં હું પ્રાણોથી મૂકાંઉ નહી. તેટલા કાળમાં મનઃશુદ્ધિ કરીને હું શ્રી જિનેશ્વરદેવના વચનનું સ્મરણ કરું આ જગતમાં પુરુષે આત્મહિત અવશ્યમેવ કરવું જોઈએ. એ કારણથી મારું મરણ નજદિક આવ્યે છતે, હું અત્યારે શ્રી અરિહંત ભગવાનનું સ્મરણ કરું છું ! શ્રી અરિહંત પરમાત્માઓને મારા નમસ્કાર હો ! શ્રી સિદ્ધિપદને પામેલા શ્રી સિદ્ધ ભગવાનોને મારા નમસ્કાર હો ! તેમજ શ્રી આચાર્ય ભગવાનોને, શ્રી ઉપાધ્યાય ભગવાનોને અને સર્વ સાધુ ભગવાનોને મારો સદા નમસ્કાર હો !'

**શ્રી નવપદ ભગવંત મંગલરૂપ છે**

આ પ્રકારે પાંચેય પરમેષ્ઠીઓને નમસ્કાર કરીને, રાજા મધુ પરલોક - પ્રયાણનું મંગલ કરે છે. એ વિચારે છે કે, આ જગતમાં ચાર વસ્તુઓ મંગલભૂત છે અને તે ચાર જ મને હંમેશને માટે મંગલરૂપ છે. એક શ્રી અરિહન્ત ભગવાન, બીજા શ્રી સિદ્ધ ભગવાન અને ત્રીજા શ્રી સાધુ ભગવાન કે જેમાં શ્રી આચાર્ય તથા શ્રી ઉપાધ્યાય આદિનો સમાવેશ થઈ જાય છે. શ્રી કેવળજ્ઞાની ભગવાને ફરમાવેલો ધર્મ ચોથા મંગલરૂપ છે. પહેલા પાંચ પરમેષ્ઠીઓને નમસ્કાર કર્યો અને તે પછી શ્રી નવપદનો મંગલ તરીકેનો સ્વીકાર કર્યો. શ્રી સાધુ ભગવાનના નમસ્કારમાં જેમ શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી મુનિનો સમાવેશ થઈ જાય છે. તેમ ધર્મમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપનો સમાવેશ થઈ જાય છે. આત્મહિતને માટે નમસ્કાર કરવા લાયક વિશિષ્ટ ગુણવાન વ્યક્તિઓ તરીકે, પરમેષ્ઠીઓ તરીકે, શ્રી અરિહન્તાદિ પાંચ છે. અને જગતમાં વાસ્તવિક

મંગલભૂત કોઈ હોય, તો તે અરિહન્તાદિ નવપદો છે. આ વસ્તુ હૈયામાં જચી જાય, તો કામ થઈ જાય. મંગલની કામના સૌને છે. પણ મંગલકારક આ નવ પદો જ છે; એવો સાચો વિશ્વાસ વિરલ આત્માઓમાં જ છે. એ વિશ્વાસ પેદા કરો. કલ્યાણ સાધવા માટે જ્યાં ત્યાં ફાંફાં મારવાનું છોડો અને શ્રી નવપદની આરાધનામાં આત્માને લીન બનાવો. શ્રી નવપદની આરાધના કરનારનું કલ્યાણ ન થાય, એ અશક્ય છે.

### શ્રી અરિહંત પરમાત્માના શરણનો સ્વીકાર

રાજા મધુ હવે શ્રી અરિહન્ત પરમાત્માના શરણનો સ્વીકાર કરતાં કહે છે કે, 'મનુષ્ય ક્ષેત્રમાં જેટલા જગનાથ શ્રી અરિહન્ત ભગવાનો છે, તે તારકોને હું મનથી, વચનથી અને કાયાથી નમસ્કાર કરું છુ અને તે તારકોનું જ મારે શરણ છે.'

શ્રી અરિહન્ત પરમાત્માનું શરણ સ્વીકારવામાં પણ શ્રીનવેયપદનું શરણ આવી જાય છે. કારણકે, નવેય પદોની ઉત્પત્તિના મૂળભૂત એ છે. શ્રી નવેય પદોને પ્રથમ પ્રકાશિત કરનારા એ જ તારકો છે.

રાજા મધુ આ પ્રકારે મંગલ કરીને, અન્તિમ પચ્ચક્ખાણ કરે છે. હિંસા, મૃષા, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ પાંચેયનું પચ્ચક્ખાણ કરે છે અર્થાત્-એ પાંચેયનો મન, વચન અને કાયાથી ત્યાગ કરે છે. પોતાના શરીરનો તેમજ સર્વ પ્રકારના આહાર - પાણીનો પણ રાજા મધુ એજ રીતે ત્યાગ કરે છે. પોતાના શરીરનું ગમે તે થાય, તેની સાથે રાજા મધુને હવે કશી જ નિસ્બત રહેતી નથી. આ પ્રકારનું અનશન સ્વીકારીને, રાજા મધુ વિચારે છે કે, વસ્તુતઃ તો તૃણમય સંથારો અને પ્રાસુક ભૂમિ જોઈએ, પણ તે તો છે નહિ હું તો યુદ્ધભૂમિમાં હાથી ઉપર બેઠેલો છું ! અત્યારે નિર્દોષ ભૂમિ શોધી તૃણનો સંથારો કરવાને અવકાશ નથી. આથી રાજા મધુ પોતાના મનને વાળે છે. જેનું હૃદય વિશુદ્ધ છે, તેનો તે જ સંથારો છે. પોતાની હૃદય વિશુદ્ધિને જ મધુ રાજા પ્રધાનતા આપે છે, કારણકે, તેવો જ અવસર છે. એમ કર્યા વિના છૂટકો નથી. આમાં જોવાનું એ છે કે, વિધિનો ખ્યાલ કેટલો છે ?

સંયોગોની જો અનુકૂળતા હોત, તો મધુરાજા એકલી હૃદય વિશુદ્ધિ ઉપર જ આટલો ભાર ન મૂકત !



## મધુરાજાએ આત્માના એકત્વનો અને સ્વભાવનો કરેલો વિચાર

આ પછી મધુરાજા આત્માના એકત્વનો અને આત્માના સ્વભાવનો વિચાર કરે છે. દુનિયાના જીવો 'આ મારું તે મારું' એમ પોતાના નહિ એવા પદાર્થોમાં મમતા ધરાવે છે. પણ પરમાં 'સ્વ'ની બુદ્ધિ એ મિથ્યાત્વ છે. 'સ્વ' 'સ્વ'લાગે અને 'પર' 'પર' લાગે, એ સમ્યક્ત્વ છે. પરમાં સ્વબુદ્ધિ મિથ્યાત્વના યોગે ઉત્પન્ન થાય છે. જીંદગીના અન્ત સુધી 'આ મારૂં' કર્યા કરો, તોય તે સાથે આવવાનું નથી. માતા પિતા, પુત્ર-પુત્રી, સ્વજન-સંબંધી વિગેરેને તમે પોતાના માન્યા કરો, તેથી કાંઈ કોઈ સાથે આવનાર નથી. મધુરાજા એ જ વિચારે છે કે, 'આ જીવ, એકલો જ જન્મે છે, એક્લો જ તે ઉત્પન્ન થાય છે. એકલો જ તે સંસારમાં ભમે છે, એકલો જ તે મરે છે અને જ્યારે શ્રી સિદ્ધિપદને તે પામે છે, ત્યારે પણ તે એકલો જ શ્રી સિદ્ધિપદને તે પામે છે, જ્ઞાન દર્શન અને ચારિત્રમય આત્મા શાશ્વત છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ સિવાયના જેટલા આત્મભાવો દેખાય, તે વસ્તુતઃ આત્મભાવો નથી પણ વિકૃતભાવો છે. એ દુર્ભાવોને મેં વોસિરાવ્યા છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં આત્મા રમે, તો તે સ્વભાવમાં રમ્યો કહેવાય અને તે સિવાયના ભાવોમાં આત્મા રમે, તો તે દુર્ભાવોમાં રમ્યો કહેવાય. દુર્ભાવોમાં રમતો આત્મા ડુબે છે અને સ્વભાવમાં રમતો આત્મા તરે છે. આ કારણે, કલ્યાણના અર્થીઓએ પહેલાં તો દુર્ભાવોથી બચવા સાથે સ્વભાવમાં લીન બનવાનો પ્રયત્ન કર્યા કરવો જોઈએ. સ્વભાવમાં એ રીતે પ્રયત્નપૂર્વક લીન બનતાં બનતાં, આત્મા દુર્ભાવોથી સર્વથા મુક્ત બની જાય છે અને સંપૂર્ણ સ્વભાવને પામે છે. તે પછી તો તેને કાંઈ કરવાપણું રહેતું નથી.

## આત્મસ્વભાવ પ્રગટાવવાનો અભ્યાસ કરો

આત્માનો સ્વભાવ જ્ઞાનાદિમય છે. એ સ્વભાવ આજે અવરાયો છે અને દુર્ભાવોનું સામાજ્ય પ્રવર્તી રહ્યું છે. એ જ કારણે જ્ઞાનાદિમય

સ્વભાવવાળો આત્મા જન્મમરણાદિ કરે છે. એ જ કારણે આત્મા સંસારમાં અનેક પ્રકારના દુ:ખોને ભોગવે છે મરણથી બચવું હોય, તો જન્મથી બચવું જોઈએ. અને જન્મથી ત્યારે જ બચાય, કે જ્યારે આત્મા દુર્ભાવોથી સર્વથા મુક્ત બનવા દ્વારા સંપૂર્ણ સ્વાભાવિક સ્થિતિમાં મૂકાય. એ સ્વાભાવિક સ્થિતિ તે જ્ઞાન-દર્શન-ચારિત્રમય દશા ! એ દશા પામવાનો અભ્યાસ કરવો જોઈએ અને સર્વવિરતી ધર્મમાં જ એ દશાનો ઉંચામાં ઉંચી કોટિનો અભ્યાસ થાય છે.

**સભા** : આ તો પાછી દીક્ષાની વાત આવી.

**પૂજ્યશ્રી** : જે હોય તે આવે જ ! આજ્ઞામય શુદ્ધ દીક્ષિત જીવન, એ તો આત્મસ્વભાવ પ્રગટાવવાનો અમોઘમાં અમોઘ ઉપાય છે. શ્રી જૈનશાસનમાં સુવિશુદ્ધ દીક્ષિતજીવનને પરમકલ્યાણકારી જીવન ગણવામાં આવ્યું છે. જે આત્માના અંતરમાં આજ્ઞામય દીક્ષિત જીવન પામવાની ભાવનાઓ પ્રગટ્યા કરે છે, તેય પરમ પુણ્યશાળી છે. ખરેખર, ઘોર પાપાત્માઓને જ દીક્ષા ન ગમે. દીક્ષા પ્રત્યે રોષ, એજ તેમના કારમા ભવિષ્યની નિશાની છે. દીક્ષાની સામે સૂગ ફેલાવનારાઓ, આ જગતમાં ગજબના ભાવહિંસકો છે. એવાઓની હાલત શી થશે ? એ વિચારતાં, એ બિચારાઓ પ્રત્યે ધર્માત્માઓના અન્તરમાં એટલી બધી દયા ઉત્પન્ન થાય છે કે, તેવા કોઈ અવસરે તો આંખ પણ ભીની થઈ જાય.

**દીક્ષાભિલાષાના અભાવને કમનસીબી માનો**

દીક્ષા પ્રત્યે તિરસ્કાર ફેલાવનારા પાપાત્માઓ પણ આજે એમજ કહે છે કે, 'અમને દીક્ષા તો ગમે છે' પરંતુ એમનું આચરણ એવું છે કે, એમનો આવો વચન પ્રયોગ કેવળ દાંભિક છે, એમ પુરવાર થઈ જાય છે.

**સભા** : મારે માટે એમ નથી.

**પૂજ્યશ્રી** : આ વાત વ્યક્તિગત નથી. તમે દીક્ષાના વિરોધી ન હો, એટલું જ નહી દીક્ષાના અભિલાષી હો એ જ ઇચ્છવાજોગ છે કારણકે, સાચા દીક્ષિત બનવાની સાચી કામના, એય પરમકલ્યાણના પરમ કારણોમાંનું એક પરમકારણ છે.

**સભા** : એવી અભિલાષા પ્રગટી નથી.

**પૂજ્યશ્રી** : 'એવી અભિલાષા મારામાં ક્યારે પ્રગટે ?' એવા પ્રકારની કામના હોય તોય સારું 'આવી ઉત્તમ સામગ્રી મળવા છતાંપણ મારામાં દીક્ષાની અભિલાષા પ્રગટતી નથી એ પણ મારી એક કમનસીબી જ છે.' એમ માનતાં હો તોય લાભ જ છે.

**દીક્ષાની મહત્તા આટલી બધી કેમ?**

**સભા** : ગૃહસ્થપણામાં કયાં ધર્મ થતો નથી ?

**પૂજ્યશ્રી** : કોણ એમ કહે છે કે, 'ગૃહસ્થપણામા રહેલો પણ ધર્મ કરવા ધારે તો થોડા પ્રમાણમાં પણ ધર્મ ન જ કરી શકે ?'

**સભા** : તો પછી દીક્ષાની ઉપર આટલો બધો ભાર શા માટે ?

**પૂજ્યશ્રી** : કારણકે, દીક્ષિતજીવન, એ એક ઉંચામાં ઉંચી કોટિનું નિષ્પાપ અને ધર્મમય જીવન છે. જ્યારે ગૃહસ્થજીવન સર્વથા પાપરહિત નથી અને એકાન્તે ધર્મમય પણ નથી !

**સભા** : દીક્ષિતજીવન જ સર્વથા નિષ્પાપ અને ધર્મમય જીવન છે, એ કેમ? શું સાધુઓને પાપ લાગતું નથી ?

**પૂજ્યશ્રી** : જ્યાં સુધી સાધુ સાધુપણામાં જ સુસ્થિત છે, ત્યાં સુધી તે સર્વથા નિષ્પાપ જ છે અને ધર્મમય જીવન જીવનારો છે. દીક્ષા લેવી એટલે હિંસાદિનો ત્યાગ કરવા દ્વારા નિષ્પાપ બનવું અને ચારિત્રપાલન કરવું એટલે કેવળ ધર્મમય જીવન જીવવું. ગૃહસ્થાવાસમાં રહેવું અને આ પ્રમાણે વર્તવું એ શક્ય નથી. ગૃહસ્થાવાસમાં રહેલ પણ જો દીક્ષાનો અભિલાષી હોય, તો જ તે ઉત્તમ પ્રકારે ગૃહસ્થ ધર્મનું પાલન કરી શકે છે. સર્વવિરતીની લાલસા વિના દેશવિરતિનો પરિણામ પણ સંભવતો નથી એમ પરમઉપકારી પરમર્ષિઓ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે અને એથી દીક્ષા ઉપર ભાર મૂકાય છે.

**બીનવફાદારોથી વસ્તુને હલકી ન મનાય**

**સભા** : માણસ દીક્ષા ન લે અને ગૃહસ્થ રહી ઉત્તમ જીવન જીવે, તો તેનું કલ્યાણ ન થાય ?

**પૂજ્યશ્રી** : જીવનમાં જેટલી ઉત્તમતા હોય, તેટલું કલ્યાણ જરૂર થાય : પણ એના પાપના દ્વારો સર્વથા બંધ થયેલા નહિ હોવાથી, તે તે પાપોનોય ભાગીદાર તે બને છે જ્યારે સાધુજીવનમાં તો એકાન્તે ધર્મ છે.

**સભા** : શું બધા સાધુઓ નિષ્પાપ અને ધર્મમય જીવન જીવે છે ?

**પૂજ્યશ્રી** : સાધુવેશવાળા બધા જ એવું જીવન જીવે છે કે નહિ. એ વાત અહીં નથી. અહીં તો સિદ્ધાન્તની વાત ચાલે છે અને તે એ કે સાચુ સાધુજીવન એ જ ઉત્તમમાં ઉત્તમ કોટિનું જીવન છે અને ગમે તેવો ઉત્તમ પણ ગૃહસ્થ, સુસાધુ જેવું નિષ્પાપ અને ધર્મમય જીવન જીવી શકતો નથી.' જો કે વેશમાં રહીને વેશને બીનવફાદાર બનનારાઓ પણ હોય, પરંતુ એટલા માત્રથી મૂળ વસ્તુને હલકી ગણવી કે કહેવી, એમાં ડહાપણ નથી જ !

### સાધુતાથી વંચિત હોય તેવાઓને નહિ માનવા

**સભા** : સાધુવેશમાં રહેવા છતાં સાધુતાથી વંચિત હોય તેવાઓને તો નહિ માનવા જોઈએ ને ?

**પૂજ્યશ્રી** : એમા પૂછવાનું જ શું ? આપણે ત્યાં જેમ સુગુરુના સ્વીકારનું વિધાન છે. તેમ કુગુરૂના ત્યાગનું પણ વિધાન છે જ. પરંતુ કુગુરૂઓનો વાસ્તવિક ત્યાગ તેઓ જ કરી શકે છે કે, જેઓ સુગુરુના ઉપાસકો હોય. સુસાધુતાનું અર્થીપણું જેનામાં નથી. ધર્મ પ્રત્યે જેમને વાસ્તવિક આદરભાવ નથી તેઓ તો પ્રાયઃ કુગુરૂઓના ત્યાગી બનવાને બદલે સુગુરુઓના જ ત્યાગી બની જાય છે !

તમારાથી ત્યાગી ન બનાતું હોય તો તમે ગૃહસ્થધર્મમાં સુસ્થિત બનો અને એવો પ્રયત્ન કર્યા કરો, કે જેના યોગે સર્વવિરતિ નજદિક આવે. સર્વવિરતિ બનવાની અભિલાષા વિના જ ગૃહસ્થ ધર્મને આચરનારાઓ તો ભાવધર્મથી વેગળા જ છે. એ ધર્મક્રિયા વાસ્તવિક ધર્મક્રિયાની કોટિમાં જ આવતી નથી. સર્વવિરતિ ધર્મ કરતા ગૃહસ્થધર્મને પ્રધાન માનનારા તો મિથ્યાત્વથી જ ઘેરાયેલા છે. થોડો ધર્મ થાય તો થોડો કરો, પણ ધર્મના સ્વરૂપને સમજી ઉંચી કોટીના ધર્મી બનવાની ભાવના કેળવો.

### મધુરાજાએ પોતાના હાથે લોચ કર્યો

આત્મસ્વભાવ જ્ઞાન, દર્શન અને ચારિત્રમય છે એ સિવાયના ભાવો તે દુર્ભાવો છે. અને એથી જ આત્મચિંતામાં મગ્ન બનેલા મધુરાજાએ તે સર્વ દુર્ભાવોને વોસિરાવ્યા. એ પ્રકારે યાવજ્જીવ એટલે

જીવનના અન્ત સુધીને માટે સંગનો ત્યાગ કરીને, મધુરાજાએ હાથી ઉપર બેઠે બેઠે જ, પોતાનું શરીર ઘણા ઘણા પ્રહારોથી જર્જરિત થઈ ગયેલું હોવા છતાંપણ પોતાના હાથે જ પોતાના માથાના વાળોનો લોચ કરી નાંખ્યો. મધુરાજાની આવા સમયે આટલી બધી ઉત્તમ પ્રવૃત્તિ જોઈને, યુદ્ધ જોવાને આવેલા કિન્નરાદિ દેવો ખૂબ પ્રસન્ન થઈ ગયા અને રાજા મધુ ઉપર એ જ વખતે તે દેવોએ કુસુમોની વૃષ્ટિ કરી. મધુરાજા પણ ધર્મધ્યાનમાં સ્થિર રહ્યા અને સમાધિથી મૃત્યુને પામ્યા અને ત્યાંથી તેમનો જીવ દેવ તરીકે ઉત્પન્ન થયો.

**સંથારાપોરિસીની ભાવનાને રોજ યાદ કરો !**

શ્રી "પઉમચરિય"માંથી લીધેલો આ પ્રસંગ હવે પૂર્ણ થાય છે. મધુરાજાની અન્તિમ સમયની ભાવના યાદ રાખી લેવા જેવી છે. સંથારાપોરિસીમાં આવી જ ભાવના આવે છે અને સૂતી વખતે તેનું સ્મરણ કરવાનું હોય છે. સંથારાપોરિસીનું આખુંય સૂત્ર કંઠસ્થ કરી લો. એના ભાવને સમજી લો અને રોજ એને સૂતાં પહેલાં શુદ્ધ મને સંભારો, તો આત્મામાં ઘણી નિર્મળતા આવી જાય. રાતના કદાચ મૃત્યુ થઈ જાય, તોપણ આત્મા ઘણી ઘણી પાપ પરંપરાઓથી બચી જાય. એ સૂત્ર જ એવું છે કે, એનું સ્મરણ અને ચિન્તન કરતાં કરતાં યોગ્ય આત્મા શુભ ધ્યાનારૂઢ સ્હેજે થઈ જાય અને ધ્યાનાનલ, એ તો એક એવો અગ્નિ છે કે, એ પ્રબળ બને તો ગમે તેવાં કર્મોને પણ ખાખ કરી નાખે.

હવે આ તરફ મધુરાજાનું મૃત્યું થયું એટલે તરત જ, પેલું દેવતારૂપ ત્રિશુલ પોતાના સ્વામી ચમરેન્દ્રની પાસે ચાલ્યું ગયું. ચમરેન્દ્રની પાસે જઈને તે દેવે, શત્રુઘ્ને છળ કરીને મધુરાજાને માર્યાનો વૃત્તાન્ત જણાવ્યો. પોતાના મિત્રના મૃત્યુથી ચમરેન્દ્રને ખૂબ જ લાગી આવ્યું. શત્રુઘ્નની પ્રત્યે તે ખૂબ જ કોપાયમાન બન્યો. પોતાના મિત્રને હણનારને પોતે જાતે જઈને હણી નાખવાનો ચમરેન્દ્રે નિર્ણય કર્યો અને એ માટે તરતજ તેણે ચાલવા પણ માંડ્યું. એવા વખતે ચમરેન્દ્રને વેણુદારી નામના ગરૂડપતિ ઇન્દ્રે પૂછ્યું કે, 'ક્યાં જાવ છો ?'

**ચમરેન્દ્ર શત્રુઘ્ન પર કોપાયમાન થાય છે**

શત્રુઘ્નનું પુણ્ય છે, એટલે બચવાની સામગ્રી મળવાની છે. નહિ તો ક્યાં ચમરેન્દ્ર અને ક્યા શત્રુઘ્ન? સામાનું પ્રબલ પુણ્ય જાગતું હોય

છે. ત્યાં સુધી તો ઇન્દ્રો પણ તેમને કાંઈ કરી શકતા નથી. જેમ તીવ્ર પાપનો ઉદય હોય ત્યારે ગમે તેવો સહાયક મળે તોય દુઃખમાં જ સબડવું પડે છે. તેમ પ્રબળ પુણ્યનો ઉદય હોય ત્યારે મહાબળવાન અને ભારે સામગ્રીસંપન્ન પણ દુશ્મનો ફાવી શકતા નથી; શ્રી લક્ષ્મણજીનું પુણ્ય પ્રબળ હતું માટે જ, અણધારી રીતે વિશલ્યાની પ્રાપ્તિ થઈ ગઈ હતી અને એથી તે મરતાં મરતાં બચી ગયા હતા. શ્રી લક્ષ્મણજીનું પુણ્ય જો પ્રબળ ન હોય, તો શ્રી રાવણ તેમના હાથે હારે અને હણાય, એ પણ ક્યાંથી બને ? પણ તેમનું પુણ્ય પ્રબળ હોઈને જ શ્રી રાવણ જેવા સમર્થ પણ રાક્ષસવીર તેમના હાથે હાર્યા અને હણાયા. એ જ રીતે આપણે જાણીએ છીએ કે, નરકમાં દુઃખ ભોગવતા શ્રી લક્ષ્મણજીને લેવા માટે શ્રી સીતેન્દ્ર ગયા હતા, પણ શ્રી લક્ષ્મણજીના તીવ્ર પાપોદયના કારણે, નરકની એ કારમી વેદનામાંથી શ્રી સીતેન્દ્ર પણ તેમને મુક્ત કરી શક્યા નહિ. જો આમ ન થતું હોત, તો તે સ્વાર્થી લોકો નબળા દુશ્મનને જીવવા જ ન દેત ! આ જમાનામાં પણ ઘણા બળીયા દુશ્મન એવા છે કે, ધમપછાડા તો ઘણા ઘણા કરે છે, પણ ફાવી શકતા નથી અને એથી મનમાં ને મનમાં બળી બળીને તીવ્ર પાપો ઉપાર્જે છે. ચમરેન્દ્રની શક્તિ, સામગ્રી અને સત્તાના હિસાબે જોતા શત્રુઘ્ન તો ચમરેન્દ્ર પાસે એક તુચ્છ માણસ ગણાય; પણ શત્રુઘ્નનું પુણ્ય જાગૃત છે, એટલે બચવાની સામગ્રી મળી રહેવાની છે.

આ પ્રસંગે જ્યારે પોતાના મિત્ર મધુરાજાના વધથી કોપાયમાન બનીને, શત્રુઘ્નને હણવા જતા ચમરેન્દ્રને, ગુરૂડપતિ વેણુદારીએ પૂછ્યુ કે, 'ક્યાં જાઓ છો ?' એના જવાબમાં ચમરેન્દ્રે વેણુદારીને પોતાના મિત્ર મધુરાજાના વધની હકીકત જણાવી અને કહ્યું કે, 'મારા મિત્રને હણનાર શત્રુઘ્ન અત્યારે મથુરામાં છે અને તેને હણવાને માટે જ હું જાઉં છું.'

વેણુદારી કહે છે કે, 'ધરણેન્દ્રે શ્રી રાવણને જે અમોઘ વિજયા નામની શક્તિ આપી હતી, તે શક્તિને પણ અર્ધચક્રી એવા શ્રી લક્ષ્મણે પોતાના પુણ્યપ્રકર્ષે કરીને જીતી લીધી છે. એટલું જ નહિ, પણ તે શ્રી લક્ષ્મણે ખુદ શ્રી રાવણને હણ્યો છે, તો શ્રી રાવણનો સેવક

મધુ એ કોણ માત્ર છે ? વળી શત્રુઘ્ને મધુને યુદ્ધમાં હણ્યો તે સાચી વાત છે, પણ શત્રુઘ્ને તે કામ શ્રી લક્ષ્મણની આજ્ઞાથી જ કર્યું છે ! આ રીતે વેણુદારી શ્રી લક્ષ્મણજીના પુણ્યપ્રકર્ષનો ચમરેન્દ્રને ખ્યાલ આપે છે. અને શત્રુધ્નને મારવા માટે નહિ જવાની સલાહ સૂચવે છે. પણ ચમરેન્દ્ર અત્યારે ખૂબ રોષમાં છે એટલે તે કહે છે કે, 'તમે જે શક્તિ લક્ષ્મણે જીત્યાની વાત કરો છો, તે શક્તિ તો કુમારિકા એવી વિશલ્યાના પ્રભાવથી જ તે વખતે જીતાઈ હતી; અત્યારે તે વિશલ્યા બ્રહ્મચારિણી નથી, એટલે એનો પ્રભાવ તો ગયો છે; અથવા તો એ ગમે તેમ હોય, પણ હે સ્વામિન્ ! હું તો મારા મિત્રનો વધ કરનારનો વધ કરવાને માટે જઈશ જ !' બ્રહ્મચર્યનો પ્રભાવ જોયો ? એ પ્રભાવ અદ્‌ભુત છે, પણ તેનુ યોગ્ય પાલન થાય તો !

ચમરેન્દ્ર શત્રુઘ્નને મારવા ચાલ્યો. ઈન્દ્ર પાસે શત્રુઘ્ન જીવે ? હા, પુણ્ય પ્રબળ હોય તો, એવી સામગ્રી આવી મળે કે જેથી એ જીવે જ. પુણ્ય પ્રબળ હોય તો, શત્રુની શક્તિને નિષ્ફળ બનાવવાની સામગ્રી એને આવી મળે જ !

ચમરેન્દ્રે મથુરામાં આવીને જોયું તો શત્રુઘ્નનું સુરાજ્ય પ્રવર્તી રહ્યું હતું અને સર્વલોક સુસ્થિત હતો. શત્રુઘ્ન ગમે તેમ પણ શ્રી રામચન્દ્રજી જેવા પરમ ન્યાયપરાયણનો ભાઈ હતો. એને મથુરાનગરીનું સ્વામિત્વ જોઈતું હતુ, પણ પ્રજાને રંજાડવી નહોતી. બીજી તરફ લોક પણ સમજે કે, ભલે શત્રુઘ્ન રાજા ગણાય, પણ આખર સત્તા તો શ્રી રામચન્દ્રજીની અને શ્રી લક્ષ્મણજીની જ ગણાવાની, એટલે લોકોને કશી ભીતી નહોતી. આથી મધુરાજા હણાયા બાદ શત્રુઘ્નને પ્રજા તરફથી કશોય ઉપદ્રવ સહન કરવાનો વખત ન આવ્યો.

ચમરેન્દ્રે મથુરામાં સર્વલોકોને સુરાજ્યમાં સુસ્થિત જોઈને વિચાર કર્યો કે, પહેલાં પ્રજાને ઉપદ્રવ કરવા દ્વારા જ હું આ મધુના શત્રુ શત્રુઘ્નને ઉપદ્રવ કરું!

*"प्राक् प्रजोपद्रवेणोपद्रवाम्येनं मधुद्विषम् ।"*

### રાજા અને પ્રજા વચ્ચેનો સંબંધ

પૂર્વકાળમા રાજા અને પ્રજા વચ્ચે પિતા-પુત્ર જેવો સંબંધ હતો. રાજા વાત્સલ્યભર્યો હતો અને પ્રજા રાજ ભક્તિવાળી હતી. રાજાનું દુઃખ પ્રજાના હૃદયને વિહ્વળ બનાવતું અને પ્રજાનું દુઃખ રાજાથી સહાતું નહિ. પ્રજા એ જ ઈચ્છતી કે, 'અમારો રાજા સદા સુખચેનમય જીવન ગુજારે' અને રાજા એ ઇચ્છતો કે, 'પ્રજાજનો ઉપદ્રવરહિતપણે જીવે !' રાજાના ભોગસુખની પ્રજાને ઈર્ષ્યા નહોતી અને પ્રજાને લૂંટી પ્રજાને પીડવાની રાજાને ઇચ્છા નહોતી. બંને એકબીજાના કલ્યાણની જ અભિલાષા સેવતા. બંનેય પરસ્પરના સુખમાં પરસ્પર આનંદ અનુભવતા અને એકબીજાના દુઃખે દુઃખી થતા આજે દશા પલટાઈ છે. પૂર્વકાળ કરતાં તદ્દન વિપરીત પરિસ્થિતિ આજે પ્રવર્તી રહી છે. રાજાઓની સામે ચાલતું આજનું પ્રચારકાર્ય ભયંકર છે. અને પ્રજા પ્રત્યે રાજાઓનું વલણ પણ ઘણીવાર ત્રાસદાયક હોય એમ લાગે છે. પ્રજામાં રાજાના સુખની ઈર્ષ્યા અને રાજામાં પ્રજાસુખ પ્રત્યેની બેદરકારી, બંનેય વધ્યે જાય છે અને એથી રાજા-પ્રજાની વચ્ચે નવાનવા સંઘર્ષણો ઉત્પન્ન થયે જાય છે. આ આન્દોલનો બંને વર્ગને માટે નુકસાનકારક જ બન્યાં છે અને નુકસાનકારક જ બનશે, એમ પરિસ્થિતિ જોતાં લાગે છે.

### વડીલો અને આશ્રિતો બંને કર્તવ્ય વિમુખ બન્યાં છે

આ સ્થિતિ માત્ર રાજા-પ્રજા વચ્ચે જ પ્રવર્તી રહી છે એમ પણ નથી. લગભગ બધે આ સ્થિતિ ઓછા વધુ પ્રમાણમાં ઉત્પન્ન થઈ ગઈ છે. અને દિન-પ્રતિદિન તેમાં વધારો થયે જ જાય છે. પતિ-પત્ની વચ્ચે, પિતા-પુત્ર વચ્ચે, શેઠ-નોકર વચ્ચે, શ્રીમંત-ગરીબ વચ્ચે, મોટી-નાની જ્ઞાતિઓ વચ્ચે, ઉંચી-નીચી જાતિઓ વચ્ચે અને એમ લગભગ સર્વત્ર પરસ્પરની મર્યાદા, મીઠાશ અને સદ્‌વૃત્તિ નષ્ટ થતી જાય છે. એકબીજા સામે સામનો કરવાની અને એક-બીજાને દબાવી દેવાની મનોવૃત્તિ વધી રહી છે. વાત્સલ્યનું અમી અને ભક્તિનો પ્રેમ બેય લગભગ અલોપ થઈ ગયાં છે. વડીલો અને આશ્રિતો બંનેય પોતપોતાના કર્તવ્યથી વિમુખ બન્યા છે.

**સભા** : એમ કેમ?

**પૂજ્યશ્રી** : કારણકે, પૌદ્ગલિક સ્વાર્થની લાલસાથી લગભગ સૌ વધારે પડતા ઘેરાતા જાય છે. પોતાની ફરજ પોતે અદા કરે છે કે નહિ તે તરફ જોઈતું ધ્યાન અપાતું નથી અને સામાની જરા જેટલી પણ ફરજચૂક ખમી ખાવા જેટલી ઉદારતા અને સહનશીલતા રખાતી નથી.

**સભા** : આ સ્થિતિ સુધરે નહિ ?

**પૂજ્યશ્રી** : આ સ્થિતિને સુધારવાનો ઉપાય જ નથી એમ તો ન કહેવાય; પરંતુ આ સ્થિતિ સુધારવી હોય તો આખાય વાતાવરણમાં પહેલા પલટો લાવવો પડે. ઉદારતાપૂર્વકની સંતોષવૃત્તિ પ્રજાવર્ગમાં કેળવાય, એવો પ્રયત્ન થવો જોઈએ. સંતોષવૃત્તિમાં ક્ષુદ્રતા અને કાયરતા ન જોઈએ, પણ ઉદારતા અને વીરતા જોઈએ. આજે જે સંતોષની વાતો દુનિયામાં થઈ છે, તે સાચો સંતોષ નથી; કારણકે તેમા ઉદારતા અને વીરતાને બદલે ક્ષુદ્રતા અને કાયરતા પોષાય છે. સાચો સંતોષ તો ત્યારે આવે કે જ્યારે પૌદ્ગલિક મમતા ઘટે, પુણ્ય-પાપનો વાસ્તવિક વિશ્વાસ પેદા થાય અને કેવળ આ લોકના સુખ તરફ નહિ જોતા, પરલોકને પણ સુધારવાની મનઃકામના પ્રગટે. એ વિના સાચો સંતોષ આવે - કરે નહિ.

**સભા** : કહે છે કે, સ્વરાજ્ય આવે તો આપ કહો છો તેવું વાતાવરણ પ્રસરાવવાનું ફાવે.

**પૂજ્યશ્રી** : સારું વાતાવરણ પ્રસરાવવાને માટે સત્તાની અમુક પ્રકારની અનુકૂળતા જોઈએ, એ વાતનો ઇનકાર નથી; પરંતુ સ્વરાજ્ય આવવા માત્રથી જ સારું વાતાવરણ પ્રસરી જશે એમ માનવું એ ભૂલભરેલું છે. જો સ્વરાજ્ય આવશે તો પણ સત્તા તો અમુક માણસોની જ રહેવાની ને ? (સ્વરાજ્ય નહોતું આવ્યું તે પહેલા વિ. સં. ૧૯૮૫માં કહેવાયેલી એટલે ઇ.સ. ૧૯૨૯માં પૂ.પાદશ્રીએ ફરમાવેલી આ હકીકત કહેવાતું સ્વરાજ્ય આવ્યા બાદ આજે ૬૩ વર્ષ થયા પણ કેટકેટલી સાચી અને સ્પષ્ટ પુરવાર થઈ રહી છે તે આપણે જોઈ શકીએ છીએ.)

**સભા** : હાજી.

**પૂજ્યશ્રી** : અને એ સત્તાધારીઓ જે વિચારના હશે. તે જ પ્રકારના વાતાવરણને વેગ મળવાનો ને ?

તો પછી વર્તમાનની સ્થિતિ ઉપરથી ભવિષ્યની સ્થિતિનો ખ્યાલ કરી લો, સ્વરાજ્ય આવ્યા પછી પણ સારું કે ભૂંડુ શું થશે, તેની કલ્પના કરવાની આપણી પાસે જે સામગ્રી છે, તે એ છે કે, આગેવાન ગણાતી વ્યક્તિઓની વિચારદશા સમજી લેવી. તેમની જાહેર વર્તણુક જોવી. વિચક્ષણ બનાય તો જ આ સમજાય તેમ છે. અહીં તો વાત એ છે કે, *કોઈનાથી પણ થાઓ. પરંતુ સારું વાતાવરણ ફેલાવા પામો !*

**સારા વાતાવરણનો પ્રારંભ ઘરેથી કરો**

એ વાતાવરણ ફેલાવવાની શરૂઆત સૌએ પોતાનાં ઘરેથી જ કરવી જોઈએ. પોતાની જાતને સુધારી પોતાના કુટુંબને ખરાબ વાતાવરણના કુસંસ્કારોથી બચાવી લેવાનો પ્રયત્ન કરવો જોઈએ. કુટુંબના વડીલ તરીકેની ફરજ અદા કરવા માટે પણ આ પ્રયત્ન કરવો આવશ્યક છે. કુટુંબીઓના માત્ર ઐહિક કલ્યાણ તરફ જ દૃષ્ટિ ન રાખો, પણ પારલૌકિક કલ્યાણ તરફ દૃષ્ટિ રાખાનારાય બનો. સૌના આત્મગુણોને ખીલવવાનો પ્રયત્ન કરો, કે જેથી તેમનું આ ભવનું તેમજ પરભવનું પણ કલ્યાણ થાય.

**શત્રુઘ્નના પુણ્યનો પ્રભાવ**

ચમરેન્દ્રે પ્રજાને પીડવા દ્વારા જ મથુરાના રાજા શત્રુઘ્નને પીડવાનો વિચાર કર્યો, એ પણ એક પ્રકારે શત્રુઘ્નના લાભની જ વાત ગણાય; કારણકે, ચમરેન્દ્રે શત્રુઘ્નને સીધો જ હણવાનો પ્રયત્ન કર્યો હોત, તો શું થાત એ કહી શકાય નહિ, પણ શત્રુઘ્નનો બચાવ થવાનો છે, એટલે ચમરેન્દ્રને એવું જ સૂઝ્યું. પુણ્યનો અને પાપનો ઉદય કેવી કેવી રીતે કામ કરે છે ? તે સમજો અને પાપથી બચવાનો પ્રયત્ન કરો. મધુરાજા પાસે ચમરેન્દ્રનું દીધેલું હથીયાર હતું, છતાં પુણ્ય પરવાર્યું ત્યારે સંયોગ એવો આવ્યો કે, શસ્ત્ર દૂર હતું, પોતે પ્રમાદમાં પડ્યો હતો અને એ જ તકે શત્રુઘ્ને યુદ્ધ આદર્યું હતું. એક રીતે શત્રુઘ્નનો પુણ્યોદય વર્તતો હતો. એટલે ચમરેન્દ્રને પહેલા પ્રજાને પીડવા દ્વારા શત્રુઘ્નને પીડવાનો વિચાર થયો.

**સભા** : પ્રજાનો શો ગુન્હો ?

**પૂજ્યશ્રી** : વર્તમાનમાં જે સુખ - દુઃખ આવે છે, તે વર્તમાનની જ કાર્યવાહીનું ફળ છે એમ નથી. અતિ ઉગ્ર એવા પુણ્ય અને પાપનું ફળ આ જન્મમાં પણ મળે છે, પરંતુ મોટેભાગે તો પૂર્વે બંધાયેલા પુણ્ય- પાપને ભોગવવા પડે છે. આ ભવમાં માણસ ધર્મી હોય, તે છતાંય પૂર્વનું પાપ ઉદયમા આવે તો દુઃખ આવે એ બને. એ જ રીતે આ ભવનો પાપી પૂર્વના પુણ્યયોગે સુખસામગ્રી ભોગવતો હોય એય બને, આમછતાં, પાપ વિના દુઃખ ન આવે એ વાત તો નિશ્ચિત જ છે પછી તે પાપ આ ભવનું હોય કે પૂર્વભવોનું હોય. મથુરાનગરીના લોકોનું પણ એવું જ કોઈ પાપ ઉદયમાં આવેલું હોવું જોઈએ, કે જેથી આ નિમિત્તે પણ ઉપદ્રવ આવ્યો.

### મથુરા નગરીના લોકોનો પાપોદય

**સભા** : પણ બધાનું પાપ એક સાથે ઉદયમાં આવે, એ કેમ બને ? બધાને એક સાથે જ એક સરખા જેવું દુઃખ શાથી ?

**પૂજ્યશ્રી** : ઘણા માણસો એક સાથે એક જ ક્રિયાના નિમિત્તે પાપ બાંધે, એ બને કે નહિ ? એક માણસ મર્યો અને સૌ એકીસાથે 'સારુ થયું' એવી ભાવનામાં રત બનીને, એકી સાથે પાપ બાંધે ખરા કે નહિ ? દુશ્મનનો આગેવાન યુદ્ધમાં હણાય, તો સામેના આખા સૈન્યમાં કઈ લાગણી ફેલાય ? અનુમોદનાના પ્રમાણમાં તરતમતા ભલે રહે, પણ એક સાથે પાપ ન જ બંધાય એમ તો નહિ ને ?

**સભા** : એકી સાથે પાપ બંધાય એ તો સમજી શકાય તેવું આપે સ્પષ્ટ કહ્યું છે.

**પૂજ્યશ્રી** : નાટક, સીનેમા વિગેરમાં પણ કેટલાક પ્રસંગોએ એકી સાથે પાપ બંધાતું તો હશે ને ?

**સભા** : હાજી, પણ બધાને એકી સાથે જ ઉદયમાં આવે ?

**પૂજ્યશ્રી** : એમેય ન બને એમ નહિ. સામુદાયિક કર્મના યોગે એવું ય બને. શ્રી જૈનશાસનની કર્મ વિષયક પ્રરૂપણાનો અભ્યાસ કરીને પ્રવીણ બનો, તો આવી શંકાઓ ન થાય. અહીં તો આપણી વાત એ છે કે, પાપના ઉદય વિના દુઃખ આવે જ નહિ, એટલે તે વખતે મથુરાનગરીના તે લોકોનો પાપોદય તો ખરો જ.

પ્રજાને પીડવા દ્વારા રાજા શત્રુધ્નને પીડવાનો વિચાર કરીને ચમરેન્દ્રે, શત્રુધ્નની પ્રજામાં વિવિધ પ્રકારના વ્યાધિઓ ફેલાવી દીધા. પ્રજાને પીડાતી જોઈને રાજા દુ:ખી થાય તે સ્વાભાવિક છે, પણ થાય શું ? શત્રુધ્નને ખબર નથી કે ચમરેન્દ્રે આ ઉપદ્રવ ઉત્પન્ન કર્યો છે, પણ કુળદેવતાએ તેને એ હકીકત કહી. આમ ઉપદ્રવના કારણની શત્રુધ્નને ખબર તો પડી, પણ ચમરેન્દ્રની સામે ટકવાની અને ચમરેન્દ્રે ઉત્પન્ન કરેલા ઉપદ્રવને ઉપશમાવવાની તાકાત શત્રુધ્નમાં નહોતી, આથી શત્રુધ્ન મથુરા છોડીને અયોધ્યામાં શ્રી રામચન્દ્રજી તથા શ્રી લક્ષ્મણજીની પાસે પહોંચવાનો વિચાર કર્યો અને તે મુજબ તે અયોધ્યા પહોંચી પણ ગયો.

**કેવળજ્ઞાની પરમર્ષિને શ્રી રામચંદ્રજીએ પૂછેલો પ્રશ્ન**

એ વખતે શ્રી દેશભૂષણ અને શ્રી કુલભૂષણ નામના કેવલજ્ઞાની પરમર્ષિઓ અયોધ્યામાં પધાર્યા. શ્રી રામચન્દ્રજી, શ્રી લક્ષ્મણજી અને શત્રુધ્ન વગેરેએ જઈને તેમને વંદન કર્યું. ચમરેન્દ્રે ઉત્પન્ન કરેલા ઉપદ્રવના કારણે શત્રુધ્ન અયોધ્યા ચાલી આવેલ છે, શ્રી રામચન્દ્રજીએ પહેલા ના પાડી છતાં શત્રુધ્ને મથુરાનો આગ્રહ મૂક્યો નહી. તેથી આ પરિણામ આવ્યું છે, એટલે શત્રુધ્નના આટલા બધા આગ્રહનું કારણ જાણવાને સૌ ઉત્સુક હોય તે સ્વાભાવિક છે. તેમાં સદ્‌ભાગ્યે અનન્તજ્ઞાનીનો યોગ મળી ગયો એટલે આવી તક કોણ ચૂકે? આથી શ્રી રામચન્દ્રજીએ વંદન કર્યા બાદ એ તારક પરમર્ષિઓને પ્રશ્ન કર્યો કે,

*"आग्रही हेतुना केन, शत्रुघ्नो मथुरां प्रति ?"*

'હે ભગવન્ ! મથુરા લેવાનો શત્રુધ્નનો આટલો બધો આગ્રહ કેમ થયો ?'

શત્રુધ્નના આગ્રહે સૌને શંકામાં નાખી દીધા હતા. એમ આ પ્રશ્ન પણ સૂચવે છે. પ્રબલ કારણ વિના શત્રુધ્ન મથુરા માટે આટલો બધો આગ્રહ સેવે જ નહિ, એવી તેમની માન્યતા હતી. આવી માન્યતા હોવી, એ તેવા કુળોને માટે જેમ સ્વાભાવિક છે, તેમ આજના જેવા ઉચ્છૃંખલતાભર્યા કુળોમાં એવી માન્યતા ન હોવી એ પણ સ્વાભાવિક છે., શ્રી રામચન્દ્રજીના પ્રશ્નનો ભાવ એ છે કે, શત્રુધ્નને મથુરાનગરી

લેવાની ઈચ્છા થઈ એ તો ઠીક, પણ મથુરા માટે તે આગ્રહી કેમ બન્યો ?' શત્રુઘ્ન કાંઈ અવિનીત ન હતો. શ્રી દશરથનું કુટુંબ એ તો ઉત્તમ કુટુંબનો એક સુંદર આદર્શ રજૂ કરનારું કુટુંબ છે. શત્રુઘ્ન પણ એ જ શ્રી દશરથરાજાનો પુત્ર છે. શ્રી રામચન્દ્રજીની અનિચ્છા જણાય ત્યાં તે એક ડગલું પણ ન ભરે, એવો વિનીત છે. આમ છતાં, પણ શત્રુઘ્ન મથુરાને અંગે આગ્રહી બન્યો; એથી જ આશ્ચર્ય થયું હતું. સારો માણસ કોઈ ખરાબ પ્રવૃત્તિ કરે, ત્યારે સ્હેજે લોકોને આશ્ચર્ય થાય. ઉત્તમ જીવન જીવનારો આદમી કોઈક વખતે અધમ પ્રવૃત્તિ કરે, ત્યારે બહુ વિચાર કરવો જોઈએ. એવા વખતે સ્હેજે એમ મનાય કે, તીવ્ર પાપોદય વિના આવું બને નહી, તીવ્ર પાપનો ઉદય તો; ઉત્તમમાં ઉત્તમ પ્રકારનું જીવન જીવનારા આત્માને પણ એકદમ નીચામાં નીચા સ્થાને પણ પટકી દે છે, નહિતર ચૌદ ચૌદ પૂર્વોના જ્ઞાનને ધરનારા મહાત્માઓ પટકાય? કર્મને આધીન દશામાં પતન, એ કોઈ આશ્ચર્યને પેદા કરનારી વસ્તુ જ નથી.

શ્રી નંદિષેણ કમવિરાગી હતા ? દેવીએ ના પાડી અને ખુદ ભગવાને પણ નિષેધ કર્યો, છતાં તેમણે દીક્ષિત બનવાની પોતાની ઈચ્છાને જ સફળ કરી.

**સભા** : ભગવાને જ્યારે નિષેધ કર્યો અને ભગવાન જાણતા હતા કે આનું પતન થનાર છે, તો પછી ભગવાને દીક્ષા જ શું કામ આપી ?

**પૂજ્યશ્રી** : તેવા પ્રકારનો જ ભાવિભાવ છે એમ જોઈને ! ભાવિ ભાવને મિથ્યા કરવા માટે કોઈ જ સમર્થ નથી.

### વિરાધનાથી બચવા મરાય?

આપણે તો એ વિચારી રહ્યા છીએ કે, શ્રી નંદિષેણ કેવા પ્રબળ વિરાગને ધરનારા હતા ? છતાં એવા પણ વિરાગી તીવ્ર કર્મોદયે પડયા કે નહિ ? દીક્ષિત બન્યા બાદ તે પુણ્યાત્મા મોહ સામે કારમો હલ્લો લઈ ગયા છે. તે પુણ્યાત્માએ દીક્ષિત બન્યા બાદ ઉત્કટ તપશ્ચર્યાઓ આદરી છે. પોતે લીધેલી પ્રતિજ્ઞાથી પતન નહિ પામવા માટે, પ્રતિજ્ઞાપાલક દશામાં જ મૃત્યુને ભેટવાના પ્રયત્નો પણ તે પુણ્યાત્માએ કર્યા છે.

**સભા** : એવા પ્રયત્નો થાય ?

**પૂજ્યશ્રી** : જરૂર થાય. સ્વપર-કલ્યાણકારી પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થઈ વિરાધનાના ઘોર પાપમાં પડવું, તેના કરતાં વિરાધનાથી બચવાના જ એક માત્ર હેતુથી જીંદગીનો અન્ત લાવવાનો વિચાર કરવો. એમાં કેવળ આરાધકતા જ છે અને જેમાં સાચી આરાધકતા હોય તેમાં અકલ્યાણની સંભાવના જ નથી.

એવા પણ સર્પો હોય છે કે, જે સર્પો પોતે વમેલું વિષ પાછું ચૂસવાને બદલે અગ્નિમાં બળી મરવાનું વધારે પસંદ કરે છે. એની યાદ આપીને, ઉપકારીઓ સાધુઓને લીધેલી પ્રતિજ્ઞાના પાલનમાં સદા સુસજ્જ રહેવાનું ઉપદેશે છે. આજ્ઞાની વિરાધના એ ઘણી જ ભયંકર વસ્તુ છે, એ કારણે દીક્ષા લેવા આવેલાને પણ દીક્ષા આપતાં પહેલા એવુંય કહેવાય છે કે.

'રોગી ઔષધ પામીને જો પથ્યસેવનમાં જરાપણ કચાશ ન રાખે તો નિયમા રોગમુક્ત બને છે, પણ ઔષધ પામીને જો કુપથ્યને સેવનારો બને છે, તો તે ઔષધને નહિ પામેલાના કરતાં પણ વહેલો મરણને પામે છે. એ જ રીતે આ દીક્ષા એ પણ ભવરોગનો નાશ કરનારું પરમ ઔષધ છે. દીક્ષારૂપી ઔષધ એવું તો અનુપમ છે કે, આને સેવનારો જો પથ્યમાં ભૂલ ન કરે, તો પરિણામે શાશ્વત કાળને માટે તે નિયમા સર્વથા રોગરહિત બને છે; પણ જો દીક્ષા લઈને તે કુપથ્યને સેવનારો બને, તો વ્રત નહિ લેનારાના કરતાં પણ વધુ ખરાબ પરિણામોવાળો બનતાં, વિશેષ પાપનો ભાગીદાર અથવા તો વિશેષ પાપોનો સંચય કરનારો બને છે.

### પતિતના નામે ધર્મની નિંદા ન થાય

શ્રી નંદિષેણ આ જાણતા હતા. એથી જ તે પુણ્યાત્માએ વ્રતભંગથી બચવા માટે જીવનનો અંત વ્રતસ્થ દશામાં જ લાવવાનો વિચાર કર્યો હતો. એવી પ્રવૃત્તિ કરવાને પણ એ પુણ્યાત્મા ચૂક્યા નહોતા, પણ એમનું ભોગાવલી કર્મ નિકાચિત હતું. એ છોડે ? શ્રી નંદિષેણ જેવા મહાવિરાગી આત્માને પણ દુષ્કર્મના તીવ્ર ઉદયે પટક્યા. પટક્યા તેય કેવા પટક્યા ? પતનનું સ્થાન કયું ? વેશ્યાનું ઘર. આ

ઓછી વાત છે ? આ પ્રસંગ સાંભળવો એ તો ઠીક છે. પણ આવું જોવા કે સાંભળવા છતાંય ધર્મ પ્રત્યે જરાય અનાદર ભાવવાળા નહિ બનનારા કેટલા ? આજે એક સામાન્ય પતનની વાતમાં પણ હો-હા મચી જાય છે. એવું કાંઈક કારણ મળતા, ગમે તેવા સારા ગુરુઓને અને ધર્મને પણ છડેચોક ભાંડનારા આજે ઓછા નથી. શું એ બધા જે પ્રકારનો કારમો કાગારવ મચાવી મૂકે છે, તે તેમને સાધુતા બહુ ગમે છે એથી ? સાધુતા ઉપર સાચો પ્રેમ હોય, તે તો કોઈના પતનના સમાચાર સાંભળતા દુઃખી થઈ જાય. પતિત પ્રત્યે તેની દયા હોય અને અજ્ઞાન લોક આવા પ્રસંગને જોઈને ઉન્માર્ગે ન ચઢી જાય તેની ચિન્તા હોય ! કોઈ પડે માટે માર્ગને ખરાબ કહેવાય ? માર્ગને નિન્દાય ? પતન એ વખાણવા લાયક વસ્તુ નથી, પણ પતિતના નામે ધર્મની નિન્દા એ તો ભયંકર રીતે વખોડવા લાયક વસ્તુ છે. કર્મનો ઉદય કેવો ભયંકર હોય છે, તે સમજવું જોઈએ. પડતાને જાણીને, પડેલાને જાણીને, પડવાના કારણોથી વધુ સાવધ બનવાનું હોય. આ દૃષ્ટિ આજે ઘણાઓમાં નથી, માટે કેટલાકો અજ્ઞાનતાદિ કારણે પણ અવસરે પવિત્ર માર્ગને હાનિ પહોંચનારી પ્રવૃત્તિમાં પડી જઈ, સ્વપરના કલ્યાણનો ઘાત કરનારા નીવડે છે. આવી રીતે ભયંકર પાપના નિરર્થક ભાગીદાર બનવું એ કારમી ભવિતવ્યતા વિના અશક્ય પ્રાયઃ છે.



# શત્રુઘ્નને મથુરાનો આગ્રહ શા માટે ?

## ૩


શ્રી ભરતજી આદિની જેમ શ્રી શત્રુઘ્ન પણ શ્રી રામચંદ્રજીના ભક્ત જ છે. મથુરાનો આગ્રહ છોડી દેવા માટે વારંવાર અનેક પ્રકારે સમજાવવા છતાં શત્રુઘ્નનો તે માટે આગ્રહ રહ્યો તેથી શ્રી રામચન્દ્રજી આદિને આશ્ચર્ય થાય તે સમજાય તેવું છે.

તેઓ વિચારમાં હતાં તે જ શ્રી દેશભૂષણ અને શ્રી કુલભૂષણ નામના કેવલી ભગવંતોની પધરામણી થતાં શ્રી રામચન્દ્રજીએ એ અંગે પ્રશ્ન પૂછતાં, ઉત્તરમાં તેઓશ્રીએ પૂર્વજન્મોનું વર્ણન કરીને પૂર્વભવોમાં વારંવાર મથુરામાં શત્રુઘ્નના આત્માનો જન્મ તેના આગ્રહનું મૂળ છે, તેમ બતાવ્યું અને પૂર્વભવોનું વર્ણન કર્યું. કામરાગની ભયંકરતા આદિ વાતો આ પૂર્વભવોના વર્ણનમાં શાંત ચિત્તે વાંચવા-વિચારવા જેવી છે.

-શ્રી

# શત્રુઘ્નને મથુરાનો આગ્રહ શા માટે ?

- શ્રદ્ધાપૂર્વક શુદ્ધ હેતુથી ધર્મક્રિયાઓ કરો
- શત્રુઘ્નનો જીવ શ્રીધરના ભવમાં
- કામરાગની ભયંકરતા
- દુનિયાદારીના રાગમાં પડેલાઓ સ્વામી પ્રત્યે પણ વફાદાર રહી શક્તા નથી
- સ્વાર્થાન્ધ લોકો દુનિયામાં ગમે તેવા સજ્જનની પણ ખોટી નિંદા કરતાં અચકાતા નથી
- શ્રાપભૂત અને આત્મિક આશીર્વાદ રૂપ
- આજે સાધુઓના સંસર્ગથી દૂર રાખવાની પેરવીઓ કેવળ બદઇરાદાથી જ થાય છે
- દુ:ખ નિમિત્ત, પણ વૈરાગ્ય જ્ઞાનગર્ભિત જ છે
- ગુનાઓને રોકવા કરતાં પણ ગુનેગારોની મનોવૃત્તિ પલટાવવામાં વધુ લાભ છે
- રત્નત્રયીની આરાધનાથી જ સાચું કલ્યાણ
- અર્થ અને કામમાં અતિ લુબ્ધ આત્માઓ ભયંકર અનર્થોને કરે છે
- જીવ માત્ર પ્રત્યે કલ્યાણબુદ્ધિ હોવી ઘટે
- આત્મસ્વરૂપના વાસ્તવિક ખ્યાલ વિનાનું જીવન શ્રાપભૂત
- કોઈને દુ:ખ આપો નહિ – કોઈનું સુખ છીનવો નહિ
- ખરેખર કર્મની ગતિ વિચિત્ર છે
- કુલોની ઉત્તમતાનું કારણ
- કૌશાંબીમાં કન્યા અને રાજ્યનો યોગ
- અચલ મથુરાપુરીના રાજસિંહાસને આવ્યો
- સજ્જન અને દુર્જનનું એ જ અંતર છે
- અંકને શ્રાવસ્તીનું રાજ્ય આપ્યું
- ઉપકારકતાની સાથે ગંભીરતાની જરૂર છે
- અપ્રશસ્તતાને ટાળીને પ્રશસ્તતાને કેળવો
- અર્થીપણું સાચું આવે તો શું અસાધ્ય છે ?
- પરના ભૂંડાની ચિંતા એ આત્મહિંસા જ છે
- કર્મસત્તાની પ્રબલતા
- કર્મના ઉદય વખતે વિવેકી બનવું જોઈએ
- ધર્મસત્તાને સર્વસ્વ માનો તો કર્મસત્તા મોળી પડે
- મથુરામાં વ્યાધિનાશ થયાનો પ્રસંગ અને દીક્ષા સંબંધી થોડા પ્રશ્નોત્તરો
- આત્માના અર્થી બનનારા જ સાચા પરમાર્થી છે
- સૌ સંયમી બનો એવી જ ભાવના હોવી ઘટે
- ઉપદેશ ગૃહસ્થધર્મનો, પણ ગૃહવાસનો નહિ
- ગૃહવાસને હેય માન્યા વિના કદિયે કલ્યાણ નહિ
- શ્રી જૈનશાસનનું ધ્યેય જીવોને સંસારવાસથી મુક્ત બનાવાનું છે
- મથુરામાં વ્યાધિનાશ



## ૩

## શત્રુઘ્નને મથુરાનો આગ્રહ શા માટે ?

શત્રુઘ્નના મથુરા અંગેના આગ્રહનું કારણ દર્શાવતા, શ્રી દેશભૂષણ નામના કેવળજ્ઞાની પરમર્ષિ ફરમાવે છે કે,

'શત્રુઘ્નનો જીવ ભૂતકાળમાં મથુરામાં અનેકવાર ઉત્પન્ન થયેલો છે.' પૂર્વભવોના સંસ્કારો પણ કેટલું કામ કરે છે ? તે જુઓ. ખરાબ સંસ્કારોની ખરાબ અસર થાય અને સારા સંસ્કારોની સારી અસર થાય તે સ્વાભાવિક છે. ભવાંતરમાં પણ પૂર્વના અમુક અમુક સંસ્કારોની અસર થાય છે. શ્રી આર્દ્રકુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવામાં કારણ કયું ? શ્રી અભયકુમારે ભેટમાં મોકલેલી શ્રી જિનમૂર્તિનુ દર્શન જ ને ? શ્રી જિનમૂર્તિના આકારને જોતા, 'આવો આકાર મેં ક્યાંક જોયો છે.' એમ શ્રી આર્દ્રકુમારને થયું અને એ વિચારણામાંથી જાતિસ્મરણજ્ઞાનની પ્રાપ્તિ થઈ. પૂર્વભવના ઉત્તમ સંસ્કારો કેટલીકવાર બોધિબીજની પ્રાપ્તિમાં, સમ્યક્ચારિત્રની પ્રાપ્તિમાં, યાવત્ કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં પણ કારણભૂત બની જાય છે. પેલા ખેડૂતનો જીવ, ગણધરદેવ શ્રી ગૌતમસ્વામીજીના યોગે, સ્હેજમાં પ્રતિબોધ પામ્યો અને ભગવાન શ્રી મહાવીર પરમાત્માને જોતાં જ ભાગી ગયો. એ પ્રતાપ પૂર્વના સંસ્કારોનો પણ ખરો ને ? શ્રી વલ્કલચીરીના આત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ એવા જ નિમિત્તે થઈ હતી. પ્રમાર્જતા પ્રમાર્જતા વિચારણા, એમાંથી ધ્યાનારૂઢતા અને એમાંથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ. પૂર્વભવના સુસંસ્કારો આ કામ કરે છે.

## શ્રદ્ધાપૂર્વક શુદ્ધ હેતુથી ધર્મક્રિયાઓ કરો

એ જ રીતે આ ભવના સંસ્કારો આગામી ભવમાં કામ તો કરશે જ ને ?

**સભા** : કામ તો કરશે જ !

તો પછી આગામી ભવમાં ક્યા પ્રકારના સંસ્કારો સાથે લઈ જવાની ભાવના છે ? સુસંસ્કારો કે કુસંસ્કારો ? ઉત્તમ પ્રકારનો ભાવ ન આવતો હોય, તોપણ બૂરા સંસ્કારોમાંથી બચવા માટે અને સુસંસ્કારી બનવા માટે, આ જીવનમાં શુદ્ધ બુદ્ધિથી ધર્મક્રિયાઓ કરવામાં એકાન્તે લાભ જ છે. ધર્મક્રિયાઓ કરવાનો હેતુ દૂષિત ન જોઈએ. બહુ શુદ્ધ ભાવ ન આવે તે છતાં પણ 'આ ક્રિયાઓ શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલી છે અને એથી એકાન્તે કલ્યાણકારી જ છે' એવી શ્રદ્ધાપૂર્વક અશુદ્ધ હેતુથી રહિતપણે ક્રિયાઓ કરનારની ક્રિયાઓ પણ ક્યારેય નિષ્ફળ નથી જવાની ! એ રીતે અહીં સામાયિક, પૌષધ, જિનપૂજન આદિ કરો, એથી એકાન્તે લાભ જ છે. આ પ્રકારે આચરેલા અનુષ્ઠાનો મોક્ષપ્રાપક અમૃતાનુષ્ઠાનોને પણ સુલભ બનાવે છે. આત્મામાં પડેલા સંસ્કારો ભવાંતરે પણ જાગૃત થાય છે. માટે જીવનને શુદ્ધ બુદ્ધિ પૂર્વકની ધર્મક્રિયાથી કાયમનું સંસ્કારિત બનાવવા માટે ઉદ્યમશીલ બનવું, એ જ ડહાપણનું કામ છે.

## શત્રુઘ્નનો જીવ શ્રીધરના ભવમાં

શ્રી દેશભૂષણ નામના કેવળજ્ઞાની પરમર્ષિ 'શત્રુઘ્નનો જીવ મથુરામાં અનેકવાર ઉત્પન્ન થયેલો છે' એમ જણાવવા સાથે, શત્રુઘ્નના પૂર્વના ભવોને પણ વર્ણવે છે. શત્રુઘ્નનો જીવ પૂર્વે એક વખત શ્રીધર નામના બ્રાહ્મણ તરીકે ઉત્પન્ન થયો હતો. તે શ્રીધર નામનો બ્રાહ્મણ જેમ રૂપવાન હતો, તેમ સાધુજનોનો સેવક પણ હતો. એનામાં બે વિશેષતા હતી. એક રૂપની અને બીજી સાધુસેવાની ! એક વિશેષતાએ તેને કારમા કષ્ટમાં મૂક્યો અને બીજી વિશેષતાએ એને કષ્ટમાંથી ઉગારી લીધો. તે રૂપવાન હોવાના કારણે તેના ઉપર મરણાન્ત આફત આવી, પણ તેનામાં સાધુસેવાનો ગુણ હોવાના

કારણે તે કષ્ટમાંથી ઉગરીને તે જીવનની ઉંચામાં ઉચી કોટિની અવસ્થાને પામી શક્યો.

બન્યું એવું કે, એકવાર તે માર્ગે ચાલ્યો જતો હતો, તેવામાં ત્યાંના રાજાની 'લલિતા' નામની મુખ્ય રાણીએ તેને જોયો. રૂપવાન એવા શ્રીધરને જોતાંની સાથે જ, લલિતાના હૃદયમાં પાપવાસના જન્મી. લલિતા રાજાની મુખ્ય રાણી છે અને આ શ્રીધર રસ્તે ચાલતો બ્રાહ્મણ છે, સામાન્ય માણસ છે, છતાં જુઓ કે, લલિતાના અન્તરમાં કેવી પાપબુદ્ધિ પ્રગટે છે ?

વિષયોના ભોગોપભોગોમાં સુખ માનનારા કઈ ક્ષણે કયું અકાર્ય ન કરે તે કહેવાય નહિ. પ્રાય: એ સારા ત્યાં સુધી જ, કે જ્યાં સુધી તેવા પ્રકારની સામગ્રી આવી મળે નહિ ! અન્યથા, બ્રહ્મચર્ય પાળવાની તાકાત ન હોય, પણ પરસ્ત્રી કે પરપુરુષના ત્યાગમાં વાંધો કેમ હોય ? ન છૂટકે પાપ કરવું પડે એ એક વાત છે અને પાપની રસિકતા એ જુદી વાત છે. આજે પાપની રસિકતા બહુ વધી ગઈ છે અને એથી દિન-પ્રતિદિન અનાચારો વધતા જ જાય છે. પાપની રસિકતા જાય અને પાપની ભીરૂતા આવે, એટલે દુરાચારો ભાગવા માંડે અને સદાચારો આવવા માંડે.

### કામરાગની ભયંકરતા

રૂપવાન એવા શ્રીધરને જોઈને અનુરાગવતી બનેલી અને એથી શ્રીધરની સાથે રતિક્રિડા કરવાને ઉત્સુક બનેલી લલિતાએ, શ્રીધરને પોતાની પાસે બોલાવ્યો. આંખો વિનાનો આંધળો પણ માણસ જો વિવેકી બને તો જીવનને સુધારી સદ્ગતિને પામી શકે છે, જ્યારે છતી આંખોએ પણ કામાતુરતાના યોગે વિવેકાન્ધ બનેલા આત્મા, પોતાના આ ભવને તેમજ પરભવને પણ કારમી રીતે બગાડે છે. આંખે આંધળાનું તે દુ:ખ બહુ હાનિ કરે તોય તે ભવ પૂરતી હાનિ કરે, જ્યારે અવિવેકથી આંધળો બનેલો આ ભવમાં હાનિને પામે અને પરભવમાં પણ દુ:ખી થાય. છતાં પણ દુનિયાના જીવો કામરાગને આધીન બની દુ:ખી થાય છે. કામરાગના યોગે કામાતુરતા જન્મે છે અને

 કામાતુરતાના યોગે જીવો વિવેકાન્ધ બની દુઃખમાં ડૂબે છે. તીવ્ર કામરાગવાળા આત્માઓને તેમની અજ્ઞાનતાના કારણે વિષયોપભોગનું ક્ષણિક સુખ દેખાય છે, પણ તેના પરિણામે પ્રાપ્ત થનાર ભયંકર દુઃખો દેખાતા નથી. પરિણામનો વિચાર કરવાની શક્તિ કામરાગને આધીન બનેલા આત્માઓમાં રહેતી નથી. આ કારણે, કામરાગ એ બહુ જ ભયંકર વસ્તુ છે.



અર્થરાગ અને કામરાગ, એ બંને પ્રકારના રાગો અપ્રશસ્ત છે, જ્યારે મોક્ષરાગ તથા મોક્ષના સાધનભૂત ધર્મનો રાગ એ પ્રશસ્ત રાગ છે. અપ્રશસ્ત રાગ આત્માને વિવેકાન્ધ બનાવે છે અને પ્રશસ્ત રાગ આત્માને સુવિવેકી બનાવે છે. રાગ અને દ્વેષ એ કષાયના ઘરની વસ્તુઓ છે, પણ પ્રશસ્ત રાગ અને પ્રશસ્ત દ્વેષ આત્માને કષાયથી સર્વથા મુક્ત બનાવવામાં સહાયક થાય છે. આપણું ધ્યેય વીતરાગ બનવાનું છે, કષાયરહિત દશાને પ્રાપ્ત કરવી એ આપણું ધ્યેય છે, પણ એ સ્થિતિએ પહોંચવાનો ઉપાય અપ્રશસ્ત રાગ-દ્વેષ કાઢવા અને જે રાગ-દ્વેષ હોય તેને પ્રશસ્ત બનાવવા એ છે. જ્યાં સુધી આત્માના રાગ દ્વેષ પ્રશસ્તપણાને ન પામે ત્યાં સુધી સુવિવેકમય મુક્તિસાધક વર્તન થવું, એ શક્ય જ નથી. પ્રશસ્ત રાગ-દ્વેષનો વિરોધ, એ તો વસ્તુતઃ મુક્તિના સાધનનો જ વિરોધ છે. આજે અર્થરાગ અને કામરાગથી ઘેરાયેલાઓ પ્રશસ્ત રાગની નિન્દા કરે છે; કારણકે, અર્થરાગ અને કામરાગે તેમને ઉન્મત્ત બનાવ્યા છે. કલ્યાણના અર્થીઓએ તો સમજવું જોઈએ કે, અર્થરાગ અને કામરાગથી પરાઙ્મુખ બનવું અને મોક્ષ તથા મોક્ષસાધક ધર્મના રાગી બનવું એ જ કલ્યાણનો માર્ગ છે. રાગ દ્વેષના નામ માત્રથી ભડકી જઈને પ્રશસ્ત રાગ દ્વેષની નિન્દા કરનારા તો અજ્ઞાન - વિલાસ કરનારા છે.

### દુનિયાદારીના રાગમાં પડેલાઓ સ્વામી પ્રત્યે પણ વફાદાર રહી શકતા નથી

કામરાગે જ લલિતારાણીને, શ્રીધરના રૂપને જોતાં, કામવિવશ બનાવી દીધી. એ કામવિવશતાને અંગે તે પોતાના શીલધર્મને ચૂકી ગઈ અને કામભોગના હેતુથી જ તેણીએ શ્રીધરને પોતાના મહેલમાં

બોલાવ્યો. વિચાર કરો કે, એક કામરાગના પ્રતાપે તે પોતાના સ્વામી પ્રત્યેની વફાદારીને પણ ચૂકી. જે સ્વામીના યોગે પોતે મહારાણી પદને ભોગવી રહી છે. અનેક પ્રકારની સુખસાહાબી ભોગવી રહી છે, તે સ્વામી પ્રત્યેની વફાદારી ઉપર છીણી ફેરવતાં પણ તેને આંચકો આવતો નથી. આ કઈ દશા ? ખરેખર, આવી જ રીતે દુનિયાદારીના રાગમાં ફસેલા સાધુ વેષધારીઓ પોતાના સ્વામી શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની પ્રત્યે બીનવફાદાર બને છે. દુન્યવી લાલસાના યોગે. માનપાનાદિની ખાતર આજે કેટલાકો સ્વામી પ્રત્યે બીનવફાદાર બન્યા છે. સ્વામી પ્રત્યે વફાદાર તેજ રહી શકે છે, કે જે પોતાના સ્થાનને *પ્રતિકૂળ એવી ઈચ્છાથી પણ પર રહે છે. સતી સ્ત્રી માટે પરપુરૂષ પ્રતિ* કામરાગની દૃષ્ટિ, એ પણ ભયંકર વસ્તુ છે. એ જ રીતે સાધુઓને માટે માનપાનાદિ પ્રાપ્ત કરવાની અભિલાષા એ કારમા અનર્થનું મૂળ છે. *પછી સાધુવેષ રહી જાય અને સાધુતા ભાગી જાય*, તો એમાં જરાપણ નવાઈ પામવા જેવું નથી.

હવે અહીં એવું બને છે કે મહારાણી લલિતાના બોલાવવાથી શ્રીધર મહેલમાં જાય છે, પણ તે સમયે, સંભાવના નહિ છતાંપણ, અકસ્માત્ રાજા ત્યાં આવી પહોંચે છે. રાજાને અકસ્માત્ આવેલો જોઈને લલિતા પણ મુંઝાણી. પોતાના મહેલમાં પરપુરૂષ ક્યાંથી ? એમ રાજા વિચારે અને પૂછે, તે પહેલા તો લલિતાએ 'ચોર, ચોર' એવી બૂમો પાડી. શ્રીધરને બોલાવ્યો હતો પોતે પણ પોતાનું પાપ છૂપાવવાને માટે તે લલિતાએ નિર્દોષ પણ શ્રીધરને ચોર ઠરાવવાનો પ્રયત્ન કર્યો ! આ તો સ્ત્રીજાત ! અધમ સ્ત્રીઓને ફાવતું ન આવે તો રાગીને પણ મારે અને વિરાગીને પણ મારે ! પોતાના વચનો માનનારને પણ મારે અને ન માનનારને પણ મારે ! સામાન્ય રીતે સ્ત્રીઓમાં કામરાગાદિ દોષો વિશેષ પ્રમાણમાં હોય છે, એટલે તેવા દોષોવાળી સ્ત્રીઓ અવસરે ઘણી જ ભયંકર નિવડે, તોય તેમાં આશ્ચર્ય પામવા જેવુ ગણાય નહિ.

**સ્વાર્થાન્ધ લોકો દુનિયામાં ગમે તેવા સજ્જનની પણ ખોટી નિંદા કરતાં અચકાતા નથી**

આ તો આ વાત છે, પણ દુનિયામાં પોતાના બચાવ ખાતર,

પોતાના દુષ્કર્મને ઢાંકવા ખાતર, પોતાના પાપને છૂપાવવા ખાતર, ઉંચી કોટિના મહાત્માઓને પણ કલ્પિત રીતે કલંકિત કરનારા ક્યાં નથી હોતા ? આજે તો મોટાભાગની એ દશા થઈ ગઈ છે કે, પોતાના દોષ જોવા નહિ અને પરાયા દોષ શોધ્યા કે કલ્પ્યા વિના રહેવું નહિ. બાપ અને દિકરા વચ્ચે કોઈ જો દીકરાને શીખામણ દેવા જાય; તો દીકરો બાપના અછતા પણ દોષોને ગાય; અને જો બાપને શિખામણ દેવા કોઈ ગયું હોય, તો તે દીકરાના અછતા પણ દોષોને ગાય, કારણકે, બેયને પોતાના દોષો છૂપાવવા હોય છે. આવું આજે પતિ-પત્ની વચ્ચે, ભાઈ-ભાઈ વચ્ચે, મા-દીકરી વચ્ચે, મિત્ર - મિત્ર વચ્ચે, સગા-સગા વચ્ચે, એમ લગભગ સર્વત્ર ઓછા-વધુ પ્રમાણમાં ચાલી રહ્યું છે. આ દશામાં ધર્મના દ્રોહીઓ સુસાધુઓને માથે પણ કલ્પિત કલંકો ઓઢાડે, એમાં નવાઈ શી છે ? ઘેરથી ને બહારથી મોટેભાગે તેમને એવું જ શિક્ષણ મળ્યું છે કે, પોતાના દોષો છૂપાવવા માટે અગર તો કોઈપણ પ્રકારનો સ્વાર્થ સાધવા માટે સામાના કલ્પિત પણ દોષો કહેવા ! આજે કેટલીકવાર કુશિષ્યો પણ શું કરે છે ? પોતે ઉદ્દંડ બનીને ગુરૂની આજ્ઞામાં ન રહેતા હોય, પણ કોઈ પૂછે તો પોતાનું ખરાબ ન કહેવાય તે ઈરાદે, તેઓ ગુરૂના અછતા પણ દોષોને ગાય છે, કેટલાક પતિતો પણ આવો ધંધો લઈ બેઠા છે. પોતે પતિત થયો છે, છતાં નિન્દા સાધુઓની કરે ! 'સાધુઓ અને ગુરુ ખરાબ હતા માટે મારે સાધુપણું છોડવું પડ્યું.' એમ કહેનારા પતિતો પણ છે. એવાઓ પોતાના બચાવ ખાતર, કીર્તિની તુચ્છ લાલસાને આધીન બનીને, તદ્દન સાચી પણ અપકીર્તિથી ડરી જઈને, પોતાના ઉપકારીઓ ઉપર તદ્દન જૂઠ્ઠા પણ આળો મૂકતાં ગભરાતા નથી. પોતાના પતનને વ્યાજબી ઠરાવવાને માટે કલ્યાણકારી માર્ગને નિન્દનારા પણ છે. એથી પણ વધારે ખરાબ વસ્તુ તો એ છે કે, એવાઓની આવી તદ્દન દાંભિક અને જૂઠ્ઠી પણ વાતોને તાળીઓથી વધાવી લેનારા આજે પાક્યા છે.

**સભા** : એનું કારણ ?

**પૂજ્યશ્રી** : આજે કેટલાક ધર્મદ્રોહીઓ સાધુધર્મ અને

સાધુસંસ્થા સામે પ્રચાર કરી રહ્યા છે. તેમને આવાઓ મળે તો સાધુઓ પ્રત્યે તિરસ્કાર ફેલાવવાનો તેમનો ઇરાદો બર આવે. આ કારણે, તેઓ એવી વાસનાનો પ્રચાર કરતા જાય છે કે, મૂર્ખાઓ પતિતોના એકરાર ઉપર જેટલો વિશ્વાસ મૂકે, તેટલો પણ વિશ્વાસ સાધુપણાને પાળી રહેલા મહાત્માઓ ઉપર ન મૂકે ! વાત એ છે કે, કેવળ પોતાના સ્વાર્થને જ જોનારાઓ અવસરે બીજાને ભયંકર કોટિની પણ હાનિ કરતાં અચકાતા નથી. પોતાના ક્ષુદ્ર સ્વાર્થ માટે, સામાને કેટલું બધું નુકસાન થશે, તે જોવા કે વિચારવાની બુદ્ધિ તેવા સ્વાર્થીઓમાં હોતી નથી. તેવા સ્વાર્થીઓ પોતાના ભાવિનો પણ વિવેકપૂર્વક વિચાર કરી શકતા નથી. તેમની દૃષ્ટિ માત્ર આલોકના દુન્યવી સ્વાર્થ ઉપર જ કેન્દ્રિત થયેલી છે. આવી સ્વાર્થરતતા આર્યદેશમાં પણ દિન-પ્રતિદિન વધતી જ જાય છે અને એથી સારા આચારોને તથા સારા વિચારોને દેશવટો મળતો જાય છે.

### શ્રાપભૂત અને આત્મિક આશીર્વાદ રૂપ

**સભા** : આ દુનિયામાં સ્વાર્થી કોણ નથી ? સાધુઓને પણ કાંઈ નહિ તો પોતાના આત્માને તારવાનો સ્વાર્થ તો રહેલો જ છે ને ?

**પૂજ્યશ્રી** : દુન્યવી સ્વાર્થ અને આત્મિક સ્વાર્થ, એ બે વચ્ચે મોટું અન્તર રહેલું છે. દુન્યવી સ્વાર્થમાં પડેલો પોતાનું તથા બીજા ઘણાઓનું બગાડે છે અને આત્મિક સ્વાર્થમાં પડેલો પોતાનું તથા બીજા ઘણાઓનું સુધારે છે.

**સભા** : એમ કેમ?

**પૂજ્યશ્રી** : દુન્યવી સ્વાર્થની વૃત્તિને આધીન બનેલો આત્મા, બીજાઓના હિતના ભોગે પણ પોતાનું જ ભલું કરવું, એવી નેમવાળો હોય છે, જ્યારે આત્મિક સ્વાર્થવાળો પોતાના દુન્યવી હિતના ભોગે પણ બીજા જીવોનું ભલું કરવું, એવી વૃત્તિવાળો હોય છે. આત્મિક સ્વાર્થમાં રત બનેલો આત્મા, પોતાનું આત્મકલ્યાણ સાધતો હોવા છતાં, તેનામાં પરોપકારની પ્રધાનતા હોય છે. બીજાઓના હિતને નુકસાન કરીને પોતાનો સ્વાર્થ સાધવાની વૃત્તિ તેનામાં હોતી જ નથી.

જ્યારે દુન્યવી સ્વાર્થનો જેમ વધારે રસ, તેમ બીજાના હિતને નુકસાન કરીને પણ સ્વાર્થ સાધવાની વૃત્તિ વધારે, એ સ્થિતિ થાય છે. આ રીતે વિચાર કરશો તો સમજી શકશો કે, દુન્યવી સ્વાર્થમાં રત બનેલા આત્માઓનું જીવન જગતને માટે શ્રાપભૂત છે અને આત્મિક સ્વાર્થની સાધનાઓમાં લીન બનેલા પુણ્યાત્માઓનું જીવન જગતને માટે આશીર્વાદસમ છે. આત્મિક સ્વાર્થની સાધનામાં લીન બનેલો આત્મા કદિપણ લલિતા જેવું વર્તન કરે નહિ. જ્યારે એવું વર્તન દુન્યવી સ્વાર્થમાં પડેલાને માટે અતિશય શક્ય છે. દુષ્ટાત્માઓ પોતાના થોડા ભલા ખાતર નિર્દોષ એવા પણ બીજાને પ્રાણાન્ત કષ્ટમાં મૂકતાં અચકાતા નથી એટલું જ નહિ, પણ ભયંકર કોટિના પાપાત્માઓ તો પોતાના ક્ષુદ્ર સ્વાર્થની પૂર્તિ માટે બીજા નિર્દોષના પ્રાણોનો અપહાર કરવામાં પણ હોંશિયારી માનનાર હોય છે.

આપણે જોઈ ગયા કે, રસ્તે ચાલ્યા જતા શ્રીધરને રાજાની મહારાણી લલિતાએ જોયો. શ્રીધરના રૂપને જોઈને તે મોહ પામી અને કામ ક્રીડા કરવાની ઈચ્છાથી જ શ્રીધરને તેણે પોતાના મહેલમાં બોલાવ્યો. શ્રીધર મહેલમાં તો ગયો, પણ અકસ્માત રાજા તે સમયે ત્યાં આવી પહોંચ્યો. રાજાને આવેલો જાણીને ક્ષોભ પામેલી અને ભય પામી પોતાનું પાપ છુપાવવાના ઈરાદાવાળી બનેલી લલિતાએ 'ચોર, ચોર' એવી બૂમો પાડી. આથી રાજાએ પણ માની લીધું કે 'શ્રીધર ચોર જ છે' અને એથી તેને પકડાવ્યો.

સ્ત્રીને વશવર્તી આત્માઓ પુરૂષ હોવા છતાં પુરૂષાર્થહીન છે. વિષયાધીનોની બુદ્ધિ બહેર મારી જાય છે. એવાઓની આંખે અંધાપો હોય છે અને હૈયે હડક્વા હોય છે.

એ કારણે એવાઓ સત્યને જોઈ, જાણી કે વિચારી શકતા નથી. રાજાને એટલો પણ વિચાર થતો નથી કે, 'આવનાર જો ચોર જ હોય તો એની પાસે ચોરીના ઓજારો કે બીજા કોઈ ચિન્હો હોય કે નહિ ?' રાજાના રાણીવાસમાં પેસવું, એ સહેલું કામ છે ? નહિ જ. તો પછી 'આ શી રીતે આવ્યો ?' એ વગેરે ન વિચારવું જોઈએ ?

વિચારવું તો જોઈએ, પણ રાજા વિષયાધીન છે. એનામાંયે વિવેક નથી અને માટે જ તે વિચારી શક્તો નથી. રાજાએ તો તત્કાલ તે શ્રીધર નામના બ્રાહ્મણને પકડાવ્યો અને એને મૃત્યુની શિક્ષા પણ ફરમાવી દીધી ! રાજાનો હુકમ થતાંની સાથે જ, રાજસેવકો પણ શ્રીધરને વધસ્થાને લઈ ગયાં.

શ્રીધરનું રૂપ આ રીતે તેના ઉપર ભયંકર આફતને લાવનારૂં નિવડ્યું.આ પ્રસંગની શરૂઆતમાં જ આપણે જોયું હતું કે, શ્રીધરમાં બે વિશેષતાઓ હતી. એક કારમી આફતને જન્માવનારી અને બીજી આ ભવ તથા પરભવની આફતને ટાળનારી ! એક વિશેષતા રૂપ સંપન્નતાની હતી અને એનુ પરિણામ એ આવ્યું કે શ્રીધરને ગુન્હેગાર તરીકે વધસ્થાને મારવા માટે લઈ જવામાં આવ્યો. પણ તે શ્રીધરમાં જેમ રૂપસંપન્નતાની વિશેષતા હતી, તેમ સાધુસેવકપણાની પણ વિશેષતા હતી, શ્રીધર કોરો રૂપસંપન્ન જ ન હતો, પણ અમુક અંશે ગુણસંપન્ન પણ હતો. સાધુસેવા એ સામાન્ય કોટિનો ગુણ નથી. સાધુના સેવક બનવાની હૃદયપૂર્વકની સાચી ઇચ્છા ભાગ્યવાન્ આત્માઓમાં જન્મે છે. સાધુસેવાની વૃત્તિ એ પણ સાધુપણાનું અર્થીપણું સૂચવનારી વસ્તુ છે. પૈસાનો અર્થી જેમ શ્રીમન્તની સેવામાં કલ્યાણ માને છે અને ભોગનો અર્થી જેમ વિષયસામગ્રીની સેવામાં કલ્યાણ માને છે, તેમ આત્મકલ્યાણનો અર્થી સાધુ સેવા આદિમાં કલ્યાણ માનનારો હોય છે. જેનામાં સાધુસેવાનો વાસ્તવિક ગુણ વિકસ્યો હોય, તે પરમતારક દેવાધિદેવનો પણ સેવક હોય અને દેવ-ગુરુનો સેવક ધર્મ સેવાથી પર હોય એ બને જ નહિ. સાધુસેવાના યોગે એક તો નિરંતર શુભ ઉપદેશ સાંભળવાનો મળે છે, બીજું ધર્માત્માઓના દર્શનનો લાભ થાય છે. અને ત્રીજું કયા સ્થાને કેવી રીતે વર્તવુ જોઈએ એ શિખાય છે. સાધુસેવાના આ ત્રણ ફળો જેવા તેવા છે ? નહિ જ. નિત્ય શુભ ઉપદેશનું શ્રવણ પ્રાપ્ત થાય, એટલે આત્મા ક્રમશઃ અશુભ વૃત્તિઓથી અને અશુભ પ્રવૃત્તિઓથી પણ પાછો હઠતો જાય તેમજ શુભ વૃત્તિ તથા શુભ પ્રવૃત્તિ તરફ સ્વાભાવિક

રીતે જ આગળ વધતો જાય. રોજ ધર્મને આદરનારા પુણ્યાત્માઓના દર્શન થાય, એટલે અનુમોદનાનો ભાવ ઉત્પન્ન થવા સાથે ધર્મને આચરવાની પ્રેરણા પણ મળે. એના યોગે ધર્મને સેવવાનો ઉત્સાહ વધી જાય. પવિત્ર આત્માનું દર્શન પણ લઘુકર્મી આત્માઓને પવિત્ર બનાવનારું નિવડે છે. આ ઉપરાંત, જે સ્થાને જેવો વિનય કરવાજોગ હોય, તે સ્થાને તેવો વિનય કરતાં પણ સાધુસેવાના યોગે આવડે. આ આવડે, પછી કમીના શી રહે ? આ ત્રણે જેને પ્રાપ્ત થાય, તેને દુર્ગુણો દુરથી નમસ્કાર કરે અને સદ્‌ગુણો તેનો પીછો છોડે નહિ.

### આજે સાધુઓના સંસર્ગથી દૂર રાખવાની પેરવીઓ કેવળ બદઈરાદાથી જ થાય છે

આજે આવા સાધુસેવાના ગુણ ઉપર દેવતા મૂકવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. દુનિયાને સાધુઓના સંસર્ગથી જ દૂર રાખવાની પેરવીઓ થઈ રહી છે,

**સભા** : ઘણા સાધુઓ વેષધારી પાકે, અને સાધુતા વિનાના ઘણા હોય, એટલે શું થાય ?

**પૂજ્યશ્રી** : આ દલીલ જ નકામી છે. પહેલી વાત તો એ છે કે 'સાધુઓમાં ઘણા વેષધારી જ છે' એવો નિર્ણય શી રીતે કર્યો ? જીંદગીમાં કેટલા સાધુઓનો પરિચય કર્યો ? થોડાક સાધુઓના સંબંધમાં સુણી - સુણાઈ વાતો ઉપર મદાર બાંધીને, તે વાતોમાં કેટલી તથ્યાતથ્યતા છે તેની તપાસ કરવાની દરકાર અને મહેનત કર્યા વિના જ, 'સાધુઓમાં ઘણા વેષધારી છે' એમ માની લેવું, એમા કઈ બુદ્ધિમત્તા છે ? વળી ઘડીભરને માટે એમ માની લઈએ કે, 'સાધુઓમાં ઘણા વેષધારી પાક્યા છે' તો પણ સાધુ માત્રના સંસર્ગથી જ સ્વયં દુર રહેવાની અને બીજાઓને દૂર રાખવાની વાતો કરવી, એમાંય કયું ડહાપણ સમાયેલું છે ? ઘણા વ્યાપારીઓ અનીતિમાન પાક્યા, માટે વ્યાપાર કરવાનું કે ખરીદી કરવાનું કોણે માંડી વાળ્યું ? ઘણા શ્રીમંતો અનાચારી પાક્યા,માટે શ્રીમંત બનવાની લાલસા કેટલાએ ત્યજી દીધી ? આજે કહે છે કે, દેશમાં સ્ત્રી કેળવણી અપાય છે, આજની

કેળવણી પામીને ઘણાઓએ પોતાનું જીવન બરબાદ કરી નાંખ્યું છે. છતાં આજની કેળવણી પોતાના છોકરાઓને નહિ આપવાનો નિર્ણય કેટલાએ કર્યો ? જોકે, આ બધી વાતો તો એવી છે કે એથી દૂર રહેવાનો નિર્ણય કરવામાં આવે તો નુકસાનના સ્થાને લાભ થવાની વિશેષ સંભાવના છે. એમ માનીને એથી દૂર રહેવાનો નિર્ણય નથી કરાતો અને સાધુમાત્રના સંસર્ગથી જ સ્વયં દૂર રહી બીજાઓને પણ દૂર રાખવાની વાતો કેમ કરાય છે ? ખરેખર, સાધુઓમાં જે વેષધારીઓ પાક્યા તે જ જો ખટકતું જ હોત અને તે સાચા સાધુઓની સેવાના અર્થીપણાના યોગે જ ખટકતું હોત, તો તો એ પરિણામ આવત કે એવાઓ સુસાધુઓની શોધમાં નીકળત, જ્યાં જ્યાં સુસાધુતા જણાય ત્યાં નમ્રભાવે શિર ઝુકાવત અને જનસમાજને એવા સાધુઓનો જ સંસર્ગ સાધવા માટે પ્રેરણાદિ કરત. તેવાઓએ આમાનું કાંઈ જ કર્યું નથી. ઉલ્ટું સુસાધુઓ સામે ખોટા આરોપો મૂકવાની પેરવીઓ કરી છે અને પોતાની પાપવૃત્તિઓનું સમર્થન કરનારા કુસાધુઓનો બચાવ જ કર્યા કર્યો છે. એથી પણ એ વાત સ્પષ્ટ થઈ જાય કે, સાધુઓના સંસર્ગથી દૂર રાખવાની જે પેરવીઓ આજે થઈ રહી છે, તેમાં કોઈ શુભ હેતુ છે જ નહિ, પણ કેવળ બદઈરાદો જ છે. આથી કલ્યાણના અર્થી આત્માઓની ફરજ છે કે, તેવા અધમ વૃત્તિવાળા આત્માઓને મચક આપવી નહીં, એટલું જ નહિ પણ બની શકે તો બીજા પણ આત્માઓને તેવાઓની વાતોથી બચાવી લેવાનો પ્રયત્ન કરવો. સ્વપર ઉપકારની સાધના માટે આ કાળમાં આ રીતે વર્તવું એ પણ ખાસ જરૂરી છે અને શાસન પ્રભાવનાનું કારણ છે, શક્તિ છતાં પણ ઉપેક્ષા કરનારા તો વિરાધક બને છે.

આતો પ્રાસંગિક વાત થઈ, મૂળ વાત એ છે કે, રાજાની આજ્ઞાથી શ્રીધરને રાજસેવકો વધસ્થાને લઈ જાય છે, ત્યાં એક 'કલ્યાણ' નામના મહાત્મા મળે છે. શ્રીધર વ્રતધારી સાધુપુરુષ બનવાની પ્રતિજ્ઞા કરે છે, એટલે તે મહાત્મા તેને રાજસેવકો પાસેથી છોડાવે છે મહાત્મા શ્રીધરને છોડાવે છે. છતાં ગુનાની શિક્ષાનો હેતુ

બરાબર જળવાય છે. ગુનાની શિક્ષાનો હેતુ શો ? ગુનો કરનારને પોતે ગુનો કર્યા બદલ પશ્ચાત્તાપ થવાનું કારણ મળે, ભવિષ્યમાં તેવો ગુનો ન થાય તે માટે ગુનેગાર સાવધ બને અને લોક પણ ગુનેગાર બનતાં અટકે લોકને પણ એમ થાય કે, જો આપણે ગુનો કર્યો તો આપણને આવી શિક્ષા થશે. ગુના માટેની શિક્ષાના હેતુઓ આવા જ હોય. થયેલા ગુનાઓનો પશ્ચાત્તાપ અને ભવિષ્યમાં ગુના થતા અટકે એટલું ફળ જો શિક્ષાથી પ્રાપ્ત થઈ જતું હોય. તો તે કાંઈ ઓછું ફળ નથી. વિચારો કે, શ્રીધર સાધુ બને. તો શિક્ષાનો આ હેતુ જળવાય કે નહિ ? કહેવું જ પડશે કે, સારામાં સારી રીતે આ હેતુ જળવાય.

**સભા** : મૃત્યુની શિક્ષાથી બચવા માટે સાધુ થવાની પ્રતિજ્ઞા કરી, એ વ્યાજબી ગણાય ? એ દુ:ખ ગર્ભિત વૈરાગ્ય નહિ ?

**પૂજ્યશ્રી** : કોઈપણ પ્રસંગે માણસને કલ્પના પ્રાયઃ પોતાની વૃત્તિઓ મુજબની જ ઉત્પન્ન થાય છે. આવી કલ્પના કરી. પણ એવી કલ્પના કેમ ન કરી કે, શ્રીધર મૂળેય સાધુસેવક તો હતો જ. એનામાં સારા સંસ્કારો તો હતા જ, સંયોગવશાત્ એ ફસાઈ ગયો. પણ એના યોગે એને વિષયરાગની વિષમતા સમજાઈ, સંસારનું સ્વરૂપ સમજાયું, દુન્યવી સ્વાર્થમાં ફસેલાઓની નિષ્ઠુરતા સમજાઈ અને એ બધાયના કારણે એને વૈરાગ્ય ઉત્પન્ન થયો. એમ થઈ ગયું કે, 'આવા મોંઘા જીવનનો અકાળે અન્ત આવી જાય છે; આવા જીવનને પામીને સાધવાજોગું હું સાધી શક્યો નહિ. પણ હવે જો બચી જાઉં તો પ્રમાદને ત્યજીને આત્મકલ્યાણ સાધું !' આ જાતિની કલ્પના કેમ ન આવી ? શ્રીધર કેવલ મૃત્યુની શિક્ષાથી જ બચવાને માટે સાધુ થયો હોત, તો એનો એ યાવજ્જીવ સુન્દર પ્રકારે નિર્વાહ કેમ કરી શક્ત ? શ્રીધરે તો ત્યાંથી છૂટીને તરત જ દીક્ષા ગ્રહણ કરી છે અને પોતાના શેષ જીવનને તપોમય બનાવી દીધું છે એના જ યોગે તે શ્રીધર આયુષ્ય પૂર્ણ થયે ત્યાંથી દુર્ગતિને પામ્યો નથી, પણ દેવલોકને પામ્યો છે.

## દુ:ખ નિમિત્ત, પણ વૈરાગ્ય જ્ઞાનગર્ભિત જ છે

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ઉત્પન્ન થવામાં દુ:ખ નિમિત્ત બને, એટલા માત્રથી જ તેને દુ:ખગર્ભિત વૈરાગ્ય કહી, તેની અવગણના કરનારા મૂર્ખા છે. પૂર્વનું અશુભ કર્મ ઉદયમાં આવતાં દુ:ખ આવ્યું, દુ:ખ આવતાં તેના કારણભૂત કર્મોનો ખ્યાલ આવ્યો, કર્મોનો ખ્યાલ આવતાં આત્માનું સ્વરૂપ કર્મોથી આવરાયેલું છે તેનો ખ્યાલ આવ્યો અને એથી આત્માના સ્વરૂપને આવરનારાં કર્મોનો નાશ કરવાની ભાવના જાગી, તો એ વૈરાગ્ય શું વખોડવાને પાત્ર છે ? દુ:ખ વખતે પણ સાચો વિરાગભાવ ઉત્પન્ન થવો, એ સહેલું નથી. આજે દુનિયામાં ઘણાય એવા છે, કે જે દુ:ખોથી રીબાઈ રહ્યા છે, છતાંપણ તેમને વૈરાગ્યની વાતોય ગમતી નથી. દુ:ખ આવ્યે પણ 'દુ:ખનું મૂળ પાપ છે' એવો ખ્યાલ આવે અને પાપ પ્રત્યે ઘૃણા પ્રગટતા પાપરહિત જીવન જીવવાની અભિલાષા પ્રગટે, તોય તે ઓછું નથી. એ પ્રકારે પણ જેનામાં વૈરાગ્ય પ્રગટે તેને પણ ભક્તિ પૂર્વક હાથ જોડતાં શીખો, કે જેથી તમારામાં પણ વૈરાગ્યભાવના પ્રગટવા પામે અને એ વૈરાગ્યભાવનાના યોગે તમે પણ સાચું કલ્યાણ સાધનારા બની શકો.

## ગુનાઓને રોકવા કરતાં પણ ગુનેગારોની મનોવૃત્તિ પલટાવવામાં વધુ લાભ છે

**સભા** : શ્રીધરે દીક્ષા લેવાની પ્રતિજ્ઞા કરી તેથી મહાત્મા તો તેને છોડાવે, પણ રાજા તેને છોડી દે તે આશ્ચર્ય નથી ?

**પૂજ્યશ્રી** : એમાંય આશ્ચર્ય પામવા જેવું શું છે ? પૂર્વકાળના રાજાઓ, આજના કેટલાક રાજાઓની જેમ જડવાદની હવાથી ઘેરાયેલા નહોતા એક માણસ સાધુ થાય એટલે હિંસાનો ત્યાગ કરે, અસત્યનો ત્યાગ કરે, અદત્તાદાનનો ત્યાગ કરે, અબ્રહ્મનો ત્યાગ કરે અને સંયમપાલન માટે જરૂરી જે ઉપકરણો રાખે. તેના ઉપરની પણ મૂર્છાનો ત્યાગ કરે. આવા આત્માથી દેશને લાભ કે હાનિ ? એક માણસને જેલમાં પૂરી રખાય કે તેનું મૃત્યુ નિપજાવાય, તેને બદલે તે જો સાચા હૃદયથી પવિત્ર માર્ગે આવવા ઈચ્છતો હોય, તો તેને તેમ

કરવા દેવામાં વાંધો શો ? આ માર્ગે આવેલા સ્વયં હિંસાદિ પાપોથી પર રહે અને પ્રચાર કરે તોય હિંસાદિ પાપોથી નિવૃત્ત થવાનો જ કરે. આવા આત્માઓ ઘણા હોય, તેમાં રાજ્યને વસ્તુત: ફાયદો જ છે. દુન્યવી સત્તા કદાચ શિક્ષાનો ભય બતાવીને અમુક અંશે ગુનાઓ રોકી શકે છે. પણ ગુનાહિત માનસનો પલટો કરવામાં તે ભાગ્ય જ સફળ નિવડે છે. સાધુઓ તો ગુનાહિત માનસને પલટાવવાનું કાર્ય કરે છે. એક માણસને અમુક ગુનાઓ કરતાં અટકાવવામાં જે લાભ છે, તેનાં કરતા કોઈ ગુણો લાભ એ માણસમાંથી ગુનો કરવાની વૃત્તિ કાઢવામાં છે. ગુનો કરવાની વૃત્તિ કાઢવામાં સુસાધુઓ જેટલા સફળ નિવડી શકે છે, તેટલા સફળ પ્રાય: બીજા કોઈ જ નિવડી શકતા નથી. પણ આ બધુ આજે વિચારવું છે કોને ? આજે તો કેટલાક રાજાઓની મનોદશા પણ વિચિત્ર છે કારણકે, દુન્યવી હિતના વિચારમાં તેઓ પણ પોતાના તેમજ પોતાની પ્રજાના પારલૌકિક હિતને વિસરી ગયા છે.

### રત્નત્રયીની આરાધનાથી જ સાચું કલ્યાણ

રાજાઓની વાત તો દૂર રહી, પણ આજના જૈન કુળમાં જન્મેલા કેટલાકોની પણ કેવી મનોદશા છે ? જૈનત્વને અને વિરાગભાવને તો ગાઢ સંબંધ હોય, જ્યારે આજે વિરાગભાવ સામે જ કેટલાકોને રોષ છે; પણ જ્યાં સુધી આત્મામાં વિરાગભાવ નહિ પ્રગટે ત્યાં સુધી વાસ્તવિક કલ્યાણ સધાવાનું નથી એ નિશ્ચિત વાત છે. દુન્યવી ઋદ્ધિનો મોહ કે અહીં ભોગવેલા ભોગો આત્માનું કલ્યાણ કરનારા નથી, પણ અકલ્યાણ કરનારા છે. કલ્યાણ તો રત્નત્રયીની આરાધનાથી જ છે. શ્રીધર રત્નત્રયીની આરાધનાને પામ્યો, તેણે જીવનના અન્ત સુધી રત્નત્રયીની આરાધના કરી અને અન્તે તે દેવગતિને પામ્યો. શ્રીધરનો જીવ એજ શત્રુઘ્નનો જીવ છે, પણ શત્રુઘ્ન થતાં પૂર્વે તેના જે ભવ બાકી છે, તે કેવળજ્ઞાની પરમર્ષિ શ્રી દેશભૂષણ મુનિવર જણાવે છે.

તે શ્રીધર બ્રાહ્મણનો જીવ દેવલોકમાંથી ચ્યવીને તે જ મથુરાનગરીમાં રાજકુમાર તરીકે ઉત્પન્ન થયો. રાજા ચંદ્રપ્રભની રાણી

કનકપ્રભાની કુક્ષીથી ઉત્પન્ન થયેલા તેનું નામ અચલ રાખવામાં આવ્યું. તે અચલને તેની વિમાતાથી ઉત્પન્ન થયેલા બીજા આઠ ભાઈઓ હતા. તે આઠમાં સૌથી મોટાનું નામ ભાનુપ્રભ હતું. ભાનુપ્રભ આદિ તે આઠેય ઉંમરમાં અચલથી મોટા હતા; પણ અચલ રાજા ચંદ્રપ્રભને અત્યંત પ્રિય હતો. અચલ રાજા ચન્દ્રપ્રભને અત્યન્ત પ્રિય હોવાને કારણે, ભાનુપ્રભ આદિ તેના આઠેય ઓરમાન ભાઈઓ, અચલ પ્રત્યે ઈર્ષ્યાળુ બન્યા. ઈર્ષ્યાળુ બનેલ તેમના હૃદયમાં એવી શંકા ઉત્પન્ન થઈ કે, 'આપણે મોટા હોવા છતાં પણ આપણા પિતા આપણને રાજ્ય નહિ આપતાં, આપણાથી નાના અને વળી ઓરમાન ભાઈ અચલને રાજ્ય આપશે કારણકે આપણા પિતાને અચલ ઉપર અત્યન્ત પ્રેમ છે.' આવી શંકા ઉત્પન્ન થવાને કારણે રાજ્યના અતિ લોભી એવા ભાનુપ્રભ આદિ તે આઠેયે 'અચલને મારી નાખવો' એવો નિર્ણય કર્યો અને તે માટે યોજના ઘડવા માંડી.

### અર્થ અને કામમાં અતિ લુબ્ધ આત્માઓ ભયંકર અનર્થોને કરે છે

વિચારો, સંસારની સ્વાર્થપરાયણતા ! રાગ, દ્વેષ અને અજ્ઞાનથી ઘેરાયેલા તથા એ કારણે અર્થ અને કામમાં અતિ લુબ્ધ બનેલા આત્માઓ, આવો ભયંકર કોટિનો પણ વિચાર કરે, નિર્ણય કરે કે તેનો અમલ કરે, તોય આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ. અર્થ અને કામની પ્રાપ્તિમાં પોતાનું શ્રેય માની બેઠેલાઓ, પોતાના તે કલ્પિત શ્રેયની સાધના માટે, કેટલીકવાર તો ભયંકરમાં ભયંકર કોટિના દુષ્કૃત્યો આચરતા આંચકો ખાતા નથી. એવા પાપાત્માઓને મન, પોતાના થોડાક સ્વાર્થ કરતાં સામાની આખી જીંદગી પણ તુચ્છ ભાસે છે. પોતાના ક્ષુદ્ર સ્વાર્થ ખાતર બીજાના પ્રાણોનું અપહરણ કરતાં પણ નહિ અચકાનારા આત્માઓ આ જગતમાં ઘણા હોય છે. પૂર્વના પુણ્યયોગે મળેલી સામગ્રીનો ઉપયોગ, તેઓ આ ભવમાં બીજા જીવોના સંહારક બનવામાં કરે છે પણ તેઓ ભવિષ્યને ભૂલી જાય છે. પૂર્વની પુણ્યાઈ એક દિ' ખતમ તો થવાની જ છે અને આ ભવનું પાપ

પણ એક દિવસ ઉદયમાં જરૂર આવવાનું છે: તે ઘડીએ. અત્યારે રસપૂર્વક પાપ સેવનારાઓની કેવી ભયંકર હાલત થશે ? એવાઓનું ભવિષ્ય વિચારતાં દયા ઉપજે તેમ છે. પોતાના સુખની ખાતર બીજાનું સુખ ઝુંટવવાની ઇચ્છા સરખી પણ ઉત્તમ આત્માઓમાં ઉત્પન્ન થતી નથી. ત્યાં તેવી પ્રવૃત્તિની તો વાત જ શી કરવી ? પોતાના નિમિત્તે સંસારના કોઈ પણ જીવને દુ:ખી નહિ બનાવવાની વૃત્તિ પ્રગટ્યા વિના, આત્મામાં ઉત્તમતા પ્રગટતી જ નથી. આપણાથી બીજા આત્માઓને સુખી ન બનાવી શકાય તેમ હોય તો તેની મૂંઝવણ નહિ પણ સંસારના કોઈપણ જીવને દુ:ખી કરનારી વૃત્તિ તો આપણામાંથી જવી જ જોઈએ. આપણને મળેલી સામગ્રી બીજા જીવોને સુખ પ્રાપ્ત કરાવનારી ન નીવડી શક્તી હોય, તોપણ તે સંસારના કોઈપણ જીવને દુ:ખ દેનારી ન નિવડે તેની કાળજી તો દરેકે દરેક માણસમાં અવશ્ય હોવી જોઈએ.

### જીવ માત્ર પ્રત્યે કલ્યાણબુદ્ધિ હોવી ઘટે

શક્ય હોય તો બીજાને સુખી બનાવવાની અને તે શક્ય ન હોય તોય ક્રમથી ક્રમ બીજાને દુ:ખી નહિ કરવાની કાળજી જે આત્મામાં પ્રગટે છે, તે આત્માઓ ક્રમશ: પોતાની ઉન્નતિ સાધી શકે છે. આત્મા કોઈ કાળે પણ સારાય સંસારના જીવોને સુખી બનાવી દેવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકતો નથી, પણ આત્મા એવો તો અવશ્ય બની શકે છે કે, સંસારના કોઈપણ જીવના દુ:ખમાં તેનો લેશ પણ હિસ્સો હોય નહિ. અને તેનું સ્થાન ભવ્યાત્માઓને, સુખનું જ પ્રેરક હોય આવી આત્મદશા એટલે કે આત્માનું આવું સુવિશુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાને માટે જ સુખના અર્થી આત્માઓએ પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રયત્ન ત્યારે જ થઈ શકે, કે જ્યારે આત્મામાં પ્રાણી માત્ર પ્રત્યેની કલ્યાણભાવના પ્રગટે. સંસારના સુક્ષ્મ કે બાદર, ક્ષુદ્ર કે અક્ષુદ્ર. તિર્યંચ કે મનુષ્ય એમ જીવ માત્ર પ્રત્યે આત્મામાં કલ્યાણબુદ્ધિ પ્રગટવી જોઈએ. જીવ માત્ર પ્રત્યેની કલ્યાણ બુદ્ધિ પ્રગટે, એટલે કોઈપણ જીવના દુ:ખમાં નિમિત્ત થઈ જવાતું હોય, તો તેનું આત્માને દુ:ખ થાય

અને એ દુ:ખના યોગે 'પરદુ:ખમાં નિમિત્તભૂત થતાં કેમ બચાય ?' એ વિચાર આવે. એ વિચારના પરિણામે વિવેક વિશુદ્ધ બને અને જીવનને સંયમી બનાવવાની પ્રેરણા જાગે.

### આત્મસ્વરૂપના વાસ્તવિક ખ્યાલ વિનાનું જીવન શ્રાપભૂત

આ બધું ક્યારે બને ? આત્માના સ્વરૂપનો વાસ્તવિક ખ્યાલ આવે ત્યારે ! જેને આત્માનો વિચાર નથી અને પરભવનો ખ્યાલ નથી, એવો આદમી પરોપકારની ગમે તેટલી વાતો કરે. પણ તે સાચો પરોપકારી બની શક્તો જ નથી. આ ભવના સુખ માટે જેને હિંસક પણ પશુઓનો વિનાશ કરવાનું મન થાય છે, તે આદમી દુનિયામાં ગમે તેટલો ઉંચો પણ ગણાતો હોય, પરંતુ તત્ત્વજ્ઞાની મહાત્માઓની દૃષ્ટિએ તો તે અધમ કોટીનો જ આત્મા છે. આત્માના સુખનો જેમને ખ્યાલ નથી અને પૌદ્ગલિક સુખ એ જ જેમનું સાધ્ય છે, તેવા આત્માઓનું જીવન તો જગતના જીવોને માટ કેવળ શ્રાપભૂત જ છે. એવા આત્માઓને તેમના પૂર્વના પુણ્યયોગે પ્રાપ્ત થયેલી બુદ્ધિ, શક્તિ અને સામગ્રી, જગતના જીવોના એકાન્તે અકલ્યાણનું કારણ બને છે, અને એથી એવા આત્માઓનું પોતાનું ભાવિ પણ અનેક રીતે ઘણું જ વિષમ બની જાય છે. એથી એવા આત્માઓથી બીજાનું થોડું ભલું પણ થઈ જતું હોય, તોય તેમાં તેઓની સ્વાર્થ વૃત્તિ જ હોય છે.

### કોઈને દુ:ખ આપો નહિ કોઈનું સુખ છીનવો નહિ

મનુષ્ય માત્રે એ વિચાર કરવો જોઈએ કે, 'આપણને જેમ આપણું જીવન પ્રિય છે, તેમ જગતના સઘળા જ જીવોને પોતાનું જીવન પ્રિય છે. જગતમાં કોઈ દુ:ખી થવા ઇચ્છતું નથી, પણ સૌ સુખી થવાનું જ ઇચ્છે છે.' દુ:ખને દૂર કરવાનો અને સુખી બનવાનો એક જ માર્ગ છે અને તે એ કે, આપણે બીજાને દુ:ખ ન દેવું અને બને તેટલા પ્રમાણમાં બીજાને સુખી બનાવવાનો પ્રયત્ન કરવો. આપણને દુ:ખ ન ગમતું હોય તો બીજાને દુ:ખી બનાવવાથી દૂર રહેવું અને આપણને સુખ ગમતું હોય તો કમથી કમ કોઈના પણ સુખને છીનવી લેવું નહિ.

બીજાને દુ:ખ દેવું અગર તો કોઈનું પણ સુખ છીનવી લેવાનો પ્રયત્ન કરવો, એ તો આપણી જાતે જ આપણું દુ:ખ ઉત્પન્ન કરવા જેવું છે.

પરંતુ આત્મભાવ વિનાના અને પૌદ્ગલિક ઘેલછામાં પડેલા આત્માઓ આ વસ્તુને વિચારતા જ નથી. તેવા આત્માઓ તો, આવી એકાન્તે કલ્યાણકર પણ વસ્તુને ઉપદેશનારા મહાત્મા પુરુષો તરફ પણ, અવસર પામીને તિરસ્કાર દર્શાવવાને ચૂકતા નથી; કારણકે, તેઓને સાચા મહાત્માઓનું મહાત્માપણું ખટકતું હોય છે. દુર્જનો સજ્જન પુરુષોના નિષ્કારણ શત્રુઓ ગણાય છે, કારણકે સજ્જન પુરુષો દ્વારા આચરાતી સત્પ્રવૃત્તિઓ દુર્જનનોને દુર્જનરૂપે જાહેર કરી દે છે અને એથી દુર્જનો સજ્જન પુરુષો પ્રત્યે વસ્તુત: નિષ્કારણ જ વૈરને રાખનારા બને છે. સાચી વાત એ છે કે, પૌદ્ગલિક સ્વાર્થની રસીકતા જ ભયંકર છે. પૌદ્ગલિક સ્વાર્થની પ્રીતિ જેમ-જેમ વધતી જાય છે, તેમ-તેમ સદ્‌વૃત્તિ અને સદાચાર બંનેયનો વિનાશ થતો જાય છે. પૌદ્ગલિક સ્વાર્થની અતિ પ્રીતિ આદમીને આદમી રહેવા દેતી નથી, પણ હેવાન બનાવી મૂકે છે. એવો માણસ આકારે મનુષ્ય છતાં, રાક્ષસ જેવા હિંસક કાર્યો કરનારો પણ બની જાય છે અને એથી તેવા આત્માઓને જો 'નરપિશાચ'ની ઉપમા આપવામાં આવતી હોય, તો તે પણ યથાસ્થાને ગણાય તે સ્વાભાવિક છે. આ કારણે, આત્મકલ્યાણના અભિલાષી આત્માઓએ તો પોતાનામાં રહેલી પૌદ્ગલિક સ્વાર્થની વૃત્તિને જ જડમૂળથી નાબૂદ કરવાને પ્રયત્નશીલ બની જવું જોઈએ.

### ખરેખર કર્મની ગતિ વિચિત્ર છે

અહીં પણ પૌદ્ગલિક સ્વાર્થને વશ થઈને ભાનુપ્રભ આદિ આઠેય જણા, પોતાના ઓરમાન ભાઈ અચલને હણી નાંખવાના પ્રયત્નમાં જ પડ્યા; પરંતુ સામાનું ભાગ્ય સતેજ હોય તો ઈન્દ્રો પણ તેને ઈજા કરવાને સમર્થ નિવડી શકતા નથી. અચલ ભાગ્યવન્ત છે, એટલે તેને બચવાનો માર્ગ મળી જાય છે. અચલને મારી નાંખવાની ભાનુપ્રભ આદિની યોજનાની, તે રાજ્યના મંત્રીને ખબર પડી જાય છે.

મંત્રી દયાળું હોવાથી અચલને ચેતવે છે અને તેથી અચલ પણ ત્યાંથી નાસી જાય છે. જુઓ કે, રાજાના માનીતા પણ રાજકુમારને રાજસાહાબી ત્યજી દઈને, માતા પિતાદિનો ત્યાગ કરીને, એકાકીપણે જ ભાગી જવું પડે છે, કર્મની ગતિ જ વિચિત્ર છે. ભાગ્યયોગે અચલ અકાલ મૃત્યુથી બચી જાય છે, પણ જેણે કોઈ દિવસ ટાઢ કે તડકો સહેલ નથી, જેણે વાહન વિના કદી પણ મુસાફરી કરેલ નથી, સંખ્યાબંધ નોકરો દ્વારા જ જન્મકાળથી જે સેવાતો આવ્યો છે અને જે રાજાનો માનીતો કુંવર હોવાના કારણે લાડમાં જ ઉછર્યો છે, તેવા અચલને અચાનક એકાકીપણે, વાહન વિના જ જંગલના માર્ગે જવું પડે છે, એ પણ એક પ્રકારની ભાગ્યની જ લીલા છે ને ? ખરેખર, કર્મની ગતિ વિચિત્ર જ છે અને એથી અનન્ત ઉપકારી મહાપુરુષો કર્મના સંયોગથી આત્માને મુક્ત બનાવવાને માટે પ્રયત્નશીલ બનવું, એને જ કલ્યાણના માર્ગ તરીકે ફરમાવે છે.

અચલ મથુરાપુરીથી ભાગીને કોઈ એક વનમાં આવી પહોંચે છે અને વનમાં ભમી ભમીને દિવસો પસાર કરે છે. આટલી આફત ઓછી હોય તેમ, વનમાં ભમતા એવા તે અચલને પગમાં એક મોટો કાંટો વાગે છે. અચલ પોતાના હાથે એ કાંટાને કાઢી શકતો નથી એના પગમાં અસહ્ય પીડા વધતી જાય છે. તે કાટાના યોગે પગની પીડા એટલી બધી વધી પડે છે કે, અચલ એ વનમાં બેઠો બેઠો આક્રન્દ ક્ર્યા કરે છે. વનમાં આક્રન્દ કરતાં માર્ગમાં બેઠેલા તે અચલને એક કાષ્ઠભારવાહક જુએ છે. આ કાષ્ઠભારક્વાહક પણ, પોતાના પિતાએ કાઢી મૂક્વાથી પોતાની નિવાસ નગરી શ્રાવસ્તીનો ત્યાગ કરીને વનમાં આવી વસેલો છે. તેનું 'અંક' એવું નામ છે. તે અંકે અચલને આક્રન્દ કરતો જોઈને, પોતાના કાષ્ઠભારને જમીન ઉપર મૂક્યો અને અચલના પગમાંથી કાંટાને ખેંચી કાઢ્યો.

**કુલોની ઉત્તમતાનું કારણ**

અચલ અત્યારે દુ:ખદશાને પામેલો છે, પણ મૂળ તો રાજકુમાર

છે ને ? તેનામાં કૃતજ્ઞતા અને ઉદારતા જેવા ઉત્તમ કુલોમાં સ્વાભાવિક રીતે પમાતા ગુણો હોય, એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. કુલની ઉત્તમ તા ગુણોની પ્રાપ્તિ અને તેનો વિકાસ એ સામગ્રીને અંગે જ વર્ણવાયેલી છે. આત્મગુણોની પ્રાપ્તિ અને તેના વિકાસની સામગ્રી જે કુલોમાં નથી તેમજ તેથી વિપરીત પ્રકારની સામગ્રી જે કુલોમાં વિદ્યમાન છે, તે કુલો દુનિયામાં ઉત્તમ પણ ગણાતાં હોય, તોય તત્ત્વજ્ઞ પુરુષોની દૃષ્ટિએ તો તે અધમકુલો જ છે આ ઉપરથી તમારું કુલ કેવું છે, એનો ય વિચાર તમારે કરી લેવાનો છે.

અંક નામના તે પુરુષે અચલના પગમાંથી કાંટો કાઢ્યા બાદ, અચલે તે મોટા કાંટાને જોયો અને તે કાંટો પગમાંથી અંકે કાઢ્યો એથી તેને ખૂબ હર્ષ થયો. હર્ષિત બનેલા તે અચલે તે કાંટો પેલા અંકને આપ્યો અને પોતાની પાસે અત્યારે કાંઈ જ બદલામાં આપવાજોગું નહિ હોવાથી, પોતાના કૃતજ્ઞતાગુણને પ્રગટ કરતાં અંકને કહ્યું કે 'હે ભાઈ ! તે આ સરસ કર્યું. તે મારા ઉપર પરમ ઉપકાર કર્યો છે. હવે જ્યારે તું એમ સાંભળે કે 'મથુરાપુરીમાં અચલ નામે રાજા રાજ્ય કરે છે.' ત્યારે તું ત્યાં આવજે !"

અચલ અત્યારે આ સ્થિતિમાં બીજું શું કહી શકે કે કરી શકે તેમ હતો ? પણ જેમનામાં કાંઈકેય સજ્જનતા છે, તેઓ જ્યારે અવસર પ્રાપ્ત થાય ત્યારે ઉપકારીના ઉપકારનો બદલો વાળવાનો શક્ય પ્રયત્ન કર્યા વિના રહેતા જ નથી. આ રાજકુમાર અચલે પણ તેમજ કર્યું છે. તે આપણે હવે પછીના વૃત્તાન્ત દ્વારા જાણી શકીએ છીએ.

### કૌશાંબીમાં કન્યા અને રાજ્યનો યોગ

આ રીતે કાંટાની પીડાથી મુક્ત થાય બાદ, અચલ ફરતો ફરતો કૌશામ્બી નામની નગરીમાં પહોંચ્યો. ત્યાંનો ઈન્દ્રદત્ત નામનો રાજા, તે સમયે 'સિંહ' નામના ધનુર્વિદ્યા શીખવનારા ગુરુની પાસે ધનુષ્યની કળાનો અભ્યાસ કરી રહ્યો હતો. અચલે તે જોયું અને તેને પણ પ્રેરણા થઈ કે 'હું મારી ધનુષ્યકળાને બતાવું.' અચલે પોતાની ધનુષ્યકળા દર્શાવી અને એ જોઈને રાજા ઈન્દ્રદત્ત ખૂબ ખૂબ ખુશ થઈ

ગયો. રાજા ઈન્દ્રદત્તને થયું કે, 'ધનુષ્યકળામાં આવો પ્રવીણ આ અચલ, મારી પુત્રીનો સ્વામી બનવાને લાયક છે.' આથી તેણે રાજકુમાર અચલની સાથે પોતાની દત્તા નામની રાજકુમારિકાને પરણાવી. વધુમાં તેણે પોતાને આધીન પૃથ્વીમાંથી કેટલીક પૃથ્વીનું સ્વામિત્વ પણ રાજકુમાર અચલને અર્પણ કર્યું. આ રીતે રાજા બનેલા અને એથી, સૈન્યબલને પામેલા અચલે, પહેલા તો અંગ વગેરે દેશો ઉપર પોતાનો વિજયધ્વજ ફરકાવ્યો અને પોતાને પ્રાપ્ત થયેલા પૃથ્વીના સ્વામિત્વને સારી રીતે વિસ્તારી દીધું.

**અચલ મથુરાપુરીના રાજસિંહાસને આવ્યો**

આ પછી, તે અચલ રાજાએ પોતાની મથુરાપુરી ઉપર પણ વિજય મેળવવાનો નિર્ણય કર્યો. પોતાના વિશાળ સૈન્ય સહિત તેણે મથુરાનગરી ઉપર ચઢાઈ કરી. 'કોઈ દુશ્મન અગર તો જયાભિલાષી રાજા આપણી મથુરાનગરી ઉપર આક્રમણ લઈ આવ્યો છે' એમ ધારીને અચલના ભાનુપ્રભ આદિ તે આઠેય ઓરમાન ભાઈઓ, સૈન્ય સહિત રાજા અચલની સાથે યુદ્ધ ખેલવાને માટે આવ્યા; પરંતુ બળવાન અને યુદ્ધકળામાં પ્રવીણ એવા અચલે તે આઠેયને પકડીને, પોતાના બંદીવાન બનાવી લીધા. પોતાના આઠેય પુત્રોને પકડાઈ ગયેલા જાણીને, તે આઠેયના અને અચલના પણ પિતા રાજા ચંદ્રપ્રભે, તે આઠેય રાજપુત્રોને છોડાવવા માટે પોતાના મંત્રીઓને મોકલ્યા. યુદ્ધમાં પરાજય પ્રાપ્ત થયા બાદ તો, વિજેતા રાજાની સાથે પ્રાય: સમાધાન જ કરવાનું હોય અને એ માટે મંત્રીઓ જ વધુ ઉપયોગી નીવડે તે સ્વાભાવિક છે. રાજા ચંદ્રપ્રભે મોકલેલા મંત્રીઓ અચલની પાસે આવ્યા, એટલે અચલે પોતાને મથુરાનગરી કયા કારણે છોડવી પડી તે વગેરે સઘળો જ વૃત્તાન્ત તે મંત્રીઓને કહી સંભળાવ્યો. તે વૃત્તાન્ત સાંભળીને, રાજમંત્રીઓ તરત જ રાજા ચંદ્રપ્રભની પાસે ગયા અને સઘળી હકીકત જણાવી. એ હકીકત જાણતાની સાથે જ રાજા ચંદ્રપ્રભની પરાજયની પીડા દૂર થઈ ગઈ. પોતાનો માનીતો પુત્ર જ આવો પરાક્રમી નિવડયો છે, એમ જાણીને રાજા ચંદ્રપ્રભને અત્યંત

આનંદ થયો. આ રીતે હર્ષને પામેલા રાજા ચંદ્રપ્રભે પોતાના નાનાં દીકરા અચલને મહોત્સવપૂર્વક મથુરાનગરીમાં પ્રવેશ કરાવ્યો. ત્યારબાદ અચલ સૌથી નાનો પુત્ર હોવા છતાં પણ મથુરાપુરીમાં રાજસિંહાસન ઉપર તેને જ બેસાડીને રાજા ચંદ્રપ્રભે પોતાના ભાનુપ્રભ આદિ તે આઠેય છોકરાઓને કાઢી મૂકવા માંડ્યા; પંતુ ઉદાર હૃદયના રાજા અચલે તેમ થવા દીધું નહિ તે આઠેયને તેણે પોતાના 'અદૃષ્ટ-સેવકો' બનાવ્યા અને એ રીતે તેમને સુખપૂર્વકના નિર્વાહની જોગવાઈ કરી આપી.



### સજ્જન અને દુર્જનનું એ જ અંતર છે

વિચારી જુઓ કે, આ કેટલી અને કેવી ઉદારતા છે ? ભાનુપ્રભ આદિએ અચલનો વિના કારણ વિનાશ કરવાની પેરવી કરી હતી. જ્યારે અચલે ભાનુપ્રભ આદિ દોષિત હોવા છતાં પણ તેમની રક્ષા જ કરી. અચલને રાજસુખ ત્યજીને એકાકીપણે વનમાં ભટકવું પડ્યું અને કેટલાય દુ:ખો સહન કરવા પડ્યા. તેમાં નિમિત્ત તો ભાનુપ્રભ આદિની દુષ્ટતા જ હતી ને ? પણ અપરાધી ઉપર પણ દયાભાવવાળા બનીને ઉપકાર કરવો, એવો જ સજ્જનોનો સ્વભાવ હોય છે. દુર્જનોનો જ એવો સ્વભાવ હોય છે કે, પોતાના ક્ષુદ્ર સ્વાર્થ ખાતર બીજા નિર્દોષોને પણ નુકસાન પહોંચાડવા તૈયાર થવુ, ઉત્તમ આત્માઓ તો સ્વયં દુ:ખ સહીને પણ, બીજા જીવોને સુખ આપવાનો પ્રયત્ન કરવામાં જ સુખ અનુભવનારાઓ હોય છે. આજે તો આ પ્રકારની ઉત્તમ વૃત્તિ પ્રતિદિન નષ્ટ થતી જાય છે. કેટલાક પાપાત્માઓ તો આજે આ પ્રકારની ઉત્તમ વૃત્તિને નાબુદ કરી નાંખવાના પ્રયત્નો કરવામાં જ પોતાનું, સમાજનું અને જગતનું કલ્યાણ સમાયેલું છે. એ પ્રકારનો પ્રચાર કરી રહ્યા છે. આવા આગેવાનોની પ્રાપ્તિ, એ તે તે સમુદાયના દુર્ભાગ્યનું જ ચિહ્ન ગણાય.

### અંકને શ્રાવસ્તીનું રાજ્ય આપ્યું

હવે અહીં એવું બન્યું કે, અચલના પગમાંથી વનમાં કાંટો

કાઢનાર પેલા અંકે પણ સાંભળ્યું કે, 'અચલ મથુરાનગરીનો રાજા થયો છે.' આથી અચલના તે વખતના વચનને યાદ કરીને, તે અંક મથુરાનગરીમાં રાજા અચલને મળવા માટે આવ્યો. રાજા અચલ તે વખતે પોતાની નાટ્યશાળામાં નાટારંભને નિહાળી રહ્યો હતો. પેલો અંક ત્યાં આવ્યો, પણ દ્વારપાલો તેને પેસવા કેમ દે ? અંક અંદર પેસવાને પ્રયત્ન કરવા લાગ્યો અને પ્રતીહારોએ ધક્કા મારીને તેને દૂર કરવા માંડ્યો. બરાબર એ જ વખતે રાજા અચલની દૃષ્ટિ ત્યાં ગઈ અને પ્રતીહારોથી મરાતા અંકને જોતાની સાથે જ પોતાના તે પરમ ઉપકારીને રાજા અચલે ઓળખી કાઢ્યો; એટલું જ નહિ, પણ કૃતજ્ઞતા ગુણને ધરનારા તે રાજા અચલે, તરત જ અંકને પોતાની પાસે બોલાવી લીધો અને પોતાના ઉપર કરેલા ઉપકારને યાદ કરીને તેણે અંકને તેની શ્રાવસ્તીનગરીનું રાજ્ય અર્પણ કર્યું. *કાંટો કાઢવાના* બદલામાં શ્રાવસ્તીનગરીનું રાજ્ય આપી દેવામાં રહેલી અચલની કૃતજ્ઞતા અને ઉદારતા સમજવા જેવી છે.

### ઉપકારકતાની સાથે ગંભીરતાની જરૂર છે

નાના પણ બીજાએ કરેલા ઉપકારને કદી જ ભૂલવો નહિ અને પોતે બીજા ઉપર કરેલા મોટા પણ ઉપકારને કદી જ પોતાની મહત્તા સિદ્ધ કરવા કે સામાને હીન બતાવવા આદિ હેતુથી કહી બતાવવો નહી. કૃતજ્ઞતા સાથે જેમ ઉદારતા જોઈએ, તેમ ગંભીરતા પણ જોઈએ. અગંભીરપણું સજ્જનને શોભે નહિ. ઉપકાર કરનારે તો વિશેષ ગંભીર બનવું જોઈએ. ગંભીર આત્માનો ઉપકાર જ સાચી મહત્તાને પામી શકે છે, જ્યારે અગંભીર આત્માનો તો ઉપકાર પણ કેટલીકવાર તેની અગંભીરતાના યોગે, વિપરીત પરિણામને પેદા કરનારો બની જાય છે. આજે તો મુખ્યત્વે ઉપકારવૃત્તિ જ નષ્ટપ્રાય: થઈ ગઈ છે અને જે થોડી ઘણી વિદ્યમાન છે; તેમાંય બહુધા અગંભીરતાનો સડો લાગેલો છે. આવી અગંભીરતાથી કેટલીકવાર બીજાઓના જીવનો પણ નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. અગંભીરતાથી ઘેરાયેલા આત્માઓએ આ બાબતનો વિચાર કરવો, એ પણ જરૂરી છે.

ચાલુ પ્રસંગમાં તો એવું બને છે કે, રાજા અચલે તે અંકને શ્રાવસ્તીનગરીનું રાજ્ય અર્પણ કર્યા બાદ, તે અચલ અને અંક પરસ્પર અદ્વૈત મૈત્રીવાળા બનીને રાજ્ય કરે છે અને અમુક સમય રાજ્ય કર્યા બાદ તે બંનેય શ્રી સમુદ્રાચાર્ય નામના મહાત્માની પાસે દીક્ષા ગ્રહણ કરે છે અને અંતે કાલધર્મને પામીને તે બંનેય બ્રહ્મ દેવલોકમાં ઉત્તમ દેવો તરીકે ઉત્પન્ન થાય છે.

તમને યાદ તો હશે જ કે, કેવલજ્ઞાની પરમર્ષિ શ્રી દેશભૂષણ નામના મહાત્મા, શત્રુઘ્નના પૂર્વભવોનું વર્ણન કરતાં, આ વૃત્તાન્ત ફરમાવી રહ્યા છે. તેઓશ્રી આ પ્રમાણે ફરમાવીને, શત્રુઘ્નના જીવનો પરિચય આપતાં ફરમાવે છે કે, 'હે રામ! તે બ્રહ્મ દેવલોકમાંથી ચ્યવીને અચલનો જીવ તારા ભાઈ શત્રુઘ્ન તરીકે ઉત્પન્ન થયો અને પૂર્વ જન્મોના મોહના કારણે તે મથુરાનગરીનો આગ્રહી બન્યો.' અંકના જીવ સંબંધી પણ તે કેવલજ્ઞાની પરમર્ષિ ફરમાવે છે કે, 'તે અંકનો જીવ પણ બ્રહ્મ દેવલોકમાંથી ચ્યવીને આ તારા કૃતાન્તવદન નામના સેનાપતિ તરીકે ઉત્પન્ન થયો છે.' શત્રુઘ્નના મથુરાનગરી પ્રત્યેના અતિ આગ્રહનું કારણ શ્રી રામચન્દ્રજીએ પૂછતાં, તેના ઉત્તરરૂપે શ્રી દેશભૂષણ નામના કેવલજ્ઞાની પરમર્ષિએ, આ રીતે શત્રુઘ્નના જીવના પૂર્વભવો વર્ણવ્યા.

**અપ્રશસ્તતાને ટાળીને પ્રશસ્તતાને કેળવો :**

વિશેષ પરિચય શું કામ કરે છે ? તે આ ઉપરથી પણ સમજી શકાય છે. ધર્મી આત્માઓએ ધર્મના સાધનોનો જેમ બને તેમ વધારે પરિચય સાધવો જોઈએ, એવો સાર આ પ્રસંગમાંથી લઈ શકાય છે. ધર્મના સાધનોનો બહુમાનપૂર્વક જેમ વધારે પરિચય સધાય, તેમ લાભ જ છે. શત્રુઘ્નને મથુરાની પ્રત્યે મોહ હતો, પણ ધર્મી આત્માઓ ધર્મના સાધનોની પ્રત્યે તો રાગ કેળવી શકે છે ને ? જ્યાં સુધી રાગ છે, ત્યાં સુધી તેને પ્રશસ્ત બનાવી રાખવાનો પ્રયત્ન કરવામાં આત્માનું કલ્યાણ જ છે રાગ અને દ્વેષની અપ્રશસ્તતા ટળે અને પ્રશસ્તતા કેળવાય, ત્યાં અકલ્યાણની સંભાવના જ નથી. આપણું ધ્યેય વીતરાગ

બનવાનું જ હોવું જોઈએ. પણ વીતરાગ કાંઈ એમને એમ થોડા જ બની જવાશે ? વીતરાગ બનવા માટે જરૂરી પ્રવૃત્તિ તો આચરવી પડશે ને ? વીતરાગ બનવા માટે જરૂરી પ્રવૃત્તિ પ્રશસ્ત રાગ-દ્વેષ કેળવ્યા વિના આચરી શકાવાની નથી. **અપ્રશસ્ત રાગ દ્વેષ એ અવગુણનું મૂળ છે. અને પ્રશસ્ત રાગ-દ્વેષ એ સદ્‌ગુણનું મૂળ છે.** અપ્રશસ્ત રાગ દ્વેષ આત્માને સંસારમાં રખડાવે છે, જ્યારે પ્રશસ્ત રાગદ્વેષ તો આત્માને મુક્તિની નિકટમાં જ લઈ જાય છે. જેમ અક્રિય સ્વરૂપ પ્રાપ્ત કરવાને માટે સત્ક્રિયાઓને આચરવી જરૂરી છે, અયોગી સ્વરૂપ પ્રાપ્ત કરવાને માટે યોગોનો સદુપયોગ કરવો એ આવશ્યક છે અને નિવૃત્તિને સાધવાને માટે સત્પ્રવૃત્તિમાં યોજાવું એ આવશ્યક છે, તેમ રાગ અને દ્વેષથી સર્વથા મુક્ત બનવાને માટે, રાગ અને દ્વેષને પ્રશસ્ત બનાવવા એ પણ આવશ્યક છે. રાગ દ્વેષ છે તો ખરાબ જ. જરૂર માત્ર એને અપ્રશસ્ત નહિ રહેવા દેતાં પ્રશસ્ત બનાવવાની છે. એ વિના મુક્તિની કામના ફળવાની નથી. આથી ધર્મી આત્માઓ એ ધર્મના સાધનોની પ્રત્યે દ્રઢ રાગ કેળવવાનો પ્રયત્ન કરવો, એ પણ કલ્યાણપ્રદ હોવાના કારણે જરૂરી છે.

### અર્થીપણું સાચું આવે તો શું અસાધ્ય છે ?

ધર્મના સાધનોની પ્રત્યે દૃઢ રાગ કેળવાય, તો ધર્મની આરાધના ઘણી સુલભ બની જાય. ધર્મરાગની પ્રબલતા, આત્માને ધર્મની આરાધનામાં પ્રબલ બનાવ્યા વિના રહેતી નથી. શત્રુઘ્નને મથુરાનો મોહ હતો, તો તેણે મથુરા માટે પ્રાણના જોખમવાળુ પણ યુદ્ધ કર્યું અને ભાગ્ય હતું તો જીત્યો. દુનિયાના જીવો દુન્યવી સાહાબી આદિને માટે પ્રાણના જોખમો ખેડે છે, તો સમ્યગ્દૃષ્ટિ આત્માઓ સ્વપરના કલ્યાણને માટે અવસરે પ્રાણના પણ જોખમો ખેડે, તેમાં આશ્ચર્ય શું છે ? જેને જેનું અર્થીપણું, તે તેને માટે શું ન કરે ? અર્થી સમર્થ બને અને લાયકાત મેળવે તો અસાધ્ય શું છે ? પણ વાંધો જ અર્થીપણામાં છે. આત્માના મોક્ષની જેવી જોઈએ તેવી લગની લાગતી નથી, એટલે મોક્ષ પમાડવાનું સામર્થ્ય ધરાવતી પણ જે પ્રવૃત્તિઓ થાય છે. તેમાં

જોઈતું કૌવત આવતું નથી. શત્રુઘ્નને મથુરાની લગની લાગી હતી, તો શ્રી રામચન્દ્રજી જેવા વડીલની સલાહ સામે પણ તે આગ્રહી જ રહ્યો; એ જ રીતે જેને આત્માના મોક્ષની લગની હોય, તે પોતાની ધારણા પાર પાડવા માટે આગ્રહી બને કે નહિ ?

**સભા** : બને જ

**પૂજ્યશ્રી** : લગની વસ્તુ જ જુદી છે. જે વસ્તુની લગની લાગે છે, તે વસ્તુ મેળવવા માટે આદમી જરૂર પડયે મૃત્યુના મુખમાં પડવા જેવું સાહસ ખેડતાં પણ અચકાતો નથી. આથી જ, આત્માના મોક્ષની લગની લગાડવાની પ્રેરણા કરાય છે, જેથી આજે દુષ્કર લાગતી પણ મુક્તિસાધના સુકર લાગ્યા વિના રહે નહિ.

### પરના ભૂંડાની ચિંતા એ આત્મહિંસા જ છે

મધુના મૃત્યુ બાદ શત્રુઘ્ને મથુરાનગરી લીધી, પણ ચમરેન્દ્રે ત્યાં આવીને મરકી ફેલાવી. શત્રુઘ્ન તથા તેની પ્રજાના સંહારની એની ભાવના હતી, પણ સામો ભાગ્યવાન હોય ત્યાં ઈન્દ્રો કાંઈ કરી શકતા નથી. ભાગ્યવાનની સામે સવારી લઈ જનારાઓ જાતે જ ટીચાઈને પાછા પડે છે, જે પહાડો જમીનમાં ઘુસ્યા હોય, તે પહાડોને સ્થાનથી ખસેડવા માટે ઐરાવણો એટલે શ્રેષ્ઠ હસ્તિઓ ભેગા થઈને દાંતોથી પ્રહારો કરે તોય તે જ લોહીલુહાણ થાય; પહાડ ત્યાંના ત્યાં રહે અને ટીચનારા ટીચાઈ મરે. સામો પાપી હોય, છતાંપણ જો તે પૂર્વના ઉગ્ર પુણ્યના ઉદયવાળો હોય, તો એને ઉખેડવાના પ્રયત્નો કરનારા પોતે જ નાશ પામે છે. નિર્ભાગીઓ જેમ જેમ મથે, તેમ તેમ વધુ થપ્પડ ખાય. કોઈના પણ ભાગ્યની ઈર્ષ્યા ન કરો. કોઈનુંય ભૂંડું ચિન્તવવું એ પોતાનું જ ભૂંડું ચિન્તવવા રૂપ છે બાહ્ય દૃષ્ટિએ એમ લાગે કે "હું તો ફલાણાનું ભૂંડુ ચિંતવી રહ્યો છું" પણ જ્ઞાનીઓ ફરમાવે છે કે 'ખરી રીતે તો તું તારું જ ભૂંડું ચિન્તવી રહ્યો છે.' કોઈના પણ ભૂંડાની ભાવના એ પોતાના આત્માની હિંસા છે. સામો ભાગ્યવાન્ હોય તો તમે ગમે તેટલું ભૂંડું ચિન્તવો તોય તેનું ભૂંડું થાય નહિ, પણ પેલાના પાપનો ઉદય હોય અને કદાચ તમારી ઈચ્છા ફળી પણ ગઈ, તો પણ

તેથી શું ? સામાનું ભૂંડું થાય કે ન થાય, પણ ભૂંડું ચિન્તવનારનું તો ભૂંડું થયા વિના રહે જ નહિ, એ નિર્વિવાદ વાત છે.

### કર્મસત્તાની પ્રબલતા

કર્મસત્તાની સ્થિતિ જ કોઈ જુદી છે. માણસ ધારે કાંઈ અને પરિણામ આવે કાંઈ. મહેનત દુશ્મનને મારવાની કરે અને દુર્ભાગ્યનો ઉદય હોય તો પોતાની યોજનામાં પોતે જ ફસાઈને મરે. એક ધર્મસત્તા જ એવી છે, કે જે પરિણામે કર્મ સત્તાથી મુક્ત બનાવી શકે છે અને કર્મસત્તાથી મુક્ત ન બનાય ત્યાં સુધી પણ કર્મસત્તાની મહેરબાની ટકાવી શકે છે. પરંતુ ધર્મસત્તાનું શરણ પણ કર્મસત્તા કાંઈક પાંગળી બને ત્યારે જ સ્વીકારી શકાય છે. કર્મની લઘુતા થયા વિના સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ થઈ શકતી નથી. સમ્યક્ત્વાદિ પામ્યા છતાંપણ કર્મસત્તા પ્રબલ હોય છે, તો ભોગત્યાગ અને સંયમ સાધના થવામાં તે અન્તરાયભૂત થાય છે. ભગવાન શ્રી અજિતનાથ સ્વામીજીની સાથે સંસાર તજવાને તેમના ભાઈ સગર તૈયાર થયા હતા, પણ થાય શું ? ચક્રવર્તી બનવાનું પુણ્યકર્મ એવું પ્રબલ હતું કે, સંયમ લે તોય આજીવન સધાય જ નહિ.

**સભા** : પુણ્ય ભોગવવું જ પડે ?

**પૂજ્યશ્રી** : જો તેવા પ્રકારનું નિકાચિત કર્મ હોય તો ભોગવ્યે જ છૂટકો થાય, ભગવાન શ્રી જિનેશ્વરદેવો વીતરાગ અને સર્વજ્ઞ બન્યા બાદ તીર્થની સ્થાપના કરે છે, દેશના દે છે, સમવસરણમાં વિરાજે છે, વિહારમાં સુવર્ણ-કમલ ઉપર પગ મૂકે છે, એ બધું શાથી ? પૂર્વે શ્રી તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું છે એથી જ. ચક્રવર્તીનું પુણ્યકર્મ પણ એવું જ હોય છે કે, એકવાર તો છ ખંડના વિજેતા બનવું જ પડે અને એક લાખબાણું હજારને પરણવું જ પડે, એ પછી સુન્દર ભવિતવ્યતાવાળા લઘુકર્મી આત્માઓ ત્યાગ કરી શકે. તદ્ભવ મુક્તિગામી આત્માઓ ચક્રવર્તી થવા છતાં સંયમ પણ સાધે, કેવલજ્ઞાન પણ પામે અને મુક્તિ ય મેળવે એ વાત જુદી છે. એ જ રીતે સમ્યગ્દૃષ્ટિ આત્મા પણ તથા પ્રકારના અન્તરાયને કારણે સંયમ

સાધના ન કરી શકે એ શક્ય છે. કર્મસત્તાની આવી પ્રબલતા વિચારો, કે જેથી કર્મબંધનની પ્રવૃત્તિ લુખ્ખી બની જાય અને ધર્મસત્તાના શરણે રહી કર્મસત્તાથી સર્વથા મુક્ત બનવાનો શક્ય પ્રયાસ કરવા માટે ઉજમાળ બનાય.

**કર્મના ઉદય વખતે વિવેકી બનવું જોઈએ**

કર્મના ઉદય સમયે આત્મા વિવેકી બન્યો રહે, તો ઉદયમાં આવેલ કર્મ જવા સાથે બીજા પણ થોકબંધ કર્મો ચાલ્યા જાય. બધાંય કર્મો કાંઈ નિકાચિત હોતા નથી, કે જેથી નિર્જરાના પ્રયત્ન દ્વારા નિર્જરે નહિ. જે કર્મ બાંધ્યું તે ધારો કે ઉદયમાં આવ્યું અને તેણે સારી નરસી સામગ્રી લાવી મૂકી, પણ તે વખતે આત્મા એમાં લેપાય કે મૂંઝાય નહિ પણ સમભાવે વેદે તો પરિણામે કર્મસત્તાને ભાગે જ છૂટકો છે. પુણ્યયોગે પ્રાપ્ત થયેલી સામગ્રીમાં જે લીન ન બન્યા તે બચ્યા અને લીન બન્યા તે ડૂબ્યા. શ્રી સનત્કુમાર ચક્રવર્તી રૂપ પરિવર્તનનું એક નિમિત્ત મળ્યું કે તરત ચેત્યા તો સાધી ગયા. બ્રહ્મદત્ત ચક્રવર્તીની આંખો ફૂટી તો યે ન ચેત્યા તો ડૂબી ગયા. દુઃખના નિમિત્તે પણ વિવેક જાગૃત થવો, એ કમભાગ્યશાલિતા નથી. દુઃખ આવ્યું ને વસ્તુસ્વરૂપ ખ્યાલમાં આવી ગયું, એથી વૈરાગ્ય ભાવના ઉત્પન્ન થઈ, તો એ વૈરાગ્ય વખોડવા જેવો નથી પણ વખાણવા જેવો જ છે. એ વૈરાગ્ય વસ્તુતઃ જ્ઞાનગર્ભિત જ છે, કારણકે, દુઃખના નિમિત્તે વસ્તુસ્વરૂપનો વાસ્તવિક ખ્યાલ આવાવના યોગે તે ઉત્પન્ન થયેલ છે.

**સભા** : ચક્રવર્તીને પણ એવું થાય ?

**પૂજ્યશ્રી** : હા, અશુભોદય બધું કરે. તેણે પુણ્યમાં એવા કાંકરા વેરેલા, દુષ્કર્મનો ઉદય ચમરબંધીને પણ ભીખ માંગતો બનાવી દે અને રસ્તે રખડતો ભિખારી પણ પુણ્યના ઉદયે ચમરબંધી બની જાય, માટે તેમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ છે જ નહિ.

**ધર્મસત્તાને સર્વસ્વ માનો તો કર્મસત્તા મોળી પડે**

આ બધુ સમજીને કલ્યાણના કામીઓએ વિવેકશીલ બનવું જોઈએ. કર્મસત્તા પાસે કોઈનીય સીફારસ ચાલતી નથી. શ્રી શ્રેણિક મહારાજાને અને શ્રી કૃષ્ણ મહારાજાને પણ નરકે જવુ પડ્યું.

ભગવાનના ભક્ત બન્યા, એટલે કાંઈ પહેલાં નરકનું આયુષ્ય બાંધી લીધેલું તે ફરી જાય ? ભગવાનની ભક્તિ નિષ્ફળ ન જાય. પણ તે પૂર્વે જે નક્કી થયું તેનું શું ?

શ્રીકૃષ્ણ મહારાજાએ શ્રી નેમીનાથસ્વામીજીને ઘણું કહ્યું છે. પણ એ તો કર્મસત્તાનો સવાલ હતો. તેમણે કર્મ એવું ઉપાર્જેલું કે, નરકમાં જે હદે જવું પડે તેમ હતું તેમાં ભેદ પડ્યો. પણ નરકે તો જવું જ પડ્યું. ભગવાન શ્રી મહાવીર દેવ જેવા પણ આયુષ્યમાં વધારો કરી શક્યા નહિ કર્મસત્તાના પ્રતાપે અનંતા ચૌદપૂર્વીઓ નિગોદમાં ગયા છે. એમાં લાંચ-રુશ્વત કે સીફારસ ચાલે કરે નહિ. કર્મસત્તા પાસે તો રાજા અને રંક બધા માટે સરખો કાયદો છે. કર્મસત્તા તો સાચો ન્યાય તોલનારી સત્તા છે. એને દોષ દેવો નિરર્થક છે. દોષ તો આપણો છે. આપણે કર્મ બાંધ્યું ત્યારે તેનું ફળ ભોગવવું પડે છે ને ? કર્મ બાંધતી વેળાએ વિચાર કરવો નહિ અને ફળ મળે ત્યારે રડવું, એ ડહાપણ છે ? હજુય ચેતાય તો ભવિષ્ય સુધરે. વિવેક કેળવવો જોઈએ. ધર્મસત્તાની સેવાને જ સર્વસ્વ માનતા બની જાવ, તો કર્મસત્તા મોળી પડે અને અંતે એના સામાજ્યથી મુક્ત પણ બનાય. મુનિ મુનિપણું ચૂકે અને પછી ઓઘો એની દુર્ગતિને અટકાવે, એમ? મરતી વેળાએ ઓઘો બગલમાં હોય તોય મુનિપણાને ચૂકેલાની દુર્ગતિ થાય. ત્યાં ઓઘો શુ કરે ? તમેય તિલક મોટું કરો, પણ જૈનપણું ન કેળવો અને પાપમાં જ રચ્યાપચ્યા રહો, છતાં તિલક તમને બચાવે, એમ? પાપમાં ખૂંચેલા દંભી આત્માઓ તો ઓઘાને અગર તો પવિત્ર તિલકને લજવે છે, કલંકિત કરે છે અને એથી તેમના પાપકર્મોની ભયંકરતા ઉલટી વધી જાય છે.



### મથુરામાં વ્યાધિનાશ થયાનો પ્રસંગ અને દીક્ષા સંબંધી થોડા પ્રશ્નોત્તરો

અહીં આપણે જોઈ ગયા છીએ કે, ચમરેન્દ્રે આવીને મરકી ફેલાવી તેથી શત્રુઘ્ન અયોધ્યામાં આવી ગયેલ છે. શત્રુઘ્ન અયોધ્યામાં આવી ગયા બાદ, મથુરાનગરીની નજદિકની ગિરિગુહામાં જંઘાચારણ લબ્ધિવાળા સાત પરમર્ષિઓ ચાતુર્માસ આવીને રહે છે અને એથી ચમરેન્દ્રે ઉત્પન્ન કરેલો વ્યાધિ નાશ પામે છે. એ સાત પરમર્ષિઓ

કોણ હતા, એ વગેરેનું વર્ણન કરતા આ મહાકાવ્યના રચયિતા, પરમઉપકારી, કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે

इतश्च श्रीनंदनस्य, प्रभापुरपुरेशितुः ।
भार्यायां धारिणीनाम्न्यां, सप्ताऽभुवन् क्रमात् सुताः ॥१॥
सुरनन्दः श्रीनन्दः श्रीतिलकः सर्वसुन्दरः ।
जयन्तश्चामरश्चापि, जयमित्रश्च सप्तमः ॥२॥
मासजातं सुतं राज्ये, न्यस्यश्रीनन्दनोऽन्यदा ।
गुरौ प्रीतिकरस्यांते, प्राव्राजीत्तैः सुतैः सह ॥३॥
श्रीनन्दनो ययौ मोक्षं, सुरानन्दा दयस्तु ते ।
सप्ताप्यासंस्तपः शक्त्या, जंघाचरणलब्धयः ॥४॥
विहरंतः पुरीं जग्मु-मर्थुरां ते महर्षयः ।
प्रावृट् चाभूत्तदा तस्थु-रधिशैलगुहागृहम् ॥५॥
चक्रुः षष्ठाष्टमादीनि, ते तपांसि सदापि हि ।
उत्पत्य दूरदेशेषु, पारणं चक्रिरे पुनः ॥६॥
भूयोऽपि मथुराशैल-गुहायां तस्थुरेत्य च ।
तत्प्राभाच्चमरभ् व्याधिस्तत्र क्षयं ययौ ॥७॥

પ્રભાપુર નામે એક નગર હતું. ત્યાં શ્રીનન્દન નામે રાજા રાજ્ય કરતા હતા. શ્રીનન્દન રાજાને ધારણી નામની ભાર્યા હતી અને તેનાથી સાત પુત્રો ઉત્પન્ન થયા હતા. સુરનન્દ, શ્રીનન્દ, શ્રીતિલક, સર્વસુન્દર, જયન્ત, ચામર અને જયમિત્ર - એમ એ સાતનાં અનુક્રમે નામો હતાં. આ સાત પુત્રો પછી રાજાને એક આઠમો પુત્ર થયો. ગ્રંથકાર પરમર્ષિ ફરમાવે છે કે, આ આઠમો પુત્ર જ્યારે એક મહિનાનો થયો, ત્યારે શ્રીનન્દન નામના તે રાજાએ તેને રાજ્ય ઉપર સ્થાપિત કર્યો અને પોતે પ્રવજ્યા અંગીકાર કરી શ્રીનન્દન રાજાએ માત્ર પોતે જ પ્રવ્રજ્યા સ્વીકારી એમ નહિ, પણ તેમની સાથે તેમના સુરનન્દન આદિ સાત પુત્રોએ પણ પ્રવજ્યા ગ્રહણ કરી. સુરનન્દન આદિ સાતેયને દીક્ષા લેવાની ન હોત, તો તો માત્ર એક માસની જ ઉંમરના પુત્રને ગાદીપતિ બનાવવાનો પ્રસંગ પ્રાપ્ત થાત નહિ. પણ તે સાતેય પોતાના પિતાની સાથે દીક્ષા ગ્રહણ કરવાને તૈયાર થયા. એટલે રાજાને તે નાના પણ પુત્રને જ ગાદી સોંપવાનો વખત આવ્યો.

**સભા** : આટલી નાની ઉંમરના છોકરાને મૂકીને બાપે દીક્ષા લેવી અને સાથે તેના સાતેય વડીલ ભાઈઓએ ય દીક્ષા લેવી, એ શુ વ્યાજબી ગણાય ?

**પૂજ્યશ્રી** : શા માટે વ્યાજબી ન ગણાય ?

**સભા** : એ છોકરાનું ગજું શું ?

**પૂજ્યશ્રી** : માત્ર છોકરાનો જ વિચાર કરશો કે તેના પિતાનો અને તેના ભાઈઓનો પણ વિચાર કરશો ?

**સભા** : એમનો શો વિચાર ?

**પૂજ્યશ્રી** : એજ કે, એમના આત્મકલ્યાણનું શું ? જ્યાં સુધી આત્માના સ્વરૂપનો વાસ્તવિક ખ્યાલ પ્રાપ્ત થયો નથી, ત્યાં સુધી આવા પ્રસંગો મૂંઝવે તે સ્વાભાવિક છે. આત્માના સ્વરૂપનો વાસ્તવિક ખ્યાલ આવી જાય અને 'આત્માના મૂળભૂત સ્વરૂપને પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો, એ જ આ દુર્લભ મનુષ્યજીવનને સફળ બનાવવાનો એક માત્ર ઉપાય છે.' એમ સમજાઈ જાય, તો આવા પ્રસંગે ખૂબ જ અનુમોદના ભાવ પ્રગટ્યા વિના રહે નહિ. આત્માના મૂળભૂત સ્વરૂપને પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો, એ જ એક આ માનવ જીવનને સફળ બનાવવાનો ઉપાય છે. આ વસ્તુને આજે ઘણાઓ, જૈનકુળમાં ઉત્પન્ન થયેલા હોવા છતાં પણ સમજતા નથી; અને એથી જ તેઓમાં, મોહને પેદા કરવામાં વધારે કારણરૂપ નિવડે એવા સંસર્ગોને લાત મારનારાઓ તરફ સન્માનવૃત્તિ જાગવાને બદલે તિરસ્કારવૃત્તિ જાગે છે. સંસારની સુખસાહાબી, બાલવયસ્ક પુત્ર અને યુવાન સ્ત્રી આદિ પ્રત્યેના મોહને ત્યજી દઈ, સંયમની સાધના માટે ઉજમાળ બનનારા આત્માઓ પ્રત્યે તો સાચા શ્રદ્ધાળુ આત્માઓનું મસ્તક સ્હેજે નમી જાય. એમ થઈ જાય કે, 'ધન્ય છે આવા ત્યાગી આત્માઓને !' એટલું જ નહિ, પણ શ્રદ્ધાસંપન્ન આત્માઓને તો પોતાની પામરતા માટે ખેદ પણ થાય, પણ આજે ઘણાઓને પામરતા પામરતા જ લાગતી નથી. 'સંસારવાસ દુઃખરૂપ છે અને સંયમ સાધના જ કલ્યાણકારક છે.' એમ માનનારા પણ થોડા છે. અનન્ત

 ઉપકારીશ્રી જિનેશ્વરદેવોના શાસન ઉપર સાચી શ્રદ્ધા હોય, એવા આત્માઓ જૈન ગણાતા આદમીઓની હજારોની સંખ્યામાં પણ ગણ્યા-ગાંઠ્યા જ છે. પુત્ર, સ્ત્રી, પરિવાર આદિ તો કર્મના યોગે આવી મળેલ છે. વસ્તુત: એમાંનું કાંઈ આત્માનું નથી. આત્માનું કંઈ હોય, તો તે આત્માના ગુણો છે. એટલે ડાહ્યો માણસ તો તે ગણાય, કે જે આત્માના ગુણોને પ્રગટાવવાને માટે જ પ્રયત્નશીલ બને અને પ્રયત્નમાં જેટલી ખામી રહે તે બદલ પશ્ચાત્તાપાદિ કરવાને ચૂકે નહિ. આવું ડહાપણ જે પુણ્યાત્માઓમાં પ્રગટે છે, તે પુણ્યાત્માઓ બીજાઓના દુન્યવી હિતનો અનુચિત રીતે વિચાર કરવાને માટે થોભતા જ નથી.



### આત્માના અર્થી બનનારા જ સાચા પરમાર્થી છે

**સભા** : આનો અર્થ તો એ જ કે દરેકે પૂરેપૂરા સ્વાર્થી બનવું જોઈએ.

**પૂજ્યશ્રી** : આજે દુનિયામાં જે અર્થમાં સ્વાર્થી શબ્દ વપરાય છે તેવા સ્વાર્થી નહિ, પણ સ્વ એટલે આત્મા અને તેના અર્થી તે સ્વાર્થી, એ અર્થવાળા સ્વાર્થી સૌએ બનવું જોઈએ. એવા સ્વાર્થી બનનારાઓ જ સાચા પરમાર્થી બની શકે છે. સાચો પરોપકાર આત્માર્થી આત્માઓ જ સાધી શકે છે. ભાવદયાથી વિહીન આત્મા જે દ્રવ્યદયા કરી શકે તેના કરતાં ભાવદયાને પામેલો ઘણી જ સુંદર રીતે દ્રવ્યદયા પણ કરી શકે છે. દ્રવ્ય દયા પણ જો ભાવદયાપૂર્વકની હોય, તો જ તે સુંદર પ્રકારે ફળે છે. આત્માને આ સંસારમાં રખડતાં રખડતાં અનન્તો કાળ વહી ગયો. વિચાર કરો કે, અનન્તા કાળમાં દરેકે કેટલાયે સંબંધીઓને રોવડાવ્યા હશે ? અને હજુ જ્યાં સુધી સંસારમાં હોઈએ ત્યાં સુધી કેટલાંયે આપણા નિમિત્તે રડશે ? પોતાના નિમિત્તે કોઈનેય રોવડાવવાનું જેને ન ગમતું હોય, તેણે તો થોડાંક માણસો મોહવશ થોડો સમય રૂવે તોય તેની ઉપેક્ષા જ કરવી જોઈએ અને એમની દયા ચિન્તવવી જોઈએ અને અવસરે એ રોનારાંઓને પણ આ માર્ગે લાવવાની ભાવના રાખવી જોઈએ. આવી દૃષ્ટિ કેળવ્યા વિના, આરાધનીય આત્માઓની આરાધના કરવાને બદલે આશાતના

કરનારા ન બની જાવ, તો એટલા તમે ભાગ્યશાળી છો એમ સમજજો. જે આત્માઓ સાચા સ્વાર્થી સાચા આત્માર્થી બન્યાં છે તે આત્માઓ જ સાચા અને ઉત્તમ  કોટિના પરોપકારશીલ બની શક્યા છે. છોકરાંની, બૈરીની અને રાજ્યાદિની કલ્પિત દયા ચિન્તવીને, સંયમની આરાધનાથી વંચિત રહેનારાઓ તાત્ત્વિક દૃષ્ટિએ દયાળુ જ નથી. તાત્ત્વિક દયાળુ તે છે, કે જેને આત્માના કલ્યાણની ચિંતા છે.

**સભા** : આવી રીતે દૂધ પીતા બાળકને ત્યજીને દીક્ષા લે, તો શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિની માફક દુર્ધ્યાની બનવાનો પ્રસંગ આવી જાય ને ?

**પૂજ્યશ્રી** : શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ ભૂલ્યા, કષાયાધીન બન્યા અને એથી દુર્ધ્યાનમાં લીન બન્યા એ જેમ સાચું છે, તેમ સંયમી હતા તો આત્માનો ખ્યાલ આવ્યો, દુર્ધ્યાનથી નિવર્ત્યા અને આલોચનાદિ કરતાં કેવલજ્ઞાનને વર્યા, એ પણ સાચું છે ને ? શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ દીક્ષા નહિ લેતાં, બાળકની આળપંપાળમાં જ પડ્યા રહ્યા હોત, તો કેવલજ્ઞાન પામતા કે રોજના દુર્ધ્યાનના ભોગ બનત ? શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ પોતાના દુર્ધ્યાનને ખોટું માન્યું કે નાના બાળકને મૂકીને પ્રવ્રજ્યા ગ્રહણ કરી તે ખોટું કર્યું એમ માન્યું ? તેમનામાં પુનઃ વિવેકદીપક પ્રગટતા, તેમને એમ નથી જ થયું કે 'મેં ક્યાં વળી દૂધ પીતા બાળકને ત્યજીને દીક્ષા લીધી, કે જેથી આવા દુર્ધ્યાનનો પ્રસંગ આવ્યો ?' વિવેકી આત્માઓને એવો વિચાર આવે જ નહિ. ખરેખર, આજે ઘણા માણસો એવા પણ છે, કે જેઓ શાસ્ત્રમાં આવતા દૃષ્ટાંતોના વાસ્તવિક ભાવને સમજવાનો પ્રયત્ન કર્યા વિનાજ, મનફાવતી વાતો કર્યે જાય છે. ગમે તેવી સ્થિતિમાં પણ શુદ્ધ વિરાગભાવથી સંસારનો ત્યાગ કર્યો હોય, તેમાં દુર્ધ્યાન આવવાને વધુ અવકાશ છે કે સંસારમાં પડ્યા રહેવામાં દુર્ધ્યાન આવવાનો વધુ અવકાશ છે ? સંસારમાં તો ડગલેને પગલે દુર્ધ્યાન ઉત્પન્ન કરનારા સંયોગો આવી મળે છે, જ્યારે સંયમમાં તો શુભ ધ્યાનના જ સંયોગો વિશેષ હોય છે. સંયમ સાધક આત્મા જો સારી રીતે સાવધ બન્યો રહે, તો તો દરેકે દરેક સંયોગો તેને માટે શુભ ધ્યાનને જ ઉત્પન્ન કરનારા બને છે.

**સૌ સંયમી બનો એવી જ ભાવના હોવી ઘટે**

**સભા** : શ્રી નન્દન રાજાએ પોતે ભલે દીક્ષા લીધી, પણ તેમણે મોટા પુત્રને સંસારમાં રાખ્યો હોત તો શો વાંધો હતો ?

**પૂજ્યશ્રી** : સંયમના સાચા અર્થીઓ સંસારને દાવાનલ આદિરૂપ માનનારા હોય છે, એટલે તેઓ કોઈને પણ સંસારમાં રહેવાની પ્રેરણા કરે જ કેમ? તેમની ભાવના તો સૌ કોઈ સંયમના ઉપાસક બની સંસારને છેદનારા બને એ જ હોય.

**સભા** : તો પછી ભગવાનશ્રી મહાવીરદેવે શ્રી નન્દિષેણ મુનિને સંયમ નહિ લેતા સંસારમાં રહેવાનું કેમ કહ્યું હતું ?

**પૂજ્યશ્રી** : ભગવાન શ્રી મહાવીરદેવે શ્રી નન્દિષેણને સંસારમાં રહેવાનું કહ્યું ન હતું, પણ તેમને સંયમ લેવાથી નિષેધ્યા હતા. સંયમી બનવામાં તેમને નિષેધ્યા તેનું કારણ પણ એજ હતું કે, ભગવાન સર્વજ્ઞ હોવાના કારણે શ્રી નન્દિષેણના ભોગવ્યા વિના છૂટકો જ ન થાય એવા પ્રકારના ભોગાવલી કર્મને જાણતા હતા. એ કર્મ એવું હતું કે દીક્ષા લે તો દીક્ષાથી ભ્રષ્ટ કર્યા વિના રહે જ નહિ. આવી વિરાધનાથી બચાવવાને માટે જ્ઞાની તારકો દીક્ષાનો પણ નિષેધ કરે તો તે અસ્વાભાવિક નથી.

**સભા** : જાણે તો નિષેધાય ? પાપ ન લાગે ?

**પૂજ્યશ્રી** : જે જાણે તેનાથી તેવા પ્રકારનું કારણ હોય તો અવશ્ય નિષેધાય અને એથી પાપ ન જ લાગે પણ અત્યારે આ ભરતક્ષેત્રમાં તેવા જ્ઞાની જ ક્યાં છે ?

**સભા** : શ્રી નન્દિષેણને નિષેધ્યા ખરા અને પછી ભગવાને દીક્ષા પણ આપી દીધી, એ ઠીક છે ?

**પૂજ્યશ્રી** : ભગવાને તેવા પ્રકારના ભાવિભાવને જોઈને જ દીક્ષા આપી છે. ભાવિભાવને ભગવાન અર્હન્તો પણ ફેરવી શકતા નથી. ભગવાને કરેલી આચરણાને માટે 'તે ઠીક છે કે નહિ ?' એવો પ્રશ્ન ઉત્પન્ન થાય, એનેય પોતાની કમનસીબી સમજવી જોઈએ.

**સભા** : આત્માના સ્વરૂપને પ્રગટાવવાને માટે સંયમી બનવું એ

જ માણસ માત્રનું ધ્યેય હોવું જોઈએ. એમને ? બીજું કોઈ ધ્યેય હોય તો નુકસાન જ થાય એમને ?

**પૂજ્યશ્રી** : બરાબર છે. આત્માના સ્વરૂપને પ્રગટાવવાના જ એક માત્ર હેતુથી, જિનાજ્ઞા મુજબના સંયમી બનવાનું જ એક માત્ર ધ્યેય, વિવેકી મનુષ્ય માત્રનું હોવું જોઈએ. એથી વિપરીત ધ્યેય હોય તો આત્માનું અહિત થયા વિના રહે જ નહિ, એ નિર્વિવાદ વાત છે. જીવનમાં શક્યતા મુજબ શ્રી જીનાજ્ઞાનો અમલ કરવામાં જ સાચું હિત સમાયેલું છે, એટલે જેઓ સંસારનો ત્યાગ ન કરી શકતા હોય, તેઓ પણ ગૃહસ્થદશામાં જેટલે અંશે શ્રી જિનાજ્ઞાનો અમલ કરવાને પ્રયત્નશીલ બને, તેટલે જ અંશે કલ્યાણને પામી શકે છે, આ કારણે શ્રી જિનાજ્ઞાને અનુસરવામાં જ સર્વસ્વને માનનારા સુસાધુઓનો ઉપદેશ એજ ધ્યેયવાળો હોય.

**સભા** : એટલે સાધુઓ સંસારમાં રહેવા ઈચ્છનારાઓને માટે નકામા જ ને ?

**પૂજ્યશ્રી** : સંસારમાં રહેવા ઈચ્છનારા જીવોને માટે સાચા સાધુઓ નકામા જેવા જ ગણાય; કારણકે, સંસારમાં રહેવા માટે તેઓ મદદગાર બની શકતા નથી. સાચા સાધુઓ તો સંસારથી મુક્ત બનવામાં જ મદદગાર નીવડે. આમ છતાં, સાધુઓ પોતાના તરફથી સંસારના જીવોને જે અભય સમર્પે છે તેથી તથા યોગ્ય આત્માઓમાં સંસારથી મુક્ત બનવાની ભાવના પ્રગટાવવાનો શક્ય પ્રયત્ન કરે છે એ વગેરેથી સાધુઓ વિશ્વના પ્રાણીમાત્રના ઉપકારી તો ગણાય જ.

### ઉપદેશ ગૃહસ્થધર્મનો, પણ ગૃહવાસનો નહિ

**સભા** : આપ તો બધું સાધુતામાં જ લાવીને મૂકો છો.

**પૂજ્યશ્રી** : કર્મલઘુતાને નહિ પામેલા આત્માઓને અનન્ત ઉપકારીઓએ ફરમાવેલી કલ્યાણકારી વાતો પણ ન રૂચે તે સ્વાભાવિક છે.

**સભા** : પણ ભગવાને ગૃહસ્થધર્મનો ઉપદેશ આપ્યો છે ને ?

**પૂજ્યશ્રી** : ભગવાને ગૃહસ્થધર્મનો ઉપદેશ આપ્યો છે, પણ ગૃહસ્થાશ્રમમાં રહેવાનો ઉપદેશ નથી આપ્યો. ગૃહસ્થવાસનો ત્યાગ

કરીને સંયમી બનવું એ જે આત્માઓને માટે શક્ય નથી, તે આત્માઓ પણ આત્મકલ્યાણની સાધનાથી સર્વથા વંચિત રહી જવા પામે નહિ તેમજ તેઓ પણ ક્રમે કરીને સુવિશુદ્ધ સંયમમય જીવન જીવનારા બની શકે, એ માટે જ ભગવાને ગૃહસ્થધર્મ ફરમાવ્યો છે. ઉપકારીઓ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે, 'દેશવિરતિ ધર્મનો પણ સાચો આરાધક તે જ છે, કે જે સર્વવિરતિ ધર્મની લાલસાવાળો છે.'

### ગૃહવાસને હેય માન્યા વિના કદિયે કલ્યાણ નહિ

**સભા** : ગૃહસ્થવાસમાં રહીને પણ શ્રી ભરત મહારાજા કેવલજ્ઞાન પામ્યા કે નહિ ?

**પૂજ્યશ્રી** : પણ શ્રી ભરત મહારાજા ગૃહસ્થાવાસને સારો નહોતા માનતા. દુન્યવી સામગ્રીમાં ભાનભૂલા ન બની જવાય, એ માટે તો એમણે સાધર્મિક રૂપ ચોકીદારોને રાખ્યા હતા. એમના જીવનનો અભ્યાસ કરો તો માલુમ પડે કે ચક્રવર્તી છતાંપણ તેઓ આત્માની ચિંતા કેટલી બધી ધરાવતા હતા ? ગૃહસ્થાવાસને કલ્યાણનું કારણ માનનારો એક પણ આત્મા કોઈ કાલે કેવળજ્ઞાનને પામ્યો નથી અને કોઈ કાલે કેવળજ્ઞાન પામવાનો પણ નથી. ગૃહસ્થાવાસમાં રહેવા છતાં કલ્યાણને સાધનારા તો તેઓ જ બની શક્યા છે, કે જેઓ ગૃહસ્થવાસને હેય માનનારા બન્યા અને શ્રી જિનાજ્ઞાનુસાર સંયમશીલ બનવામાં જ કલ્યાણ માનનારા બન્યા તેઓના હૈયામાં તો પોતાના અસંયમનો બળાપો હતો. અનન્ત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા તત્ત્વોની રુચિ પ્રગટ્યા વિના સાચું કલ્યાણ સધાવાનું જ નથી; અને એ રુચિ પ્રગટે એટલે આત્માને સંસાર પ્રત્યે અભાવ તથા સંયમ પ્રત્યે સદ્ભાવ થયા વિના રહે નહિ. શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મની સાચી ઉપાદેયતા સમજાઈ ન હોય, ત્યાં સુધી જ આવા જ પ્રશ્નોનો ઉદ્ભવ સંભવિત છે, માટે સાચા જિજ્ઞાસુ હો તો શ્રી જિનાજ્ઞાના સ્વરૂપને સમજવાને માટે પ્રયત્નશીલ બનો.

### શ્રી જૈનશાસનનું ધ્યેય જીવોને સંસારવાસથી મુક્ત બનાવવાનું છે

**સભા** : જૈનશાસનનું ધ્યેય શું ?

**પૂજ્યશ્રી** : આ જગતમાં જીવ માત્રને દુઃખ પ્રત્યે દ્વેષ છે અને

સુખ પ્રત્યે અનુરાગ છે, પણ અજ્ઞાન જીવો દુ:ખના કારણોને સુખના કારણો માનીને, તેની જ સેવામાં રત રહે છે તથા સુખના સાધનોથી બેદરકાર રહે છે. શ્રી જૈનશાસન દુ:ખના અને સુખના જે કોઈ વાસ્તવિક કારણો છે, તે સઘળાં જ કારણોને સમજાવવાપૂર્વક, દુ:ખના કારણોનો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરવાની અને સુખના કારણોની ત્રિવિધે ત્રિવિધે સેવવાની પ્રેરણા કરે છે. સંસારથી મુક્ત બનવામાં જ દુ:ખથી મુક્ત બનવાપણું હોઈને, શ્રી જૈનશાસનનું ધ્યેય જીવોને સંસારમુક્ત બનાવવાનું જ છે.

**સભા** : સંસારમુક્ત કોણ બની શકે ?

**પૂજ્યશ્રી** : અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મની યથાવિધિ આરાધના કરવા દ્વારા જે આત્માઓ પોતાના આત્માની સાથે સંલગ્ન બનેલ કર્મોને દૂર કરે તે કર્મના સંપર્કથી આત્માનો સ્વભાવ આવરાયેલો છે, એ સંપર્કનો સર્વથા અભાવ થઈ જાય એટલે આત્મા સંસારમુક્ત બની જાય. કલ્યાણના અર્થી આત્માઓ જ સંસારમુક્ત બની શકે, એ માટે જ સંસારના ભોગાદિને ત્યજવાનો અને સંયમની આરાધનામાં ઉજમાળ બનવાનો ઉપદેશ છે.

શ્રી નન્દન નામના તે રાજાને આ વસ્તુ સમજાઈ હતી, માટે જ તેમણે પોતાના સાત પુત્રોની સાથે શ્રી પ્રીતિકર નામના ગુરુ મહારાજની પાસે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા ગ્રહણ કર્યા બાદ તે શ્રી નન્દન રાજર્ષિએ એવી તો ઉત્કટ આરાધના કરી, કે જેના પ્રતાપે તેઓ આત્મસ્વભાવને, આવરનારાં કર્મોના સંપર્ક માત્રથી મુક્ત બની ગયા અને શ્રી સિદ્ધિગતિને પામ્યા. ખરેખર, સાચા આરાધકને માટે કાંઈ જ દુષ્પ્રાપ્ય નથી.

### મથુરામાં વ્યાધિનાશ

આ તરફ શ્રી નન્દન રાજાની સાથે જ દીક્ષિત થયેલા સુરનન્દ આદિ સાતેય પરમર્ષિઓએ પણ સુન્દર પ્રકારે વ્રત પાલન કરવામાં જ દત્તચિત્તતા કેળવી હતી. પોતાની તપશક્તિના પ્રભાવે તેઓ જંઘાચારણ લબ્ધિવાળા બન્યા હતા. 'જંઘાચારણ' લબ્ધિના યોગે

આકાશગામિની શક્તિ પ્રાપ્ત થાય છે. જંઘાચારણ મુનિવરો તિર્છાલોકમાં જતાં એક પગલે જ રુચક દ્વીપે જઈ શકે છે અને પાછા વળતાં પહેલા ઉત્પાતે શ્રી નંદીશ્વરે આવી બીજા ઉત્પાતે સ્વસ્થાને પહોંચી શકે છે. હવે જંઘાચારણ લબ્ધિવાળા બનેલા તે સપ્તર્ષિઓ વિહાર કરતા કરતા મથુરાપુરીમાં આવી પહોંચ્યા. તે વખતે વર્ષાઋતુ આવવાથી તેઓ મથુરાપુરીની નજદીકમાં આવેલા પર્વતની ગુફામાં આવીને કાલનિર્ગમન કરતા હતા. આવા લબ્ધિસંપન્ન સાતેય પરમર્ષિઓ મથુરાનગરીની નજદિકમાં જ નિવાસ કરતાં હોવાથી તેઓના તપ પુણ્યના પ્રભાવથી મથુરાપુરીમાં ચમરેન્દ્રે જે વ્યાધિ ઉત્પન્ન કર્યો હતો, તે નાશ પામી ગયો.



# અર્હદ્દત્તશ્રેષ્ઠિ-સપ્તર્ષિ આશાતના અને પશ્ચાત્તાપ

## ૪

વિવેકી ગણાતા મહાનુભાવો પણ ક્યારેક વિવેક ચૂકી જતા હોય છે. અર્હદ્દત્ત શ્રેષ્ઠિ એક સારા આરાધક મહાનુભાવ હતાં, પણ ચોમાસાના ચાલુ દિવસોમાં વિદ્યાબળથી આકાશમાર્ગે અયોધ્યામાં આવેલા સાત-ઋષિઓ કે જેઓ મહાસંયમી હતા. તેઓને અવજ્ઞાપૂર્વક વંદના કરી.

સાધુ-અસાધુનો ચોક્કસ નિર્ણય કર્યા વિના વિવેક ચૂકાય તે પ્રભુશાસનને મંજૂર નથી. તેનાથી ગુણવાન આત્માઓની આશાતનાના પાપમાં પડાય છે. અરે ! દોષ હોય તો પણ તેને માટે સમુચિત પ્રયત્ન કરવા હિતકર છે. પણ અવજ્ઞા કરવાથી આશાતનાનો મોટો દોષ લાગે છે.

જો કે અર્હદદ્શ્રેષ્ઠિને વાતનો ખ્યાલ આવતાં તેને ખૂબ પશ્ચાત્તાપ થયો છે તે ક્ષમાયાચના કરી છે. આ પ્રસંગ ખૂબ જ પ્રેરક અને મહત્ત્વપૂર્ણ છે જેને વિગતવાર પૂજ્યશ્રીના શબ્દોમાં જ જોઈએ.

-શ્રી

# અર્હદ્દત્તશ્રેષ્ઠિ-સપ્તર્ષિ આશાતના અને પશ્ચાત્તાપ

- અવજ્ઞા કરવી તે ઉચિત નથી
- ગુણવાન આત્માઓની આશાતનાના પાપમાં ન પડો !
- મુનિઓ માટે વિનયહીનતા એ કારમો દોષ છે
- સુધારવાનો પ્રયત્ન પણ લાયકાત મુજબ થવો જોઇએ
- અર્હદ્દત્ત શ્રાવકે સપ્તર્ષિઓની ક્ષમા માંગી
- મથુરામાં પ્રત્યેક ઘરમાં જિનબિંબની સ્થાપના
- રત્નરથ રાજાને શ્રી નારદજીની સલાહ
- શ્વાનવૃત્તિ નહિં સિંહવૃત્તિને કેળવો
- નારદજીને મારવાનો આદેશ અને હુકમ થતાં નારદજીનું આકાશ માર્ગે ગમન
- યુદ્ધ, વિજય અને મનોરમાની સાથે પાણિગ્રહણ
- સ્વાધીનતા અને પરાધીનતા
- શ્રી રામ-શ્રી લક્ષ્મણજીનો પરિવાર



# ૪

## અર્હદ્દત્તશ્રેષ્ઠિ-સપ્તર્ષિ આશાતના અને પશ્ચાત્તાપ



હવે અર્હદ્દત્ત નામના શ્રેષ્ઠીએ તે સાત પરમર્ષિઓની કરેલી અવજ્ઞાનો અને તે બદલના પશ્ચાત્તાપાદિનો પ્રસંગ આવે છે. એકવાર તે પરમર્ષિઓ પારણા માટે આકાશમાર્ગે અયોધ્યાપુરીમાં આવ્યા. અયોધ્યાપુરીમાં આવીને સપ્તર્ષિઓએ અર્હદ્દત્ત નામના એક શ્રેષ્ઠીના ગૃહમાં ભિક્ષાને માટે પ્રવેશ કર્યો. અર્હદ્દત્ત શ્રેષ્ઠીએ તેમને વન્દના તો કરી, પણ તે અવજ્ઞાપૂર્વક કરી અને વિચાર્યું કે, 'આ સાધુવેષવાળા કોણ હશે ? જે સાધુઓ ચાતુર્માસ માટે અયોધ્યામાં રહેલા છે, તેઓમાંના તો આ નથી જ; તો પછી વર્ષાઋતુમાં પણ વિહાર કરનારા આ કોણ હશે ?' અર્હદ્દત્ત શ્રેષ્ઠીને એ વખતે એવોપણ વિચાર તો આવ્યો કે 'આ સાધુવેષવાળાઓને હું પૂછું કે તેઓ કોણ છે ?' પણ વળી વિચાર થયો કે, 'જવા દો, પાખંડીઓની સાથે બોલવાથી લાભ પણ શો ?' અર્હદ્દત્ત શ્રેષ્ઠી આ પ્રમાણે હજુ તો વિચારમાં મગ્ન બનેલા છે, એટલામાં તો તેમની ધર્મપત્નીએ તે મહર્ષિઓને વહોરાવી દીધું અને ભિક્ષા ગ્રહણ કરીને તે મહર્ષિઓ પણ ત્યાંથી રવાના થઈ ગયા.

### અવજ્ઞા કરવી તે ઉચિત નથી

આ પ્રસંગ પણ વિચારવા જેવો છે. અર્હદ્દત્ત શ્રેષ્ઠી ધર્માત્મા છે. સાધુઓના આચાર-વિચારથી તે અપરિચિત નથી. વર્ષાઋતુમાં નૂતન મુનિઓને આવેલા જોતાં શ્રદ્ધાળુ આત્માને ક્ષોભ થાય, તે કાંઈ અસ્વાભાવિક નથી. આમ છતાં, તેણે વિના જાણ્યે અવજ્ઞા કરી તે ઠીક

ન કર્યું. શ્રાવકના હૃદયમાં સાધુઓ પ્રત્યે એટલો ભક્તિભાવ જરૂર હોય કે, તેમનું દર્શન થતાંની સાથે જ પૂજ્યભાવે હાથ જોડાઈ જાય. **"સાધુવેષમાં રહેલા અસાધુ એવા પણ આત્માને જયાં સુધી અસાધુ તરીકે જાણેલ ન હોય, ત્યાં સુધી તેની અવજ્ઞા કરવી એ ઉચિત નથી."** સાધુવેષમાં રહેલ સાધુ સાધુ નથી પણ માત્ર વેષધારી જ છે, ચારિત્રહીન છે એમ જાણ્યા પછીની વાત જુદી છે પરંતુ એવું પાકે પાયે જાણ્યા વિના જ અવજ્ઞા કરવી તે યોગ્ય નથી જ. શ્રાવકોની એ ફરજ છે કે, તેમણે સાધુવેષમાં રહેલાની સ્ખલના જણાય તો યોગ્ય તપાસ કરવી જોઈએ, દોષ જણાય તો તે દોષના નિવારણ માટે પોતાની મર્યાદા મુજબના પ્રયત્નો કરવા જોઈએ, ઉપેક્ષણીય દોષોની ઉપેક્ષા કરતાં પણ શીખવું જોઈએ અને જો સાધુતાના નાશક જ દોષો હોય તો તે અનિવાર્ય જણાયેથી, તેવા વેષધારીનો ત્યાગ પણ કરી દેવો જોઈએ.

શ્રાવકોએ કુસાધુઓનો ત્યાગ કરવાનો જ છે, પરંતુ કુસાધુઓના નામે સુસાધુઓની પણ અવજ્ઞાદિ ન થઈ જાય, તેનીય જરૂરી કાળજી રાખવાની છે. જંઘાચારણ લબ્ધિવાળા સાત પરમર્ષિઓ વર્ષાઋતુમાં પધાર્યા હતા, એટલે તેઓને માટે શંકા ઉત્પન્ન થવી એ સહજ છે, જોઈતી ખાત્રી કર્યા વિના તેઓને પાખંડી કેમ માની લેવાય? કયા કારણે વર્ષાઋતુમાં વિહાર કર્યો, એ તો જાણવું જોઈએ ને? આમ છતાં, અર્હદ્દત્ત શ્રેષ્ઠીએ જેવી ભૂલ કરી, તેવી ભૂલ તેવા સંયોગોમાં થઈ જવી એ દુઃશક્ય નથી પણ સુશક્ય છે. પરંતુ આજે તો કોઈ પેટભરાએ કે શાસન દ્રોહીએ છાપામાં લખી દીધું અગર તો કોઈ દ્વેષીએ કહી દીધું, એટલે ઝટ માની લેનારાઓનો તોટો નથી. આજે તો એવા પણ ઘણા માણસો છે, કે જેઓ પતિતના વચન ઉપર વિશ્વાસ મૂકે, એની વાતને વિશ્વસનીય માને અને ચારિત્રના પાલનમાં ઉદ્યત એવા આચાર્ય આદિની વાતને અવિશ્વનીય માને. સાધુતા પ્રત્યેની અરૂચિના યોગે જ એમ બને છે. સાધુતા પ્રત્યે દ્વેષી બનેલા કેટલાકો

તો આજે, પતિતોના તદ્દન જુઠ્ઠા અને પોતાની જાતના બચાવ ખાતર જ સુગુરૂઓની નિન્દાથી ભરેલા સાહિત્યના નામે પણ, સાધુસંસ્થાનો જ મૂળમાંથી વિનાશ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. એવાઓ સમજી લે કે જૈનશાસન જયવંતુ વર્તે છે અને પાંચમાં આરાના અન્ત સુધી જયવંતુ વર્તવાનું છે. અમારી હયાતિ ન રહે એ બને, પણ સાધુસંસ્થાના મૂળ તો પાંચમાં આરાના અન્ત સુધી કોઈ ઉપાયે ઉખેડી શકાવાના નથી જ. સાધુસંસ્થાના મૂળ ઉખેડવા મથનારા પોતે જ ઉખડી જવાના છે.

**ગુણવાન આત્માઓની આશાતનાના પાપમાં ન પડો !**

સાધુઓ તમને એમ કહેતા જ નથી કે 'તમે સાધુતા હીન એવા પણ વેષધારીઓને માનો !' સાધુઓનું કહેવું તો એ છે કે તમે તપાસ કરતા શીખો. તમને દોષ જણાય તો ખુલાસો મેળવો. વગર તપાસે, ગમે તેના કહેવાથી દોરવાઈ જઈ, ગુણવાન આત્માઓની આશાતના કરવાના પાપમાં ન પડો !' આજે તો એવી પણ દશા પ્રત્યક્ષ દેખાઈ છે કે સુસાધુઓને કલ્પિત રીતે વગોવવાનો ધંધો લઈ બેઠેલાઓ સાધુતાહીન વેષધારીઓની પ્રશંસા આદિ કરે છે. ખરી વાત એ છે કે તેઓ વેષધારીઓને હથીયાર બનાવીને, સુસાધુઓ પ્રત્યે જનતામાં અરૂચિ ફેલાવવાને ઇચ્છે છે. આવા વિપરીત વાતાવરણમાં કલ્યાણના અર્થી આત્માઓએ સવિશેષ સાવધ બનવું જોઈએ અને ખોટી વાતોથી ભોળવાઈને ઉન્માર્ગે ચઢી જવાય નહિ, તેની કાળજી રાખવી જોઈએ.

અહીં તો જંઘાચારણલબ્ધિવાળા પેલા સાત મહાત્માઓ ભિક્ષા કરીને અર્હદ્દત્ત શ્રેષ્ઠિના ગૃહમાંથી બહાર નીકળ્યા અને તે અયોધ્યાનગરીમાં ચાતુર્માસ સાથે બિરાજમાન શ્રી ધૃતિ નામના આચાર્ય ભગવાન જે વસતિમાં રહેલા છે તે વસતિમાં ગયા. તેમને આવેલા જોતાની સાથે જ, શ્રી ધૃતિ નામના તે આચાર્ય ભગવાન ઉભા થઈ ગયા અને ગૌરવ સહિત તેમને વંદન કર્યું. શ્રી ધૃતિ નામના આચાર્ય ભગવાને આ પ્રમાણે ઉભા થઈને અને ગૌરવ સહિત વન્દન

કરીને તે સાત મહાત્માઓનું બહુમાન કરવા છતાં પણ, તે મહાત્માઓને 'અકાલચારી' માનીને શ્રી ધૃતિ નામના આચાર્ય ભગવાનના સાધુઓએ તેમને વન્દન કર્યું નહિ.

**મુનિઓ માટે વિનયહીનતા એ કારમો દોષ છે**

**સભા** : પોતાના ગુરૂ સત્કાર કરે છે એમ જોવા અને જાણવા છતાં પણ સાધુઓ વન્દન ન કરે, એ વ્યાજબી ગણાય ? નહિ જ. મુનિઓએ વન્દન ન કર્યું એ વ્યાજબી કર્યું છે, એમ કહેવાય જ નહિ. અર્હદ્દત્ત શ્રેષ્ઠી કરતાં પણ મુનિઓ વધારે દોષપાત્ર ગણાય. પોતાના ગુરૂ આચાર્યભગવાન ખુદ ઉભા થઈને વન્દન કરે છે, તે છતાંય આ અકાલચારીઓ છે' એમ માનીને મુનિઓ વન્દન કરતા નથી, એ વિનયગુણની ખામી જ ગણાય. આવા આત્માઓ પરિણત અપરિણતને લગતી પરીક્ષામાં નિષ્ફળ જ નીવડે. ગીતાર્થ ગુરૂ કરતા પોતાને વધારે ડાહ્યા અને સમજુ માનવાનો અભરખો, તેઓમાં જ જન્મે છે, કે જેઓને જ્ઞાન આદિ પ્રાપ્ત થવા છતાંય તેનું ફળ પ્રાપ્ત થયું નથી. મુનિઓને માટે વિનયહીનતા એ કારમો દોષ છે. એ દોષ મુનિઓને મુનિપણાથી ભ્રષ્ટ કરવામાં પણ અગત્યનો ભાગ ભજવે છે. થોડુંક જ જ્ઞાન ધરાવનારા પણ વિનયશીલ મુનિઓ સારી રીતે તરી જાય છે અને સુવિશદ ગણાતું પણ જ્ઞાન ધરાવનારા ઉદ્ધત મુનિઓ ડૂબી જાય છે. વિનયહીન નથી તો પોતાનો ઉદ્ધાર સાધી શક્તો, કે નથી તો પરનો ઉદ્ધાર સાધી શક્તો. વિનયહીનનું જ્ઞાન તારક નથી, પણ બોજારૂપ છે. સમ્યગ્જ્ઞાનથી વિનય આવ્યા વિના રહે જ નહિ. વિનય, એ તો ધર્મનું મૂળ છે. તે સાત મહાત્માઓને શ્રી ધૃતિ નામના આચાર્ય ભગવાનના સાધુઓએ વન્દન ન કર્યું, પણ શ્રી ધૃતિ નામના આચાર્ય ભગવાને તો તેઓને આસનદાન કર્યું. ત્યાં બેસીને તે મહાત્માઓએ પારણું પણ કર્યું. પારણું કર્યા બાદ, તે મહાત્માઓએ કહ્યું કે, 'અમે મથુરાપુરીથી આવ્યા હતા અને હાલ ત્યાં જઈએ છીએ.' શ્રી ધૃતિ નામના આચાર્ય ભગવાનને આ પ્રમાણે કહીને, તે સાતેય

પરમર્ષિઓ આકાશમાર્ગે ગમન કરીને પોતાને સ્થાને આવ્યા. આ જંઘાચારણ મહાત્માઓના ગયા બાદ, શ્રી ધૃતિ નામના તે આચાર્ય ભગવાને તે મહાત્માઓના ગુણોની સ્તુતિ કરી. આચાર્ય ભગવાને કરેલી આ ગુણસ્તુતિને સાંભળતા, તે સાત મહાત્માઓની અવજ્ઞા કરનારા સાધુઓને માલૂમ પડ્યું કે, તેઓએ અવજ્ઞા કરવામાં ભૂલ કરી હતી. તેઓએ જે મહાત્માઓને અકાલચારી માની લઈને સ્વેચ્છાચારી કલ્પ્યા હતાં. તે મહાત્માઓ સ્વેચ્છાચારી નહીં હતા પણ જંઘાચારણ મુનિવરો હતાં, એમ તેઓને જણાયું. આથી તેઓએ પોતે કરેલી અવજ્ઞા બદલ પશ્ચાત્તાપ કર્યો. પોતાની ભૂલ જણાતાં પશ્ચાત્તાપ થવો, એ પણ આત્માની તેટલી ઉત્તમતાને જ સૂચવે છે. ભૂલ થવામાં જે ખામી ગણાય, તેના કરતા ભૂલ ભૂલરૂપે જણાયા બાદ પણ પશ્ચાત્તાપ ન થાય, તો તે મોટી ખામી ગણાય. પોતે કરેલી અથવા તો કહો કે પોતાનાથી થઈ ગયેલી ભૂલ, ભૂલરૂપ જણાયા બાદ પણ જેઓને તે બદલ પશ્ચાત્તાપ નથી થતો, તેઓ તો ઘણી જ અધમકોટિના આત્માઓ છે. તેવાઓનો નિસ્તાર ઘણો જ મુશ્કેલ બની જાય.

### સુધારવાનો પ્રયત્ન પણ લાયકાત મુજબ થવો જોઈએ

**સભા** : આચાર્યે સાધુઓને ઠપકો ન દીધો ?

**પૂજ્યશ્રી** : એ કામ થઈ ગયું ગુરુઓએ દરેક ભૂલ બદલ શિષ્યાદિને ઠપકો દઈને પણ ભૂલનો ખ્યાલ આપવો અને ભુલ થઈ ગયા બદલ પશ્ચાત્તાપ કરાવવો, એ જ કામ હતું ને ? ઠપકો જ આપવો જોઈએ, એવો નિયમ નથી. સામાની લાયકાત મુજબ સુધારવાનો પ્રયત્ન થાય. બનવાજોગ છે કે, આચાર્ય મહારાજે જંઘાચારણ સપ્તર્ષિઓના ગુણોની જે સ્તુતિ કરી, તે અવજ્ઞા કરનારા સાધુઓને તેમની ભૂલનો ખ્યાલ આપવાના હેતુથી પણ કરી હોય. કેટલીક વાર દોષપાત્ર આત્માઓને વારંવાર ઠપકો દેનારાઓ તો સામાને ધૃષ્ટ બનાવી દે છે. એથી એઓ સુધરવાને બદલે બગડે છે

અને પૂજનીય સ્થાનની અવજ્ઞા કરનારો બની જાય છે. ગુરૂમાં પરોપકારરસિકતાની સાથે ગંભીરતા અને ધીરતા આદિ ગુણો પણ હોવા જોઈએ. દોષિત આત્માઓની સાથે કઈ રીતે કામ પાડવાથી તેઓ દોષમુક્ત બની શકશે, એ વિચારવાનું ડહાપણ પણ હોવું જોઈએ. કેટલીકવાર ગંભીરતાભર્યું મૌન અગર તો ઉપેક્ષા પણ એવું સુન્દર પરિણામ નિપજાવે છે, કે જેવું સુન્દર પરિણામ ઠપકો નિપજાવી શકે નહિ. અવસરે પદ્ધતિસર કહેવાથી લાભ થાય છે અને અનવસરે જેમ તેમ કહી દેવાથી હાનિ થાય છે. આમાં તો આપણે એ જ સમજવાનું છે કે, આચાર્ય મહારાજે ઠીક લાગ્યું તેમ કર્યું, પણ પરિણામ તો સુન્દર જ આવ્યું.

**અર્હદ્દત્ત શ્રાવકે સપ્તર્ષિઓની ક્ષમા માંગી**

શ્રી ધૃતિ નામના આચાર્ય ભગવાનની વસતિમાં બનેલા આ બનાવની પેલા અર્હદ્દત્ત શ્રાવકને પણ જાણ થઈ. એથી તેને પણ પશ્ચાત્તાપ થયો. આવા જ્ઞાની અને તપસ્વી મહાત્માઓની પોતાનાથી અવજ્ઞા થઈ ગઈ, એ બદલ તેને બહુ ત્રાસ થયો. તેણે તો એ મુનિવરોની પાસે જઈને પોતે કરેલી અવજ્ઞા બદલ ક્ષમા માંગવાનો નિર્ણય કર્યો. સમ્યગ્દૃષ્ટિ આત્માઓને નિર્ગુણીનુ બહુમાન અને ગુણીનું અપમાન ન ખટકે, એ બને ? ગુણી આત્માઓનું અપમાન થઈ જાય, એથી તો સમ્યગ્દૃષ્ટિ આત્માઓને બહુ દુ:ખ થાય. કરણીય ક્રિયા ન થવાથી અને અકરણીય ક્રિયા ભૂલથી આચરવાથી પણ સમ્યગ્દૃષ્ટિ આત્મા કેટલો બધો દુ:ખી બની જાય છે, તે આ દૃષ્ટાન્ત ઉપરથી પણ ઘણી જ સારી રીતે કલ્પી શકાય તેમ છે. તે સાત મહાત્માઓની થઈ ગયેલી અવજ્ઞા બદલ, પશ્ચાત્તાપને પામેલો તે અર્હદ્દત્ત શ્રેષ્ઠી, કાર્તિક સુદ સાતમે મથુરા ગયો. ત્યાં જઈને તેણે પ્રથમ તો શ્રી જિનચૈત્યોની પૂજા કરી અને તે પછી પેલા સાત મહાત્માઓની પાસે જઈને તેમને વન્દન કર્યું તેમજ પોતે કરેલા અવજ્ઞાદોષને જણાવવાપૂર્વક ક્ષમાની યાચના કરી. ઉત્તમ શ્રાવકો કેવી ભાવનાવાળા

હોય છે. તે સમજવા જેવું છે. અર્હદ્દત્તે એવો બચાવ ન શોધ્યો કે, 'આપણે ક્યાં જાણી જોઈને આશાતના કરી છે ? આપણને શી ખબર કે, આ જંઘાચારણ મુનિઓ હશે ? મેં તો તેમને સ્વેચ્છાચારી ધારીને જ અવજ્ઞા કરી હતી ને ?' સાચા શ્રાવકો આવો બચાવ ન કરે. તે તો સમજે કે, 'ગુણીને મેં અવગુણી કલ્પ્યા, એ મારી ભૂલ ! મને શંકા પડી તો મારે પૂછવું જોઈતું હતું.' આજના ઘણા ખરા તો આવું સમજે નહિ પણ ખોટો બચાવ જ કરે; કારણકે, કુગુરૂના ત્યાગની અને સુગુરુના સ્વીકારની સમ્યગ્દૃષ્ટિ આત્માઓમાં જે વૃત્તિ હોય છે, તેની જ મોટી ખામી છે.

ત્યારબાદ, શત્રુઘ્નને પણ ખબર પડી કે, મારા દેશમાં ઉત્પન્ન થયેલો દૈવિક વ્યાધિ સાત મહાત્માઓના પ્રભાવથી શાંત થઈ ગયો છે. આથી તે પણ કાર્તિકીના દિવસે મથુરાનગરીમાં આવ્યો અને તે મહાત્માઓની પાસે પહોંચ્યો. શત્રુઘ્ને આવીને તે મહાત્માઓને વન્દન કરવાપૂર્વક વિનંતી કરી કે,

'આપ મારા ઘેરથી ભિક્ષાને ગ્રહણ કરો !' શત્રુઘ્નની આ વિનંતીના ઉત્તરમાં શ્રી જૈનદર્શનમાં સાધુઓને માટે રાજપિંડનો નિષેધ કરાયો છે; એ કારણે તે મહાત્માઓએ કહ્યું કે,

*साधूनां राजपिंडो न कल्पते ।*

'સાધુઓને રાજપિંડ લેવો કલ્પે નહિ !'

આ રીતે પોતાને ત્યાંથી ભિક્ષા ગ્રહણ કરવાની વિનંતીનો અસ્વીકાર થવાથી, પુનઃ પણ શત્રુઘ્ને તે મહાત્માઓ પ્રતિ વિનંતી કરી કે,

"XXXXXXXXX, युयं मय्युपकारिणः ।
मद्देशे दैविको रोगः शांतो युष्मत्प्रभावतः ॥१॥
"तल्लोकानुग्रहायेह, किंचिदद्यापि तिष्ठत ।
सर्वा प्रवृत्तिर्भवतां, ह्यन्योपकृतिहेतवे ॥२॥"

"આપ મારા ઉપકારી છો. મારા દેશમાં ઉત્પન્ન થયેલો દૈવિક રોગ આપના જ પ્રભાવથી શાંત થયો છે. આથી લોકોના અનુગહને માટે આપ હજુ પણ અહીં થોડો વખત સ્થિરતા કરો. આપની આપના જેવા મહાત્માઓની તો સઘળી જ

પ્રવૃત્તિ અન્યોના ઉપકારમાં જ હેતુભૂત હોય છે.' શત્રુઘ્નની આ વિનંતીનો પણ તે સાત મહાત્માઓ અસ્વીકાર કરે છે. તેઓ ફરમાવે છે કે, 'તે વર્ષાઋતુનો કાલ ચાલ્યો ગયો, કે જે કાળમાં સ્થિરતા કરીને રહી શકાય. આ તો તીર્થયાત્રાનો કાલ છે. એટલે અમે હવે વિહાર કરીશું એક સ્થલે મુનિઓ સ્થિર રહેતા જ નથી.' આ ઉપરાંત તે મહાત્માઓએ શત્રુઘ્નની મનોવૃત્તિ કળી જઈને, એમ પણ ફરમાવ્યું કે, 'ગૃહસ્થોના ઘેર ઘેર તું શ્રી અરિહન્ત પરમાત્માના બિમ્બને કરાવ, એટલે આ નગરીમાં કોઈનેય કદિ વ્યાધિ થશે નહિ."

## મથુરામાં પ્રત્યેક ઘરમાં જિનબિંબની સ્થાપના

આ પ્રમાણે કહીને તે સપ્તર્ષિઓ ઉડીને અન્યત્ર ચાલ્યા ગયા. તેમના બાદ શત્રુઘ્ને પણ, તેઓએ ફરમાવ્યું હતું તેમ ઘેર ઘેર શ્રી જિનબિમ્બ કરાવતાં, લોકો નિરોગી થઈ ગયા. શત્રુઘ્ને તે સાત પરમર્ષિઓની પણ રત્નમય પ્રતિમાઓ કરાવી અને મથુરામાં ચારેય દિશાઓમાં તેને સ્થાપન કરાવી.

આવી રીતે શત્રુઘ્નનો મથુરાનગરીનો આગ્રહ અને તેના પરિણામને લગતો પ્રસંગ પૂરો થાય છે.

હવે આ મહાકાવ્યના રચયિતા, પરમઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન્ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, રામ-લક્ષ્મણે વૈતાઢ્યગિરિની સમસ્ત દક્ષિણ શ્રેણિ ઉપર મેળવેલા વિજયના વૃત્તાન્તને વર્ણવે છે. અહીં વિજયના વૃત્તાન્ત તરીકે યુદ્ધનું વિશેષ વર્ણન નથી કર્યું, પણ તે પ્રદેશમા કયા કારણે તેમને જવું પડ્યું તે વગેરેનું વર્ણન કર્યું છે.

તે સમયે વૈતાઢ્યગિરિ ઉપર 'રત્નપુર' નામનું એક નગર હતું. આ નગર વૈતાઢ્યગિરિની દક્ષિણશ્રેણિના આભૂષણ રૂપ હતું. 'રત્નરથ' નામનો રાજા ત્યાં રાજ્ય કરતો હતો. તે રાજાની 'ચંદ્રમુખી' નામની રાણીની કુક્ષિથી જન્મેલી 'મનોરમા' નામે દીકરી હતી. રત્નરથ રાજાની તે દીકરીનું નામ માત્ર જ મનોરમા હતું એમ નહિ, પરંતુ રૂપે પણ તે કન્યા મનોરમા હતી. 'યૌવનવયને પામેલી આ કન્યા કોને આપવી ?' એ વિશે રાજા રત્નરથ એકવાર મંત્રણા કરી રહ્યા છે. બરાબર એ જ વખતે નારદજીની ત્યાં પધરામણી થાય છે.

## રત્નરથરાજાને શ્રી નારદજીની સલાહ

નારદજી એટલે ? અતિ વાચાળ... વગર પૂછ્યે પણ બોલી નાંખે અને ન હોય ત્યાં કલહ પણ પણ ઉત્પન્ન કરાવી દે. નારદજી જેમ અતિ વાચાળ તરીકે ઓળખાય છે, તેમ તે કલહ જોવાના આકાંક્ષી તરીકે પણ ઓળખાય છે. અહીં એમને મોકો મળી ગયો. રાજા રત્નરથ પોતાની યૌવનવયને પામેલી પુત્રી મનોરમા કોને દેવી ? એ વિશે મંત્રણા ચલાવી રહેલ છે, એટલે નારદજી કહે છે કે, 'આ કન્યા તો લક્ષ્મણને લાયક છે.' શ્રી રામચન્દ્રજી જેવાના નાના ભાઈ, શ્રી રાવણ જેવાને હણી રાક્ષસદ્વીપ ઉપર વિજય પ્રાપ્ત કરનારા અને વાસુદેવ એવા શ્રી લક્ષ્મણજીનું નામ દેવામાં આમ તો કશો જ વાંધો ન ગણાય, પણ અહીં તો ગોત્રવૈર હતું.

ગોત્રવૈર, એ એક ભયંકર જાતિનું વૈર છે.એ વૈર વંશપરંપરામાં પણ પ્રાયઃ દીર્ઘકાલ પર્યન્ત ચાલ્યા કરે છે. તે તે કુળના ગોત્રીઓ, પોતાના જીવન દરમ્યાન કાંઈ જ ન બન્યું હોય તોય, પ્રાયઃ પરસ્પર વૈર રાખનારા હોય છે. અમુક ગોત્ર સાથે વૈર બંધાયું, એટલે એ ગોત્રમાં જે કોઈ જન્મે તેને વૈરી જ માનવો, આવી વૃત્તિ ગોત્ર વૈરને આધીન બનેલાઓની હોય છે. ગોત્ર વૈર, એ પણ જાણે કે એક જાતિનો વારસો જ હોય, એમ માનનારા અજ્ઞાન અને વિવેકશૂન્ય આત્માઓ પણ, આ દુનિયામાં સારી જેવી સંખ્યામાં અસ્તિત્વ ધરાવે છે.

## શ્વાનવૃત્તિ નહિં સિંહવૃત્તિને કેળવો

વિવેકી આત્માએ તો કોઈ પણ જીવના વૈરી બનવાનું હોય નહિ. વિશ્વના પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રીભાવ હોવો જોઈએ, પણ કોઈનીય સાથે વૈર નહિ હોવું જોઈએ. આ સંસારમાં વૈર તો તે વસ્તુની સાથે કેળવવું જોઈએ કે જે વસ્તુ સાચોસાચ દુશ્મનરૂપ જ છે. દુનિયાના અજ્ઞાન જીવો એને સમજતા નથી. દુનિયાના અજ્ઞાન જીવો સાચા દુશ્મનની સાથે લડતા નથી અને દુશ્મને ઉત્પન્ન કરેલા દુશ્મનની સાથે લડવાને તૈયાર થઈ જાય છે. એ સિંહવૃત્તિ નથી પણ

શ્વાનવૃત્તિ છે. સિંહ બાણ તરફ નહિ દોડતાં, બાણ મારનાર ઉપર જ તરાપ મારવા દોડે છે જ્યારે શ્વાન લાકડી મારનાર ઉપર નહિ ધસતા લાકડી તરફ દોડે છે. એ જ રીતે અજ્ઞાન જીવો પણ દુઃખના વાસ્તવિક કારણનો નાશ કરવાને માટે પ્રયત્નશીલ નથી બનતા, પણ દુઃખના વાસ્તવિક કારણ યોગે પ્રાપ્ત થયેલી સામગ્રીનો સામનો કરવા તત્પર બને છે. એ સિંહવૃત્તિ નથી પણ શ્વાનવૃત્તિ છે. વિચાર કરો કે 'આ સંસારમાં ખરેખર દુશ્મનરૂપ કઈ વસ્તુ છે ?'

**સભા** : આત્માએ પોતે બાંધેલા કર્મ.

**પૂજ્યશ્રી** : બરાબર છે. કર્મ એ જ મોટામાં મોટો દુશ્મન છે કારણકે, સર્વ આપત્તિ એના યોગે પ્રાપ્ત થાય છે.આત્મા અનાદિકાલથી એ કર્મરૂપ દુશ્મનના કારાગારમાં કેદી બનેલો છે. જ્યાં સુધી એ કારાગારને ભેદી બહાર ન નીકળાય, એટલે કે, તેનાથી સર્વથા મુક્ત ન બનાય, ત્યાં સુધી સઘળાં જ દુઃખોનો સંપૂર્ણ અન્ત, એ અસંભવિત વસ્તુ છે. સુવર્ણનો માટી સાથે જેવો એકમેક સ્વરૂપ યોગ છે, તેવો જ આત્માનો કર્મની સાથેનો યોગ છે એમ કહી શકાય. આત્મા ચેતન છે અને કર્મ જડ છે. એ બેનો જે એકમેક સ્વરૂપ યોગ, તે જ આત્માનો સંસાર છે અને તેવા પ્રકારના યોગનો જે વિયોગ તે જ આત્માનો મોક્ષ છે. મુક્તાત્મા સાથેનો જડસ્પર્શ એ વસ્તુતઃ યોગ કહેડાવવાને લાયક નથી; કારણકે, આત્માને કાંઈ જ અસર કરી શક્તો નથી. એવો સ્પર્શ બન્યો રહે એથી મુંઝાવવાનું હોય જ નહિ. તેવા પ્રકારનો યોગ જ દુઃખદાયક છે, કે જે યોગ સ્પર્શ માત્ર રૂપ નથી પણ એકમેક સ્વરૂપ છે, દુનિયામાં સારી-નરસી જે કાંઈ સામગ્રી પ્રાપ્ત થાય છે તે શુભાશુભ કર્મથી પ્રાપ્ત થાય છે. કર્મબદ્ધ આત્માઓને દુનિયાના દુશ્મનો ભલે હેરાન કરી શકતા હોય, પણ કર્મમુક્ત આત્માને સમર્થમાં સમર્થ પણ દુશ્મન હેરાન કરી શકતો નથી. આપણું *કોઈ અપમાન કરે, આપણને કોઈ હાનિ પહોંચાડે, ત્યારે અગર તેવા*

દરેક પ્રસંગે આપણે સમજવું જોઈએ કે 'એટલો મારા દુષ્કર્મનો ઉદય.' આવો ખ્યાલ વૈરભાવનાને ઉત્પન્ન થવા દેતો નથી અને વૈરભાવના કદાચ ઉત્પન્ન થઈ ગઈ હોય તો ય તેને ઉપશમવનારો નિવડે છે. દુનિયાના જીવો જો શ્વાનવૃત્તિ ત્યજીને સિંહવૃત્તિને કેળવે, તો આ દુનિયામાંથી ઘણાખરા કજીયાઓ નાબુદ થઈ જાય. ઘણાખરા વૈરો શમી જાય અને પરિણામે દુઃખ માત્રનું જે કારણ કર્મ છે. તેનાથી આત્મા સર્વથા મુક્ત બની જાય.

### નારદજીને મારવાનો આદેશ અને હુકમ થતાં નારદજીનું આકાશ માર્ગે ગમન

રાજા રત્નરથને શ્રી લક્ષ્મણજીની સાથે ગોત્રવૈર હતું, એટલે નારદજીએ શ્રી લક્ષ્મણજીને મનોરમા દેવાની સલાહ આપી આથી રત્નરથ રાજાની પુત્રી કોપને પામી, અને તેણે પોતાના નોકરને ભૂસંજ્ઞા દ્વારા આજ્ઞા પણ ફરમાવી કે, 'આ વીર પુરુષ ને મારો !'

જેઓની સાથે ગોત્રવૈર હોય છે, તેઓમાંના કોઈને પણ કન્યા દેવી, એ જગતમાં હિણપતભર્યું કાર્ય ગણાય છે; એટલે પોતાના ગોત્રનું અભિમાન ધરાવનારા આત્માઓ આવી વાતોથી પણ ગુસ્સે થાય, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી. રાજા રત્નરથની પુત્રીએ ભુસંજ્ઞા દ્વારા, નારદજીને મારવાનો પોતાના નોકરોને હુકમ ફરમાવ્યો, એથી નોકરો પોતાની સ્વામિનીના હુકમનો અમલ કરવા માટે ઉઠ્યા પણ બુદ્ધિમાન એવા નારદજી નોકરોના હેતુને કળી ગયા. તરત જ પક્ષીની જેમ ત્યાંથી આકાશ માર્ગે ગમન કરીને ઉડીને, નારદજી સીધા જ શ્રી લક્ષ્મણજીની પાસે આવી પહોંચ્યા.

નારદજી બુદ્ધિમાન હતા અને વળી આકાશમાં ઉડવાની શક્તિને પણ ધરાવતા હતા, એટલે જો કે એના ફંદામાં ફસાયા નહિ, પણ તેથી તેમને ચેન પડ્યું નહિ, અપમાન કરવાનું વચન એના જ મોંમા પાછું નખાવવાનો એમણે પ્રયત્ન આદર્યો કલહપ્રેક્ષણના આકાંક્ષી આત્માને આવી તક મળે એ તો એમને મન આનંદનો વિષય

ગણાય. આથી શ્રી નારદજીએ પહેલું કામ તો એ કર્યું કે રત્નરથ રાજાની તે મનોરમા નામની રૂપવતી કન્યાને પટ ઉપર આલેખી. પછી એ ચિત્રપટ લઈને નારદજી શ્રી લક્ષ્મણજીની પાસે ગયા. શ્રી લક્ષ્મણજીને તે ચિત્ર બતાવ્યું અને સાથે સાથે પોતાના વૃત્તાન્તને પણ આદિથી માંડીને અન્ત સુધી કહી સંભળાવ્યો. વિષય સુખોના ભોગવટામાં પડેલા અને લેશ પણ અપમાનને નહિ સહી શકનારા આત્માઓને, આ રીતે પણ ક્ષણવારમાં યુદ્ધને માટે ઉત્તેજિત કરી શકાય છે. એક તો મનોરમા રૂપે મનોરમા હતી અને એમાં અપમાનનું કારણ ભળ્યું, એટલે પૂછવું જ શું ?

**સભા** : એમાં અપમાન ?

**પૂજ્યશ્રી** : શ્રી નારદજીએ રત્નરથ રાજાને શ્રી લક્ષ્મણજીને કન્યા દેવાની સલાહ આપી માટે તેમને મારવાનો હુકમ થયો. એટલે એમાં શ્રી લક્ષ્મણજી જેવાને પોતાનું અપમાન લાગે તે સ્વાભાવિક છે. એમ પણ થાય કે, 'એવી તે એ કન્યા કેવી, કે જે તેના સ્વામી તરીકે મારું નામ સાંભળતાની સાથે જ પુલકિત થવાને બદલે કોપિત થાય? એની તાકાત શી ? હવે તો એને પરણ્યે જ છૂટકો.'

### યુદ્ધ, વિજય અને મનોરમાની સાથે પાણિગ્રહણ

અહીં તો શ્રી લક્ષ્મણજીમાં મનોરમાનું રૂપ જોઈને અનુરાગ પ્રગટ્યો છે. મનોરમાના રૂપદર્શનથી અનુરાગી બનેલા શ્રી લક્ષ્મણજી ક્ષણવારમાં યુદ્ધ કરવાને તૈયાર થઈ ગયા અને રાક્ષસો તથા વિદ્યાધરોથી પરિવરેલા તે રત્નપુર નગરની પાસે આવી પહોંચ્યા. શ્રી લક્ષ્મણજી જેવાને માટે રાજા રત્નરથને જીતવો, એ તો સામાન્ય વાત હતી. શ્રી લક્ષ્મણજીએ તેને તરત જ જીતી લીધો અને જીતાયેલા એવા તેણે પણ પોતાની 'શ્રીદામા' નામની કન્યા રામચંદ્રજીને આપી અને 'મનોરમા' નામની કન્યા શ્રી લક્ષ્મણજીને આપી. આ પછી, શ્રી રામચન્દ્રજી અને શ્રી લક્ષ્મણજી વૈતાઢ્યગિરિની સમગ્ર દક્ષિણ શ્રેણિને જીતીને અયોધ્યામાં પાછા ફર્યા અને સુખપૂર્વક રાજ્યનું પાલન કરવા લાગ્યા.

## સ્વાધીનતા અને પરાધીનતા

જુઓ કે, જે કન્યા જેને પરણવાને ઈચ્છતી નહોતી, જે કન્યા જેનું નામ સાંભળતા કોપને પામી હતી, તે જ કન્યાને તે જ શ્રી લક્ષ્મણજીની સેવામાં જવું પડ્યું, પરણવું પણ પડ્યું અને આધીન પણ બનવું પડ્યું. પુણ્ય પાંસરૂ હોય અને ગર્વ જીવનના અન્ત સુધી ટક્યો પણ રહે, પણ તેથી શું ? એ ગર્વનું પરિણામ તો વધારે પરાધીન બનાવનારુ જ કે બીજું કોઈ ? સંસારની ચડતી - પડતી પુણ્ય - પાપને આધીન છે. માણસ ગમે તેવો ખુમારીવાળો હોય, પણ પુણ્ય પરવારે એટલે એનો પરાજય થયા વિના રહે નહિ. એ રીતે પરાજયને પામનારો કારમો ઘમંડી હોય તો યે નમે નહિ એ શક્ય છે; પરંતુ મરે કે કારાવાસ ભોગવે, એ તો ચોક્કસ ને ? એનું મરણ પણ દુર્ગતિગમનની સાક્ષીરૂપ હોય. સંસારમાં રહેવું અને સ્વામી ન જોઈએ એમ કહેવાના ચાળા કરવા, એ ઈરાદાપૂર્વક ઝેર પીને મરવા જેવું છે. જેને સ્વામી ન જોઈએ, સંપૂર્ણ સ્વાધીનતા જોઈએ. તેણે તો સંસારને ત્યજી દેવો, ભાગવતી દીક્ષાને ગ્રહણ કરવી, આરાધનામાં અપ્રમત્ત બનવું અને એ રીતે સંપૂર્ણ નિર્જરા સાધી મુક્ત બનવું, મુક્તાવસ્થા એ જ એક સંપૂર્ણ સ્વાધીન અવસ્થા છે. એ અવસ્થા પામ્યા પછી કોઈજ કાળે લેશ પણ પરાધીનતા પ્રાપ્ત થતી નથી. એવો પ્રયત્ન તો કરવો નહિ અને સ્વાધીન બનવાની વાતો કરીને ખોટા ઉધમાતો મચાવવા, એ પોતાની પરાધીનતાને વધુ સજ્જડ બનાવવા જેવું છે, મુક્તાવસ્થા, એ સ્વાધીન અવસ્થા છે અને બદ્ધાવસ્થા એ પરાધીન અવસ્થા છે. બદ્ધાવસ્થા રૂપ પરાધીનતા સજીવ છે તેમજ તેને નિર્મૂળ કરવાનો પ્રયાસ સરખો પણ છે નહિ, ત્યાં સ્વાધીનતા સેવવાના મનોરથો, એ અગ્નિમાં પડી ઠંડક પ્રાપ્ત કરવાના મનોરથો જેવા વિપરીત પરિણામને પમાડનારા મનોરથો છે.

## શ્રી રામ-શ્રી લક્ષ્મણજીનો પરિવાર

હવે અહીં ફરમાવ્યું છે કે

*ષોડશાન્ત-પૂરવધૂ-સહસ્રં લક્ષ્મણસ્ય તુ ।*
*મહિષ્યોઽષ્ટાભવંસ્તત, વિશલ્યા રુપવત્યપિ ॥૧॥*

*वनमाला च कल्याण-मालिका रत्नमालिका ।*
*जितपद्माऽभयवती, चाष्टमा तु मनोरमा ॥२॥*
*सुनवो द्वे शते सार्धे, तैष्वष्ट महिषीभवाः ।*
*श्रीधरोऽभूद् विशल्याभू, पृथिवीतिलकः पुन ॥३॥*
*रूपवत्यंगजो वन-मालाजोऽर्जुनसंज्ञकः ।*
*श्रीकेशी जितपद्मायाः, कल्याणायास्तु मंगलः ॥४॥*
*सुपार्श्वकीर्तिस्तु मनो-रमाया विमलः पुनः ।*
*रतिमालाभूरभय-वतीभूः सत्यकीर्तिकः ॥५॥*
*"रामस्यासन्महादेव्य - श्चतस्रस्तत्र मैथिली ।*
प्रभावती रतिनिभा, श्रीदामा तु चतुर्थिका ॥१॥"

"શ્રી લક્ષ્મણજીની કુલ સોળ હજાર અન્તઃપુર વધુઓ થઈ. જેમાં આઠ પટરાણીઓ હતી. તે આઠ પટરાણીઓનાં નામો અનુક્રમે વિશલ્યા, રૂપવતી. વનમાલા, કલ્યાણમાલિકા, રત્નમાલિકા. જિતપદ્મા. અભયવતી અને મનોરમા - એવા હતા. શ્રી લક્ષ્મણજી કુલ અઢીસો પુત્રોના પિતા બન્યા, જેમાનાં આઠ પુત્રો આઠ પટરાણીઓના હતા. વિશલ્યાના પુત્રનુ નામ શ્રીધર હતું રૂપવતીના પુત્રનું નામ પૃથ્વીતિલક હતું. વનમાલાના પુત્રનું નામ અર્જુન હતુ. જિતપદ્માના પુત્રનું નામ શ્રીકેશી હતું, કલ્યાણમાલીકાના પુત્રનું નામ મંગલ હતું, મનોરમાના પુત્રનું નામ સુપાર્શ્વકીર્તિ હતુ, રતિમાલાના પુત્રનું નામ વિમલ હતું અને અભયવતીના પુત્રનું નામ સત્યકીર્તિ હતું અને શ્રી રામચન્દ્રજીને ચાર મહાદેવીઓ હતી જેમનાં અનુક્રમે નામો સીતાદેવી, પ્રભાવતી, રતિનિભા અને શ્રીદામા એ હતા."



# સીતાદેવીને સ્વપ્ન અને અનિષ્ટ નિવારણનો ઉપાય

## ૫

મહાસતી સીતાદેવીએ બે અષ્ટાપદ પ્રાણીઓને મુખમાં પ્રવેશતા જોયા એ બે પુત્રોના અવતારનું સૂચન હોવા છતાં તે બે અષ્ટાપદોને વિમાનમાંથી ચ્યવતા જોયા તેથી શ્રી રામચન્દ્રજીને અનીષ્ટનું એંધાણ લાગ્યું છે.

પુત્રપ્રાપ્તિની સંભાવનાથી રામચન્દ્રજી ખુશ થયા છે, પણ પુત્રપ્રાપ્તિ એ જ સુખનું કારણ નથી, એનાથી મા-બાપની દુર્ગતિ અટકતી નથી. મિથ્યાદૃષ્ટિઓની એ માન્યતા ભૂલ ભરેલી છે.

અનિષ્ટ સ્વપ્ન એ દુષ્કર્મના ઉદયની આગાહી કરનાર છે. પણ તે કાળે દુર્ધ્યાન ન કરતાં ધર્મ જ શરણરુપ છે. તેમ સમજી વિવેકપૂર્વક વર્તવું જોઈએ એ વાત અહીં બહુ સ્પષ્ટ કરાઈ છે.

છેલ્લે '*પ્રાયઃ પ્રવાદ્વાઃ લોકનિર્મિતાઃ*' કહીને મહાપુરુષો ઉપરના આરોપ લોકોએ જોડેલા હોય છે. એ વાતને સ્પષ્ટ કરવા સાથે મહાસતીજી ઉપરનું કલંકના મૂળમાં તેઓની સપત્નીઓનું વિચિત્ર પરાક્રમ વર્ણવાયું છે.

-શ્રી

# સીતાદેવીને સ્વપ્ન અને અનિષ્ટ નિંવારણનો ઉપાય

- પુત્ર પ્રાપ્તિ એ શું સુખનું કારણ છે ?
- પુત્ર થાય એટલે બાપની દુર્ગતિ ન રોકાય ?
- કોઈના પણ પુણ્યોદયની ઈર્ષ્યા ન કરો !
- દુષ્કર્મનો ઉદય આવવાની તૈયારી
- શીલના અર્થી આત્માઓએ આજે સાવધ રહેવું જોઈએ
- શીલના અર્થીએ વિવેકપૂર્વકમર્યાદાઓનું પાલન કરવું જોઈએ
- શ્રીમતી સીતાજીની સપત્નીઓ શ્રીમતી સીતાજી માટે તદ્દન ખોટી વાત રામચંદ્રજીને કરી
- કર્મસત્તાના ઉપદ્રવથી આત્માને બચાવનાર ખરેખર જૈન શાસન છે
- અનુકૂલ પદાર્થો મળવા કે ભોગવવા એ ઈચ્છાને આધીન નથી
- શ્રીમતી સીતાજીના દોષની વાત લોકમાં શોક્યોએ ફેલાવી
- વિદ્યમાન કે અવિદ્યમાન દોષોને ગાનારાઓનો તોટો નથી
- નિન્દારસિકતા પોતાના આત્મા પ્રત્યે કેળવો
- ઉન્માર્ગના રસિકો દ્વારા મહાપુરુષો અને સન્માર્ગ ઉપર થતું આક્રમણ
- શ્રીમતી સીતાજીઓ દોહદ અને મહેન્દ્રોદય ઉદ્યાનમાં ગમન
- શ્રીમતી સીતાજીનું જમણું નેત્ર ફરકે છે
- આપત્તિના સમયે સમાધિ જળવાય તે રીતે રહો !
- દુ:ખમા પણ સુખ અનુભવી શકાય
- ચક્વર્તી અને ઈન્દ્રના કરતાં પણ સાધુઓ વિશેષ સુખને અનુભવે છે
- દુ:ખનું કારણ મમત્વનું બંધન !
- મુક્તિમાર્ગની આરાધનામાં દત્તચિત્ત બનો !
- આજના ધીંગાણા અને વિપ્લવના વાતાવરણ સમયે શ્રદ્ધાળુઓની ફરજ
- કર્મસત્તા રીઝવી રીઝે પણ નહિ રડયે પીગળે પણ નહિ
- દુ:ખ પ્રત્યે નહિ, પણ પાપ પ્રત્યે તિરસ્કાર પ્રગટવો જોઈએ
- કોઈ કોઈના પણ દુષ્કર્મોદયને અન્યથા કરી શકે જ નહિ
- ધીર અને વીર બની સમભાવે વેઠો

# ૫

## સીતાદેવીને સ્વપ્ન અને અનિષ્ટ નિવારણનો ઉપાય

આ રીતે શ્રી રામ-લક્ષ્મણના પરિવારનું વર્ણન કર્યા બાદ, કલિકાળસર્વજ્ઞ, આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, શ્રીમતી સીતાદેવી ઉપર આવેલા કલંકના વૃત્તાન્તને વર્ણવવાનું શરૂ કરતા ફરમાવે છે કે, "એકવાર ઋતુસ્નાતા શ્રીમતી સીતાદેવીએ રાત્રિને અંતે સ્વપ્ન જોયું. એ સ્વપ્નમાં શ્રીમતી સીતાદેવીએ વિમાનમાંથી ચ્યવેલા બે અષ્ટાપદ મૃગોને પોતાના મુખમાં પ્રવેશ કરતા જોયા. શ્રીમતી સીતાદેવીએ આ વાત શ્રી રામચન્દ્રજીને જણાવી. જવાબમાં શ્રી રામચન્દ્રજીએ શ્રીમતી સીતાજીને કહ્યું કે, 'બે અષ્ટાપદ મૃગોને તે તારા મુખમાં પ્રવેશતા જોયા, એ સૂચવે છે કે, તને બે વીર પુત્રોની પ્રાપ્તિ થશે, પણ તે બે અષ્ટાપદમૃગોને તે વિમાનમાંથી જે ચ્યવેલા જોયા, તેથી મને હર્ષ થતો નથી.

શ્રીમતી સીતાદેવીએ જે બે અષ્ટાપદમૃગોને પોતાના મુખમાં પ્રવેશ કરતાં જોયાં તે બે અષ્ટાપદ મૃગોને તેમણે વિમાનમાંથી જે ચ્યવેલા જોયા, તેથી શ્રી રામચંદ્રજીને કોઈ અનિષ્ટ ભાવિનો ખ્યાલ આવે છે. એ વિના શ્રી રામચન્દ્રજી જેવા આ પ્રમાણે કહે એ બને નહિ.

**સભા** : બે વીર પુત્રો થવાના છે, એ જાણીને તો આનંદ થાય ને ?

**પૂજ્યશ્રી** : વીર પુત્રોની પ્રાપ્તિ, એ સંસારીઓના આનંદનો વિષય બને તે સ્વાભાવિક છે; પરંતુ અહીં તો સાથે અનિષ્ટની કલ્પના

ખડી થઈ છે, એટલે આનંદ નથી થતો, ગમે તેવા શૂરવીરને પણ અનિષ્ટની કલ્પના હચમચાવી મૂકે છે. અનિષ્ટ કોને પ્રિય છે ? અનિષ્ટ પ્રિય નથી, એના તો આ જગતમાં ઉધમાતો છે, પણ દુનિયાને ખબર નથી કે, ઉધમાતો અનિષ્ટવિદારક નથી પણ અનિષ્ટવર્ધક છે. અનિષ્ટથી સર્વથા પર તો તે છે, કે જે અનિષ્ટના કારણથી જ પર છે. અનિષ્ટનું કારણ આત્માની સાથેનો કર્મનો સંબંધ છે. કર્મનો સંયોગ ટળે નહિ, ત્યાં સુધી અનિષ્ટની સંભાવના ટળે નહિ. અનિષ્ટથી ડરનારાઓએ તો એ સંયોગને જ નાબૂદ કરવા ઉદ્યમશીલ બનવું જોઈએ. એને બદલે આજે તો એ સંયોગ પુષ્ટ બને, એટલું જ નહિં પણ એ કારમા સ્વરૂપવાળો બને, એવા પ્રયત્નો થઈ રહ્યા છે. જે અહિંસાદિ દ્વારા એ સંયોગોને નાબૂદ કરી શકાય, તે અહિંસાદિને પણ આજે તો તે સંયોગને પુષ્ટ અને રૌદ્ર બનાવવામાં ઉપયોગ થઈ રહ્યો છે. ખરેખર, જેનું ભાવિ ભયંકર હોય છે, તેઓને માટે સંવરના સ્થાનો પણ આશ્રવના સ્થાનો બની જાય છે; જે દ્વારા નિર્જરા સાધી શકાય, તેના જ દ્વારા તેવાઓ અશુભ કર્મબન્ધને સાધે છે. આથી ઉપકારીઓ ફરમાવે છે કે, જ્ઞાનીઓની આજ્ઞા મુજબ કેવળ મોક્ષના જ હેતુથી સંસારથી વિરક્ત બનીને રત્નત્રયીની આરાધનામાં રત બનવું, એ જ અનિષ્ટ નિવારણનો એક માત્ર અમોઘ ઉપાય છે.

### પુત્રપ્રાપ્તિ એ શું સુખનું કારણ છે ?

શ્રી રામચંદ્રજીના કથન પરથી પણ સમજી શકાય તેમ છે કે, ઘણા સુખ વચ્ચે રહેલું થોડું દુઃખ જીવોને ઇષ્ટ નથી. જ્ઞાનીઓ ફરમાવે છે કે, જીવ માત્રને દુઃખથી પણ રહિત અને અન્તથી પણ રહિત એવું સુખ જોઈએ છે. અનુભવ પણ એ જ કહે છે. છતાં દુનિયાના જીવો દુઃખ મિશ્રિત અને નાશવંત એવા સુખને જ વાસ્તવિક સુખ માનીને પ્રવૃત્તિ કરી રહ્યા છે. પુત્ર વિનાના માણસો પુત્રની ઇચ્છા રાખે છે. તેમની કલ્પના એવી હોય છે, કે 'પુત્ર હોય તો સુખ. આ કલ્પના વ્યાજબી છે ? આવી કલ્પનામાં વિવેક છે ? પુત્ર કોઈ દિ' માંદો પડે કે નહિ ? એક દિ' એ મરવાનો ખરો કે નહિ ? એ ન મરે, તો બાપને એક દિ' એની પહેલા મરવાનું ખરૂં કે નહિ ? કોઈનેય મરણ છોડવાનું નથી.

એવા વખતે પુત્રના મોહમાં ફસેલાઓને કેટલું દુઃખ થાય ? પુત્ર થયો, પણ ઉડાઉ નીકળ્યો તો ? દુરાચારથી આબરૂને બટ્ટો લગાડનારો નિવડ્યો તો ?

**સભા** : દુઃખ થાય.

**પૂજ્યશ્રી** : એ દુઃખ કોણે ઉભુ કર્યું ?

**સભા** : બધા કાંઈ એવા નિવડે છે ?

**પૂજ્યશ્રી** : પણ કોઈ એવા નિવડતા જ નથી, એમ તો તમે કહી શકો એમ નથી ને ? વિવેકી અને સદાચારી પણ પુત્ર માંદો ન જ થાય, એવું થોડું જ છે ? મરે નહિ, એવું થોડું જ છે ? એ વધારે જીવે તો બાપને વહેલા જવું પડે, એ તો ચોક્કસ છે ને ? એટલે પુત્રપ્રાપ્તિમાં કલ્પેલું સુખ કેવું ? વિનાશી કે અવિનાશી ?

**સભા** : વિનાશી

**પૂજ્યશ્રી** : છતા પુત્ર પ્રાપ્તિ માટેની ઇચ્છા કેટલી ?

**સભા** : પુત્ર પ્રાપ્તિ વિના વંશ ટકે નહિ ને ?

**પૂજ્યશ્રી** : ધારો કે, વંશ ન ટકે, તો પણ તેમાં નુકસાન શું ? વંશ ટકાવવો, એ સુખનું કારણ છે ? મર્યા પછી કેટલાક જોવા આવ્યા કે, 'મારો વંશ ટક્યો છે કે નહિ ?' આ સંસારમાં કેટલા વંશો નામશેષ થઈ ગયા ? આ દુનિયામાં જેના નામની પણ કોઈને ખબર નથી, એવા કેટલા વંશો નાશ પામ્યા ? વંશને ટકાવીને શું તમારે તમારા પાપનું કારખાનું ચાલુ રાખીને મરવું છે ? ઉપકારીઓ તો ફરમાવે છે કે, જીવતા ત્યાગ ન થયો, તો છેવટે મરતી વેળાએ તો જરૂર સઘળું વોસરાવી દેવું. મરતી વેળાએ તો આ શરીરને પણ વોસરાવી દેવું જોઈએ, કે જેથી પાછળની કોઈપણ કાર્યવાહી સાથે આત્માનો સંબંધ રહે નહિ.

### પુત્ર થાય એટલે બાપની દુર્ગતિ ન રોકાય ?

**સભા** : પુત્ર ન હોય તો દુર્ગતિ થાય એમ પણ માનવામાં આવે છે.

**પૂજ્યશ્રી** : એ માન્યતા મિથ્યાદૃષ્ટિઓની છે, જેમને વસ્તુ સ્વરૂપનો ખ્યાલ નથી. પુત્ર જ જો દુર્ગતિએ જતાં રોકી શકતો હોય, તો

તેવું માનનારાઓ બીજા પણ જે ધર્મ કર્મ પોતાની સમજ મુજબ કરે છે, તેનું કારણ શું ? પુત્રવાળા પણ પાપી આત્માની સદ્‌ગતિ થાય. એ શક્ય છે ? પાપોદયે થતી દુર્ગતિમાં, નથી તો પુત્ર આડે આવી શક્તો. નથી તો પત્ની આડે આવી શક્તી. દુર્ગતિથી બચવું હોય તો પાપથી બચો અને શુભ સ્થાને પહોંચવાને માટે ધર્મને સેવો. જીવોને દુર્ગતિમાં પડતાં બચાવી લઈને શુભ સ્થાનમાં સ્થાપન કરવાનું સામર્થ્ય એક માત્ર ધર્મમાં જ છે અને ધર્મ તે જ છે, કે શ્રી જિનાજ્ઞાથી પ્રતિબદ્ધ છે. શ્રી જિનાજ્ઞાથી વિપરીત પણે આચરવામાં આવતા અહિંસાદિ અનુષ્ઠાનો પણ ધર્મ રૂપ નથી કારણકે, અહિંસાદિ અનુષ્ઠાનોને આચરવાનો વાસ્તવિક વિધિ જો કોઈએ પણ બતાવ્યો હોય, તો તે એક શ્રી જિનેશ્વરદેવોએ જ બતાવ્યો છે.

અહીં શ્રી રામચન્દ્રજીએ શ્રીમતી સીતાદેવીને કહ્યું કે, 'બે અષ્ટાપદ મૃગોને વિમાનમાંથી જે ચ્યવેલા જોયા, તેથી મને આનંદ થતો નથી.' એના ઉત્તરમાં શ્રીમતી સીતાદેવીએ કહ્યું કે, 'ધર્મના અને આપના મહાત્મ્યથી સર્વ સારુ થશે.' ખરેખર, જે કાંઈ સારું થાય છે. તે ધર્મ અને ધર્મશીલ આત્માઓના માહાત્મ્યથી જ સારું થાય છે. ધર્મ અને ધર્મશીલ આત્માઓના માહાત્મ્યથી અનિષ્ટનિવારણ અને ઈષ્ટપ્રાપ્તિ શક્ય છે. તથાવિધ પાપોદય હોય અને એથી કારમી પણ આપત્તિ આવે, પરંતુ ધર્મનું શરણ સ્વીકારનાર આત્માઓ તો આપત્તિના સમયમાં પણ અનુપમ શાન્તિ ભોગવી શકે છે.

### કોઈના પણ પુણ્યોદયની ઈર્ષ્યા ન કરો !

આ રીતે શ્રીમતી સીતાદેવી આવો ઉત્તર આપીને, ગર્ભને ધારણ કરવા લાગ્યાં. સીતાદેવી ઉપર શ્રી રામચન્દ્રજીનો પ્રથમથી જ વિશેષ અનુરાગ હતો અને ગર્ભધારણના કારણે તે વધ્યો. શ્રી રામચન્દ્રજીનો અનુરાગ વધે તે શ્રીમતી સીતાદેવીની સપત્નીઓથી કેમ ખમાય ? શ્રીમતી સીતાજીને પુત્ર થાય, તો શોક્યોની કિંમત ઘટે ને ? ખરેખર, આ દુનિયામાં મિથ્યા માન્યતાઓનો તો કોઈ તોટો જ નથી. કર્મવશવર્તી અજ્ઞાન આત્માઓ જેટલી ખોટી કલ્પનાઓ ન કરે તેટલી ઓછી. સામાનો અનુરાગ વધવા ઘટવામાં આપણું પુણ્ય-પાપ કામ

કરે છે. એનો ખ્યાલ અજ્ઞાન જીવોને હોતો નથી. સમજુ આદમી પુણ્યવાનોની ઈર્ષ્યા ન કરે. બીજાને મળે તે પોતાને ન મળે, તો 'બીજાનો પુણ્યોદય અને મારો પાપોદય' એમ સમજવું જોઈએ. બીજાને સુખી ભાળીને તેમની ઈર્ષ્યા ન કરો અને બીજાને દુઃખી ભાળીને તેમનો તિરસ્કાર ન કરો.

શ્રીમતી સીતાજી ગર્ભવતી બન્યા અને એથી શ્રી રામચન્દ્રજીના વિશેષ અનુરાગને પાત્ર બન્યાં, તેમાં ઈર્ષ્યા શા માટે કરવી જોઈએ ? ઈર્ષ્યા કર્યે લાભ કે ગેરલાભ ? આપણા પ્રયત્નથી કદાચ સામાને તેના અશુભોદયે દુઃખ આવે, પણ એથી આપણે જે પાપમાં પડીએ તેનું શું? ઈર્ષ્યાળુ બનેલા આત્માઓ શું નથી કરતા ? ઈર્ષ્યાળુ પોતે બળે છે અને બીજાને બાળવા મથે છે. સામાનું સારું જોઈ શકવાની ઉદારતા જેનામાં નથી હોતી તેનામાં ઈર્ષ્યાને પ્રગટતાં વાર લાગતી નથી. ઈર્ષ્યા પ્રગટી એટલે દુર્વિચારો આવ્યા જ અને પછી શરૂ થાય દુષ્ટ કાર્યવાહી. જેના પ્રત્યે ઈર્ષ્યા હોય, તેનો નાશ કરવાની પેરવી શરૂ થાય આત્મા તેવા સમયે કેટલા બધા અધમ પરિણામોવાળો બને ? ઈર્ષ્યાળુના સઘળા પ્રયત્નો ફળે જ, એવો નિયમ નથી સામાનો તેવો પુણ્યોદય હોય તો ન પણ ફળે. ઈર્ષ્યાળુના પ્રયત્નો ફળે કે ન ફળે, પણ ઈર્ષ્યાળુ આત્મા પાપથી ખરડાયા વિના રહે નહિ ઈર્ષ્યા દુર્ગુણ બહુ ભયંકર છે. એના યોગે અવગુણોની પરંપરા વધી જાય છે. અને ગુણો હોય તો ય તે નાશ પામી જાય છે. ઈર્ષ્યાળુ આત્માઓ માયાવી પણ તેવા જ બને છે કારણકે માયા કેળવીને પણ તેઓ સામાનું ભૂંડું કરવાની ઈચ્છાવાળા હોય છે. શ્રીમતી સીતાદેવીની સપત્નીઓએ પણ ઈર્ષ્યાના યોગે માયા કેળવી છે. માયાવિની બનીને તેઓએ સરલ એવા શ્રીમતી સીતાદેવીને પોતાની કપટજાળમાં ફસાવ્યા છે.

### દુષ્કર્મનો ઉદય આવવાની તૈયારી

ઈર્ષ્યાળુ આત્માઓ છિદ્રો શોધવાનો પ્રયત્ન કરે, પણ છિદ્ર વિનાનામાંથી છિદ્રો જડે ક્યાંથી ? છિદ્ર જડે નહિ એ આડી-અવળી પાયા વિનાની વાતો કરે, તે શ્રી રામચન્દ્રજી માને નહિ. બીજી તરફ શ્રીમતી સીતાદેવી સરળ છે. તેમનાં હૃદયમાં પાપ નથી, એટલે એ તો

શોક્યોની સાથે પૂર્વવત્ સ્નેહથી વર્તે છે. સરળ માણસો ખાસ પ્રસંગ પડ્યા વિનાં બીજાને દોષિત માનવાને તૈયાર થતા નથી. સામાના સામાન્ય દોષોને તો ઉત્તમ આત્માઓ ગંભીરતાથી સહી લે છે. સરલ આત્માઓને તો દંભી આત્માઓ પણ પોતાના જેવા લાગે. દૃષ્ટિ એવી સૃષ્ટિ એ દેખે, પણ એમ નથી. સારામાં સારા પણ માણસને કલંકિત કરી દેતા દુર્જનો વાર ન લગાડે. શ્રીમતી સીતાજી તો પોતાના સતીપણા ઉપર મુસ્તાક હતાં, કેમકે, એમનામાં દોષ ન હતો. નિર્દોષને ભય શો ? સદાચારી, સદ્‌ગુણી હંમેશા નિર્ભય હોય છે. પણ પૂર્વેનું પાપકર્મ કાંઈ છોડે ? પૂર્વે ઉપાર્જેલું અશુભ કર્મ તો પોતાનો પ્રભાવ દેખાડે ને ? શ્રીમતી સીતાજીના દુષ્કર્મનો ઉદય આવવાની તૈયારીઓ ચાલી રહી છે. પણ તેમને તેની ખબર ક્યાથી હોય ? શ્રીરામચંદ્રજીને અત્યન્ત પ્રિય એવા શ્રીમતી સીતાજીને કલ્પના પણ ક્યાથી હોય કે 'મારે માથે કારમું કલંક આવશે તો આવશે પણ ખુદ શ્રીરામચંદ્રજી પણ મને ત્યજી દેશે?' ઠેઠ શ્રી રાવણને ત્યાંથી પણ જે મહાસતી નિષ્કલંકપણે પાછા ફરે, તે મહાસતીને પોતે પોતાના પતિના જ ઘરમાં કલંકિની ગણાશે. એવી શંકા પણ ક્યાંથી આવે ? પણ દુષ્કર્મનો ઉદય દુનિયાને અસંભવિત લાગતી પણ વાતોને સહેજમાં સંભવિત બનાવી દે છે.

શ્રીમતી સીતાજીની પ્રત્યે ઈર્ષ્યાળુ બનેલી તેમની સપત્નીઓએ, એકવાર પ્રસંગ પામીને શ્રીમતી સીતાજીને કહ્યું કે -

*"कीदृग्रूपो रावणोऽभूत्तं लिखित्वा प्रदर्शय ।"*

'શ્રી રાવણ કેવો રૂપવાળો હતો, તે આલેખી બતાવો !' શ્રી રાવણની આકૃતિ જોવાની આ લોકોને ઉત્સુકતા નહોતી. આ લોકોને તો શ્રીમતી સીતાજીને કલંકિત તરીકે જાહેર કરી શકાય તેવું કોઈ સાધન મેળવવાની જ ઉત્કંઠા હતી. આ તો કપટથી વાતો થઈ રહી છે. સપત્નીઓ કપટમાં રમે છે, ત્યારે શ્રીમતી સીતાજી સરળભાવે વાત કરે છે. શ્રીમતી સીતાજી સરળભાવે જ જવાબ આપે છે કે,

*" ++++ मया दृष्टः सर्वाङ्गं न हि रावणः ।*
*दृष्टो तच्चरणावेव, कथं नाम लिखामि तम् ॥१॥"*

"શ્રી રાવણને મેં સર્વ અંગે જોયો નથી; મે તો માત્ર તેના બે પગને જ જોયા છે એટલે હું તેને કેવી રીતે આલેખું ? વાત સાચી છે. શ્રીમતી સીતાદેવીએ

શ્રી રાવણને કદિ પણ ઉંચી આંખ કરીને જોયો નથી. શ્રી રાવણના બન્ધનમાંથી છોડાવવાને માટે તત્પર બનેલા શ્રી હનુમાન જેવાનો પણ સ્પર્શ કરવાનો ઈનકાર કરનાર મહાસતી શ્રીમતી સીતાજી શ્રી રાવણને જુએ ખરાં ? શ્રી હનુમાન તો પોતાના સ્વામીના સેવક હતા; ત્યાં ભય રાખવાને કોઈ કારણ નહિ હતું તે છતાંય સતીપણાના આચારપાલનમાં મક્કમ રહી શ્રીમતી સીતાદેવીએ સ્પષ્ટ કહ્યું હતું કે, 'પરપુરુષનો સ્પર્શ મારે માટે યોગ્ય નથી, માટે તમે સ્વામીની પાસે ઝટ જાઓ, ખબર આપો અને તે પછી જે કાંઈ કરવા યોગ્ય હશે, તે તમારા સ્વામી અને મારા નાથ શ્રી રામચંદ્રજી કરશે."

## શીલના અર્થી આત્માઓએ આજે સાવધ રહેવું જોઈએ

સતીઓનો આ ધર્મ હતો. શ્રી રાવણના આવાસમાં શ્રીમતી સીતાજીને ઘણો કાળ રહેવું પડ્યું છે. ઘુંટણીએ પડી પડીને વિનવણીઓ કરવામાં શ્રી રાવણે કમીના નથી રાખી. રાગ અને રોષ-બેય શ્રી રાવણે બતાવ્યા હતા, લાલચ આપીને અને ભય દર્શાવીને, ઉભય પ્રકારે શ્રીમતી સીતાજીને શીલભ્રષ્ટ કરવાનો શ્રી રાવણે પ્રયત્ન કર્યો હતો. આવા પણ શ્રી રાવણની દેહાકૃતિની શ્રીમતી સીતાજીને માહિતી નથી. આજે ? આજની તો સતીઓ પણ જુદી અને શ્રીમતીઓ પણ જુદી ! પૂર્વકાલની સતીઓ શક્તિસંપન્ન અને મનની પણ મજબૂત હોવા છતાં, પરપુરુષના રૂપરંગાદિને જોવા એનેય ભયંકર માનતી; કેમ કે એમને શીલની કિંમત હતી. શીલ એ એમનું પરમભૂષણ હતું. આજે તો શીલના સોદા થાય છે, શીલ શું ચીજ છે, એની જ આજે જોઈતી ગમ નથી. અનાયાસે શીલ પાળે એ વાત જુદી. જેમ વાંકાને કોઈ કન્યા દે નહિ, ક્યાંય જવા જોગી જગ્યા હોય નહિ અને અયોગ્ય સ્થાને જવા જોગા પૈસા હોય નહિ, એટલે મનમાં જ દુર્વિચારો કરે અને શીલ પાળે એ વાત જુદી. સાધન હોય કે ન હોય. પણ શીલ શીલ રૂપે પળાવું જોઈએ. શીલ, એ તો સ્ત્રીજીવનનો પરમ અલંકાર છે. 'શીલને બાધા પહોંચે તે કરતાં મરવું સારું - એવી શીલસંપન્ન આત્માઓની મનોદશા હોય છે. શીલની કિંમત હોય તો જ શીલરૂપે શીલ પળાય. પરસ્ત્રીના પુરુષથી અને પરપુરુષનાં સ્ત્રીથી અંગોપાંગ ન જોવાય. યુવાનોમાં થયા પછી તો મા-દીકરો અને ભાઈ-

બેન પણ મર્યાદાથી જ વર્તે. બોલવા-ચાલવામાં અને બેસવા ઉઠવામાં મર્યાદાહીનપણે યુવાનોમાં મા-દીકરાથી કે ભાઈ-બહેનથી પણ ન વર્તાય. બધા નારદજી જેવા અખંડ બ્રહ્મચારી ન હોય અને શ્રીમતી સીતાજી જેવી બધી સ્ત્રીઓ સતી ન હોય. શીલના અર્થી આત્માઓએ નિરંતર સાવધ રહેવું જોઈએ અને કુશીલતાને લેશ પણ અવકાશ ન મળે તે જોયા કરવું જોઈએ.

આજે તો દિવસે દિવસે વિપરીત પ્રવૃત્તિ વધતી જાય છે. પરપુરુષ અને પરસ્ત્રીનો સંસર્ગ વધતો જાય છે. શીલ સંહારક એવા એ સંસર્ગને આજે ઉદયનું ચિન્હ માનવામાં આવે છે. પુરુષોની સભામાં સ્ત્રીઓ ભાષણ કરવા જાય, પિકનીક કરવા જાય કે પ્રભાતફેરીના નામે રખડવા નીકળે, એમાં ઉદય નથી પણ નાશ છે. ધર્મજીવનનો નાશ થાય, એવા ખેલ ન હોય. દુનિયાની સાધના માટે ધર્મજીવનના નાશની પ્રવૃત્તિ ચલાવનારાઓ ગમે તેવા ધર્માત્મા કહેવાતા હોય. તે છતાંપણ તત્વજ્ઞ આત્માઓની દૃષ્ટિએ તો તે બધા અજ્ઞાન અને અધમ જ છે.

**સભા** : આજે તો આવું બહુ ચાલી રહ્યું છે

**પૂજ્યશ્રી** : માટે તો ધ્યાન ખેચવું પડે છે. અંતરગત સડો વધતો જાય છે. એ પ્રવાહમાં તણાવા જેવું નથી. સૂર્યની સામે જોતાની સાથે જ જેમ દૃષ્ટિ ખસેડી લેવી પડે છે. તેમ પુરુષે પરસ્ત્રી સામેથી અને સ્ત્રીએ પરપુરુષ સામેથી દૃષ્ટિ ખસેડી લેવી જોઈએ. વિષયવાસના, એ કાંઈ આજ કાલની છે ? અનન્તકાળથી જીવો એમાં ટેવાયેલા છે. એટલે નિમિત્ત, પામીને પડતાં. વાર લાગે નહિ. સમર્થ બ્રહ્મચારી મહાત્માઓને બ્રહ્મચર્યના સંરક્ષણ માટે નવ વાડો બતાવી. તેનું કારણ શું ? તે નબળા હશે કેમ? નહિ. તેઓ પરમસત્ત્વશીલ હતા, પણ તે મહાત્માઓમાં સાચું જ્ઞાન અને સાચું પરોપકારીપણું હતું. એ આજના જેવા ઉઠાઉગીર નહિ હતા કે નૈષ્ઠિક બ્રહ્મચર્યાદિના નામે સદાચારોની સંરક્ષક મર્યાદાઓને દેશવટો દઈ દે અને બીજાઓને પણ તેમ કરવાનું કહે.

**સભા** : શું એ બધામાં કોઈ સારા નહિ રહેતા હોય ?

**પૂજ્યશ્રી** : આપણે કાંઈ તેવા જ્ઞાની નથી કે, નિશ્ચયથી કહી શકીએ. એમાં પણ સદાચાર સંપન્ન આત્માઓ હોવાનો સંભવ છે, પણ આપણી તો વર્તમાનના વાતાવરણ પૂરતી વાત છે. એ રીતે વર્તનાર બધા જ શીલભ્રષ્ટ છે એમ ન કહેવાય, તોય શીલના નિયમોને જાળવવાની ઉપેક્ષા એ શીલની ઉપેક્ષા છે, એમ અવશ્ય કહી શકાય.

### શીલના અર્થીએ વિવેકપૂર્વક મર્યાદાઓનું પાલન કરવું જોઈએ

**સભા** : બીજા દેશોમાં એવું ક્યાં થાય છે ?

**પૂજ્યશ્રી** : ત્યાં રોજ છૂટાછેડા થાય છે ? ત્યાંની અદાલતોમાં છૂટાછેડા મેળવવા માટેના રોજના દાવા કેટલા હોય છે ? એ વાદી-પ્રતિવાદી ઉભયના નિવેદનો કેટલીક્વાર તો એવા વિચિત્ર હોય છે કે, સ્વચ્છ વાતાવરણવાળા દેશમાં જન્મેલાને ત્રાસ ઉપજે. ઘૃણા થાય કે - આ ધણી ધણીઆણી ? આ દેશમાં નાદારીની અદાલતો તો આવી. હવે છૂટાછેડાની અદાલતો લાવવી છે ? એ અદાલતોને લાવવાની આજે ભૂમિકાઓ તૈયાર થઈ રહી છે. આજે ભોળાઓ ધાર્મિક શબ્દોના નામે ઉન્માર્ગે ઘસડાઈ રહ્યા છે. બિચારા પોતાની ઉન્નતિ માનીને અવનતિના માર્ગે દોડી રહ્યા છે. એવાઓ તો ખૂબ જ દયાપાત્ર છે. અનાર્યદેશની વાત ન કરો ત્યાં તો પરને ચુંબન થાય છે અને ગમે તે પુરુષ ગમે તે સ્ત્રીનો હાથ પકડી નાચે છે. અહીં એ કરવુ છે અને શીલ સાચવવું છે અનાર્યદેશના રિવાજ જેમ જેમ ફેલાતા જશે તેમ તેમ શીલ ભાગશે અને શાન્તિ પણ ભાગશે. નાદારીની જેમ છૂટાછેડાની પદ્ધતિસર અદાલતો થશે. નાદાર આદમી સાંજ સુધી પૈસા લે અને બીજી સવારે નાદારીમાં જાય. આવી નાદારીને લીધે જેમ કોને ત્યાં જમે મૂકવા કે કોને ધીરવા એની પંચાત ઉભી થઈ છે, તેમ છૂટાછેડાનું કામ ચાલ્યું એટલે કોને પરણવું એ રોજની પંચાત થશે, રોજ નવી ચૂડી ફૂટતી સંભળાશે. આજે મર્યે ફૂટે છે, પછી જીવતે ફૂટવા માંડશે. અનાર્યોની છાયાથી છવાયેલા માણસોની પડખે ન જાઓ,

પણ પૂર્વના ઋષિ મુનિઓને માનનારાઓને શરણે જાઓ, કે જેથી દુરાચાર ઘટે અને સદાચાર વધે. કલિકાળના સ્વયં ગુરુ બની બેસનારને શરણે ન જાઓ, નગુરાનો માર્ગ નાશક છે. અનાજ બધાં સારાં જ હોય એમ નહિ, એવા પણ હોય, કે જે ખાતા આફરો ચઢે. બધાં જ દૂધ પુષ્ટિકારક નથી. પીનારાનો પ્રાણ લેનારાં દૂધ પણ હોય છે. કહેનાર તો કહે છે કે 'હું નવો અખતરો કરુ છું' પણ સાંભળનારે શું કામ હૈયાફાટ બનવું જોઈએ ? કહેવાતા અખતરાઓ પાછળ તો કેટલી વાર ભયંકર બદીઓ છૂપાયેલી હોય છે. આ તો આર્યદેશ છે. આર્યદેશમાં વ્યભિચારને ઇરાદાપૂર્વક નોતરૂં આપવા જેવા ભયંકર અનાચારોને સ્થાન હોય નહિ. પરપુરુષ સાથે પરસ્ત્રી કે પરસ્ત્રી સાથે પરપુરુષે હાથ મેળવવાનો હોય નહિ. આજે ખરાબ વાતાવરણમાં પણ કોઈ કોઈ સારા રહેલા દેખાય છે, તે પ્રતાપ આર્યસંસ્કારોના છે. જન્મથી રૂઢ થયેલા સારા સંસ્કારો પણ પાપથી બચાવી શકે છે. ઈરાદાપૂર્વક મર્યાદા હીનપણે વર્તવુ, એ તો જાણી-જોઈને શીલનાશને પંથે પડવા જેવું છે. મર્યાદા જાળવવા છતાં પણ અણધારી આફત આવી પડે, તો યે તેવા વખતે સત્ત્વનો સદુપયોગ કરીને બચી જવું એ જુદી વાત છે પણ શીલના અર્થીએ મર્યાદા તો જરૂર જાળવવી જોઈએ.

અહીં શ્રીમતી સીતાદેવી કહે છે કે, 'મેં શ્રી રાવણને સર્વાંગે જોયો નથી; મેં તો માત્ર તેના બે પગને જ જોયા છે; એટલું હું તેના રૂપને કેમ આલેખી શકું ? પણ સીતાદેવીની સપત્નીઓ જપતી નથી. એમને તો ગમે તે રીતે પણ શ્રીમતી સીતાજીને કલંકિત ઠરાવી શકાય; એવો મુદ્દો જોઈએ છે. આથી શ્રીમતી સીતાજીની સપત્નીઓ કહે છે કે,

*"તત્પાદાવપ્યાલિખ ત્વં, કૌતુકં નસ્તદીક્ષણે ।"*

'શ્રી રાવણના સર્વાંગોની ખબર ન હોય તો કાંઈ નહિ પણ તેના ચરણની તો ખબર છે ને ? 'તેના ચરણોને પણ આલેખી બતાવો અમને તે જોવાનું કૌતુક છે.' પોતાની સપત્નીઓના આવા કથનમાં

સરલ એવા શ્રીમતી સતીજી ફસાણા. શ્રીમતી સીતાજીએ શ્રી રાવણના ચરણોને આલેખ્યા. તેમને ખબર નથી કે, પોતાનું આ ભોળપણ પોતાના જ સંહારને માટે થવાનું છે.

### શ્રીમતી સીતાજીની સપત્નીઓ શ્રીમતી સીતાજી માટે તદ્દન ખોટી વાત શ્રીરામચંદ્રજીને કરી

શ્રીમતી સીતાજીની માયાવિની અને ઈર્ષ્યાળુ સપત્નીઓને આટલું જ જોઈતું હતું. હવે તેઓ રામચંદ્રજીને કહી શકે તેમ હતું કે, 'જેના ઉપર આપ ભારોભાર પ્રેમ રાખો છો, જેને આપ મહાસતી માનો છો, તે શ્રીમતી સીતા તો હજી શ્રી રાવણનું સ્મરણ કરે છે. અમે તો એને ઘણી મહાસતી માનતાં હતાં, પણ અમારા જે નાથ છે, તેને મૂકીને એ બીજાનું ધ્યાન કરે છે, એમ જોયા અને જાણ્યા પછી સદ્ભાવ કેમ રહે ? આપને એમને એમ કહીએ, તો આપને એમ લાગે કે, 'અમે શોક્યપણાની ઈર્ષ્યાથી કહીએ છીએ. 'એટલે આપ અમારી સાચી પણ વાતને માનો નહિ; પણ આ જુઓ. અમારી પાસે પુરાવો છે. સીતાએ જાતે જ આ શ્રી રાવણના ચરણોને આલેખેલા છે.' આવા પ્રકારે એક મહાસતીને શિરે કલંક ઓઢાડવા તૈયાર થવું, એ જેવું તેવું દુષ્કર્મ નથી. એક શીલસંપન્ન આત્માને, કેવળ ઈર્ષ્યાને વશ બની આ રીતે કુશીલ ઠરાવવાનો પ્રયત્ન કરવો, એ ઘણું જ અધમ કાર્ય છે, પણ પૌદ્‌ગલિક સ્વાર્થમાં ભાન ભૂલેલાઓની દશા જ કોઈ ન્યારી હોય છે. અહીં શ્રી રામચન્દ્રજી આવ્યા, એટલે શ્રીમતી સીતાજીની સપત્નીઓએ તેમને કહ્યું કે,

*''रावणस्य स्मरत्यद्याप्यसौ सीता तव प्रिया ।''*

*''सीतास्वहस्तलिखितं, रावणस्य क्रमद्वयम् ।*
*पश्यैतन्नाथ जानीहि, सीता तस्यैव नाथते ।।१।।''*

"આપની પ્રિયા સીતા હજુ પણ શ્રી રાવણનું સ્મરણ કરે છે.' આટલું કહીને પોતે જ આગ્રહપૂર્વક શ્રીમતી સીતાજીની પાસે ચીતરાયેલા શ્રી રાવણના બે પગને બતાવીને કહે છે કે શ્રીમતી સીતાના પોતાના હાથે જ આલેખાયેલા શ્રી રાવણના આ બે પગને જુઓ અને હે નાથ ! સમજો કે શ્રીમતી સીતા હજુ શ્રી રાવણને જ ઇચ્છી રહી છે.' છે કાંઈ કમીના ! પણ શ્રી રામચન્દ્રજી તો ઉદાર મનના ગંભીર છે. એટલે તેમણે તો આવું કાંઈ બન્યું જ ન હોય એવો વર્તાવ કર્યો."

## કર્મસત્તાના ઉપદ્રવથી આત્માને બચાવનાર ખરેખર જૈનશાસન છે

હવે દુષ્કર્મનો ઉદય શું કામ કરે છે ? તે જુઓ શ્રીમતી સીતાજી મહાસતી છે, પણ પૂર્વભવોની કરણીનું ફળ તો ભોગવવું જ પડે ને ? કેટલાંક કર્મો એવા હોય છે, કે જેનો ભોગવ્યે જ છૂટકો થાય. શ્રી તીર્થંકરદેવ જેવાને પણ અન્તિમભવમાં તેવા દુષ્કર્મોનો ઉદય આવે તો ભોગવવો પડે છે. દુષ્કર્મનો કારમો ઉદય તો સત્ત્વશીલ શ્રદ્ધાસંપન્ન આત્માને પરમ નિર્જરા સાધવામાં નિમિત્તભૂત બની જાય છે. દુષ્કર્મના ઉદય સમયે સમભાવ ટક્યો રહે, તો કામ થઈ જાય. શ્રીમતી સીતાજીના દુષ્કર્મનો ઉદય તીવ્ર છે. પરણ્યા પછી વનવાસ જવું પડ્યું. ત્યાંથી વળી રાક્ષસ દ્વીપમાં બન્ધનમાં પડવું પડ્યું અને હવે અહીં આનંદ કરે છે, ત્યાં નવું તૂત ઉભું થાય છે. શ્રીમતી સીતાજીની રક્ષા કરનારા થોડા હતા ? રાજા જનકની દીકરી, ભામંડલ જેવાની ભગિની, શ્રી રામચંદ્રજી જેવાની અર્ધાંગના અને શ્રી લક્ષ્મણજી જેવા તો જેના દીયર, શ્રીમતી સીતાજીને સેવકોનો તોટો હતો ? નહિ, પણ કર્મસત્તા પાસે કોઈનું યે ચાલે નહિ. કર્મસત્તાના ઉપદ્રવથી પ્રભુશાસન વિના બચાવનાર કોઈ નથી. પ્રભુશાસનને પામેલા આત્માઓને દુષ્કર્મનો ઉદય ન હોય એમ નહિ, પણ એ ઉદયાવસ્થામાં ય, આ શાસન તે આત્માને રીબાવા દેતું નથી.એ દશામાં પણ આ શાસનને પામેલો સત્ત્વશીલ હોય, તો અખંડ શાંતિ ભોગવી શકે છે. પ્રભુશાસનને પામેલા આત્માને, દુષ્કર્મના તીવ્ર ઉદય સમયે પણ, ઇતર આત્માઓના જેવી ગ્લાનિ કે મૂંઝવણ થતી નથી તેમજ તેવા પ્રકારનું દુર્ધ્યાન પણ આવતું નથી વિચારવાનું તો એ છે કે, શ્રી લક્ષ્મણજી જેવા જેના ચરણમાં માથું મૂકે અને શ્રી રામચન્દ્રજી જેવા જેને હૃદય આપે તે આત્મા કેવી ઉચ્ચ કોટિનો હશે ? તેવા પણ આત્માને જે દુષ્કર્મ ન છોડે, તે તમને અને મને છોડે, એમ? નહિ જ. આથી જ ઉપકારી મહાપુરુષો ઉપદેશે છે કે, 'કલ્યાણનો વાસ્તવિક માર્ગ તો એ જ છે કે, ઉદયમાં આવતા કર્મોને સમભાવે સહવાં અને બંધથી બચી નિર્જરા સાધવાનો પ્રયાસ કર્યા કરવો.'

## અનુકૂલ પદાર્થો મળવા કે ભોગવવા એ ઈચ્છાને આધીન નથી

જે સમયની વાત ચાલે છે, તે સમયમાં શ્રીમતી સીતાજી રાજ સાહ્યબી ભોગવી રહ્યા છે. રાજ્ય પોતાને ઘેર છે, પણ દુષ્કર્મના ઉદયે મૂકવું પડશે. દુનિયાની ચીજો મેળવવી, ટકવી કે ભોગવવી એ ઈચ્છાને આધીન નથી પણ પુણ્યને આધીન છે. વગર પુણ્યે પુરુષાર્થેથી એ ન મળે માત્ર પુરુષાર્થથી મળે એવી કોઈ ચીજ હોય, તો તે એક મુક્તિ જ છે, એમ કહી શકાય; કારણકે, મુક્તિની સાધનામાં પુરુષાર્થની પ્રધાનતા છે. મુક્તિની સાધના એ જ સર્વ સુખ અને સર્વ સ્વાધીનતાની સાધના છે. બીજું બધું મળે તે પુણ્યોદયે. પુણ્ય પરવારે એટલે ચાલ્યું જાય અગર આપણે જ ચાલતા થવું પડે, મુક્તિ એવી ચીજ છે કે મળ્યા પછી જાય જ નહિ. મુક્તિ એટલે ? કર્મના સંયોગથી છૂટકારો. એકવાર છૂટકારો થઈ જાય પછી બંધાવાનું નહિ પણ પૂરેપૂરો છૂટકારો થઈ જવો જોઈએ. કર્મના સંયોગથી જ પરાધીનતા જન્મેલી છે. અગર કહો કે, મોટામાં મોટી પરાધીનતા જ એ છે. આત્માના ગુણો એ જ આત્માની વાસ્તવિક સંપત્તિ છે અને એ સંપૂર્ણપણે પ્રગટી જાય પછી પરાધીનતા શાની? પારકામાં મારાપણાની બુદ્ધિ, એ બેવકૂફી છે અને પારકાને પોતાનુ માની ઝૂંટવવા નીકળવું, એ સન્નિપાત છે. કેટલાના પૈસે એક સટોડીયા શ્રીમંત બને ? શ્રીમતં બનવા આવેલા સેંકડો ભીખ માંગતા થાય, દરિદ્રી થાય, પૈસા ગુમાવે, ત્યારે થોડાક પુણ્યવાળા પૈસાદાર થાય. શાથી ? લક્ષ્મી પરાધીન છે માટે ! પરાધીન માટેનો પ્રયત્ન એ દુ:ખનો પ્રયત્ન અને સ્વાધીન માટેનો પ્રયત્ન,એ સુખનો પ્રયત્ન. સ્વાધીનતાના પ્રયત્નના નામે આજે દુનિયા પરાધીનતાની પૂંઠે પાગલ બની છે. પણ દુન્યવી સાહાબી ભોગવવાનું પુણ્ય ખતમ થતાં તે છોડ્યે જ છૂટકો થાય છે. બાથ ભીડયે કે રક્ષકો રાખ્યે પણ એ ટકી શકે નહિ. આથી જ, વિવેકીઓએ એમાં મૂંઝાવાનું હોય નહિ.

## શ્રીમતી સીતાજીના દોષની વાત લોકમાં શોક્યોએ ફેલાવી

આપણે જોયું કે, શ્રીમતી સીતાજીની સપત્નીઓએ શ્રીમતી સીતાજીની સરળતાનો પૂરેપૂરો લાભ લીધો, શ્રીમતી સીતાજીની સપત્નીઓએ ઈર્ષ્યાળુ બનીને માયાભર્યા વચનોથી શ્રીમતી સીતાજીને ભોળવ્યા અને કૌતૂકના નામે તેમની પાસે શ્રી રાવણના ચરણોને ચીતરાવ્યા. પછી શ્રી રામચંદ્રજીને મોઢે તદ્દન બનાવટી હકીકત કહી. પણ તેમાં તેમને સફળતા મળી નહિ. ઉદાર મનવાળા શ્રી રામચંદ્રજીએ તો ગંભીરતા જાળવી અને શ્રીમતી સીતાજીને પણ જાણ થવા દીધી નહિ. શ્રી રામચંદ્રજી શ્રીમતી સીતાજીની સાથે પૂર્વવત્ સ્નેહથી વર્તવા લાગ્યા. શ્રીમતી સીતાજીની સપત્નીઓથી આ ખમાયું નહિ. પોતે મારેલી સોગઠીનું ધાર્યું પરિણામ આવ્યું નહિ, એટલે શ્રીમતી સીતાજીની સપત્નિઓએ આગળ પગલું ભર્યું. પોતાની દાસીઓ દ્વારા શ્રીમતી સીતાજીની સપત્નીઓએ તે વાત લોકમાં ફેલાવી. દાસીઓએ વાત ફેલાવી અને લોકનું તો પૂછવું જ શું ? લોક તો એક વાતની સો વાત કરે.

## વિદ્યમાન કે અવિદ્યમાન દોષોને ગાનારાઓનો તોટો નથી

આ પ્રસંગને અનુલક્ષીને, પરમઉપકારી, કલિકાળસર્વજ્ઞ, આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

"*प्रायः प्रवादा लोकनिर्मिताः ।*"

મોટેભાગે અપવાદો લોકોએ જ નિર્મેલા હોય છે, પણ વાસ્તવિક હોતા નથી. આ દુનિયામાં નિન્દારસિકતા, એ પણ એક ભયંકર કોટિનો દોષ છે અને એ દોષથી મુક્તજનો આ લોકમાં બહુ થોડા હોય છે. પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાના હેતુથી જ દુનિયા પરના બીજાના છતા કે અછતા દોષોને ગાય છે અગર તો સાંભળે છે, એમ પણ નથી સ્વાર્થ ન હોય તોય, 'નિન્દારસિકતા' રૂપ દુર્ગુણને આધીન બનીને, પરના છતા કે અછતા પણ દોષોને ગાનારાઓ અને સાંભળનારાઓનો આ દુનિયામાં તોટો નથી. તેઓએ સમજવું જોઈએ કે, પોતાનો સ્વાર્થ હોય કે ન હોય, તે છતાંપણ પરાયા અછતા કે છતા દોષોને ગાવાની

અને સાંભળવાની વૃત્તિ, એ ઘણી જ અધમ વસ્તુ છે છતાં એનાથી ગણ્યા-ગાંઠ્યા ભાગ્યવાનો જ બચી શકે છે. બીજાના વાસ્તવિક પણ ગુણોને પ્રસન્નતાપૂર્વક ગાવાની અને સાંભળવાની વૃત્તિ એ ઘણી ઉમદા વૃત્તિ છે, એનાથી લાભ નિયમા થાય છે છતાં લોકો એના રસિક નથી હોતા અને સ્વ-પરને નુકસાન થવાનું જેમાં સુનિયત છે, એવી નિન્દાવૃત્તિની લોકમાં સહજ રસિકતા હોય છે. પરના છતા પણ ગુણોને ગાઈ કે સાંભળી શકવામાં કૃપણ (?) અને પરના અછતા પણ દોષોને સાંભળવા તથા ગાવામાં રસિક એવા ઉદાર (?) જનો, આ દુનિયામાં ઓછા નથી. વગર જાણ્યે, વગર તપાસ કર્યે, પરાયા અછતા પણ દોષોને ગાવાને માટે તત્પર બનનારા આ દુનિયામાં ઘણા છે એ જ કારણે ઉપકારી મહાપુરુષ ફરમાવે છે કે

*"प्रायः प्रवादा लोकनिर्मिताः ।"*

પરનિન્દાની રસિકતાના યોગે લોકોએ મહાસતીઓને કુલટાઓ તરીકે, સજ્જનોને દુર્જન તરીકે અને મહાત્માઓને અધમાત્માઓ તરીકે વર્ણવવામાં કમીના રાખી નથી. એના એ લોકોએ સ્વાર્થરસિક બનીને કુલટાઓને પણ મહાસતીઓ રૂપે, દુર્જનોને પણ સજ્જનો રૂપે અને અધમાત્માઓને પણ મહાત્માઓ તરીકે જાહેર કરવામાં પણ કચાશ રાખી નથી. લોકોનો આ સ્વભાવને જાણનારા ઉપકારી પરમર્ષિઓએ, આ જ કારણે લોકહેરીના ત્યાગ કરવાનું ફરમાવ્યું છે. લોકહેરીમાં પડેલા આત્માઓ સ્વપરહિતના સાધક નહિ બનતાં ઘાતક પણ બને છે, એમ ઉપકારીઓ ફરમાવે છે.

લોકની નિન્દારસિકતાએ તો આ દુનિયામાં કારમો અનર્થ મચાવ્યો છે. લોકમુખે ગવાતા મિથ્યા અપવાદને સહી શકવાને અશક્ત આત્માઓ, કેટલીકવાર આત્મઘાત કરવાને પણ પ્રેરાય છે. પરનિન્દાની રસિકતા આત્માને ગુણોથી વંચિત રાખી, દોષોના ભાગી બનાવે છે. પરનિન્દાના રસિક આત્માઓ ગુણવાન આત્માઓની અતિ હીન કોટિની પણ આશાતના કરનારા નિવડે છે. પરના જે દોષો અનેક આત્માઓના હિતને હાનિ પહોંચાડનારા હોય, તે દોષોથી હિતકાંક્ષી જગતને માહિતગાર બનાવી, હિતકાંક્ષી જગતનું રક્ષણ કરવાને

ઇચ્છનારા મહાનુભાવો પણ, દોષિત પ્રત્યેની દયાથી પર હોતા નથી. દોષિતને શિક્ષા કર્યા વિના ચાલે તેમ ન હોય, શિક્ષા ન કરાય તો ભયંકર અનર્થ મચે તેમ હોય, સંખ્યાબંધ આત્માઓના હિતને નુકસાન પહોંચે તેમ હોય, તો શક્તિસંપન્ન ઉપકારીઓ અવસરે શિક્ષા કરવાને ચૂકતા નથી., પરંતુ તેમની તે શિક્ષાની ક્રિયા પણ દયામય જ હોય છે. જેને શિક્ષા કરાતી હોય, તેના પ્રત્યે પણ દયાની ભાવના તો જેવી ને તેવી હોય જ છે. સ્વપર-હિતાર્થે યથાવિધિ શિક્ષા કરનાર દયાળું નથી પણ દ્વેષી છે, એમ કહેનારાઓ અજ્ઞાન છે. એવાઓને મહાપુરૂષોના હૃદયની ગમ નથી. જ્યારે આવા કારમા દોષિતો પ્રત્યે પણ દયાભાવના અખંડ બની રહેવી જોઈએ, ત્યારે નિર્દોષોને પણ દોષિત તરીકે જાહેર કરવાની વૃત્તિ ધરાવનારાઓ અને રસપૂર્વક નિન્દા કરનારાઓ, કેટલા બધા અધમ કોટિના આત્માઓ ગણાય, એય વિચારવા જેવું છે.

**નિન્દારસિકતા પોતાના આત્મા પ્રત્યે કેળવો**

નિન્દારસિક બનો, તો તે રસિકતા કેવળ પોતાના આત્મા પ્રત્યે કેળવો. પોતાનામાં જે જે દોષો હોય તે તે દોષોની અહર્નિશ નિન્દા કરો અને એ દોષોને ટાળવા ઉદ્યમશીલ બનો. પણ એ તો કરવું છે કોને ? આ જગતમાં આત્મનિન્દામાં મગ્ન રહેનારા આત્માઓની સંખ્યા ઘણી જ નાની છે, જ્યારે પરનિન્દા રસિકોથી તો જગત ઉભરાઈ રહ્યું છે. બીજાઓના દોષોને જોઈને તો તેઓ પ્રત્યે વિશેષ દયાળું બનવું જોઈએ. તેમને તે તે દોષોથી મુક્ત બનાવવાનો શક્ય પ્રયત્ન કરવો જોઈએ. કારમા દોષિતોને પણ દયાવૃત્તિથી સુધારવાના શક્ય એટલા પ્રયત્નો કરવા જોઈએ. અપ્રતિકાર્ય દોષોની ઉપેક્ષા કરવાની હોય, પણ એ ઉપેક્ષામાંય દયાભાવના તો હોય જ. 'ક્યારે એ દોષમુક્ત બને અને અકલ્યાણથી બચે' એ વૃત્તિ અવશ્ય હોય. આ વૃત્તિની સાથે પરનિન્દાની રસીકતાને જરાય મેળ છે ? નહિ જ. પોતાના અછતા પણ ગુણો પોતાના મુખે ગાવાની જેટલી તાલાવેલી છે, તેટલી જ પારકા અછતાં પણ દોષોને ગાવાની તાલાવેલી છે અને એથી જ સંખ્યાબંધ આત્માઓ હિતને બદલે અહિત સાધી રહ્યા છે.

**ઉન્માર્ગના રસિકો દ્વારા મહાપુરુષો અને સન્માર્ગ ઉપર થતું આક્રમણ**

લોકમાં પણ કહેતી છે કે, 'કૂવાને મોઢે ગરણું બંધાય નહિ અને લોકને મોઢે ડૂચો દેવાય નહિ.' આ કહેતી પણ લોકના સ્વભાવનો પરિચય આપનારી છે. લોકનિન્દાથી સર્વથા બચવું, એ મુશ્કેલ છે. તેમાં પણ ઉન્માર્ગના ઉન્મૂલનપૂર્વક સન્માર્ગનું સ્થાપન કરવાને માટે પ્રયત્નશીલ બનેલા મહાપુરૂષોની મુશ્કેલીનો તો પાર હોતો નથી. ઉન્માર્ગના રસિકો તેવા મહાપુરૂષોને માટે તદ્દન કલ્પિત વાતો ફેલાવવા દ્વારા, તેઓને કલંકિત ઠરાવવાના પણ બને તેટલા પ્રયત્નો કરવાને ચૂકતા નથી. એ રીતે તેઓ ત્રણ ઉદ્દેશોની સિદ્ધિ કરે છે.

એક તો એ કે, ઉન્માર્ગના ઉચ્છેદક અને સન્માર્ગના સંસ્થાપક મહાપુરુષોને અધમ તરીકે ઓળખાવી, અજ્ઞાન લોકને તેમના પવિત્ર સંસર્ગથી દૂર ભાગતો કરી દે છે ! બીજી સિદ્ધિ એ છે કે, ઉન્માર્ગના ઉન્મૂલનનું અને સન્માર્ગના સંસ્થાપનનું પવિત્ર કાર્ય કરનારાઓમાં પણ જેઓ લોકનિન્દા સામે ટકવાની હામ ધરાવતા નથી હોતા, તેમને ફરજીયાત મૌન સ્વીકારવું પડે છે ! અને ત્રીજી સિદ્ધિ એ કે લોકહેરીના અર્થીઓ, 'ઉન્માર્ગનાશ' અને 'સદ્ધર્મપ્રચાર' નું કાર્ય છોડીને જ અટકતા નથી, પણ તેવું કાર્ય કરનારાઓના નિન્દકો પણ બની જાય છે. પોતે ધારણ કરેલા વેષની રૂએ તો ઉન્માર્ગનું ઉન્મૂલનપૂર્વક સન્માર્ગનું પ્રકાશન કરવાની ફરજથી તેઓ બંધાયેલા હોય છે; પણ લોકહેરીનું અર્થીપણું તેમને ઉન્માર્ગગામી બનાવી દે છે. આવાઓના પાપે અનેક આત્માઓ સદ્ધર્મથી વંચિત રહી જાય છે. આવાઓ શાસનના ભયંકર દુશ્મનની ગરજ સારે છે અને સમાજને ડહોળે છે. આમ છતાં પણ, પોતાનું તે પાપ છૂપાવવાને માટે તેઓ, વફાદાર શાસનસેવકોને પણ નિન્દે છે.

જો કે સત્ત્વશીલ મહાપુરૂષો તો આવી પણ આફતોને અવગણીને પોતાનું પવિત્ર કાર્ય કર્યે જ જાય છે, પણ કલ્યાણના અર્થી આત્માઓએ એવા નિન્દકોને અને તેમના સાગ્રીતોને બરાબર ઓળખી લેવા જોઈએ. ખુલ્લા સાગ્રીતો કરતાં પણ છૂપા સાગ્રીતો બહુ

ભયંકર હોય છે. દેખાવ શાસનરક્ષકાદિ તરીકેનો રાખે અને સાથ શાસનના દુશ્મનોને આપે, એવાઓ ઘણું જ અનિષ્ટ કરે છે. લોકહેરીમાં પડેલાઓની આ સામાન્ય દુર્દશા નથી, પણ કલ્યાણના અર્થીઓએ જે સમજવા જેવી વાત છે, તે સમજવામાં ચકોર બનવું જોઈએ. અપવાદો કોને હોય ? મોટેભાગે સારાના જ અપવાદો ગવાય. જે ખરાબ છે, તેને અપવાદો શા ? મોટેભાગે અપવાદો લોકોએ જ નિર્મેલા હોય છે, પણ વાસ્તવિક નથી હોતા, એમ સમજી કલ્યાણના અર્થીઓએ સાવધગીરી રાખવી જોઈએ.



### શ્રીમતી સીતાજીનો દોહદ અને મહેન્દ્રોદય ઉદ્યાનમાં ગમન

આ રીતે અયોધ્યામાં જ્યારે ચોરે અને ચૌટે એ વાત ચર્ચાઈ રહી છે કે, શ્રીમતી સીતાજી તો દૂષિત છે, ત્યારે મહાસતી શ્રીમતી સીતાજી તો શ્રી રામચન્દ્રજીના સ્નેહનો ઉપભોગ કરી રહ્યાં છે. એમ કરતાં વસન્તઋતુ આવી. એ સમયે શ્રીમતી સીતાજીને શ્રી રામચન્દ્રજીએ કહ્યું કે

'ગર્ભના યોગે ખેદિત એવા તમને વિનોદ પમાડવાને ઈચ્છતી હોય તેમ મધુલક્ષ્મી આવી છે.' બકુલ જેવા કેટલાંક વૃક્ષો એવા હોય છે, કે જે સ્ત્રીદત્ત દોહદોથી જ પુષ્પવાળા બને છે. એની યાદ આપીને શ્રી રામચન્દ્રજી, "આનંદ કરવા માટે આપણે મહેન્દ્રોદય નામના ઉદ્યાનમાં જઈએ." એમ શ્રીમતી સીતાજીને કહે છે. એ વખતે શ્રીમતી સીતાદેવી કહે છે કે, 'મને દેવપૂજા સંબંધી દોહદ ઉત્પન્ન થયો છે, તો ઉદ્યાનમાં ઉત્પન્ન થયેલા વિવિધ પ્રકારનાં સુગંધમય પુષ્પોથી મારા તે દોહદને આપ પૂરો.

ગર્ભવતી સ્ત્રીને થતા દોહદ ઉપરથી પણ ગર્ભમાં રહેલ જીવની ઉત્તમતા-અધમતા કલ્પી શકાય છે. ઉત્તમ આત્માઓ ગર્ભમાં રહેલા હોય છે, ત્યારે તે તે ગર્ભવતી સ્ત્રીઓને ઉત્તમ પ્રકારના દોહદો જ થાય છે. મહાસતી શ્રીમતી સીતાજીના ઉદરમાં રહેલા આત્માઓ ઉત્તમ છે, એટલે તેમને શ્રી જિનપૂજા કરવા સંબંધીનો દોહદ ઉત્પન્ન થયો. અધમાત્મા ઉદરમાં હોય તો સારી પણ ગર્ભવતી સ્ત્રીમાં ખરાબ દોહદ

ઉત્પન્ન થાય છે. શ્રીમતી સીતાજીએ પોતાના દોહદની વાત કરી, એટલે શ્રી રામચન્દ્રજીએ પણ તરત જ દેવપૂજાની સઘળી ગોઠવણ કરાવી. શ્રીમતી સીતાજીએ ખૂબ ભાવોલ્લાસપૂર્વક ભગવાન શ્રી અરિહંત પરમાત્માની પૂજા કરી. આ રીતે દેવપૂજા કરાવીને, શ્રી રામચંદ્રજી શ્રીમતી સીતાજી આદિ પરિવાર સહિત મહેન્દ્રોદય નામના તે ઉદ્યાનમાં ગયાં.

તે ઉદ્યાનમાં બીજા નગરજનો પણ વસંતોત્સવ ઉજવવાને માટે આવ્યા છે. આ વસન્તોત્સવ કામોદ્દીપક નથી, પણ કામોપશામક છે કારણ કે, તે અર્હંત ભગવાનની પૂજાના ઉત્સવરૂપ છે. નગરજનોને આ રીતે આનંદ કરતાં જોઈને, શ્રી રામચંદ્રજી પણ આનંદ કરે છે. સંસારી પ્રાણીઓ, ગૃહસ્થો અર્થ - કામના ત્યાગી નથી હોતા,પરંતુ જૈન શાસનને પામેલા આત્માઓ અર્થ કામમાં ધર્મને વિસરી જતા નથી. પૌદ્દગલિક આનંદને ભોગવવાની સાથે તેઓ પૂજાદિ દ્વારા આત્મિક આનંદને પણ ભોગવવાને ચૂકતા નથી. એ કારણે તેવા આત્માઓ પૌદ્દગલિક સુખોમાં એવા લીન બનતા નથી જ, કે જેવા લીન ભોગમાં જ સુખ માનનારા સંસારરસિકો બને છે.

**શ્રીમતી સીતાજીનું જમણું નેત્ર ફરકે છે**

મહેન્દ્રોદય નામના ઉદ્યાનમા આવ્યા બાદ, એકવાર શ્રીમતી સીતાજીનું જમણું નેત્ર ફરકે છે. સ્ત્રીઓનું જમણું નેત્ર ફરકે અને પુરૂષોનું ડાબું નેત્ર ફરકે, તો તે એક અશુભની નિશાની રૂપ ગણાય છે. ભવિષ્યમાં થનાર અનિષ્ટની, એ એક પ્રકારની આગાહી ગણાય છે. પોતાનું જમણું નેત્ર ફરકતાંની સાથે જ શ્રીમતી સીતાદેવી શંકાશીલ બની જાય છે. બે કારણ છે; એક તો ગર્ભધારણ સમયે, વિમાનમાંથી ચ્યવેલા બે અષ્ટાપદ મૃગોને જોયા હતા અને તે સંબંધમાં શ્રી રામચન્દ્રજીએ કહ્યું હતું કે 'તે કારણે મને આનંદ થતો નથી.' અર્થાત્, તે સમયથી જ અનિષ્ટની કલ્પના ઉભી હતી અને હમણા જમણું નેત્ર ફરક્યું, એટલે શ્રીમતી સીતાજી એકદમ ભાવિ અનિષ્ટની શંકામાં પડી જાય, તે સ્વાભાવિક છે. આ રીતે શંકાશીલ બનેલા શ્રીમતી સીતાદેવીએ તરત જ પોતાનું જમણું નેત્ર ફરક્યાની વાત શ્રી

રામચન્દ્રજીને જણાવી. શ્રી રામચન્દ્રજી કહે છે કે 'આ ઠીક નહીં' બસ આટલું કહેતાંની સાથે જ શ્રીમતી સીતાજીનું હૃદય ભરાઈ જાય છે. શ્રીમતી સીતાજી વેદનાપૂર્ણ સ્વરે બોલી ઉઠે છે કે 'રાક્ષસદ્વીપમાં મારે વસવું પડ્યું તે છતાંય ભાગ્યને હજું સંતોષ થયો નથી ? આપના વિયોગથી ઉત્પન્ન થયેલું જે દુ:ખ, તેનાથી પણ અધિક દુ:ખને શું હજું તે આપશે ? આ નિમિત્ત અન્યથા થાય એમ લાગતું નથી. જુઓ કે, શ્રીમતી સીતાજીની વાણીમાં કેટલી બધી પીડા છે ? કેટલી બધી ભીતિ છે ?

## આપત્તિના સમયે સમાધિ જળવાય તે રીતે રહો !

આપત્તિ તો આવશે ત્યારે આવશે, પણ 'આપત્તિ આવશે' એવો ખ્યાલ માત્ર પણ કેવી આપત્તિને ખડી કરી દે છે ? મૂંઝાયે કે ગભરાયે અવશ્ય આવનારી આપત્તિ કાંઈ થોડી જ આવતી અટકી જાય છે ? જ્યારે મૂંઝાયે કે ગભરાયે આપત્તિનું આવાગમન અટકાવી શકાતું નથી, તો પછી આપત્તિ આવ્યા પહેલા ખેદ પામવો, દુ:ખ અનુભવવું, હાય, હાય, શું થશે ? એમ કરવું, એથી ફાયદો શો ? એવી મૂંઝવણ અને ગભરામણ દુ:ખમાં ઘટાડો કરતી નથી, પણ દુ:ખમાં વધારો કરનારી જ નિવડે છે. આપત્તિ આવવાની છે, એમ જાણીને તો સાવધ બની જવાનું હોય. એ આપત્તિના સમયે આત્મસંપત્તિ રગદોળાઈ જાય નહિ, તેની વિશેષ કાળજી કરવી જોઈએ, આવેલ આપત્તિના નિમિત્તે આત્મસંપત્તિને સવિશેષ પ્રગટાવી શકાય, એવો પ્રયત્ન કરવો જોઈએ અચાનક આપત્તિ આવે તો તૈયારી કરવાનો સમય ન રહે, પણ જો પહેલેથી જ ખબર પડે તો તો તેવા સમયમાં સમાધિ જળવાઈ શકે એવી જોગવાઈ થઈ શકે, પણ એ કોને માટે ? વિવેકીને માટે ! અવિવેકી તો આપત્તિ આવવાની છે, એમ જાણીને જ મૂંઝવણમાં ને મૂંઝવણમાં અધમૂઆ જેવો થઈ જાય. કેટલીકવાર તો, આપત્તિ કરતા પણ આપત્તિ આવશે એ વિચાર મોટી આપત્તિરૂપ બની જાય છે. કેટલાકો તો એવા વિચારોમાં ને વિચારોમાં જ પાગલ બની જાય છે. એટલે એવી મૂંઝવણ અગર તો ગભરામણ આ લોકની કે પરલોકની ઉભયદૃષ્ટિએ એકાન્તે હાનિકારક જ છે. આથી જગતના જીવ માત્ર

પ્રત્યે ઉપકારની ભાવનાવાળા જ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે, હિતનો ઉપાય તો એ જ છે કે, આપત્તિ આવવાની છે એમ જાણીને સદ્‌વિચારમાં લીન બની જવું અને એ રીતે આત્માને સુસ્થિર બનાવી લેવો. આપત્તિના સમયમાં ટકતી સમાધિ તો બીજી પણ અનેકવિધ આપત્તિઓના મૂળને ઉખેડી નાખે છે.

### દુ:ખમાં પણ સુખ અનુભવી શકાય

કર્માધીન આત્માઓના સર્વ દિવસો સરખા જતા નથી. કર્માધીન આત્માનો એકપણ ભવ દુ:ખના લેશ વિનાનો જ પસાર થાય, એ શક્ય જ નથી. વિશેષ પુણ્યવાન હોય તો સુખનું પ્રમાણ મોટું અને વિશેષ પાપી હોય તો દુ:ખનું પ્રમાણ મોટુ પણ આદિથી અન્ત સુધીનું એકાન્ત સુખમય જીવન કર્માધીન જીવોને પ્રાપ્ત થતું જ નથી. અહીં બેઠેલા સંખ્યાબંધ માણસોમાંથી એક પણ માણસ એમ કહી શકશે કે, મને મારી જીંદગીમાં દુ:ખનો લેશ પણ અનુભવ થયો નથી.

**સભા** : એવા માણસ તો ન મળે.

**પૂજ્યશ્રી** : આમ છતાં, દુ:ખમાં પણ સુખનો અનુભવ કરી શકાય, એવો માર્ગ ઉપકારી મહાપુરુષોએ દર્શાવ્યો છે. શ્રી જિનશાસનના રહસ્યને પામેલા પરમઉપકારી મહાપુરુષોએ દર્શાવેલા માર્ગનું યથાસ્થિતપણે સેવન કરાય, તો કારમા દુ:ખને પમાડનારી સામગ્રીના યોગમાં પણ આત્મિક સુખનો સુન્દરમાં સુન્દર આસ્વાદ પામી શકાય છે અને સાથે સાથે દુ:ખ માત્રની જડ સમાન કર્મસમૂહની નિર્જરા પણ સાધી શકાય છે. ઉપકારીઓએ ફરમાવેલા માર્ગને પામેલા અને એ માર્ગની આરાધનામાં અપ્રમત્ત બનેલા આત્માઓ, હરકોઈ દશામાં વર્તમાનકાળે સમાધિના સુખને અનુભવવાપૂર્વક, ભાવિકાળના સુખનું નિર્માણ કરનાર બને છે. એવા આત્માઓનો વર્તમાનકાળ જેમ સુખમય બની જાય છે, તેમ ભાવિકાળ પણ પ્રાય: સુખમય જ બની જાય છે.

### ચક્રવર્તી અને ઈન્દ્રના કરતાં પણ સાધુઓ વિશેષ સુખને અનુભવે છે

વર્તમાનમાં સુખનો અનુભવ કરવાપૂર્વક, ભાવિકાળને પણ

સુખમય બનાવવાનો એક માત્ર માર્ગ એ જે છે કે, 'અનન્તઉપકારી, અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા યથાવસ્થિત મુક્તિમાર્ગ પ્રત્યે નિર્મળ શ્રદ્ધા કેળવવી અને એ માર્ગની આરાધનામાં જ દત્તચિત્ત બની જવું.' જે નિર્દોષ છે, છતાં અનુપમ સુખનો અનુભવ છ ખંડના માલિક એવા ચક્વર્તી પણ નથી કરી શકતા અને દેવોના સ્વામી એવા ઈન્દ્ર પણ નથી કરી શકતા, તે સુખનો અનુભવ સાચા નિર્ગ્રન્થો કરી શકે છે.' ઉપકારી મહાપુરુષો એમ ફરમાવે છે, એટલું જ નહિ, પણ સાચા નિર્ગ્રન્થો ઉપકારીઓના આ યથાર્થ કથનનો સાક્ષાત્ અનુભવ પણ કરે છે.

**સભા** : સાધુપણામાં શું એટલો બધા સુખનો અનુભવ કરી શકાય છે ?

**પૂજ્યશ્રી** : જરૂર, સાધુપણું સાધુપણારૂપે હોય તો, જેટલે અંશે સાધુપણાની સુન્દરતા, તેટલે અંશે એ સુખનો અનુભવ.

**સભા** : એ કેમ બને ?

**પૂજ્યશ્રી** : મુંબઈમાં રોજ કેટલાં સ્ત્રી, પુરૂષો કે બાળકોના મરણો થતાં હશે ?

**સભા** : ઘણાંયનાં.

**પૂજ્યશ્રી** : શું એ બધાં જ મરણો તમને દુઃખ ઉપજાવે છે ? તમારા હૈયાને આઘાત પહોંચાડે છે ?

**સભા** : એ શક્ય નથી.

**પૂજ્યશ્રી** : કારણ ?

**સભા** : એમ તે કાંઈ બધાના મરણો દુઃખ ઉપજાવે ખરાં ?

**પૂજ્યશ્રી** : પણ દુઃખ ન ઉપજાવે તેનું કારણ શું ?

**સભા** : એ બધાની સાથે અમારે સંબંધ હોતો નથી, એ જ એનું કારણ.

**પૂજ્યશ્રી** : સંબંધ હોય તો દુઃખ થાય અને સંબંધ ન હોય તો દુઃખ ન થાય, એમજ ને ?

**સભા** : સંબંધ ન હોય પણ કોઈનું અકાલે મૃત્યુ થયું હોય અગર તો મરનારની પાછળ નિરાધાર કુટુંબ હોય, તો એ જાણીનેય પણ દુઃખ થાય.

**પૂજ્યશ્રી** : એ દુ:ખ શાથી થાય ?

**સભા** : દયા આવે એથી.

**પૂજ્યશ્રી** : દયાની વાતને અલગ રાખો. એ સિવાય ?

**સભા** : એ સિવાય તો કોઈ મરે અને કોઈને દુ:ખ થાય એ ન બને.

**પૂજ્યશ્રી** : ત્યારે મરણ એ દુ:ખનું કારણ હોવા છતાંય, તમે જ્યાં મરનારને કોઈ એટલે પર માનો છો, ત્યાં દયાના કારણ સિવાય તમને દુ:ખ થતું નથી, એ વાત નિશ્ચિત જ છે ને ?

### દુ:ખનું કારણ મમત્વનું બંધન !

**સભા** : આ વાતને મારા પ્રશ્ન સાથે સંબંધ ?

**પૂજ્યશ્રી** : હમણાં સમજાશે. પરાયું કોઈ મરણ પામે તો દુ:ખ ન થાય અને પોતાનું માનેલું કોઈ મરે તો દુ:ખ થાય, ત્યારે એ દુ:ખને ઉત્પન્ન કરનાર મરણ છે કે મમત્વ છે, એ વિચારવા જેવું છે. જ્યાં મમત્વ નથી ત્યાં દયાભાવના પ્રગટે એ જુદી વાત છે; કોઈ ઉપકારી જાય અને એથી દુ:ખ થાય એ જુદી વાત છે પણ એ સિવાય તો, જેના પ્રત્યે મમતા નથી તેના મૃત્યુથી પણ દુ:ખ થતું નથી, એ નિશ્ચિત વાત છે ને ? પુત્ર-પુત્રીનું મરણ, માતા-પિતાદિનું મરણ, સંબંધિઓનું મરણ મોહના ઘરનું દુ:ખ ઉપજાવે છે, કારણકે ત્યાં મમત્વ બેઠું છે. ત્યારે એ દુ:ખમાં મુખ્ય કારણ મરણ છે કે મમત્વ છે ?

**સભા** : મમત્વ.

**પૂજ્યશ્રી** : એ મમત્વ નીકળી જાય એટલે તેવા મરણના કારણે પણ મોહના ઘરનું દુ:ખ ઉત્પન્ન થવા પામે નહિ, એ સુનિશ્ચિત વાત છે.એ જ રીતે પોતાના શરીર ઉપરનું મમત્વ પણ ટળી જાય તો ?

**સભા** : તો શરીરના દુ:ખે પણ દુ:ખી ન થવાય.

**પૂજ્યશ્રી** : અહીં એક વાત સમજી લેવાની છે.

પોતાના શરીર ઉપર આફત આવે, પોતાનું શરીર રોગથી ઘેરાય. એવા સમયે સમભાવ ટકાવવાને માટે સહનશીલતાની ખૂબ જ અપેક્ષા રહે છે. સામર્થ્યહીન જીવો તેવા અશુભોદય સમયે અસમાધિમયતાને પામી જાય, એ અસંભવિત વસ્તુ નથી. એવા

સમયે સમાધિ જળવાઈ રહે અને આરાધનામા વિઘ્ન ન આવે ત્યાં સુધી ઉપચારાદિથી પર રહેવું એ બરાબર છે; પણ તથા પ્રકારના સામર્થ્યના અભાવે જો અસમાધિ થઈ જાય તેમ હોય અને આરાધનામાં વિક્ષેપ પડે તેમ હોય તો આજ્ઞાવિહિત ઉપચારો કરી શકાય છે.

હવે આપણે ચાલુ વાત ઉપર આવીએ.

સાચો સાધુ પોતાના શરીરને પણ પર માનનારો હોય છે. આ કારણે, તે દરેક દશામાં સમભાવજનિત સુખનો અનુભવ કરી શકે છે. આજ્ઞાવિહિત માર્ગે સમભાવમાં મસ્ત રહેનારને બાહ્ય કારણો દુઃખ ઉપજાવી શકાતા નથી. ચક્રવર્તી કે ઈન્દ્ર આદિને માટે આવું સમાધિસુખ, ઈન્દ્રપણાથી કે ચક્રવર્તીપણા આદિથી સંભવિત છે ?

**સભા** : એ તો સંભવિત નથી.

### મુક્તિમાર્ગની આરાધનામાં દત્તચિત્ત બનો !

સાચો સાધુ આહારાદિ મળે તોય જેવો પ્રસન્ન રહે છે, તેવો જ પ્રસન્ન આહારાદિ ન મળે તોય રહી શકે છે. એ આહાર લે તોય સંયમના હેતુથી, એટલે મળી જાય તો સંયમવૃદ્ધિ માને અને ન મળે તો તપોવૃદ્ધિ માને. માન મળે કે અપમાન થાય, સ્વાગત થાય કે તિરસ્કાર થાય, ઉભય સ્થિતિમાં પુણ્ય-પાપના ઉદયના સ્વરૂપને સમજનાર એ સમભાવે રહે, તો એ સુખ કોઈ સામાન્ય કોટિનું નથી. બાહ્ય દૃષ્ટિએ જોતા પરમદુઃખી જણાય એવા પણ આત્માઓ, અંતરથી પરમસુખનો અનુભવ કરતા હોય, એ સુસંભવિત વસ્તુ છે. જીવતા શરીરની ચામડી ઉતારાતી હોય, ઉઘાડે માથે ધગધગતા અંગારાની સગડી મૂકાઈ હોય, વાધરના બંધનથી શરીરના હાડકાં તડ-તડ ત્રૂટતા હોય કે આખોય દેહ કારમા રોગથી ગ્રસ્ત બની ગયેલો હોય, એવી દશામાં પણ પરમસુખને અનુભવતા અને ભવિષ્યના પરમસુખને સાધતા મહાપુરુષો મુક્તિમાર્ગની પરમ આરાધનામાં જ લીન બન્યા હતા. આથી જ કહેવાય છે કે, દુઃખમાં પણ સુખનો અનુભવ કરવો હોય અને સાથે જ ભાવિના સુન્દર સુખને સાધવું હોય તો એને માટે એક જ ઉપાય છે; અને તે એ કે મુક્તિમાર્ગ પ્રત્યે નિર્મળ

શ્રદ્ધા કેળવવાપૂર્વક, એ માર્ગની આરાધનામાં જ દત્તચિત્ત બની જવું. આ માર્ગના શ્રદ્ધાળુ આત્માઓ ગૃહસ્થદશામાં હોય, તોય બીજાઓની જેમ સુખી દશામાં ઉન્મત્ત કે દુઃખી દશામાં દીન બનતા નથી; પણ વિરલ આત્માઓ જ આવા અતિ સુન્દર અને એકાન્તે હિતકર પણ માર્ગ પ્રત્યે સુશ્રદ્ધાળુ બની શકે છે.

### આજના ધીંગાણા અને વિપ્લવના વાતાવરણ સમયે શ્રદ્ધાળુઓની ફરજ

એકાન્તે હિતકર એવા પણ માર્ગ પ્રત્યે તેઓ જ સુશ્રદ્ધાળુ બની શકે છે, કે જેઓ સુન્દર ભવિતવ્યતાને ધરનારા હોય છે. વિચક્ષણ એવા પણ બહુલસંસારી જીવો તો, પોતાની વિચક્ષણતાનો ઉપયોગ એવી રીતે કરે છે, કે જેથી તેમનો ભાવિકાળ દુઃખમય બની ગયા વિના રહે નહિ. સન્માર્ગના પ્રરૂપક સદ્દગુરૂઓનો યોગ પ્રાપ્ત થવો, એજ મુશ્કેલ છે; અને પ્રાપ્ત થયેલો એ યોગ ફળવો, એ તો એથી પણ વિશેષ મુશ્કેલ છે; સન્માર્ગની રૂચિ પેદા થવાને માટે, લઘુકર્મિતા, એ પરમ આવશ્યક વસ્તુ છે. એવાપણ જીવો આ સંસારમાં વિદ્યમાન હોય છે, કે જે જીવો સદ્દગુરૂના કથનની ઠેકડી કરવામાં જ આનંદ માને. આવા જીવોને સન્માર્ગનું કથન ફળે શી રીતે ? આજનું વાતાવરણ જુઓ. આજે સદ્દગુરૂઓના વચનોની ઠેકડી કરવી, તે તો સામાન્ય વાત થઈ પડી છે. એવાને સદ્દગુરૂનો યોગ ફળ્યો કહેવાય કે ફૂટ્યો કહેવાય, એ વિચારો ! એવાઓ નથી તો પોતે આરાધના કરતા અને નથી તો બીજાઓને આરાધના કરવામાં સહાયક થતા. સહાયક થવાને બદલે વિઘ્ન ન કરે તોય બસ, એમ આજે કહેવું પડે તેમ છે. આજે કેટલાક જીવો સન્માર્ગના આરાધકોને ત્રાસ આપવાને મથી રહ્યા છે, પોતાનાથી આરાધના ન થતી હોય, તોય તેઓએ બીજાને વિઘ્નકાર શા માટે નિવડવું જોઈએ ? તદ્દન ખોટો પણ વિરોધ કરવાની ધૂનમાં આજે કેટલાકો શું લખી-બોલી રહ્યા છે ? સમાજહિતના નામે આ ધીંગાણા હોય ? અને ધીંગાણા પોતે મચાવવાં, છતાંય દોષ સાધુઓને દેવો, એનો અર્થ શો ? જેઓમાં પ્રમાણિકતા પણ ન હોય, તેઓ ગાળો ન દે, કલંકો ન ઓઢાડે તો બીજું કરે પણ શું ? તેઓની નેમ એક જ છે કે, લોકોને કોઈપણ રીતે ધર્મસ્થાનોમાં આવતા બંધ કરવા. આ

રીતે ધર્મની સામે બળવા જગવનારાઓનું આપણે ભલે બૂરું ન ઈચ્છીએ; તેઓનું પણ કલ્યાણ થાઓ એમ જ આપણે ઈચ્છીએ પરંતુ તેઓના પાપે તેઓનું બૂરૂં ન થાય એ સંભવિત નથી કોઈપણ જીવને મુક્તિમાર્ગ પમાડવો એ જેમ અનુપમ કોટિનો ઉપકાર છે તેમ કોઈપણ જીવને મુક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ બનાવવો અગર મુક્તિમાર્ગ પામતો અટકાવવો, એ ભયંકર કોટિનો અપકાર છે. આથી મુક્તિમાર્ગના શ્રદ્ધાળુ આત્માઓએ, ખાસ કરીને આવા વિપ્લવના સમયે તો, પોતાના સઘળા જ સામર્થ્યનો સદુપયોગ કરીને, આરાધકોના માર્ગને નિષ્કંટક બનાવવા માટે સઘળું જ કરી છૂટવું જોઈએ. યોગ્ય જીવો માર્ગથી વંચિત ન રહી જાય એ માટે શ્રદ્ધાળુઓએ વિવિધ યોજનાઓ હાથ ધરવી જોઈએ અને ધર્મવિરોધી પ્રચારોનો તેટલો જ સબળ પણ સુંદર પ્રતિકાર કરવાને ઉજમાળ બની જવું જોઈએ.

**કર્મસત્તા રીઝવી રીઝે પણ નહિ**
**રડ્યે પીગળે પણ નહિ**

શ્રદ્ધાળુ આત્માઓની આ પણ એક અગત્યની ફરજ છે. એ સમજવાને માટે બુદ્ધિની સુન્દરતા પણ જોઈએ. માર્ગની પ્રાપ્તિ અને સમજ વિના, આ વસ્તુનો વાસ્તવિક ખ્યાલ આવવો મુશ્કેલ જ છે. આ માર્ગની ઉપકારકતાને તમે સમજો છો ? જે માર્ગ પામવાના યોગે ભયંકરમાં ભયંકર પણ દુઃખની સામગ્રીમાં સુખનો અનુભવ કરી શકાય છે અને પરિણામે શાશ્વત એવા અનન્ત સુખને પામી શકાય છે, તે માર્ગની ઉપકારકતા જેવી તેવી નથી. કર્મની આધીનતા છે, ત્યાં સુધી દુઃખ ન જ આવે એમ નહિ પરંતુ 'આવે દુઃખ અને સધાય સુખ' એવો કીમિયો દર્શાવનાર કોઈ હોય, તો તે એક આ જૈન શાસન જ છે. સુખની સામગ્રી મળવી કે દુઃખની સામગ્રી મળવી, એ પ્રતાપ કોનો?

**સભા** : શુભ યા અશુભ કર્મનો.

**પૂજ્યશ્રી** : દુઃખની સામગ્રી આવી પડે ત્યારે મૂંઝાયે, દીન બન્યે શું ઉદયમાં આવેલું કર્મ ભાગી જાય ?

**સભા** : નહિ જ.

**પૂજ્યશ્રી** : ત્યારે પ્રયત્ન તો એ કરવો જોઈએ, કે જેથી કર્મની

આધીનતા મૂળમાંથી જ ટળી જાય. એ માટે ઉદયમાં આવેલા કર્મોને સમભાવે ભોગવવા જોઈએ અને સમભાવ પ્રગટાવવાને માટે તથા તેને ટકાવવાને માટે, એ પણ ખ્યાલમાં રાખવું જોઈએ કે, 'મારા જ પૂર્વના કૃત્યોનું આ ફળ છે.' આ ખ્યાલમાં હોય, કર્માધીનતાની ભયંકરતા સમજાઈ હોય અને એનાથી મુક્ત બનવાની સાચી અભિલાષો પ્રગટી હોય, તો સુખ-દુ:ખની સામગ્રી મળતા રાચવાનું કે રડવાનું મન કેમ થાય ? એવા અવસરે મોહ મૂંઝવે નહિ, એની સાવધગીરી રાખવી જોઈએ. દુ:ખ આવ્યે દીન બનવાથી કે રૂદન કરવાથી કર્મસત્તાને દયા આવે કરે નહિ એ સત્તા તો એવી કઠોર છે કે એ રીઝવી રીઝે નહિ. અને રડીને પીગળાવવા મથો તોય પીગળે નહિ. એ સત્તાને તોડ્યે જ છૂટકો. દુનિયામાંથી કર્મસત્તા નાબુદ થવાની નથી. પણ સુજ્ઞ અને સમર્થ બનેલા આત્માઓ પોતાના ઉપર એ સત્તાનું બળ ન ચાલી શકે એવો પ્રયત્ન જરૂર કરી શકે છે અને એમાં વિજય પણ મેળવી શકે છે. એ વિના દુ:ખ મૂળમાંથી જાય અને સાચા સુખની શાશ્વતકાલીન સંપૂર્ણ પ્રાપ્તિ થાય, એ શક્ય જ નથી.

**દુ:ખ પ્રત્યે નહિ, પણ પાપ પ્રત્યે તિરસ્કાર પ્રગટવો જોઈએ**

અહીં શ્રી રામચન્દ્રજી અને શ્રીમતી સીતાદેવી મહેન્દ્રોદય નામના ઉદ્યાનમાં આનન્દથી દિવસો વિતાવે છે, પણ એક વખત શ્રીમતી સીતાજીનું જમણું નેત્ર ફરકે છે. પોતાનું જમણું નેત્ર ફરકતાંની સાથે જ શ્રીમતી સીતાજી અશુભની આશંકામાં પડી જાય છે. અશુભની આશંકાથી ઘેરાયેલા મનવાળા આ શ્રીમતી સીતાજી, એકદમ શ્રી રામચન્દ્રજીની પાસે આવે છે અને પોતાનું જમણું નેત્ર ફરકવાની વાત કરે છે. એના ઉત્તરમાં શ્રી રામચન્દ્રજી કહે છે કે "આ સારૂં નહિ." શ્રી રામચન્દ્રજીના આવા કથનને સાંભળતાની સાથે જ શ્રીમતી સીતાજી વિશેષ વિહ્વળ બની જાય છે અને એવા ભાવને પ્રદર્શિત કરનારાં વચનો બોલી ઉઠે છે કે, "મારા રાક્ષસદ્વીપના વાસથી પણ હજુ ભાગ્યને શું સંતોષ થયો નથી ? શું હજું પણ આપના વિયોગજન્ય દુ:ખથી પણ અધિક દુ:ખ તે મને આપશે ? મારું જમણું નેત્ર ફરકવારૂપ આ નિમિત્ત અન્યથા તો નથી જ."

શ્રીમતી સીતાજીના હૃદયને અશુભના એક નિમિત્ત માત્રે પણ કેટલો બધો આઘાત પહોંચાડ્યો ? એ બહુ જ વિચારવા જેવી વાત છે. શું તેમને પ્રાપ્ત થનારૂં દુ:ખ એ તેમના જ પોતાના પૂર્વકાલીન પાપકાર્યનું પરિણામ નહોતું ? અશુભ કર્મના ઉદય વિના દુ:ખ આવે નહિ અને પાપકરણી આચર્યા વિના અશુભ કર્મ બંધાય નહિ. એ નિયત વાત છે; એટલે દુ:ખ પોતાના જ પૂર્વકાલીન પાપકાર્યનું પરિણામ છે, એ નિસ્સંદેહ છે આમ છતાં, દુ:ખ આવતા અગર તો દુ:ખ આવવાનું છે એવો ખ્યાલ, આવતાં દુ:ખના દ્વેષીજનોને આઘાત થાય તે અસંભવિત નથી. એવા સમયે વાસ્તવિક ધીરતાને ધારણ કરી, વીરતા કેળવી, સમભાવમાં મગ્ન બનવું, એ જ એક સાચો તરણોપાય છે; પરંતુ એમ થવું, એ કાંઈ સઘળા જ આત્માઓને માટે શક્ય નથી. દુ:ખના આવાગમનથી અગર તો આવનાર દુ:ખના ખ્યાલથી ગભરાયેલા જીવોને, એવી સલાહ આપવી જોઈએ કે જેના યોગે તેઓ ધીર અને વીર બનીને સમભાવે દુ:ખને સહન કરી શકે ! એટલું જ નહિ, પણ એવા સમયે દુ:ખી આત્માઓનાઃ હૃદયમાં પાપ પ્રત્યે જ તિરસ્કાર પ્રગટે અને પાપથી બચાવનાર ધર્મ પ્રત્યે આદરભાવ પ્રગટે, એવી જ જાતિની સુન્દર સલાહ આપવી એ હિતકારક છે પણ દુનિયામાં આવી સલાહ આપનારા કેટલા ?

**સભા** : બહુ જ વિરલ.

**પૂજ્યશ્રી** : આપણે એ વિરલોમાંના જ એક બનવું જોઈએ. સલાહ આપવી જ હોય તો એવી જ આપવી; નહિ તો બહેતર છે કે મૂંગા રહેવું. અન્યનુ ભલું ન કરી શકાય તોય તેના ભૂંડાથી તો જરૂર બચવું. ખોટી સલાહ આપનારાઓના કરતાં મૂંગા રહેનારાઓ પણ લાખ દરજ્જે સારા છે.

### કોઈ કોઈના પણ દુષ્કર્મોદયને અન્યથા કરી શકે જ નહિ

વિચારી જુઓ કે, શ્રી રામચન્દ્રજીએ શ્રીમતી સીતાજીને શું કહ્યું હશે ? 'તું ગભરાય છે શા માટે ? હું બેઠો છું ત્યા સુધી તારો એક વાળ પણ વાંકો કરનાર કોણ છે ? તારા મહેલ ઉપર પહેરો મૂકી દઉં.' આવું આવું કહેવા ધારે, તો શ્રી રામચન્દ્રજી કહી શકે તેમ હતું કે નહિ ? શ્રી

રામચન્દ્રજી એમ કરવા ધારે તો તે કરી શકે એમ પણ હતું કે નહિ ? ત્રણ ખંડના સ્વામી એવા શ્રી લક્ષ્મણજી જેને ચરણે માથું મૂકતા હોય, તેને માટે શું ન થઈ શકે ? એમની પાસે સેવકોની ખોટ હતી ? સેવકોની વાત દૂર રહો, પણ શ્રી રામચન્દ્રજી અને શ્રી લક્ષ્મણજી પોતે પણ કમ સમર્થ હતા ? નહિ જ. આમ છતાં શ્રી રામચન્દ્રજી એવું કાંઈ જ કહેતા નથી; કારણકે, સમજું છે. એ જાણતા હતા કે લાખ્ખો સૈનિકો અને સમર્થમાં સમર્થ પણ રક્ષકો, બીજાના દુષ્કર્મના ઉદયને અન્યથા કરવાને સમર્થ નિવડી શકતા જ નથી. ક્ષપકશ્રેણિ માંડનાર આત્માઓમાં એ સામર્થ્ય પ્રગટે છે, કે જે સામર્થ્યના યોગે તેઓ, શક્ય હોય તો સારાય વિશ્વના જીવોના કર્મોનો ક્ષય કરી નાંખે; પણ એ શક્ય જ નથી. એ શક્ય હોત તો તો પરમ ઉપકારીઓ એટલું કરવાને ચૂક્યા જ ન હોત. શ્રી રામચન્દ્રજી હોય, શ્રી લક્ષ્મણજી હોય કે મોટો ચક્રવર્તી અગર ઇન્દ્ર હોય, પણ કોઈના દુષ્કર્મના ઉદયને અન્યથા કરવાનું કોઈનામાં ય સામર્થ્ય નથી.

### ધીર અને વીર બની સમભાવે વેઠો

આ વસ્તુને સમજનારા શ્રી રામચન્દ્રજી, આપત્તીની આશંકાથી અત્યન્ત ખેદને પામેલા શ્રીમતી સીતાજીને કહે છે કે, ''*देवी ! मा खेदमुद्वह ।*'' અર્થાત્ 'હે દેવિ ! તમે ખેદ ન કરો.' આ પ્રમાણે કહીને, ખેદ નહિ કરવાનું કારણ સમજાવતાં પણ શ્રી રામચન્દ્રજી કહે છે કે,

''*अवश्यमेव भोक्तव्ये, कर्माधीने सुखासुखे ।*''

કર્મને આધીન એવા સુખ-દુઃખોને અવશ્યમેવ ભોગવવા પડે છે. સુખ-દુઃખ કર્મને આધીન છે અને કર્મના નાશ વિના તેનો નાશ સંભવિત નથી. આ કારણે કર્માધીન જીવોને એ અવશ્યમેવ ભોગવવા પડે છે. જે વસ્તુને ભોગવ્યા વિના ચાલે તેમ નથી, તે વસ્તુને ભોગવતા શોક શા માટે કરવો જોઈએ ? ખેદ કર્યે શું વળે ? જ્યારે કર્માધીન સુખ-દુઃખ ભોગવવા જ પડે તેમ છે, તો એવી રીતે કાં ન ભોગવવા, કે જે રીતે તેને ભોગવતાં આત્મા નવીન દુષ્કર્મોને ઉપાર્જનારો બને નહિ અને ઉદયને નહિ પામેલા એવા પણ બીજા ઘણા ઘણાં કર્મોની નિર્જરાને સાધનારો બને. દુઃખ આવવાનું છે, એ નક્કી વાત છે, એને ભોગવ્યા વિના છૂટકો નથી, રડ્યે માથું કૂટ્યે કાંઈ વળે તેમ નથી, તો

ધીર અને વીર બનીને સમભાવપૂર્વક આવેલ દુઃખને વેઠી લેવામાં હરકત શી ? એમાં લાભ કે નુકસાન ?

**સભા** : એમાં એકાન્તે લાભ જ છે.

**પૂજ્યશ્રી** : આત્મા સાચો ધીર અને વીર બને. તો એને દુઃખ કાંઈ જ કરી શકતું નથી. આવેલ દુઃખ ઉલ્ટું ઉપકારક બની જાય છે. વિચારો કે કારમા પણ દુઃખમાં સુન્દર ભાવનાના યોગે ઉત્પન્ન થતું સમાધિસુખ, એ કેવું અનુપમ સુખ છે ? એ દશા તો વર્તમાનમાં ય સુખ દે અને ભવિષ્યને સુખમય બનાવે. એથી વિપરીત, દુષ્કર્મના ઉદય સમયે મૂઝાનારાઓ, અસ્વસ્થ બનનારાઓ રડવા બેસનારાઓ, અગર તો માથું કૂટવાને મંડી જનારાઓ તો, ઉદયમાં આવેલ દુષ્કર્મને વેઠવા સાથે બીજા અનેક દુષ્કર્મોને ઉપાર્જી, પોતાના દુઃખમાં વધારો કરી દે છે. એથી એવાઓ નથી તો વર્તમાનમાં સુખ અનુભવી શકતા કે નથી તો ભવિષ્યમાં સુખ અનુભવી શકતા.



# આપત્તિમાં શરણરૂપ એક ધર્મ જ છે.!

## ૬

અનિષ્ટ સ્વપ્નના દર્શનથી અને અશુભ નિમિત્તોથી ભયભીત શ્રીમતી સીતાદેવીને શ્રીરામચન્દ્રજી કર્મની આધીનતાએ સુખ-દુ:ખ ભોગવવાં જ પડે છે તેનો ખ્યાલ આપીને '*ધર્મ શરણમાપદ્વિ*' આપત્તિના કાળે ધર્મ જ શરણ છે એમ સમજાવીને દેવભક્તિ આદિ માટે પ્રેરે છે.

વાત પણ ખરી છે કર્મસત્તાથી બચાવનાર માત્ર ધર્મસમાજ છે. આપત્તિ કર્મની આધીનતાથી આવે છે. એ સમજાય તો ધર્મ જ શરણરુપ લાગે અને ખરેખર, ધર્મ પામેલો હોય તે દુ:ખમાં રીબાય ખરો ? અને દુ:ખને ભોગવવા જેવું માને છે, પોતાના કર્મના ફળસ્વરુપે સ્વીકારનારો હોય છે.

એ વાત બરાબર ધ્યાનમાં રહેવી જોઈએ કે ધર્મ કરવાનો ખરો હેતુ આપત્તિના નિવારણ સિવાય કયો હોઈ શકે ? સંસાર મારી આપત્તિ જ છે ને ? પણ એ તો અર્થ પૌદ્દગલિક આશયથી ધર્મનો ઉપદેશ આપવાનો નથી. એ વાતને અને મુગ્ધ જીવોની આશંસા સહિતની પણ ધર્મપ્રવૃત્તિ તદ્દહેતુ અનુષ્ઠાનનું બીજ બને છે તે વાત અહીં ખાસ વાંચવા જેવી છે.

-શ્રી

# આપત્તિમાં શરણરૂપ એક ધર્મ જ છે

- આપત્તિ વેળાએ ધર્મસ્થાનોને તાળા દેવાનો થઈ રહેલો વિષમ પ્રચાર
- ધર્મને પામેલો દુ:ખમાં રીબાય નહિ
- ધર્મમાં પૌદ્‌ગલિક આશંસા ન આવે તેની પણ કાળજી રાખવી જોઈએ
- તદ્‌હેતુ - અનુષ્ઠાનનું બીજ
- લક્ષ્મીની કિંમત કચરા જેટલી
- ભક્તિભાવ અને અનુકંપાભાવ
- ખાસ વિચારવા જેવી વાત
- નગરીનો સત્ય વૃત્તાન્ત કહેનારા અધિકારીઓ તરીકે પૂર્વ થતી નિમણૂકો
- સૌ પોતપોતાની ફરજ અદા કરનારા બને એ જ શાંતિનો માર્ગ છે
- રાજા, પિતા અને પતિ સાથેનો પ્રજા, પુત્ર અને પત્નીનો ઝઘડો
- લોકચર્ચાના કારણે આયોધ્યાનગરીના
  આઠ આગેવાનોની મતિમાં પણ વિપાર્યાસ થવો



# ૬

## આપત્તિમાં શરણરુપ એક ધર્મ જ છે

કર્માધીન એવાં સુખ-દુઃખ અવશ્યમેવ ભોગવવા પડે છે, એ વસ્તુનો ખ્યાલ આપ્યા બાદ, શ્રી રામચન્દ્રજી શ્રીમતી સીતાજીને સમાધિ પામવાનો માર્ગ પણ દર્શાવે છે અને તે દર્શાવતા કહે છે કે,

*"તદ્ગચ્છ મન્દિરે સ્વસ્મિન્, દેવાનામર્ચનં કુરુ ।*
*પ્રયચ્છ દાનં પાત્રેભ્યો, ધર્મઃ શરણમાપદિ ॥૧॥"*

શ્રી રામચન્દ્રજી કહે છે કે, તમે તમારા ઘરના જિન મન્દિરમાં જાઓ; ત્યાં જઈને અરિહંત પરમાત્માની પૂજા કરો અને સુપાત્ર એવા આત્માઓને દાન દો કારણકે આપત્તિમાં શરણ રૂપ કોઈ હોય, તો તે એક ધર્મ જ છે. કર્માધીન સુખ - દુઃખ અવશ્યમેવ ભોગવવા પડે છે, એ સમજીને ધર્મના શરણે જવું એ સમાધિને પામવાનો ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે. આપત્તિથી ઉગારવાને વાસ્તવિક રીતે કોઈ સમર્થ હોય, તો તે એક ધર્મ જ છે અને તે ધર્મ પણ તે જ છે, કે જે શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો છે. આપણે જૈન છીએ માટે જ આપણે આમ કહીએ છીએ, એમ નથી. જે વાસ્તવિક છે તે જ આપણે કહીએ છીએ. સમ્યક્ત્વ એટલે શું ? જે જેમ છે, તેને તેમ માનવુ. ચેતન અને જડનું જે વાસ્તવિક સ્વરૂપ છે તે જ સ્વરૂપને માનવું અને એથી વિપરીત સ્વરૂપને મિથ્યા માનવું. હેયને હેય અને ઉપાદેયને ઉપાદેય માનવું, એ જ સમ્યક્ત્વ છે. શ્રી જિનોક્ત તત્ત્વોમાં જે રુચિ એને સમ્યક્ત્વ કહેવાય છે, પણ એનો અર્થ આ જ છે, કારણકે, શ્રી જિનેશ્વરદેવોએ

તત્ત્વોનું સ્વરૂપ જેવું છે તેવું જ ફરમાવ્યું છે. એથી વિપરીત કહેનારા મિથ્યાવાદીઓ છે અને એથી તેઓનો ધર્મ પણ મિથ્યા જ છે. સાચો ધર્મ તે જ છે, કે જે શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો છે અને એજ એક આપત્તિ માત્રથી ઉગારનાર છે. કર્મસત્તાની આધીનતામાંથી મુક્ત બનાવનાર ધર્મસત્તા છે. ધર્મ સત્તાના શરણને પામેલા આત્માઓ કર્મસત્તાથી સર્વથા મુક્ત ન બને, ત્યાં સુધી પણ સમાધિમય માનસિક સ્વાસ્થ્યને સુન્દર પ્રકારે ભોગવી શકે છે. આપત્તિના સમયે બીજા કોઈનુ પણ શરણ કાર્યગત નિવડતું નથી. આ કારણે, શ્રી રામચન્દ્રજી શ્રીમતી સીતાદેવીને પ્રભુપૂજા અને પાત્રદાન કરવાની સલાહ આપે છે. શ્રી રામચન્દ્રજી જેવા સમર્થ અને સત્તાધીશ પણ, ખુદ પોતાની પ્રિય વલ્લભા એવી પણ પત્નીને આવી સલાહ આપે છે. એ વસ્તુમાંથી આજનાઓ જો વિવેકપૂર્વક વિચારે, તો ઘણી જ સુન્દર પ્રેરણા મેળવી શકે તેમ છે; પણ આજે તો ધર્મકથાઓને ય વાંચતા અગર તો સાંભળતા પણ ખાસ વિચારવા જેવી વસ્તુઓનો વિવેકપૂર્વક વિચાર કરનારાઓ બહુ થોડા છે.

### આપત્તિ વેળાએ ધર્મસ્થાનોને તાળા દેવાનો થઈ રહેલો વિષમ પ્રચાર

શ્રી રામચંદ્રજીએ શ્રીમતી સીતાદેવીને આપેલી આ પ્રકારની સલાહને જાણ્યા પછી તો, એવી ભાવના ઉત્પન્ન થવી એ સહજ છે. 'નાયક મળો તો આવા મળો અગર સલાહકાર મળો તો આવા મળો.' શ્રી રામચંદ્રજીએ જે ભાવના અને જે પ્રવૃત્તિમાં રત બનવાની શ્રીમતી સીતાદેવીને સલાહ આપી છે, એ સામાન્ય કોટિની નથી. એ સલાહ વિવેકથી પરિપૂર્ણ છે. દુ:ખથી મૂંઝાનારા અગર તો રીબાનાર આત્માઓને એવી જ સલાહ આપવી જોઈએ, કે જેથી તેઓ આવેલા દુ:ખને સમભાવે સહી શકે અને કાળે કરીને પણ સાચા કલ્યાણના ભોક્તા બની શકે. આજે તો દુ:ખી પ્રજાને એથી વિપરીત જ સલાહ અપાઈ રહી છે પણ શ્રી રામચન્દ્રજીએ જે સલાહ આપી છે, એથી વિપરીત પ્રકારની સલાહ આપનારાઓ, એ ઘોર મિથ્યાદૃષ્ટિઓ જ છે.

એવા નાયકોની પૂંઠે તણાનારી પ્રજા સુખી નથી થતી, પણ દુ:ખી જ થાય છે. એવા નાયકોનો ત્યાગ અગર તો એવાઓનું કહેવાતું જિતેન્દ્રિયપણું, એ પણ એક પ્રકારનું મોહનું જ તાંડવ છે. સમ્યગ્દૃષ્ટિ આત્માઓને એથી આનંદ કે આશ્ચર્ય થાય જ નહિ. આજે તો બેકારોને બહેકાવાય છે અને દુ:ખીઓને વધારે દુ:ખ સાંપડે એવી સલાહ અપાય છે. વર્તમાનમાં ઉન્મત અને દંભી આદમીઓ દ્વારા, ઉન્મતવાદ પ્રસાર પામી રહ્યો છે. અને અજ્ઞાન પ્રજા લોભની મારી એની પૂંઠે ઘસડાઈ રહી છે. આપત્તિમાં ધર્મ શરણરૂપ છે. એ વાત ભૂલાતી જાય છે અને આપત્તિના નામે ધર્મસ્થાનોને જ તાળા દેવાની વાતોનો પ્રચાર વધ્યે જાય છે. ધર્મના યોગે કેટલાક કર્મો તો ક્ષીણ થઈ જાય છે અને ક્ષીણ ન થાય તેવા પણ નિકાચિત કર્મોનો ઉદય આત્માને પામર બનાવી શકતો નથી. આપત્તિ વેળાએ તો ધર્મની આરાધનામાં વિશેષપણે પ્રવૃત્ત થવું જોઈએ. એને બદલે પાપના માર્ગે પ્રવૃત્ત થવું, એ તો આપત્તિને વધારવાનો જ ધંધો છે. પૌદ્ગલિક અર્થની સિદ્ધિને અનુલક્ષીને કરવામાં આવેલું તોફાન કે તે માટેનો ઘોંઘાટ એ આપત્તિ નિવારનાર છે, એમ માનનારા અને મનાવનારા તો, આ જગતના હિતસ્વીઓ નથી. પરંતુ હિત સંહારકો જ છે.

**ધર્મને પામેલો દુ:ખમાં રીબાય નહિ**

ખરેખર, જે અવસ્થામાં કોઈનુંય કાંઈ ચાલી શકતું નથી, તે અવસ્થામાં પણ એક ધર્મ જ એવો છે કે, જે સુખનો અનુભવ કરાવી શકે છે. જે સમયે મોટામાં મોટું લશ્કર, અનુભવીમાં અનુભવી હકીમો અને વિપુલમાં વિપુલ ઋદ્ધિ આદિ પણ કાંઈ જ કરી શકતાં નથી, તેવા સમયે પણ ધર્મ આત્માને અજબ શાન્તિ આપી શકે છે. દુષ્કર્મના ઉદયે પૃથ્વીનો શહેનશાહ પણ એવા રોગનો ભોગ થઈ પડે છે કે, સારામાં સારા ગણાતા વૈદ્યો, હકીમો કે ડૉક્ટરોનો એકપણ ઉપચાર સફળ નિવડતો નથી. આવા સમયે, જો તે શહેનશાહ ધર્મને પામેલો હોય છે તો રીબાતો નથી. તે દુર્ધ્યાનથી ઉન્મત્ત બનવાને બદલે, શુભ ધ્યાનથી શાન્તિને અનુભવી શકે છે. ધર્મથી તત્કાલ રોગ મટી જાય છે અગર બીજી આફતો ટળી જાય છે એમ નથી; કારણકે ધર્મ પામતા પૂર્વે

તે જીવે તેવા પાપ કરેલા હોય, તો તેનુ ફળ ભોગવવું પણ પડે; પરંતુ પાપના ઉદય સમયે, ધર્મનું શરણ સ્વીકારેલું હોય છે તો, આત્મા તત્કાલ શાન્તિ અનુભવી શકે છે અને ભાવિકાલને આપત્તિમુક્ત બનાવી શકે છે. ધર્મનો આ પ્રભાવ સામાન્ય કોટિનો નથી, ઘણો જ અસાધારણ છે. પણ એનો વિચાર જ ન હોય ત્યાં થાય શું ? ધર્મનું ફળ જોઈએ પણ ધર્મ ન જોઈએ એ દશામાં શુ થાય છે ?

### ધર્મમાં પૌદ્ગલિક આશંસા ન આવે તેની પણ કાળજી રાખવી જોઈએ

**સભા** : આપત્તિના નિવારણને માટે ધર્મ કરવાનું કહી શકાય ?

**પૂજ્યશ્રી** : ધર્મ કરવાનો હેતુ જ આપત્તિના નિવારણનો છે, ત્યાં 'આપત્તિના નિવારણને માટે ધર્મ કરવાનું કહી શકાય ?' એવા પ્રશ્નને અવકાશ જ રહેતો નથી. આપત્તિનો જડમાંથી પણ વિનાશ સાધી આપવાનું અને નહિ અનુભવેલા એવાંય કલ્યાણોને પમાડવાનું સામાર્થ્ય જો, કોઈમાં હોય તો તે એક સદ્ધર્મમાં જ છે એટલે આપત્તિના નિવારણને માટે ધર્મ કરવાનું કહેવું, એ જ એક વાસ્તવિક પ્રકારનો હિતકારક ઉપદેશ છે.

**સભા** : બરાબર છે તો પછી પૌદ્ગલિક આશયથી ધર્મ કરવાનો ઉપદેશ કેમ ન અપાય ?

**પૂજ્યશ્રી** : સૌથી પહેલી વાત તો એ સમજો કે, અમુક જાતિનો પૌદ્ગલિક આશય સિદ્ધ થાય, એટલા માત્રથી સઘળી જ આપત્તિ ટળી જાય, એ શું સંભવિત છે ?

**સભા** : જે વસ્તુ મેળવવાના હેતુથી ધર્મ કર્યો હોય, તે વસ્તુ પ્રાપ્ત થઈ જાય, એટલે તેટલા પૂરતી તો આફત ટળે ને ?

**પૂજ્યશ્રી** : પણ એ આફત ટળતાં સુધીમાં જે પૌદ્ગલિક અભિલાષા આદિરૂપ દુર્ધ્યાન થયું, તેના યોગે કેટલી નવી આપત્તિઓ ખડી થઈ, તેનો કાંઈ વિચાર ?

**સભા** : એ વિચારવા જેવું ખરૂં.

**પૂજ્યશ્રી** : પૌદ્ગલિક અભિલાષા એ પાપનું કારણ છે, આટલું તો તમે સમજો છો તો એ પાપ પુષ્ટ થાય એવા પ્રકારે ધર્મનો ઉપદેશ

આપવાનો આગ્રહ તમે કેવી રીતે સેવી શકો ? ઉપકારી મહાપુરુષો ફરમાવે છે કે, મુક્તિના ઇરાદે આચરેલા ધર્મથી સઘળી જ આપત્તિઓ દૂર થઈ જાય છે, તો ઉપકારીઓના વચનો પ્રત્યે શ્રદ્ધા કેળવીને નિરાશંસભાવે ધર્મ કરવો, એ વ્યાજબી છે કે પૌદ્ગલિક આશંસાથી ધર્મ કરવો એ વ્યાજબી છે ?

**સભા** : પણ આશંસા આવી જતી હોય તો ?

**પૂજ્યશ્રી** : તો એ આશંસા ન આવે તેવો પ્રયત્ન કરવો. વિચારવું કે, મને વસ્તુની આશંસા થઈ જાય છે, તે વસ્તુ મને મળી પણ જાય, તોય તેથી મારા સઘળા દુઃખનો અન્ત આવવાનો નથી. વળી એ વસ્તુ મારી પાસે વધુમાં વધુ એક ભવના સમયથી વિશેષ માટે ટકવાની નથી; અને એ વસ્તુ મેળવવાની ઇચ્છાથી માંડીને એ વસ્તુ મળે અને ભોગવાય ત્યાં સુધીના પાપની ગણતરી કેટલી ? આમ અનેક રીતે વિચાર કરીને પૌદ્ગલિક આશંસાને ટાળવાનો પ્રયત્ન કરવો. જ્ઞાનીઓના વચનોનું નિરંતર શ્રવણ અને મનન આદિ કરવું, કે જેથી મુક્તિની અભિલાષા તીવ્ર બનતી જાય અને પૌદ્ગલિક આશંસા નષ્ટ થતી જાય.

### તદ્હેતુ-અનુષ્ઠાનનું બીજ

એવા પણ મુગ્ધ કોટિના જીવો હોય છે, કે જે જીવોએ આશંસા સહિત આચરેલું પણ અનુષ્ઠાન તદ્હેતુ અનુષ્ઠાનના બીજભૂત હોય; પરંતુ ખ્યાલમાં રાખવુ જોઈએ કે તેવા જીવોને ભવસ્વરૂપ આદિની વાસ્તવિક માહિતી જ હોતી નથી. તેવા જીવો પોતાની તેવા પ્રકારની લઘુકર્મિતાના યોગે સદનુષ્ઠાનના રાગી બને છે અને એ દ્વારા કલ્યાણ માની અનુષ્ઠાનને આચરવા તત્પર બને છે પરંતુ તેઓને જ્યાં ભવ અને મુક્તિના સ્વરૂપાદિનો ખ્યાલ આવે છે, કે તરત તેઓ પૌદ્ગલિક આશંસાનો ત્યાગ કરે છે અને એ જ કારણ છે કે, મુગ્ધ જીવોના તેવા પ્રકારનાં અનુષ્ઠાનોને પણ તદ્હેતુ -અનુષ્ઠાનના બીજભૂત ગણાય છે. આ વસ્તુ આગળ કરી પૌદ્ગલિક આશંસાથી થતાં ધર્માનુષ્ઠાનોને પણ ઉત્તેજન મળે એવો પ્રયત્ન કરવો, એ કોઈપણ રીતે ઉચિત નથી. શાસ્ત્રકાર-પરમર્ષિઓએ રોહિણી આદિના તપને દર્શાવ્યો છે, એ

વસ્તુને આગળ કરીને આજે કેટલાક વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાનનો પણ ઉપદેશ આપી રહ્યા છે; પરંતુ તેઓને એ તપ શાથી દર્શાવ્યો છે, કોના દ્વારા કયા હેતુથી અપાય છે અને કોને અપાય છે, તેનું ભાન જ નથી. મુગ્ધ આત્માઓને માર્ગમાં પ્રવેશ કરાવવાના હેતુથી જ ગીતાર્થ મહાત્માઓ તે તે તપનું દાન કરે છે; અને એ જ કારણે, એટલે કે માર્ગની પ્રાપ્તિ એ ફળ હોઈને, એ સૌભાગ્યાદિની કાંક્ષાવાળાને અપાયેલા હોવા છતાં, ત્યાં વિષાદિપણાનો પ્રસંગ કે તદ્દહેતુત્વના ભંગનો પ્રસંગ નથી ગણાતો.

### લક્ષ્મીની કિંમત કચરા જેટલી

અહીં તો શ્રીમતી સીતાદેવી શ્રી રામચંદ્રજીની સલાહ મુજબ વર્તવાને તત્પર બની જાય છે. શ્રીમતી સીતાદેવીએ ઘેર જઈને મોટા આડંબરપૂર્વક ભગવાન શ્રી જિનેશ્વરદેવની પૂજા કરી અને પુષ્કળ દાન કર્યું. ઘરમાંથી કચરો ફેંકી દેતાં બાઈઓને લેશ પણ સંકોચ થાય છે ? નહિ જ, કારણકે, એ ફેંકી દેવા જેવી જ વસ્તુ છે, એમ એ માને છે. લક્ષ્મીની મૂર્ચ્છા નષ્ટપ્રાય: થાય છે અને ધર્મની પ્રીતિ જાગૃત થાય છે, ત્યારે સામગ્રીસંપન્ન આત્માઓનું દાન એવું બની જાય છે કે, જાણે તે કચરાને કાઢી રહેલ છે. એમને મન લક્ષ્મીની કિંમત કચરાથી અધિક નથી, એવું દાન લેનારાઓને અગર દાન દેતા જોનારાઓને પણ લાગી જાય છે. એ વિના, દાન દાનધર્મ રૂપે થવુ એ સહેલું નથી. કેટલીકવાર વ્રતપાલન અને તપ આદિ પણ જેટલી સહેલાઈથી થઈ શકે છે તેટલી સહેલાઈથી સાચું દાન થઈ શકતું નથી.

### ભક્તિભાવ અને અનુકંપાભાવ

સુપાત્રદાનમાં રહેલો ભક્તિભાવ અને અનુકંપાદાનમાં રહેલો દયાભાવ, આત્માને દાન દ્વારા પણ ઘણા જ સુન્દર ફળને પમાડનાર બને છે. પરંતુ ભક્તિ પાત્રો પ્રત્યે દયાળું બનનારાઓ અથવા ભક્તિપાત્રો માટે ય દયાની જ વાતો કરનારાઓ અજ્ઞાન છે. શ્રાવકોને માટે શ્રાવકો એ દયાનું સ્થાન નહિ, પરંતુ ભક્તિનું જ સ્થાન છે સુશ્રાવક સુશ્રાવકોની ભક્તિ કરવામાં જ રાજી હોય છે. અનુકંપા દાનમાં પાત્ર જોવાનું નહિ અને ભક્તિદાનમાં તો પાત્ર જોવાનું.

ભક્તિપાત્રની આશાતના ન થઈ જાય, તેની પણ કાળજી રાખવી જોઈએ. આજે ભક્તિની પણ કેટલીક ક્રિયાઓ, તે ક્રિયાઓ આચરનારાઓની ક્ષુદ્રતા આદિથી, આશાતનાની ક્રિયાઓ જેવી બની ગઈ છે. થોડી શક્તિ હોય તો થોડાની ભક્તિ કરો, પણ ભક્તિ કરો તે એવી રીતે કરો કે જેથી ભક્તિપાત્રોની આશાતના થવા પામે નહિ. અનન્ત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ સંયમના જ પાલન અને પ્રચારમાં ઉદ્યમવન્ત બનેલા મહાત્માઓ, એ તો ભક્તિના શ્રેષ્ઠ ભાજન રૂપ છે; પરંતુ આજે કહેવાતા શેઠીયા તેમની પણ દયા ખાતા હોય, એ રીતે વર્તી રહ્યા છે. ભક્તિપાત્રો પ્રત્યે ભક્તિભાવ ન જાગવો, અને દીન, દુઃખી આદિ પ્રત્યે અનુકંપાભાવ ન જાગવો, એ પણ એક પ્રકારની કારમી કમનસીબી છે. પાત્ર આત્માઓ ત્રણ પ્રકારના ગણાય છે સર્વવિરતિધર મહાત્માઓ એ ઉત્તમ કક્ષાના પાત્ર છે. દેશ વિરતિધર ગૃહસ્થો એ મધ્યમ કક્ષાના પાત્ર છે અને તથાપ્રકારે વિરતિ કરવાને અશક્ત હોવા છતા પણ માર્ગમાં સુન્દર શ્રદ્ધાવાળા બની શાસન પ્રભાવનાદિ સંબંધી શક્ય પ્રવૃત્તિઓ કરનારા સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થો એ જઘન્ય પાત્ર છે. દાન દેનારાઓએ પણ આ ભક્તિપાત્ર આત્માઓની આશાતના ન થઈ જાય, તેની કાળજી રાખવી જોઈએ. આથી સ્પષ્ટ જ છે કે, કલ્યાણના અર્થીઓએ દાનમાં પણ સુવિવેકશીલ બનવાની જરૂર છે, કે જેથી તે દાન પણ આત્માને મુક્તિ પમાડનારું બની જાય.

### ખાસ વિચારવા જેવી વાત

હવે જે પ્રસંગનું વર્ણન શરૂ થાય છે, તે પ્રસંગ ખાસ સમજવા જેવો છે. શ્રીમતી સીતાજી જ્યારે શ્રી રામચન્દ્રજીની સલાહ મુજબ ધર્મકર્મમાં વિશેષ આદરવાળા બન્યાં છે, તે વખતે શ્રી રામચન્દ્રજી પાસે બીજી જ વાત ચાલી રહી છે. આપણે જોઈ ગયા છીએ કે, શ્રીમતી સીતાજીની સપત્નીઓએ ઈર્ષ્યાને વશ બનીને, માયાથી શ્રીમતી સીતાજીની પાસે શ્રી રાવણના ચરણો ચીતરાવેલ હતા; અને શ્રી રામચન્દ્રજીને તે બતાવીને શ્રીમતી સીતાજી હજુ પણ શ્રી રાવણને જ ઈચ્છી રહ્યા છે, એવું શ્રી રામચન્દ્રજીના મગજમાં ઠસાવવાની પેરવી

કરી હતી; પરંતુ શ્રીમતી સીતાજીની સપત્નીઓની તે પ્રપંચબાજી નિષ્ફળ નીવડી હતી; કારણકે શ્રી રામચન્દ્રજીએ તે તરફ કશુ જ લક્ષ્ય આપ્યું નહિ અને ગંભીરતા જાળવી પોતાનું વર્તન પૂર્વની જેમ જ જારી રાખ્યું. આથી શ્રીમતી સીતાજીની સપત્નીઓએ પોતાની દાસીઓ દ્વારા શ્રીમતી સીતાજીના તે દોષસ્થાનને લોકમાં પ્રકાશિત કર્યું. પરિણામ એ આવ્યું કે, આખી અયોધ્યા નગરીમાં એ વાત પ્રસરી ગઈ અને ઘેર ઘેર લોકના મુખે એ જ વાત થવા લાગી કે સીતા સતી નથી પરંતુ કલંકિની છે. અયોધ્યાનગરીમાં ઘેર ઘેર ચર્ચાઈ રહેલી આ વાત, શ્રી રામચન્દ્રજીના કાને શી રીતે આવી અને તે વાત સાંભળ્યા બાદ શ્રી રામચન્દ્રજીએ શું શું કર્યું, એ વગેરે વાતોનું વર્ણન હવે શરૂ થાય છે. જ્યારે દુષ્કર્મ ઉદયને પામે છે અને તેમાં પણ જ્યારે અતિ તીવ્ર હોય છે, ત્યારે શાણા પણ અન્ય આત્માઓ દુષ્કર્મોદયવાળા આત્માને માટે કેવી મનોદશાને પામે છે, એ અહીં ખાસ વિચારવા જેવું છે.



### નગરીનો સત્ય વૃત્તાન્ત કહેનારા અધિકારીઓ તરીકે પૂર્વે થતી નિમણુંકો

પૂર્વકાળમાં રાજાઓ એવા પણ અધિકારીઓની નિમણુંક કરતા હતા કે જે અધિકારીઓ નગરીમાં ચાલતી સઘળી જ હીલચાલોની વાસ્તવિક માહિતી રાજાને પૂરી પાડતા હતા. આવા અધિકારીઓ તરીકે રાજધાનીના સામાન્ય માણસોની નિમણુંક નહોતી થતી, પરંતુ અગ્રગણ્ય નાગરિકોને જ એ અધિકારપદે નિયુક્ત કરવામાં આવતા હતા. આવા અધિકારીઓની આ પ્રકારની નિમણુંક, એ રાજાઓની ન્યાયપ્રિયતાનો જ એક પુરાવો છે, એમ કહી શકાય. રાજકર્મચારીઓ સત્તા આદિનો દુરૂપયોગ કરે અગર તો રાજકુટુંબના માણસો પ્રજાને રંજાડે, તો રાજાને માહિતી આપનાર કોણ ? રાજકર્મચારીઓ અગર તો રાજકુટુંબીઓ તો એ વાત રાજાને જણાવે નહિ અને પ્રજાજનો પણ તેઓની વિરૂદ્ધ ફરિયાદ કરવાની હામ ભીડે નહિ, એટલે પ્રજાને પહોંચતા અન્યાયથી રાજા બીનવાકેફ રહે તેય સ્વાભાવિક છે અને ન્યાયી રાજ્યનું એ પણ એક કલંક ગણાય તે ય

સ્વાભાવિક છે. આથી પ્રજાને ન્યાય આપવાને તત્પર એવા પ્રજાના સાચા રક્ષક રાજાઓ, અગ્રગણ્ય પ્રજાજનોને, રાજ્યની સઘળી જ હકીકતો યથાર્થસ્વરૂપે જણાવવાના અધિકાર પદે નીમે, એ રાજા-પ્રજા ઉભયને માટે હિતાવહ જ ગણી શકાય, ન્યાયપ્રિય પ્રજારક્ષક રાજા પોતાની પ્રજા પ્રત્યે એવા વત્સલભાવને ધરનારો હોય છે કે, પોતાનો એકનો એક દીકરો પણ જો પ્રજાને પીડતો હોય, તો તેને પણ તે સહી શકતો નથી. સજ્જનોનું સંરક્ષણ કરવું અને દુર્જનોને દંડવા, એ ન્યાયી પ્રજાવત્સલ રાજાની એક રાજકર્તા તરીકેની અગત્યની ફરજ છે. એ જ રીતે પ્રજાની પણ રાજાને દરેક રીતે સહાયક થવાની ફરજ છે. એ ફરજને સમજનારી પ્રજા એવા રાજાને પણ પૂજ્ય માનતી અને એથી ક્વચિત્ અન્યાય થઈ જતો, તો પણ ક્ષમાશીલ દૃષ્ટિએ જોતી. રાજા પ્રજાવત્સલ બન્યો રહેતો અને પ્રજા રાજભક્ત બની રહેતી. એથી ઉભયને શાંતિ હતી.

**સૌ પોતપોતાની ફરજ અદા કરનારા બને**
**એ જ શાંતિનો માર્ગ છે**

આજે તો લગભગ એથી વિપરીત દશા છે અને એ વિપરિત દશામાં વધારો જ થયા કરે એવી પ્રજા સેવાના નામે પ્રવૃત્તિઓ થઈ રહી છે. રાજા પ્રજાવત્સલ નથી રહ્યો, તો પ્રજા ભક્તિવાળી ક્યાં રહી છે ? રાજા અને પ્રજા ઉભય પોતપોતાની ફરજને ચૂકે, તો રાજ્યમાં કારમી અશાંતિ પ્રસર્યા વિના રહે નહિ. એમાં મોટેભાગે ગરીબ પ્રજાનો ઘાણ નીકળી જાય. રાજા-પ્રજા, પિતા-પુત્ર, પતિ-પત્ની આદિમાં પરસ્પર ફરજ રહેલી હોય છે. સુખનો માર્ગ એ છે કે, સૌ પોતપોતાની ફરજને અદા કરવાને તત્પર બને. પતિ પોતાની ફરજ અદા કરવાની કાળજીમાં રહે અને પત્ની પોતાની ફરજ અદા કરવાની કાળજીમાં રહે.''એ જ રીતે પિતા-પુત્ર પણ પોતપોતાની ફરજને અદા કરવાની કાળજી રાખ્યા કરે. આમ થાય તો, સંયોગાદિને વશ થઈને ફરજને ચૂકનાર, પ્રાયઃ પોતાની ભૂલને સમજી સુધાર્યા વિના રહે નહિ. આને બદલે, સામો ફરજથી જરાક ચૂક્યો એટલે આપણે પણ આપણી

ફરજને ભૂલી જવી, એવી નીતિ અખત્યાર કરવામાં આવે તો પરિણામ પ્રાયઃ એ જ આવે કે, બંઉ માર્ગભ્રષ્ટ બને. પરિણામે પરસ્પરનો સંબંધ કડવો બની જાય અને પરસ્પર વૈમનસ્ય ભાવ વધી જાય.

### રાજા, પિતા અને પતિ સાથેનો પ્રજા, પુત્ર અને પત્નીનો ઝઘડો

આજે આનાથી ઉંધી જ વિચારણા ઘર કરી ગઈ છે. પોતાની ફરજ તરફ જોવાની દરકાર નથી અને સામો લેશ પણ ફરજ ચૂક કરે, તો તેને ખમી ખાવાની તેવડ નથી. પોતાની ફરજ અદા કરવાનું બિલકુલ લક્ષ્ય નહિ રાખનાર આદમી પણ, સામો પોતા પ્રત્યેની ફરજને જરા પણ ચૂકે નહિ એમ ઈચ્છે છે. પ્રજા, પુત્ર કે પત્ની, રાજા પિતા કે પતિ તરફની પોતાની ફરજ શી છે ? એનો વિચાર સરખો પણ ન કરે તેમજ પોતપોતાની ફરજોને સમજી એનો અમલ કરવામાં બેદરકાર રહે; આમ છતાંપણ તે પ્રજા આદી રાજા, પિતા કે પતિ પોતાના તરફની ફરજ જરા પણ ચૂક્યા વિના અદા કર્યા જ કરે એમ ઈચ્છે, એ શું વ્યાજબી છે ? વસ્તુતઃ તો સામો આપણા તરફની ફરજ કેટલે અંશે અદા કરે છે, એ જોવાની બહુ પંચાતમાં પડવું જ નહિ; આપણે તો આપણી ફરજ શી છે તેનો વિચાર કરવો તેના અમલને માટે શક્ય એટલો પ્રયત્ન કરવાને ચૂકવું નહિ. આપણે જો આવું એકધારુ વર્તન રાખી શકીએ, તો વહેલો યા મોડો, પણ સામો ન જ સુધરે એ શક્ય છે ? સામાએ આપણા પ્રત્યેની તેની ફરજ અદા કરે છે કે નહિ એ તરફ નહીં જોતાં, સામા પ્રત્યેની પોતાની ફરજને અદા કરવામાં પ્રમાદી ન બનાય, તો નિષ્ઠુરમાં નિષ્ઠુર હૃદયવાળો પણ સામો પોતાની ફરજનો પાલક બન્યા વિના પ્રાયઃ રહે નહિ છતાં પણ માનો કે, સામો બહુ જ અયોગ્ય હોય અને ન સુધર્યો, તોય આપણને નુકસાન શું છે ? આપણે આપણી ફરજ અદા કરીએ એથી, આપણને તો એકાન્તે લાભ જ છે. આ વસ્તુ નથી સમજાઈ, માટે જ આજે તુચ્છમાં તુચ્છ કોટિના પણ ઝઘડાઓ ઠેર ઠેર ઉત્પન્ન થાય છે. આજે તો પ્રજા રાજાને રંજાડે, પુત્ર પિતાને સંતાપે અગર પત્ની પતિને દુઃખ

દે, એવા પણ સમયે જો કોઈ કહેવા જાય, તો પ્રજા, પુત્ર અગર પત્ની એમ કહી દે કે, 'અમને કહેવા આવ્યા છો, પણ અમારા રાજાએ, પિતાએ અગર પતિએ અમારા તરફ કેવુ વર્તન રાખ્યું છે, એ જાણો છો? આવું કહીને રાજા, પિતા અગર પતિના તદ્દન કલ્પિત પણ દોષોને ગાનારાઓ આજે ઓછા પ્રમાણમાં નથી. લગભગ આવી જ સ્થિતિ રાજા, પિતા કે પતિ બનેલાઓની પણ છે. આમ છતાં પણ સ્વામિ-સેવક્ભાવની દૃષ્ટિએ સેવકવર્ગ જો ઉલ્લંઠ બને અને મર્યાદાહીન આચરણ કરે. તો તે વધારે ઠપકાપાત્ર ગણાય, એ નિશ્ચિત વાત છે.

## લોકચર્ચાના કારણે અયોધ્યાનગરીના આઠ આગેવાનોની મતિમાં પણ વિપર્યાસ થવો

પૂર્વકાલમાં રાજા-પ્રજાની સ્થિતિ જુદી હતી. રાજા પ્રજાવત્સલ ભાવથી ભરેલો હતો અને પ્રજા રાજભક્તિભાવથી ભરેલી હતી. આવા પ્રજાવત્સલ અને ન્યાયપ્રિય રાજાઓ પોતાની રાજધાનીના મહત્તર જનોને નગરીના સત્ય વૃત્તાન્તને જણાવવા માટે નિયુક્ત કરતા. શ્રી રામચન્દ્રજીએ પણ પોતાની રાજધાની અયોધ્યામાં એવી વ્યવસ્થા કરી હતી. અયોધ્યાપુરીના એ મહત્તર જનોના નામા હતા. વિજય, સૂરદેવ, મધુમાન, પિંગલ, શુલધર, કાશ્યપ, કાલ અને ક્ષેમ. આ આઠ મહત્તર જનોના કાને પેલી વાત આવી તેમણે જોયું કે સીતા કલંકિની હોવાની વાત લોકમાં જોશભેર ચાલી રહી છે. એ વિષે વિચાર કરતાં કરતાં તેઓને પણ એ વાતમાં તથ્ય લાગ્યું.

યાદ છે ને કે, આ લોક અને આ પુરમહત્તરો તેજ છે, કે જેમણે શ્રીમતી સીતાજીની સાથે શ્રી રામચન્દ્રજી સપરિવાર અયોધ્યામાં આવી પહોંચતા, મોટો ઉત્સવ ઉજવ્યો હતો અને તેમના આગમનને વધાવી લીધું હતું. હવે આટલા કાળે આવા ડાહ્યા પણ માણસોને લાગે છે કે, 'સીતા નિષ્કલંક હોય એ શક્ય જ નથી.' સીતા નિષ્કલંક હોય એવી વાત તેમને હવે બુદ્ધિગમ્ય લાગતી નથી. આ લોક અને આ લોકના આગેવાનો ! ખરેખર, શ્રીમતી સીતાજીના દુષ્કર્મના તેવા પ્રકારના ઉદયને કારણે જ જાણે કે, લોકના આગેવાનોની પણ બુદ્ધિ વિપર્યાસ

પામી ગઈ છે. હવે તે વિજય આદિ આઠ પુરમહત્તર જનો શ્રી રામચન્દ્રજીની પાસે આવે છે. શ્રીમતી સીતાજી કલંકિની હોવાની અયોધ્યા નગરીમાં ઘેર ઘેર ચાલી રહેલી વાત, શ્રી રામચન્દ્રજીને કહેવાને માટે જ, આ વિજય આદિ આઠેય આગેવાનો આવ્યા છે; પણ શ્રી રામચન્દ્રજી જેવાની પાસે તેમની અતિ વલ્લભા પત્ની શ્રીમતી સીતાજી કલંકીની છે એવી વાત કરવી, એ કાંઈ રમત વાત છે ? રાજ તેજ હંમેશા દુસ્સહ હોય છે. આથી તે વિજય આદિ શ્રી રામચન્દ્રજીની પાસે આવે છે તો ખરા, પણ નમસ્કાર કરીને મૂંગા મૂંગા જ ઉભા રહે છે અને ઉભા ઉભા પણ તે વિજય આદિ આઠેય જણા ઝાડના પાંદડાની જેમ કંપી રહ્યા છે. તેમના શરીરમાં ધ્રૂજારી છૂટી રહી છે. પુણ્યવાનનું તેજ પણ એવું હોય છે કે, એની વિરુદ્ધ વાત કરવાનો નિશ્ચય કરીને આવેલા વીરો પણ, સમક્ષ પહોંચતાની સાથે, પામર અને મૂંગા બની જાય છે. શૂરવીર પણ માણસો તેવા પુણ્યવાનના તેજ માત્રથી અંજાઈ જાય છે. પુણ્યનો એ પણ એક પ્રકારનો પ્રભાવ જ છે.



# ન્યાયપ્રિયરાજાઓ પુરમહત્તરો

## ૭

એ કાળ એવો હતો કે રાજા-પ્રજા વચ્ચે પિતા-પુત્ર જેવા વત્સલ-ભક્તિના ભાવ હતાં. એથી રાજાઓ પોતાની ન્યાયપ્રિયતાને જાળવી રાખવા નગરચર્યા-પર પોતાની નજર પણ રાખતા હતાં ને નગરના શ્રેષ્ઠ મનુષ્યોને પુરમહત્તર તરીકે નિયુક્ત કરી સારા-નરસા સમાચારોથી વાકેફ રહેતાં હતાં.


શ્રી રામચન્દ્રજીએ પણ વિજય આદિ આઠ પુરમહત્તરોની નિયુક્તિ કરેલી હતી. મહાસતી સીતાદેવીના પાપનો ઉદય આવવાની પૂર્વ તૈયારી છે, એથી વિજય આદિ વિચારકો પણ ખોટી વાતોથી કેવા પ્રભાવિત થયા છે અને કેવી કુયુક્તિઓ દ્વારા વાતની રજૂઆત કરે છે, તે જોવા જેવું છે.

આખા પ્રસંગ-વર્ણનમાં તરી આવતી શ્રી રામચન્દ્રજીની ઉત્તમતા, ઉદારતા અને ન્યાયપ્રિયતા નોંધપાત્ર છે. તો મોભાનું સ્થાન શોભાવનારાઓમાં જોઈતી વિવેકશીલતા કેટલી મહત્ત્વની છે તે પણ સમજવા જેવું છે.

-શ્રી

# ન્યાયપ્રિયરાજાઓ પુરમહત્તરો

- પુરમહત્તરોને શ્રી રામચન્દ્રજીનું અભયવચન
- વિજય નામના પુરમહત્તરનું કથન
- વિજયનું પ્રસ્તાવનારૂપ કથન
- તેથી વધુ નુકશાન થાય
- શ્રીમતી સીતાદેવી પરના અપવાદનું સ્પષ્ટીકરણ
- સાચુ અર્થીપણું આવવું જોઈએ
- મોક્ષનું અર્થીપણું મોક્ષ પમાડનાર છે તે સમજો !
- તદ્દન જુઠ્ઠા પણ અપવાદને યુક્તિયુક્ત ઠરાવવા માટે કરાતી યુક્તિઓ
- બલાત્કારે પણ શ્રી રાવણ શ્રીમતી સીતાજીને દૂષિત ન જ બનાવી શકે
- આ અન્યાય દ્વેષથી નહિ પણ કીર્તિની લાલસાથી જ થયો છે



# ૭

## ન્યાયપ્રિયરાજાઓ પુરમહત્તરો

### પુરમહત્તરોને શ્રી રામચન્દ્રજીનું અભયવચન

વિજય આદિ તે આઠેય પુરમહત્તરો પોતાની પાસે આવ્યા, છતાં નમસ્કાર કરીને કંપતા થતા મૂંગા મૂંગા જ ઉભા રહ્યા. એથી શ્રી રામચંદ્રજીને લાગ્યું કે, 'આ લોકો કોઈ ગંભીર અને અશુભ વાર્તા કહેવાને આવ્યા છે; અન્યથા, આ લોકો આટલા બધા ધ્રૂજે પણ નહી અને મૂંગા મૂંગા ઉભા રહે પણ નહિ.' આથી તેમને નિર્ભય બનાવીને, તેઓ જે કાંઈ કહેવા આવ્યા હોય તે યથાર્થપણે કહેવાને માટે તેમને ઉત્સાહિત બનાવતા હોય, તેમ શ્રી રામચંદ્રજી કહે છે, 'હે પુરમહત્તરો ! તમે તો એકાન્ત હિતવાદી છો, એટલે એકાન્ત હિતની વાત બોલનાર એવા તમને અભય જ છે.' શ્રી રામચન્દ્રજીના આ શબ્દો કેટલા સુન્દર છે ? પુરમહત્તરોને એકાન્તહિતવાદી બન્યા રહેવાની કેવી સરસ પ્રેરણા આપે એવા છે ? ન્યાયપ્રિય રાજાને આવા અવસરે આવું બોલવુ જ છાજે. હિતકર એવી અપ્રિય પણ વાત સાંભળવાને માટે હિતના અર્થીઓએ નિરન્તર તૈયાર રહેવું જોઈએ. પ્રિયવાદીઓથી જ વિંટળાયેલા રહેવાને ટેવાયેલા સુખી માણસો, પ્રાયઃ અધોગતિને પંથે જ વળે છે; જ્યારે હિતવાદીઓનો આદર કરનારાઓ પોતાની સામગ્રીનો સુન્દર પ્રકારનો ઉપયોગ કરીને, સ્વ-પરહિતને સાધનારાઓ બની શકે છે. આ માટે સુખી માણસોને તો ખાસ કરીને શ્રી રામચન્દ્રજીના આ શબ્દો યાદ રાખીને વિચારવા જેવા છે. સુખી માણસો જો હિતવાદીઓને આદર કરનારા બની જાય, તો તેમના

જીવનમાં અનુપમ પલટો આવ્યા વિના રહે નહિ. તેઓનો મિથ્યા ઘમંડ નામશેષ થઈ જાય અને મળેલી સામગ્રીનો દુરૂપયોગ થવાને બદલે પ્રાયઃ સદુપયોગ જ થાય. શ્રી રામચન્દ્રજીની સામગ્રી પાસે આજના સુખી ગણાતા માણસોની સામગ્રી કેવી ? અતિશય તુચ્છ ત્રણ ખંડનું સ્વામિત્વ ભોગવનારા એ હિતવાદીઓનો આદર કરી શકે અને તમે ન કરી શકો તો તેનું કારણ શું ? એ વિચારો ! શ્રી રામચન્દ્રજી તો હિતવાદીઓને નિર્ભયપણે હિતવાદી બન્યા રહેવાની જ પ્રેરણા કરે છે.

### વિજય નામના પુરમહત્તરનું કથન

શ્રી રામચન્દ્રજીના તે કથનથી વિજય આદિ તે આઠ પુરમહત્તરોમાં કાંઈક હિંમત આવે છે. તેઓને ખાત્રી થાય છે કે, 'હવે ગમે તેવી અપ્રિય પણ વાત કહેવામાં આવે, તો પણ વાંધો નહિ આવે.' આવી ખાત્રી થવા છતાં પણ, તે પુરમહત્તરોમાં જે વિજય નામનો પ્રથમ મહત્તર છે, તે પોતાને કહેવાની વાત ખૂબ જ સાવચેતીથી, થાય તેટલો બુદ્ધિનો ઉપયોગ કરીને અને બને તેટલી નમ્ર ભાષામાં અને વ્યવસ્થિત પ્રસ્તાવના આદિ કરવાપૂર્વક જ કહે છે.

વિજય નામના આદ્યમહત્તરે શ્રી રામચન્દ્રજીને જે કાંઈ કહ્યું તેનું વર્ણન કરતાં, પરમ ઉપકારી કલિકાળ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

*"स्वामिन्नवश्यविज्ञप्यं, यदि विज्ञप्यते न हि ।*
*वंचितः स्यात्तदा स्वामी, विज्ञप्तं चातिदुःश्रवम् ॥१॥"*
*"देव ! देव्यां प्रवादोऽस्ति, घटते दुर्घटोऽपि हि ।*
*युक्त्या हि यद्घटामेति, श्रद्धेयं तन्मनीषिणा ॥२॥"*
*"तथाहि जानकी हत्वा, रावणेन रिरंसुना ।*
*एकैव नित्ये तद्वेश्म-न्यवात्सीच्च चिरं प्रभो ! ॥३॥"*
*"सीता रक्ता विरक्ता वा, संवित्त्या वा प्रसह्य वा ।*
*स्त्रीलोलेन दशास्येन, नूनं स्याद्भोगदूषिता ॥४॥"*
*"लोकोऽपि प्रवदत्येवं, प्रवदामो वयं तथा ।*
*युक्तियुक्तं प्रवादं तन्-मा सहस्व रघुद्वह ! ॥५॥"*

*"आजन्मोपार्जितां कीर्ति, निजं कुलमिवामलाम् ।
प्रवादसहनेन त्वं, मा देव ! मलिनीकृथाः ॥६॥"*

**વિજયનું પ્રસ્તાવનારૂપ કથન**

આ પુરમહત્તરોમાં પણ આગેવાન એવો વિજય નામનો પુરમહત્તર. સૌથી પહેલાં તે પ્રસ્તાવનારૂપ કથન કરે છે અને તેમાં પોતાની સ્થિતિની ચોખવટ કરે છે. પોતે જે વાત કહેવાને ઈચ્છે છે, તે વાત પોતાને ન છૂટકે જ કહેવી પડે છે, એમ દેખાડે છે. શ્રી રામચન્દ્રજીને એ સમજાવવા ઈચ્છે છે કે, 'અમે જે વાત આપની સેવામાં રજૂ કરવાને આવ્યા છીએ, તે કેવળ આપના પ્રત્યેની અમારી ફરજને આધીન બનીને જ કહેવા આવ્યા છીએ. આવી પણ વાત અમે જો આપને ન કહીએ, તો અમારું એ વર્તન આપને છેતરવા સમાન જ ગણાય અને આપની સાથે અમારાથી છેતરપિંડી તો કેમ જ થઈ શકે ?' આથી જ, પુરમહત્તર વિજય કહે છે કે, હે સ્વામિન્ ! અમે જે વિજ્ઞપ્તિ કરવા આવ્યા છીએ, તે વિજ્ઞપ્તિ અવશ્ય કરવા યોગ્ય છે; અમે જો આવી અવશ્ય કરવા યોગ્ય પણ વિજ્ઞપ્તિ ન કરીએ, તો અમે અમારા સ્વામીને છેતરનારા જ ઠરીએ પણ, અમારે જે વસ્તુની વિજ્ઞપ્તિ કરવાની છે, તે સામાન્ય નથી વિજ્ઞપ્ત એવી તે વસ્તુ અતિ દુઃશ્રવ છે.'

આમ જણાવીને વિજયે જેમ પોતાની સ્થિતિની ચોખવટ કરી, તેમ તેણે શ્રી રામચન્દ્રજીને સાવધાન મનવાળા બનાવવાનો પણ પ્રયત્ન કર્યો.

વિજ્ઞપ્તિ કર્યા વિના ચાલે તેમ નથી, વિજ્ઞપ્તિ ન કરીએ તો સ્વામીની વંચના કરી ગણાય અને વિજ્ઞપ્તિ કર્યે છતે તેને સાંભળવી એ પણ અતિ મુશ્કેલ છે. આ રીતિની શરૂઆત, વિજયની વિચક્ષણતા અને વિનયશીલતાની સૂચક છે. આ પ્રસંગ વિચિત્ર છે એટલે જુદી વાત છે; બાકી વડીલો આદિની સાથે કેમ બોલવુ જોઈએ ? એ આમાંથી પણ શીખી શકાય તેમ છે. મોટા અધિકારીઓની સાથે જેઓને પ્રસંગ પડે છે અને તેઓને જ્યારે તે અધિકારીઓને અપ્રિય

એવી પણ વાત કહેવાની હોય છે, ત્યારે તેઓ આવી અગર તો આથી પણ વધારે નમ્ર વાણી બોલે છે; કારણકે ત્યાં જો ઉંધુ પડે તો મોટું નુકસાન થવાનો સંભવ છે, એમ તેઓ સમજતા હોય છે. સદ્ગુરૂઓની સાથે બોલવા-ચાલવાના પ્રસંગમાં પણ વાણી નમ્રતાથી ભરેલી જ હોવી જોઈએ. પણ આજે મોટેભાગે સર્વ ધર્મસ્થાનોમાં ઉદ્ધતાઈ વધતી જાય છે. ધર્મ સ્થાનોમાં તો વધુમાં વધુ વિનયશીલતા જાળવવી જોઈએ. એને બદલે આજે જો કોઈપણ સ્થળે વધુમાં વધુ ઉદ્ધતાઈના દર્શન થતા હોય, તો તે પ્રાયઃ ધર્મસ્થાનોમાં જ થાય છે. દેવ બોલે નહિ, ગુરૂએ ક્ષમા રાખવાની અને દુષ્કર્મનું ફળ તો જ્યારે મળશે ત્યારે વાત છે ને ? આવી મનોદશાના યોગે બુદ્ધિશાળી આદમી પણ ધર્મસ્થાનોની આશાતના જ કર્યા કરે છે. એવાઓ ગુરૂએ ક્ષમા રાખવી જોઈએ એમ કહે, પણ અમારે કેમ વર્તવું જોઈએ એનો વિચાર કરે નહિ.

### તેથી વધુ નુકસાન થાય

ધર્મસ્થાનોમાં ઉદ્ધત બનનારાઓમાં બુદ્ધિ નથી, આવડત નથી કે તેમને કશી ગમ નથી એમ ન માનતા. એના એ માણસો શેઠની પાસે સાહેબની પાસે કમાણી કરાવનાર ગ્રાહકની પાસે ભલે દંભથી પણ કેવી રીતે વર્તે છે, જાણો છો ને ?

**સભા :** પાળેલા કૂતરાની જેમ.

**પૂજ્યશ્રી :** એ ગમે તેમ, પણ ત્યાં તેઓ ખૂબ સાવધ, ખૂબ નમ્ર અને ખૂબ વિચક્ષણ બને છે. આથી વિચારવું જોઈએ કે, ધર્મસ્થાનોમાં જ તેઓ ઉદ્ધત કેમ બને છે ? કહો કે, ત્યાં સ્વાર્થવિવશતા છે અને અહીં ? અહીં તો જાણે આવે તોય તે ઉપકાર કરવાને જ આવતા હોય તેમ એવાઓને ભવની ભીતિ કે પાપનો ડર નથી હોતો અને એથી જ તેઓ ધર્મસ્થાનોમાં ગમે તેવું ઉદ્ધતાઈભર્યું વર્તન આચરી શકે છે. ઉદ્ધતાઈ, એ જ્યાં સર્વત્ર ત્યાજ્ય છે, ત્યાં ધર્મસ્થાનોમાં તો આચરણીય હોય જ શાની ? ઉપકારીઓ ફરમાવે છે કે વિનય એ ધર્મનું મૂળ છે. મૂળને હણીને ફળ કોઈ પામ્યું છે ? મૂળ

હણાયું એટલે સઘળું જ હણાયું. ધર્મ વિના કલ્યાણ નથી. અને ધર્મની પ્રાપ્તિ સદ્‌ગુરૂઓ દ્વારા શક્ય છે. એટલું જો હૃદયમાં જચી જાય, તો ધર્મસ્થાનોમાં વિનય સ્વાભાવિક બની જાય. ધર્મસ્થાનોમાં ઉદ્ધત બનનારાઓએ તો ખાસ ચેતવા જેવું છે. ચક્રવર્તી કે ઇન્દ્ર પાસે ઉદ્ધત બનવામાં જે હાનિ છે, તેના કરતા કઈ ગુણિ હાનિ ધર્મસ્થાનોમાં ઉદ્ધત બનવામાં છે. વ્યવહારની ઉદ્ધતાઈ સામાન્ય રીતે આ લોકની જ હાનિનું કારણ બને છે; જ્યારે ધર્મસ્થાનોમાં કરેલ ઉદ્ધતાઈ આ લોકમાં પણ એ આત્માને ખરાબ કરે છે અને પરલોકમાં પણ ખરાબ કરે છે. આ લોકમાં એથી શિષ્ટજનોનો તિરસ્કાર પ્રાપ્ત થાય છે અને ભવાંતરમાં ધર્મની પ્રાપ્તિ દુર્લભ બની જાય છે. ધર્મસ્થાનોમાં આવનારા બધા જ ઉદ્ધત હોય છે એમ નથી પણ આજે ધર્મસ્થાનોમાં ઉદ્ધત બનીને વર્તનારાઓ વધતા જાય છે, એ નિર્વિવાદ વાત છે. ધર્મસ્થાનોમાં ઇરાદાપૂર્વક ઉદ્ધત બનનારાઓને દુર્ગતિ, ઘણા કાળ સુધી પીછો છોડતી નથી. આ નુકસાન સમજાય, હૈયે જચી જાય, તો ધર્મ સ્થાનોમાં ઉદ્ધતાઈ કરવાના સ્વપ્ને પણ ખ્યાલ આવે નહિ, પરંતુ દુર્ભવી કે અભવી કે ભારે કર્મી આત્માઓનાં હૈયામાં આ વાત જચે એય શક્ય નથી.

અહીં તો વિજય કહે છે કે, 'હે સ્વામિન્ ! અમે જે વિજ્ઞપ્તિ કરવા ઇચ્છીએ છીએ, તે વિજ્ઞપ્તિ અવશ્ય કરવા યોગ્ય છે; જે વસ્તુ અવશ્ય જણાવવા યોગ્ય હોય, તે જો ન જણાવીએ તો અમે સ્વામીની વંચના કરી ગણાય અને વિજ્ઞપ્તિ કર્યે છતે તે અતિ દુઃશ્રવ છે.' આ પ્રકારની પ્રસ્તાવના કરીને, મૂળ વાત ઉપર આવતાં વિજય કહે છે કે 'હે દેવ ! શ્રીમતી સીતા દેવીના સંબંધમાં પ્રવાદ છે. જો કે એ પ્રવાદ દુર્ઘટ છે; પણ દુર્ઘટ એવો ય એ પ્રવાદ યુક્તિથી ઘટે છે અને જે પ્રવાદ યુક્તિથી ઘટતો હોય, તે પ્રવાદને તે દુર્ઘટ હોય તે છતાંપણ બુદ્ધિમાનોએ શ્રદ્ધેય માનવો જોઈએ. જોઈ વિચક્ષણતા? પહેલાં પોતાની સ્થિતિની ચોખવટ કરવા સાથે શ્રી રામચન્દ્રજીને સાવધ બનાવ્યા અને હવે વાતની શરૂઆત કરતાં એ વાત શ્રીમતી સીતાદેવીને

લગતી છે એવું સૂચન કરે છે. એ સૂચન પણ ખૂબ સફાઈથી કરે છે અને સાથે સાથે એ વસ્તુ શ્રદ્ધેય છે એમપણ સફાઈથી જણાવી દે છે. પહેલા તો કહે છે કે, દેવીના સંબંધમાં પ્રવાદ છે; પછી કહે છે કે એ પ્રવાદ દુર્ઘટ છે; અને એ પ્રવાદને દુર્ઘટ કહીને સમર્થન તો એ જ વાતનું કરે છે કે દુર્ઘટ એવા પણ એ પ્રવાદ યુક્તિથી ઘટે છે અને એ કારણે બુદ્ધિમાનોને માટે એ દુર્ઘટ પણ પ્રવાદ શ્રદ્ધેય છે. અર્થાત્ આપ જો બુદ્ધિમાન હો, તો આપે પણ આ પ્રવાદને શ્રદ્ધેય માનવો જોઈએ, એવું પણ આડકતરી રીતે કહી દે છે.

### શ્રીમતી સીતાદેવી પરના અપવાદનું સ્પષ્ટીકરણ

આટલું કહ્યાં બાદ, વિજય એ પ્રવાદનું વર્ણન કરે છે.' એ પ્રવાદ એવો છે કે,' એમ કહીને વિજય શ્રી રામચન્દ્રજીને કહે છે કે 'રતિક્રીડાની કામનાવાળો શ્રી રાવણ જાનકીને એકલી જ લઈ ગયો અને ત્યાં, હે પ્રભો ! જાનકીને ઘણો કાળ રહેવાનું થયું. શ્રીમતી સીતા રક્ત હોય કે વિરક્ત હોય, પણ સ્ત્રીલોલુપ શ્રી રાવણે તેને સમજાવીને કે બળાત્કારે ભોગવીને દૂષિત તો જરૂર કરેલી ! લોક પણ આ પ્રમાણે કહે છે અને અમે પણ કહીએ છીએ કારણકે, એ પ્રવાદ યુક્તિયુક્ત છે તો હે સ્વામિન્ ! આપ એ યુક્તિ યુક્ત પ્રવાદને ચલાવો નહિ !!'

કહો, આ કેવો યુક્તિવાદ છે ? ગમે તેવો બુદ્ધિશાળી માણસ પણ જ્યાં ઉન્માર્ગે ઘસડાઈ જાય, એટલે એની બુદ્ધિ અવનવા કુતર્કો ઉત્પન્ન કર્યા જ કરે. સંસારમાં કુયુક્તિઓ પણ પાર વિનાની છે. કોર્ટોમાં શું થાય છે ? વાદી અને પ્રતિવાદી બંને તરફથી જુદા જુદા કાયદા શાસ્ત્રીઓ દલીલો કરે. ખોટાને દલીલો ન મળે એમ ન માનતા. એવા પણ કુશળ માણસો હોય છે કે, તદ્દન ખોટી વાતને પણ એવી યુક્તિસંગત બનાવીને રજૂ કરે કે, સામાન્ય માણસ તો સહજમાં ભોળવાઈ જાય અને બુદ્ધિશાળી માણસોનું મગજ પણ ચક્રાવે ચઢી જાય, એવાય કુતર્કવાદીઓને પકડી પાડવાને સમર્થ માણસો નથી હોતા એમ નહિ, પણ એ વાત નિશ્ચિત છે કે, બાહોશ કુતર્કવાદીઓ ઘણાઓને ઉન્માર્ગે ઘસડી શકે છે.

## સાચુ અર્થીપણું આવવું જોઈએ

જેમ વાણીમાં તેમ વર્તનમાં પણ દંભકુશળ આત્માઓ હોય છે ચિત્રકાર સપાટ ભૂમિ, ભીંત કે વસ્ત્ર ઉપર ચિત્ર દોરે છતાં તે કુશળ હોય તો જોનારને અમુક ભાગ ઉંચો અને અમુક ભાગ નીચો આદિ છે, એમ પણ બતાવી શકે. એજ રીતે દંભકુશળ આત્માઓ પણ હૈયામાં ઝેર રાખીને ય મૃદુ વાણી બોલી શકે અને પોતે દુરાચારી હોવા છતાં ય સદાચારી હોવાનો દેખાવ કરી શકે. આથી કોઈની પણ મીઠી વાતોથી લોભાવું નહિ, પણ સારાસારની પરીક્ષા કરતાં શીખવું. ધર્મનુ અર્થીપણું જેમ જેમ જાય છે, તેમ તેમ ધર્મની પરીક્ષા અને ધર્મ ગુરુઓની પરીક્ષા તરફ દુર્લક્ષ્ય વધતું જાય છે. આ ધર્મ સુધર્મ છે કે કુધર્મ અને આ ગુરુ  સુગુરૂ છે કે કુગુરૂ એ પણ ધર્મના અર્થી આત્માઓએ જાણવું જોઈએ. દેવ, ગુરૂ અને ધર્મ ત્રણેયમાં 'સુ' પણ હોઈ શકે અને 'કુ' પણ હોઈ શકે. દેવ તરીકે પૂજાનારામાં દેવત્વ ન હોય, અને ગુરુ તેમજ ધર્મ તરીકે ઓળખાનારામાં ગુરુત્વ અને ધર્મત્વ ન હોય એ અશક્ય નથી. એવા પણ દેવ, ગુરૂ અને ધર્મ હોઈ શકે છે, કે જે માત્ર નામના જ દેવ, ગુરૂ અને ધર્મ હોય. પણ પરમાર્થથી તે ન દેવ હોય, ન ગુરૂ હોય કે ન ધર્મ હોય. આ કારણે જ ઉપકારીઓ ફરમાવે છે કે 'સુ' અને 'કુ'ને પારખતા શીખો. કલ્યાણ ચાહતા હો, તો 'કુ' ને ત્યજીને 'સુ' ને સ્વીકારો. પણ એ કોના માટે ? દેવને દેવ રૂપે પૂજવા હોય તો ને ? ગુરૂને ગુરૂ રૂપે સ્વીકારવા હોય, તો ને ? અને ધર્મને પણ ધર્મ રૂપે સેવવો હોય તો ને ? દેવ, ગુરૂ અને ધર્મની ઉપાસના જે રૂપે થવી જોઈએ તે રૂપે નથી થતી, તેમાં મુખ્ય કારણ એ જ છે કે, એનું સાચુ અર્થીપણું પ્રગટ્યું નથી. ઘણી ખરી બેદરકારી અર્થીપણાના અભાવમાંથી જ જન્મે છે. સાચું અર્થીપણું બેદરકારીને દૂર કરે છે અને કાળજીને વધારે છે બેદરકારી દૂર થાય અને સાચી કાળજી વધે, તો વેષધારીઓથી બચવું એ ઘણું જ સહેલું બની જાય. એવો આત્મા તો હિતકર વાણી બોલવામાં અને હિતકર વર્તન કરવામાં પણ કુશળ બની જાય છે.

### મોક્ષનું અર્થીપણું મોક્ષ પમાડનાર છે તે સમજો !

વિજયના સંયોગો વિચારો. વિજય આદિ આઠેય કુલ મહત્તરોને શ્રી રામચન્દ્રની પાસે મહાસતી શ્રીમતી સીતાજીનો ત્યાગ કરાવવો છે. એ ત્યાગ પણ કેવી રીતે કરાવવો છે ? શ્રીમતી સીતાજી સતી નથી એમ પૂરવાર કરીને ! આ કામ સહેલું નથી. મનમાં ભય ઓછો નથી, પણ એક વસ્તુનું અર્થીપણું શું કરે છે ? એ જોવા સમજવા જેવું છે. અર્થીપણાના યોગે માણસ શક્ય એટલો પોતાની બુદ્ધિનો અને સામગ્રીનો ઉપયોગ કરવાને નથી ચુકતો. અર્થીપણું અયોગ્ય વસ્તુનું હોય અને એથી બુદ્ધિ તથા સામગ્રીનો દુરૂપયોગ થાય એ વાત જુદી છે; પણ એ જ રીતે જો કલ્યાણકર વસ્તુનું અર્થીપણું હોય, તો બુદ્ધિ અને સામગ્રીનો સદુપયોગ થાય, એય ચોક્કસ ને ?

**સભા** : જરૂર થાય.

**પૂજ્યશ્રી** : આથી જ કહેવાય છે કે, એક મોક્ષના જ અર્થીપણાને તીવ્ર બનાવો. મોક્ષના એવા અર્થી બની જાવ કે બીજી કોઈ જ વસ્તુનું અર્થીપણું રહે નહિ. કોઈ પણ વસ્તુની ઇચ્છા થાય, તોય તે એવી જ વસ્તુની ઈચ્છા થાય, કે જે મોક્ષની સાધનામાં સહાયક હોય મોક્ષ સાધનામાં સહાયક સામગ્રીની અભિલાષો થાય, તોય તે જલ્દી મોક્ષ સધાય એ હેતુથી જ થાય. એવી મનોદશા કેળવવી જોઈએ. મોક્ષનું અર્થીપણું જેમ જેમ તીવ્ર બનશે, તેમ તેમ મોક્ષના ઉપાયને જાણવા અને આચરવાનું અર્થીપણું પણ તીવ્ર બનશે.એથી સમ્યક્ત્વગુણ નહિ પ્રગટ્યો હોય તો પ્રગટશે અને પ્રગટ્યો હશે તો વધુ ને વધુ નિર્મળ બનતો જશે. સમ્યગ્દર્શન ગુણ એ એવો તો અનુપમ ગુણ છે કે, એ ગુણ પ્રગટતાની સાથે જ આત્માના સંસારવાસનો અન્ત અલ્પકાળમાં થવાનો એ સુનિશ્ચિત થઈ જાય છે. આ ગુણ જેમ જેમ નિર્મળ બનતો જાય છે તેમ તેમ આત્મા નિર્મળ બનતો જાય છે. સમ્યક્ચારિત્રને પામી એ આત્મા સકળ કર્મોના છેદને સાધનારો બની શકે છે, સમ્યક્ચારિત્રને પામ્યા વિના સકળ કર્મોનો સમૂળ છેદ શક્ય

નથી અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ શક્ય નથી. આ રીતે મોક્ષનું અર્થીપણું પરિણામે મોક્ષને પમાડનારું નિવડે છે.

### તદ્દન જુઠ્ઠા પણ અપવાદને યુક્તિયુક્ત ઠરાવવા માટે કરાતી યુક્તિઓ

અહીં તો શ્રી રામચન્દ્રજીની પાસે શ્રીમતી સીતાદેવી જેવી તેમની અતિ વલ્લભા પત્નીનો ત્યાગ કરાવવાનું અને તે પણ એ મહાસતીને કલંકિતા ઠરાવીને ત્યાગ કરવાનું અર્થીપણું છે. અર્થીપણાને સિદ્ધ કરવાને માટે વિજય તદ્દન ખોટા પણ પ્રવાદને યુક્તિ યુક્ત ઠરાવવા મથે છે. એથી એ શ્રીમતી સીતાદેવીની મનોદશાને, ધૈર્યશીલતાને અને સત્ત્વશીલતા આદિને એકદમ ગૌણ બનાવી દે છે. એ વાત જાણે કે, વિચારવા જેવી જ ન હોય, એ રીતે વિજય વાત કરે છે. એ એમ સમજાવવા મથે છે કે 'શ્રી રાવણ જેવો સમર્થ રાજા પરસ્ત્રીલંપટ બનીને પરસ્ત્રીને ઉપાડી જાય અને એ એકલી જ ઘણા કાળ સુધી ત્યાં વસે, એ સંયોગોમાં એ ગમે તેવી સારી પણ હોય, તે છતાંપણ તે દૂષિત થયા વિના રહે જ નહિ ! અને એટલે જ, વિજય એવી સંકલના ગોઠવે છે કે, શ્રી રાવણ શ્રીમતી સીતાજીને ઉપાડી ગયો, તે બીજા કોઈ કારણે હરી ગયો નહોતો પણ કેવળ રતિક્રીડાની ઇચ્છાથી જ હરી ગયો હતો. એક તો શ્રી રાવણ કેવળ ભોગ લાલસાથી જ શ્રીમતી સીતાજી એકલાંને જ ઉપાડી ગયો અને શ્રીમતી સીતાજી પણ ત્યાં-તેના મહેલમાં ઘણા કાળ પર્યન્ત વસ્યાં. આમ છતાં માનો કે, શ્રીમતી સીતાજી તેનાથી વિરક્ત હોય, પણ શ્રીમતી સીતાજી તેનાથી વિરક્ત હોય કે તેનામાં રક્ત હોય, તેનો કાંઈ અર્થ જ નથી. સામે શ્રી રાવણ કેવો હતો ? એજ વિચારવાનું છે. શ્રીમતી સીતાજીની સાથે ભોગ ભોગવવાને તલસતો એવો તે શ્રી રાવણ શ્રીમતી સીતાજીને ભોગથી દૂષિત કર્યા વિના રહે એ સંભવિત જ નથી. શ્રીમતી સીતાજી એમાં સંમત ન હોય એ પણ સંભવિત છે

પણ તેથી શું ? શ્રીમતી સીતાજીની સંમતિથી કે બલાત્કારથી પણ શ્રી રાવણે તેમને ભોગથી દૂષિત તો બનાવેલા જ; કારણકે શ્રીમતી સીતાજી સાથેના ભોગનો અતિશય અભિલાષી, પરસ્ત્રીલંપટ એવો શ્રી રાવણ એક તરફ અને બીજી તરફ શ્રીમતી સીતાજી એકલા જ તેમજ ઘણો કાળ શ્રીમતી સીતાજીને તેના જ તાબામાં વસવાનું થયું. આ સંયોગોમાં શ્રીમતી સીતાજી ગમે તેટલા શુદ્ધ મનવાળા હોય, તો શ્રી રાવણ તેમને દૂષિત ન કરે એ કોઈપણ રીતે બનવાજોગ નથી. બલાત્કારે પણ શ્રી રાવણ શ્રીમતી સીતાજીને દૂષિત ન જ બનાવી શકત.

### બલાત્કારે પણ શ્રી રાવણ શ્રીમતી સીતાજીને દૂષિત ન જ બનાવી શકે

એક તદ્દન બનાવટી પણ શ્રીમતી સીતાજી માટેના અપવાદને સાચો ઠરાવવાને માટે, જુઓ કે શ્રીમતી સીતાજીના હરણ અને લંકામાંના વસવાટને કેવાં રૂપમાં રજૂ કરવામાં આવે છે

**સભા** : શ્રી રાવણને તો એવો નિયમ હતો ને કે કોઈ પણ પરસ્ત્રીને તેની ઇચ્છા વિરુદ્ધ ભોગવવી નહિ ? માટે તો શ્રીમતી સીતાજી ઉપર શ્રી રાવણે બલાત્કાર કર્યો નથી અને શ્રીમતી સીતાજી સર્વથા નિર્દોષ રહીને જ પાછાં ફરી શકયાં છે. શ્રી રાવણને જો એવો નિયમ ન હોત, અગર તો શ્રી રાવણ પોતાના તે નિયમના પાલનમાં સજ્જ  ન હોત તો શું પરિણામ આવત એ જ્ઞાની જાણે.

**સભા** : શ્રીમતી સીતાજી આપઘાત કરત ?

**પૂજ્યશ્રી** : એ ય શક્ય છે, પણ શું થાત એ આપણે નિશ્ચિતપણે કેમ કહી શકીએ ? શ્રી રાવણે જો બલાત્કાર કર્યો હોત, તેવો પ્રયત્ન કર્યો હોત, તો કદાચ શીલના માહાત્મ્યથી કાંઈક અવનવું જ બન્યું હોત ! એ ગમે તે થાત, પણ શ્રી રાવણ બલાત્કારે પણ શ્રીમતી સીતાજીને ભોગદૂષિત તો બનાવી શક્ત જ નહિ મહાસતીઓ પ્રાણના સાટે પણ શીલની જ રક્ષા કરે.

**સભા** : શ્રી રાવણને એવો નિયમ હતો, તે છતાંપણ વિજય આવી બનાવટ કેમ કરી રહ્યો છે અને શ્રી રામચન્દ્રજી આ વાતને મૂંગા મૂંગા કેમ સાંભળી રહ્યા છે ?

**પૂજ્યશ્રી** : વિજયને અને શ્રી રામચન્દ્રજીને પણ શ્રી રાવણના એ નિયમની માહિતી ન હોય, એ ખૂબ જ બનવાજોગ છે. આ ઉપરાન્ત ઘડીભર આપણે એમ કલ્પીએ કે શ્રી રામન્દ્રજી શ્રી રાવણના એ નિયમની વાત જાણતા હતા, તો પણ તેઓ આવા સમયે એ વાતને આગળ ધરે નહિ, તે સ્વાભાવિક જ છે.

**સભા** : એમ કેમ?

**પૂજ્યશ્રી** : એનું એ પણ એક કારણ છે કે શ્રી રામચન્દ્રજી કદાચ એવી વાત કરે, તોય વિજય આદિ એ વાતને માને નહિ. વિજય આદિ કદાચ મોઢા મોઢ ન કહી શકે, તોય પાછળ બોલે અગર મનમાં વિચારે કે પોતાની પત્ની દૂષિત છતાં પણ, નિર્દોષ ઠરાવવા માટેનો આ એક, સામાન્ય પણ બુદ્ધિશાળી કબૂલી ન શકે એવો, બચાવ છે. તણખલાનું આલંબન લઈને સાગરને તરી જવાની વાત જેવી આ હાસ્યાસ્પદ વાત છે અને બીજા કોઈ પણ પ્રસંગમાં શ્રી રામચન્દ્રજી જેવા બુદ્ધિશાળી સ્વામી આવી વાત ન તો ઉચ્ચારે કે ન તો કોઈએ કહી હોય તો કબૂલે. આ તો શ્રીમતી સીતાજી પ્રત્યેના મોહે બુદ્ધિને આવરી લીધી છે. માટે જ શ્રી રામચન્દ્રજી એમ કહે છે કે 'શ્રી રાવણને બલાત્કારે પરસ્ત્રીને નહિ ભોગવવાનો નિયમ હતો અને શ્રીમતી સીતાજી તેનાથી વિરક્ત હોઈને તેમને વિના બલાત્કારે શ્રી રાવણ દૂષિત કરી શકે એ શક્ય નહોતું, માટે શ્રીમતી સીતાજી નિર્દોષ છે. બાકી શ્રી રાવણ, કે જેણે કેવળ ભોગની લાલસાથી કપટ કરીને પરસ્ત્રીનું હરણ કર્યું અને તેમ કરતાં જેને લોકલજ્જા નડી નહિ તેમજ બાપ દાદાની આબરૂને અને પોતાના કુલને વંચિત કરતાં પણ જેને આંચકો આવ્યો નહિ; એટલું જ નહિ પણ તેણે શ્રીમતી સીતાજીને હર્યા પછી છેલ્લે છેલ્લે પણ છોડી દેવાને બદલે ફના થવાનું મરવાનું

પસંદ કર્યું. રાજ્યનો અને કુલનો નાશ થાય એની દરકાર કરી નહીં તથા શ્રી બિભિષણ જેવાને પણ જેણે સાચી વાત કહેતા કાઢી મૂક્યા. તે રાવણ એક નિયમ ખાતર શ્રીમતી સીતાજી ઉપર બલાત્કાર ન કરે, એ શક્ય જ નથી. એવાને વળી નિયમ શા અને કદાચ નિયમ હોય તોય એવા નિયમનું એવાઓ પાલન કરે જ શાના ?"

શ્રી રામચન્દ્રજી શ્રી રાવણના તે નિયમને કદાચ જાણતા હોય અને તે આવા વખતે કહે, તો વિજય આદિ આવા આવા વિચારો કરે કે નહિ ? તેમજ શક્ય હોય તો આવી વાતો મોઢા-મોઢ નહિ તો પાછળ પણ બોલે કે નહિ ?

**સભા** : એ સંભવિત ખરૂં.

**પૂજ્યશ્રી** : એટલે શ્રી રાવણના તે નિયમની વાત શ્રી રામચન્દ્રજી જાણતા હોય તોય ન બોલે, તે સ્વાભાવિક છે ને ?

**સભા** : હાજી.

**પૂજ્યશ્રી** : ઉલટું એમ પણ બને કે, આવા પ્રસંગે શ્રી રાવણના નિયમની વાત કહેવાથી શ્રીમતી સીતાજી માટેનો લોકપ્રવાદ વધારે ગંભીર સ્વરૂપ ધારણ કરે, કારણકે. વિજય જેવા કુશળ માણસો પોતાનું ધાર્યુ ન થાય એથી કોઈપણ રીતે પોતાનું ધાર્યું કરાવવાની ઈચ્છાથી બિલકુલ સાચી એવી પણ વાતને બરાબર ખોટી લાગે એવા રૂપે રજૂ કરે, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી.

### આ અન્યાય દ્વેષથી નહિ પણ કીર્તિની લાલસાથી જ થયો છે

**સભા** : પણ વિજય વગેરે તે આઠ જણાને તેવું તે શું લાગ્યું છે. કે જેથી તેઓ મહાસતી શ્રીમતી સીતાજીને કલંકિત ઠરાવીને તેમનો શ્રી રામચન્દ્રજી પાસે ત્યાગ કરાવવાને જ તત્પર બન્યા છે ? શ્રીમતી સીતાદેવી ઉપર આટલો બધો દ્વેષ આવવાનું કારણ શું ?

**પૂજ્યશ્રી** : બહુ મજેનો પ્રશ્ન છે. વિજય આદિ પુરમહત્તરોનો હૈયામાં શ્રીમતી સીતાજી પ્રત્યે દ્વેષ છે એમ નથી. શ્રીમતી સીતાજીએ

એવું કાંઈ જ કર્યું નથી, કે જેથી વિજય આદિના હૈયામાં શ્રીમતી સીતાજી તરફ દ્વેષભાવ પ્રગટે.

**સભા** : તો પછી આમ થવામાં કારણ શું ?


**પૂજ્યશ્રી** : એનો જ ખુલાસો કરાય છે. શ્રી રામચન્દ્રજી અને શ્રી લક્ષ્મણજી જેવા ન્યાયપરાયણ અને નિષ્કલંક કીર્તિને ધરનારા સ્વામી જેને મળ્યા છે, તે પ્રજાના આગેવાનોના હૈયામાં એ ભાવના હોવી એ સ્વાભાવિક છે કે, "અમારા રાજાના કુળમાં કે અમારા રાજાના શાસનમાં કોઈને પણ કશુ જ કહેવાપણું નહિ હોવું જોઈએ. રાજકુળની અને રાજશાસનની ઇજ્જત એવી જ હોવી જોઈએ, કે જેની દુશ્મનને પણ પ્રશંસા જ કરવી પડે' આથી તેઓ રાજકુળની કે રાજશાસનની લેશ પણ નિન્દાની સંભાવના જણાતાં, તેને મૂળમાંથી જ ડામી દેવા મથે તે સ્વાભાવિક છે.

**સભા** : બરાબર, પણ સત્યાસત્યનો તો તેમણે વિચાર કરવો જોઈએ ને ?

**પૂજ્યશ્રી** : સત્યાસત્યનો અને સામાના હિતાહિત આદિનો તેમણે વિચાર કરવો જોઈએ, એ નિર્વિવાદ વાત છે, પણ માણસ જ્યારે કોઈ પણ દુન્યવી વસ્તુને માટે અતિ આતુર બની જાય છે, ત્યારે તે તે વસ્તુની સાધનમાં પોતે બીજાઓને કેવો અન્યાય પહોંચાડી રહ્યો છે, એનો એને ખ્યાલ રહેતો નથી; અગર તેવો ખ્યાલ આવે છે તોય તે સ્વાર્થ વિવશ બનીને તેની ઉપેક્ષા કરે છે. એંજ રીતે, જે રાજાની છત્રછાયામાં પોતે રાજધાનીના મહત્તરો તરીકેનો અધિકાર ભોગવી રહ્યા છે, તે રાજાની કીર્તિને કોઈપણ રીતે ઝાંખપ નહિ લાગવી જોઈએ, એવી વિજય આદિની કામના હોય એ સહજ છે; અને એ કામનાની તીવ્રતાના યોગે 'એક મહાસતી મહાકલંકનાં ભોગ બને' એ વગેરેની પણ તેઓ ઉપેક્ષા કરે, એમાં કશું જ આશ્ચર્ય પામવા જેવું નથી.

**સભા :** એટલે એ લોકોએ ભૂલ નથી કરી ?

**પૂજ્યશ્રી :** ભૂલ તો કરી જ છે, પણ અહીં તો એ ખુલાસો કરાય છે કે, એવી રીતે પણ કીર્તિના અતિશય અર્થી બનેલા માણસો, આવી, ભયંકર પણ ભૂલ કરે, તો એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી.





# કીર્તિની કામના કર્તવ્યને ભૂલાવે છે.

## ૮

શ્રી રામચન્દ્રજીએ મહાસતી સીતાદેવીનો ત્યાગ કર્યો તેમાં કીર્તિની કામના પ્રધાનપણે કામ કરી ગઈ છે. ને વિજય આદિએ પણ પોતાના સ્વામીની કીર્તિને કામનાથી જ એક પક્ષીય વિચારણા કરી છે, બાકી બીજી રીતે પણ વિચારવાની તક તેઓ પાસે હતી.


કીર્તિની કામના ધર્માચાર્યોને પણ ભૂલાવામાં નાંખે છે એથી જ શ્રી કમલપ્રભાચાર્યજી જેવા પ્રભાવક આચાર્યોનું પણ પતન થયું આવા લોકોની પરીક્ષાના બે ઉપાયો બતાવવા પૂર્વક અને રોહગુપ્તના પ્રસંગને વર્ણવીને લોકહેરીના ત્યાગ ઉપર અહીં ભાર મૂકાય છે.

વિજય આદિની વાત સાંભળીને દુ:ખથી મૌન બની ગયેલા પણ શ્રી રામચંદ્રજી પ્રત્યે હિતવાદી બનવાની જ વાત દોહરાવી છે. સાચો ભક્ત ક્યારેય ઉપેક્ષા કરનારો હોતો નથી. આ વાતનું વિશદ્ વર્ણન આ પ્રકરણને સમૃદ્ધ બનાવે છે.

-શ્રી

# કીર્તિની કામના કર્તવ્યને પણ ભૂલાવે છે.

- શાસન પ્રભાવક આચાર્યનું પતન
- માયાપૂર્ણ એકરારો
- તેઓની પરીક્ષા કરવાના બે ઉપાયો
- ત્રિરાશિ મતના સ્થાપક રોહગુપ્તનો પ્રસંગ
- ધર્માચાર્યોએ લોકહેરીને પણ ત્યજવી જ જોઈએ
- લોક ધારત તો બીજી બાજુની પણ વિચાર કરવાની સામગ્રી હતી જ
- પુરમહત્તરોની આ વિચારણા તો સ્થુલિભદ્રજીને પણ કલંકિત ઠરાવે
- ચારિત્રશાલીઓને પણ ચારિત્રહિન ઠરાવનારા
- વિજયની શ્રી રામચંદ્રજીને છેલ્લી પ્રાર્થના
- દુષ્કર્મના ઉદયની ભયંકરતા સમજીને પાપોથી બચો
- મળેલી અનુપમ તકને ગુમાવો નહિ
- પ્રશંસાપાત્ર ભાગ્યશાળીપણું સફળ બનાવો
- દુ:ખથી મૌન બની જવું
- અપ્રશસ્ત રાગ સંસારને વધારે છે અને પ્રશસ્ત રાગ સંસારને ક્ષીણ બનાવે છે
- શ્રી રામચંદ્રજીનો ઉત્તર
- આવું કહેવા છતાંય હિતવાદી બનવાની જ પ્રેરણા
- રાત અને દિવસ જેટલું જ ભક્તિ અને ઉપેક્ષાની વચ્ચે અન્તર છે
- ભક્તિની ક્રિયા કરવાને અશક્ત એવો પણ ભક્ત ઉપેક્ષા કરનારો તો હોય જ નહિ
- ભક્ત તો જાતને ય આફતમાં મૂકે
- ભક્તો માટે જ અનામત
- ભક્તિની ખામી વિના ઉપેક્ષા હોય નહીં
- શુદ્ધ આચાર-વિચારની પ્રેરણાના સ્થાનો તેજ ભક્તિના સ્થાનો છે
- અવહેલના અટકાવવાનો પ્રયત્ન શાથી નથી થતો ? એ વિચારતા દંભી બનશો નહિ
- શ્રી તીર્થંકરદેવો પણ અવશ્ય ભાવિભાવનું ઉલ્લંઘન કરી શકતા નથી
- અપ્રશસ્ત ત્યાગ સંસારવૃદ્ધિનું કારણ અને પ્રશસ્ત ત્યાગ સંસારક્ષયનું કારણ



## ૮

## કીર્તિની કામના કર્તવ્યને પણ ભૂલાવે છે.

મહાસતી સીતાદેવીના શ્રી રામચન્દ્રજીએ કરેલા પરિત્યાગમાં, કીર્તિ અને યશની અભિલાષોએ જ ઘણો ભાગ ભજવ્યો છે, અન્યથા આ લોક તો કહે, પણ શ્રી રામચન્દ્રજી જેવા કે, જેમના હૈયામાં શ્રીમતી સીતાજી નિષ્કલંક હોવાની પૂરેપૂરી ખાત્રી છે, તે શ્રીમતી સીતાજીનો પરિત્યાગ કરે જ શાના ? દુન્યવી વસ્તુઓનું અર્થીપણું એ જ એવી વસ્તુ છે, કે જે તેના અર્થીની પાસે જેટલા અન્યાયો અને અનાચારો પણ ન કરાવે, તેટલા થોડા જ ગણાય કીર્તિ અને યશની કામના, એ પણ પૌદ્‌ગલિક કામના છે. એ કામનાને વશ બનેલા ભલભલા પણ ભૂલે. શ્રી આચાર્ય જેવા ત્રીજા પરમેષ્ઠીપદે રહેલા પણ આત્માઓ, જો કીર્તિ અને યશને કામનાને આધીન બની જાય, તો ઉન્માર્ગના આસેવક અને પ્રચારક પણ બની જાય તે સ્વાભાવિક છે. એવાઓ પોતાના પદને અને વેષને બેવફા નિવડે, એ ખૂબ જ સંભવિત છે. કીર્તિ અને યશને આધીન બનેલા ધર્માચાર્યો ઉન્માર્ગના ઉન્મૂલન અને સન્માર્ગના સંસ્થાપકનું પોતાનું કર્તવ્ય, યથાસ્થિત રીતે બજાવી શકે એ શક્ય જ નથી. બોલવાના અવસરે તેઓ છતી શક્તિએ મૂંગા રહે અગર જે બોલવું જોઈએ એથી વિપરીત બોલે એય સ્વાભાવિક છે.

### શાસન પ્રભાવક આચાર્યનું પતન

અવસરે કીર્તીની સહજ પણ લાલસાને આધીન બની જવાય, તો એક વારના શાસનના પરમપ્રભાવક આત્માઓને પણ પતન પામતા વાર લાગતી નથી. કમલપ્રભ નામના એક આચાર્ય થઈ ગયા છે. તેમના સંબંધમાં એમ પણ બન્યું છે કે, પ્રભુશાસનના એ એવા તો સંરક્ષક હતા કે, શાસનના વિરોધીઓ એમનાથી કંપતા. એમના પ્રતાપે, શાસનના વિરોધીઓ ફાવી શકતા નહિ. આવા સમર્થ

શાસનસંરક્ષક અને શાસનપ્રભાવક પણ આચાર્ય એક સામાન્ય પ્રસંગમાં ભૂલ્યા અને પતન પામ્યા. શાસનના વિરોધીઓ એવા મહાત્માઓનાં છિદ્રો શોધવામાં તત્પર હોય અને જો જરાક પણ તક મળી જાય, તો તેનો પૂરેપૂરો ગેરલાભ લેવાનો ચૂકે નહિ, એ નિર્વિવાદ વાત છે. એકવાર એ શાસનસંરક્ષક આચાર્ય ભગવાનની અનુપયોગાદિ કારણે ભૂલ થઈ અને એ ભૂલ વિષે તેમને જાહેરમાં પ્રશ્ન પૂછાયો. આ વખતે કોઈ તેવા પ્રકારના દુષ્કર્મનો ઉદય થઈ જવાથી, એ ભૂલને ભૂલ રૂપે જણાવી શક્યા નહિ અને ઉત્સૂત્રરૂપક બની ઘોર સંસારમાં રૂલનારા બન્યા.

**માયાપૂર્ણ એકરારો**

વિચાર કરો કે 'હું ભૂલ્યો' અગર 'મારી ભૂલ થઈ' એમ તેઓ શાથી કહી શક્યા નહિ ? ખાસ કરીને અમુક સ્થાને ચઢ્યા બાદ થઈ ગયેલી ભૂલને, ભૂલ રૂપે જાણ્યા પછી પણ નિર્દંભપણે જાહેરમાં કબુલ કરવી, એ સહેલું નથી. કીર્તિની લાલસાને કાઢ્યા વિના એ બને નહિ. હાં, એવા પણ દંભી આત્માઓ જરૂર હોય છે, કે જેઓ પોતાની સામાન્ય પણ ભૂલોનો એકરાર કરવા દ્વારા જ પોતાની અતિ ભયંકર એવી પણ ભૂલોને છૂપાવવાનો પ્રયત્ન કરતા હોય છે. એવાઓ પોતાની સામાન્ય ભૂલોનો જે એકરાર કરતા હોય છે. તે એકરાર નિર્દંભ નથી હોતો પણ દમ્ભપૂર્ણ હોય છે. કીર્તિની લાલસા માણસને અનેક રીતે નચાવે છે. જે કોઈ પોતાની નિંદા કરતા હોય. તે સર્વ કીર્તિની લાલસાને જીતી ચૂકેલા જ છે, એમ માનવા જેવું નથી. જેમ કીર્તિના લોભીઓ અવસરે પોતાના મુખે જ પોતાની પ્રશંસા કરવાને મંડી પડે છે તેમ કીર્તિના લોભીઓ અવસરે વિના પ્રસંગે પણ પોતાની નિંદા કરવાને મંડી પડે છે. એવાઓ, એ આત્મનિંદા એવી સફાઈથી કરતા હોય છે, એવી માયાપૂર્ણ રીતે કરતા હોય છે કે ભોળાઓ તેમની પ્રશંસા કરવા મંડી પડે. ખાસ વિચક્ષણો જ સમજી શકે, આ આત્મનિંદા પશ્ચાત્તાપપૂર્ણ છે. કે માયાપૂર્ણ છે ? કીર્તિને લાલસાને આધીન બનેલા રાંકડાઓની આત્મનિન્દા પશ્ચાત્તાપ પૂર્ણ હોતી જ નથી. એમાં તો માયા જ ભરેલી હોય છે. તમે વિચક્ષણ બનો તો દુનિયાના સામાન્ય વ્યવહારમાં પણ તમે આ વસ્તુને જોઈ શકો તેવું છે.

### તેઓની પરીક્ષા કરવાના બે ઉપાયો

કેટલાક માણસો એવા પણ હોય છે કે, જે તમારે મોઢે તેમની પ્રશંસા કરાવવાને ઈચ્છતા હોય છે, એટલે વાતની શરૂઆતમાં તે પોતાના જે કાર્યને મહત્ત્વનું અને ડહાપણભર્યું કે પ્રશંસાને યોગ્ય માનતા હોય. તે કાર્યને પણ એક સામાન્ય કાર્ય તરીકે ગણાવે અગર કહે કે, 'અરે, એમાં તે મેં શું કર્યું છે ? પણ એવા આદમીની પરીક્ષા કરવી હોય તો ઉપાય છે. એ વખતે થોડી પ્રશંસા કરીને એને જો તમે રંગમાં લાવી શકો, તો એ પોતાની મેળે જ પોતાની પ્રશંસા કરવા મંડી પડશે અને ત્યારે તમે બરાબર સમજી શકશો કે 'આ નામદાર પોતાનું સ્હેજ ઘસાતું બોલીને પણ, પોતાની પ્રશંસા કરાવવાનો જ પ્રયત્ન કરતા હતા.' બીજો પણ ઉપાય છે અને તે એ કે, સામો આદમી પોતાનું ઘસાતું બોલવાની શરૂઆત કરે, કે તરત જ એ વાતને ઝડપી લેવી.

**સભા** : એટલે ?

**પૂજ્યશ્રી** : માનો કે, કોઈ શ્રીમંતે અમુક દાન દીધું અગર અમુક ઉત્સવ આદિમાં ખર્ચ કર્યું. તમને સ્હેજે એમ થાય કે 'આણે આટલું પણ કર્યું તે સારું કર્યું. આથી તમે અવસર પામીને કહો પણ ખરા કે, 'શેઠ ! તમે અમુક દાન દીધું કે અમુક કામ કર્યું એ બહુ સારૂ કર્યું. એ વખતે મોટેભાગે તમને એવો જવાબ મળે કે, 'ઠીક હવે, એમાં અમે શું કર્યું ? અમારાથી તો કાંઈ થતું નથી.' વગેરે વગેરે એ બોલે, એટલે એ વાતને ઝડપી લઈને કહેવુ કે 'આપની વાત તદ્દન સાચી છે. આપને જે શ્રીમન્તાઈ અને શક્તિ મળી છે, એના હિસાબે આપે કાંઈ જ કર્યું નથી. આપના જેવા જો ધારે તો ઘણું ઘણું કરી શકે. આપના કરતાં ઓછી સામગ્રીવાળા પણ અમુક માણસો કેટલું બધું દાનાદિ કરે છે ? એથી પણ વધુ કરવાની શક્તિ અને સામગ્રી આપની પાસે હોવા છતાંપણ, આપ એટલું ય નથી કરી શકતા, એ વાતને આપ સારી રીતે સમજો છો એ આનંદનો વિષય છે 'આવું આવું તમે બોલતા હો, તે વખતે તેના હૈયામાં જે અસર થતી હશે, તે પ્રાયઃ તેના ચહેરા ઉપર તરી આવ્યા વિના નહિ રહે. એ જો પ્રશંસાનો અર્થી હશે, તો એને તમારૂ કથન કડવું લાગશે અને એ સાંભળતા કંટાળો આવતો હોય તેમ

જણાશે. વળી એ પ્રસંગ બન્યા પછીથી, એ તમારી જોડે કેવો વર્તાવ રાખે છે, એના ઉપરથી પણ તમે તેની મનોવૃત્તિને કળી શકશો. એ જો ખરેખર જ પોતાના દાનાદિને નહિવત્ માનતો હશે અને યથાશક્ય રીતીએ દાનાદિમાં પ્રવૃત્ત થવાનો અભિલાષી હશે, તો તમને પોતાના હિતસ્વી માનશે. એને લાગશે કે 'આવું કહેનારા હોય તો આપણી ખામી ઘટવા માંડે. આવાઓ જ કલ્યાણ મિત્ર બનવાને લાયક છે. હાજી-હા કરનારાઓ અને ખોટી પણ પ્રશંસા કરીને આપણને ખુશ કરવા મથનારાઓ તો દુશ્મનની ગરજ સારનારાં છે.' આથી એ તમારા પ્રત્યે વધારે આદરથી જોશે. હવે જો આનાથી વિપરીત પરિણામ આવે તો, સમજવું કે, શેઠ પહેલા જે પોતાનું ઘસાતું બોલ્યા, તે તો આપણા મોઢે પોતાની પ્રશંસા કરાવવાને માટે જ બોલ્યા હતા.

### ત્રિરાશિ મતના સ્થાપક રોહગુપ્તનો પ્રસંગ

આપણો મુદ્દો તો એ છે કે, કીર્તિની લાલસા, તેને આધીન બનેલા આત્માઓને અનેક રૂપે નચાવે છે, એટલે ભૂલનો એકરાર પણ નિર્દમ્ભ જ હોવો જોઈએ. કીર્તિની અભિલાષોને આધીન બનેલાઓ અવસરે કાંતો ભૂલને ભૂલરૂપે જાણવા છતાં જાહેરમાં સ્વીકારી શકતા નથી અને સ્વીકારે છે તોય માયાપૂર્ણ રીતે. કમલપ્રભ નામના તે એકવારના શાસનના સમર્થ સંરક્ષક પણ પોતાની ભૂલ નહિ ક્બૂલી શક્યા અને એથી ઉંધુ બોલીને ઉત્સૂત્રપ્રરૂપક બન્યા. ત્રિરાશિક પંથના સ્થાપક રોહગુપ્તમાં પણ શું બન્યું છે ? જો એ રાજસભામાં જઈને ખૂલાસો કરત કે 'એ તો પેલો કુવાદી હતો અને એને જીતવા પૂરતું જ મેં ત્રણ રાશિનું સ્થાપન કર્યુ હતું પણ જીવ અને અજીવ એમ રાશિ તો બેજ છ' તો કશુ જ નહોતું; પણ માનના યોગે રોહગુપ્તથી એવું કંઈ જ બની શક્યું નહિ. જે ગુરૂના પુણ્યપ્રતાપે જ એ બચી શક્યો હતો, જીવતો રહી શક્યો હતો, તે ગુરૂદેવે તેને ઘણું ઘણું સમજાવ્યો પણ તેણે માન્યું જ નહિ. એણે તો છેવટે પોતાના પરમઉપકારી ગુરૂદેવની પણ સામે થઈને, પોતાની ખોટી પણ વાતને સાચી ઠરાવવાનો જ પ્રયત્ન કર્યો અને નિહ્નવ બન્યો.

### ધર્માચાર્યોએ લોકહેરીને પણ ત્યજવી જ જોઈએ

આ રીતે કીર્તિને લાલસાને આધીન બનેલા આત્માઓ અનેકવિધ અનર્થોના ઉત્પાદકો પણ બની જાય છે. જ્યાં ધર્માચાર્ય જેવા પરમેષ્ઠીપદે રહેલા આત્માઓ પણ, કીર્તિની અભિલાષોને આધીન બનવાથી ડુબે, ત્યાં બીજાઓનું તો ગજું જ શું ? આજે જો સર્વ સ્થળેથી શાસ્ત્રસંમત વાતો જાહેર થવા માંડે તો અનેક આત્માઓ ઉન્માર્ગગામી બનતા બચી શકે. પણ લોકહેરીમાં પડેલાઓથી એ શક્ય જ નથી. લોકહેરીમાં પડેલાઓ તો, શાસનના સંરક્ષણનો પ્રયત્ન કરનારાઓની પણ નિંદા ન કરે તોય ઘણું છે. એવાઓ સાચી વાત ભલે ન કહે, પણ ઉંધી વાત ન કહે તોય, ઘણું છે. જો કે, છતી શક્તિએ અવસરે બોલવા યોગ્ય નહિ બોલવું એ યોગ્ય નથી જ; પણ તે ન બને તો કમથી કમ ઉંધુ તો નહિ જ બોલવું જોઈએ. ધર્માચાર્યનું પદ ભોગવવું, એ સમજો તો સહેલું નથી. ધર્માચાર્યના પદે રહેલાઓની જોખમદારી ઓછી નથી. ધર્માચાર્યના પવિત્ર પદને વફાદાર રહેલાને માટે, એને ઉજાળવાને માટે લોકહેરીનો ત્યાગ કરવો એય અતિ આવશ્યક છે. લોકહેરીમાં પડેલા આત્માઓ ધર્માચાર્યના પવિત્ર પદને ઉજાળી શકતા નથી. અવસરે તેઓ ધર્માચાર્યના પવિત્ર પદને કલંકિત જ કરે છે. લોકહેરી જ્યાં ધર્માચાર્યના પવિત્ર પદે રહેલાઓને પણ ઉન્માર્ગના આસેવક બનાવી દે છે, ત્યાં વિજય આદિ વિપરિત વિચારોમાં બદ્ધ થઈ જાય, એ શું અસંભવિત છે ? નહી જ.

### લોક ધારત તો બીજી બાજુનો પણ વિચાર કરવાની સામગ્રી હતી જ

વિજય આદિ આઠેય મહત્તરો અત્યારે એ જ ધૂનમાં છે કે, શ્રીમતી સીતાજીના યોગે શ્રી રામચન્દ્રજીની નિર્મલ કીર્તિ મલિન બની રહી છે, માટે શ્રી રામચન્દ્રજીની પાસે શ્રીમતી સીતાજીનો ત્યાગ કરાવવો. સ્વામીની કીર્તિને નિષ્કલંક રાખવાની અતિશય લાલસામાં ફસાયેલા તેઓ, બુદ્ધિશાળી હોવા છતાંય, એકપક્ષીય વિચારસરણીમાં બદ્ધ થઈ ગયા છે. તેઓ એ જ વિચારે છે કે, 'શ્રી રાવણ કેવો ?' નિર્લજ્જ બનીને કપટ આચરવાપૂર્વક પરસ્ત્રીને હરી જનારો.

પરસ્ત્રીમાં લંપટ અને એ પરસ્ત્રીલંપટતા પણ કેવી ? એણે ન તો પોતાની આબરૂનો વિચાર કર્યો કે ન તો કુલના કલંકનો વિચાર કર્યો. શ્રીમતી સીતાજીમાં લુબ્ધ બનેલા તેણે કુટુંબના કલેશને ગણકાર્યો નહિ, કુલક્ષયની પરવા કરી નહિ, રાજ્યનાશને ગણકાર્યો નહી અને અન્તે પોતે પણ મર્યો. આવા માણસના તાબામાં શ્રીમતી સીતાજી એકલા જ ઘણોકાળ રહે અને તે છતાં પણ પેલો તેમને ભોગથી દૂષિત ન બનાવે, એ સંભવિત જ નથી. આ લોકો ત્યાં સુધીની વાત કરે છે કે, શ્રીમતી સીતાજી શ્રી રાવણમાં રક્ત હો કે વિરક્ત હો, એ તો જાણે કે વિચારવા જેવી જ વાત નથી !

ખરેખર, લોકવાદનું ઠેકાણું હોતું જ નથી. એક માણસની આજે તદ્દન ખોટી પણ ખૂબ ખૂબ પ્રશંસા કરતાંય લોક અચકાતો નથી અને બીજે જ દિવસે તેની તદ્દન ખોટી પણ ખૂબ ખૂબ નિંદા કરતા ય લોકો અચકાતા નથી. લોક દ્વારા જેમ ખોટી પ્રશંસા થવી એ સંભવિત છે, તેમ ખોટી નિંદા થવી એય સંભવિત છે. અન્યથા, તેઓ એમ વિચારી શકત કે, જે શ્રીમતી સીતાજી રાજસુખોને લાત મારીને શ્રી રામચન્દ્રજીની સાથે ચાલી નીકળ્યા તે ગમે તેવા સંયોગોમાં શીલને ચૂકે જ કેમ! તેઓ એમ પણ વિચારી શકત કે, શ્રી રાવણ ગમે તેવો દુષ્ટ હતો, પરસ્ત્રી લોલુપ હતો, પણ શ્રીમતી સીતાજી મક્કમ હોય તો તે કરી શું શકે ? માનો કે સામાનું પરિબલ વિશેષ હોય અને તેના તાબામાં ફસાયેલી સ્ત્રીનો અશુભોદય તીવ્ર હોય, પણ જો તે સ્ત્રી શીલરક્ષાની કામનાવાળી હોય તો, સર્વથા નિરૂપાય બની જતાં, પોતાના પ્રાણનો ત્યાગ તો કરી શકે ને ? સાચી સતીના શીલને ગમે તેવા બળવાન પણ પુરુષ દૂષિત કરી શક્તા જ નથી. પણ લોકને કે વિજય આદિ આઠ બુદ્ધિશાળી પુરમહત્તરોને પણ આવો વિચાર સૂઝતો જ નથી; એટલું જ નહિ. પણ કોઈને ય આ અપવાદના નિવારણનો વાસ્તવિક માર્ગ પણ સૂઝતો નથી ! આમાં શ્રીમતી સીતાજીનો તીવ્ર અશુભોદય પણ કામ કરી રહ્યો છે. તીવ્ર અશુભોદયના યોગે સ્નેહી પણ શત્રુ બને છે.

### પુરમહત્તરોની આ વિચારણા તો શ્રી સ્થુલિભદ્રજીને પણ કલંકિત ઠરાવે

બાકી વિજય આદિએ જે રીતે વિચાર કર્યો છે. એ રીતે જ જો સર્વત્ર વિચાર કરવામાં આવે, તો તો શ્રી સ્થુલિભદ્રજી જેવા મહાત્માને પણ નિષ્કલંક માની શકાય નહિ. સ્થુલિભદ્રજી મહાત્મા કોશા નામની વેશ્યાની ચિત્રશાળામાં ચાતુર્માસ વસ્યા છે; રસમય ભોજનોને એ મહાત્માએ લીધાં છે કોશા વેશ્યા માત્ર રૂપવતી જ છે એમ નહિ, પણ કલા સંપન્ન વેશ્યા છે શ્રી સ્થુલિભદ્રજી પ્રત્યેનો તેનો રાગ પણ જેવો તેવો નથી શ્રી સ્થુલિભદ્રજીના મનને ચલિત કરવાને માટે તેણે હાવભાવ દેખાડવામાં કે વિનવવામાં કમીના રાખી નથી; એકાન્ત પણ છે અને વધુમાં ખૂદ શ્રી સ્થુલિભદ્રજીને પણ પૂર્વે તેના ઉપર અતિશય રાગ હતો; આ બધા સંયોગોમાં એ નિષ્કલંક ચારિત્રના પાલક કેમ રહી શકે ? અજ્ઞાન લોકને આવો પ્રશ્ન ઉભો કરીને એવા મહાત્માને પણ કલંકિત ઠરાવતાં વાર લાગે નહિ. કેવળ વિષયરાગને જ ઉત્તેજિત કરનારી એ બધી સામગ્રી હતી, છતાં મહાત્મા શ્રી સ્થુલિભદ્રજી નિષ્કલંક ચારિત્રનું પાલન કરતાં ત્યાં રહી શક્યાં, તો શ્રી રાવણ ભલેને ગમે તેવા દુષ્ટ આશયને ધરનારા હતા, પણ શ્રીમતી સીતાજી શા માટે નિષ્કલંક રહી શકે નહિ ?

### ચારિત્રશાલીઓને પણ ચારિત્રહીન ઠરાવનારા

આજે પણ સંયમીઓના સંબંધમાં વિજય આદિના જેવા કુતર્કો કરનારાઓનો અભાવ છે, એમ ન માનતા. આજે પણ અનેકવિધ કુતર્કો દ્વારા સંયમશીલ મહાત્માઓને ચારિત્રહીન ઠરાવવાના દુષ્પ્રયત્નો થઈ રહ્યા છે. સુવિહિત સાધુઓનું અસ્તિત્વ જેઓને વિઘ્ન રૂપ લાગે છે, તેઓ આવું કરે એ સ્વાભાવિક જ છે. આજે કહેવાતા સુધારકો એવી એવી પણ પ્રવૃત્તિઓ આચરી રહ્યા છે, કે જે પ્રવૃત્તિઓ સ્વપર-તારક સિદ્ધાન્તો પ્રત્યે શંકા ફેલાવી, સાચા કલ્યાણમાર્ગને રૂંધનારી છે. સૌ કોઈના કલ્યાણની કામનાવાળા સુવિહિત સાધુઓ કલ્યાણમાર્ગને રૂંધતો અટકાવવાના શક્ય પ્રયત્નો ન કરે, એ કેમ જ બને ? એવા વિરોધની ખાતર, ચારિત્રશીલ મહાત્માઓને ય ચારિત્રહીન ઠરાવવા માટે કુતર્કો વહેતા મૂક્યા એ માણસાઈ નથી. એ

તો અતિશય હીન કોટિની અધમતા છે. પણ સન્માર્ગના દ્વેષીઓ માટે એ જ સ્વાભાવિક ગણાય.

વ્યવહારમાં પણ કેટલીક્વાર આવું બને છે. કુતર્કો ફેલાવીને કેટલાય શ્રીમન્તોને અને કેટલીય પેઢીઓને પાયમાલ કર્યાનું સાંભળવામાં આવે છે. સદ્ધરમાં સદ્ધર પણ પેઢીને માટે, દ્વેષીઓ એવા કુતર્કોને વહેતા મૂકે, કે જેથી અજ્ઞાન લોક સંશયમાં પડે, લોકનો વિશ્વાસ નાબૂદ થાય અને એથી લોકની અણધારી ઉઘરાણી વધી જતા છતી સામગ્રીએ પણ એ પેઢીને બુધવારીયા કોર્ટનો આશરો લેવાનો વખત આવી લાગે. ઉન્માર્ગગામી બનેલા આત્માઓની તર્કશક્તિ તો આમ અનેકવિધ અનર્થોની ઉત્પાદક બની જાય છે.

### વિજયની શ્રી રામચન્દ્રજીને છેલ્લે પ્રાર્થના

હવે વિજય તદ્દન ખોટા પણ લોક અપવાદને કુતર્કો દ્વારા યુક્તિયુક્ત જણાવીને છેલ્લે છેલ્લે શ્રી રામચન્દ્રજીને પ્રાર્થના કરે છે કે 'આપનું કુળ નિર્મળ કીર્તિવાળું છે. અને એની માફક આપે પણ જન્મથી માંડીને અત્યાર સુધીમાં નિર્મળ કીર્તિને ઉપાર્જી છે, તો હે દેવ ! આવા પ્રવાદને ઉપેક્ષા કરવા દ્વારા આપની તે આજન્મ ઉપાર્જિત નિર્મળ કીર્તિને મલિન આપ કરો નહિ !' વિજય આદિના આ પરિશ્રમનો હેતુ શો છે ? એના વિજયના આ કથનથી આબાદ સ્પષ્ટીકરણ થઈ જાય છે. વિજય આદિને લાગ્યું છે કે, 'શ્રીમતી સીતાજી કલંકિની છે' એવા પ્રવાદને જો શ્રી રામચન્દ્રજી ચલાવી જ લે, તો એથી શ્રી રામચન્દ્રજીએ ઉપાર્જેલી કીર્તિ મલિન બને અને પોતાના સ્વામીની કીર્તિ મલિન બને એ વિજય આદિને માટે અસહ્ય હતું. આથી તેઓની બુદ્ધિ ખોટા પણ પ્રવાદને યુક્તિયુક્ત સિદ્ધ કરવાને પ્રેરાય એ સ્વાભાવિક છે. વળી શ્રીમતી સીતાદેવીના તીવ્ર અશુભોદયના યોગે, વિજય આદિને વિચાર કરતાં કરતાં પ્રમાણિકપણે પણ તે પ્રવાદ તદ્દન વ્યાજબી લાગ્યો હોય, તોય તે સ્વાભાવિક છે. આમ છતાં પણ વિજય આદિ જેવા બુદ્ધિમાનો પણ શ્રી રામચન્દ્રજીની કીર્તિને નિર્મળ બનાવી રાખવામાં મગ્ન બની, શ્રીમતી સીતાદેવી જેવી સ્વામિનીના હિતાહિતનો વિચાર કરતા નથી, એ ખૂબ જ ખરાબ છે. તેમના જેવાએ તો આવા પ્રસંગે મહાસતી સીતાદેવી

સંબંધી લોકમાં પ્રસરેલો પ્રવાદ ટળે અને 'એ મહાસતી નિષ્કલંકિની જ છે' એવો લોકમાં અભિપ્રાય પ્રવર્તે એજ જાતિનો પ્રયત્ન કરવો જોઈએ. આ તો તેઓ પોતાના સ્વામીના સુખમાં પણ અગ્નિ મૂકવા જેવું જ કાર્ય કરી રહ્યા છે.

**દુષ્કર્મના ઉદયની ભયંકરતા સમજીને પાપોથી બચો**

પણ વાત એ છે કે, દુષ્કર્મના ઉદયે શાણામાં શાણા પણ આદમીઓ દ્વારા મૂર્ખાઓથી ય નપાવટ જેવી કરણીઓ અચરાઈ જાય છે. દુષ્કર્મના ઉદયની આ ભયંકરતા હરહંમેશ ધ્યાનમાં રાખવા જેવી છે. દુષ્કર્મના ઉદયની ભયંકરતા ધ્યાનમાં રહે, તો પાપ કરતાં કંપારી છૂટ્યા વિના ન રહે. દુષ્કર્મના ઉદયનો જેને ખ્યાલ છે, તે ઘણા પાપોથી બચી જાય છે. અને જે થોડાં પાપોની આચરણા થાય છે, તેમાં પણ તેની રસિક્તા હોતી નથી. પાપાચરણ થઈ ગયા બાદ પણ તેને પશ્ચાત્તાપ થાય છે. કોઈપણ પ્રવૃત્તિ આચરતા પહેલાં, તેના પરિણામનો વિવેકપૂર્વક વિચાર કરતા શીખો. ખરાબ પરિણામવાળી પ્રવૃત્તિથી દૂર રહેવાનો અને સારા પરિણામવાળી પ્રવૃત્તિમાં ઓતપ્રોત બનવાનો પ્રયત્ન કરો. દુઃખથી ડરો છો, તો દુઃખના કારણ પાપથી ડરો. પાપથી બચનારાઓ દુઃખથી બચેલાઓ જ છે.

**મળેલી અનુપમ તકને ગુમાવો નહિ**

આ ભવમાં આ વસ્તુને સમજવાની અને સમજીને તેનો જીવનમાં શક્ય અમલ કરવાની તમને અનુપમ તક મળી છે. અનન્ત સંસારમાં રઝળતા જીવોને આવી સુન્દર તક વારંવાર મળતી નથી. મહાભાગ્યવાન્ આત્માઓ જ આવી અનુપમ તકને પામી શકે છે. આવી તકને ખોઈ બેઠા, તો એનું પરિણામ શું આવશે એ કહેવાની જરૂર છે ? આવી તકને ગુમાવી દેનારા અને પાપરસિક બનીને જીન્દગી પૂરી કરી દેનારા આત્માઓ દુર્ગતિઓના એવા ચક્રાવે ચઢી જાય છે કે, કદાચ અનન્ત કાળ પર્યન્ત પણ તેઓને આવી અનુપમ તકની પુનઃ પ્રાપ્તિ થાય નહિ. આ જીન્દગીમાં જેઓ આ વસ્તુને સમજતા નથી, તેઓની જીન્દગી એળે જ જાય છે. આ વસ્તુને નહિ સમજનારા ગમે તેટલું ભણેલા હોય, તોય મૂર્ખા જ છે.

તમે સમજો તો તમે ઓછા ભાગ્યશાળી નથી. આર્યદેશાદિ સામગ્રીઓ સહિત મનુષ્યભવ અને એમાં પણ સદ્‌ગુરૂના મુખે સત્શાસ્ત્રોનું શ્રવણ કરવાની જોગવાઈ જેઓને મળી છે, તેઓના સદ્‌ભાગ્યની પ્રશંસા કોણ ન કરે ? આવા પ્રશંસનીય સદ્‌ભાગ્યને પામવા છતાં પણ જો સંસારમાં રૂલી જાવ તો તો તમારી ભવિતવ્યતા અતિશય કારમી ગણાય. આવી પ્રશંસનીય ભાગ્યશાળિતાને પામીને તો તમારે તમારા જીવનને એકદમ નિષ્પાપ બનાવી દેવાનો પ્રયત્ન કરવો જોઈએ. સ્વયં નિષ્પાપ જીવનને જીવનારા બનીને. શક્યતા મુજબ બીજા પણ જીવોને નિષ્પાપ જીવન જીવનારા બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. નિષ્પાપ જીવન જીવનારા અને નિષ્પાપ જીવન જીવવાને તત્પર બનેલા આત્માઓના માર્ગમાં આવતાં વિઘ્નોને ટાળી, તેમને નિષ્પાપ જીવન જીવવામાં જેટલી સહાય આપી શકાય તેમ હોય, તેટલી સહાય આપવી જોઈએ. આ જીવનને પાપથી લેશ પણ ખરડવા દેવું નહિ અને પૂર્વના પાપો પણ નિર્જરે તેવો પ્રયત્ન કરવો. આ જન્મમાં એકદમ નિષ્પાપ બનવા છતાંય, પૂર્વનાં પાપકર્મો ઉદયમાં આવે એ શક્ય છે. એવા વખતે પણ ખૂબ જ સાવધાની રાખવી એવા વખતે પણ સમાધિમય મનોદશાથી ભ્રષ્ટ ન બનાય, એની કાળજી રાખવી. પાપના ઉદયને સમભાવે સહવો. આવી રીતે વર્તનારાઓ. પોતાની પ્રશંસનીય ભાગ્યશાળિતાને સુન્દરમા સુંદર રીતે સફળ બનાવનારાઓ છે. જેઓને માટે એકદમ નિષ્પાપ જીવન જીવવાનુ શક્ય ન હોય, તેઓ પણ પાપકર્મોથી બને તેટલા વધુ પ્રમાણમાં પ્રયત્નપૂર્વક બચતા રહે અને નિષ્પાપ જીવન જીવનારા મહાત્માઓની ભક્તિ આદિ અનુષ્ઠાનોમાં યથાશક્ય તત્પર બને, તોય પોતાની પ્રશંસનીય ભાગ્યશાળિતાને સફળ બનાવી શકે. આથી વિપરીતપણે વર્તનારાઓ, પ્રશંસનીય ભાગ્યના ભોગવટાને પરિણામે, નિન્દનીય ભાગ્યને જ ઉપાર્જનારા બની જાય છે. મોસમમાં આળસું અને બેદરકાર રહેનારો વેપારી રળવાને બદલે દેવાળીઓ પણ બની જાય. એ જ સ્થિતિ આવી અનુપમ તકનો દુરૂપયોગ કરનારાઓની પણ થાય તે સ્વાભાવિક છે.

### દુઃખથી મૌન બની જવું

આ બાજુ વિજય આદિ પુરમહત્તરોએ કરેલી પ્રાર્થનાની શ્રી રામચન્દ્રજી ઉપર કેવી અસર થઈ અને શ્રી રામચન્દ્રજીએ કેવો ઉત્તર આપીને તે વિજય આદિ પુરમહત્તરોને વિદાય કર્યા તેનું વર્ણન કરતા, પરમઉપકારી કલિકાલસર્વજ્ઞ, આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

*"कलंकस्यातिथी भूतां, सीतां निश्चित्य राघवः ।*
*सद्योऽभूद्द दुःखतूष्णीकः प्रायः प्रेमातिदुस्त्यजम् ।।१।।*
*धैर्यमालंब्य काकुत्स्थ-स्तानुवाच महत्तरान् ।*
*साधु व्यज्ञपि युष्याभि-र्न भक्ताः क्वाप्युपेक्षकाः ।।२।।*
*न स्त्रीमात्रकृते जातु, सहिष्येऽहमिहायशः ।*
*इति पद्मः प्रतिज्ञाय, विससर्ज महत्तरान् ।।३।।"*

વિજયના મુખથી કરાયેલી વિજ્ઞપ્તિને સાંભળતા શ્રી રામચન્દ્રજીને ખાત્રી થઈ ગઈ કે, 'સીતા કલંકના અતિથિ થયા.' શ્રી રામચન્દ્રજીને શ્રીમતી સીતાજી પ્રત્યે કેટલો બધો પ્રેમ છે, તે આપણે જાણીએ છીએ, એટલે શ્રીમતી સીતાજીના શિરે કલંક આવે, એથી શ્રી રામચન્દ્રજીનું હૈયું ઘવાય તે તો સ્વાભાવિક છે. શ્રીમતી સીતાજીને કલંકનાં અતિથિભૂત બનેલા જાણીને, શ્રી રામચન્દ્રજી એકદમ એટલા બધા દુઃખી થઈ ગયા કે, પહેલાં તો કાંઈ જ બોલી શક્યા નહિ. ખરેખર, પ્રેમનો ત્યાગ કરવો એ પ્રાયઃ અતિશય મુશ્કેલ છે. શ્રી રામચન્દ્રજી બરાબર સમજી ગયા છે કે વિજય આદિની આ પ્રાર્થનાનું રહસ્ય શું છે ? વિજયે જો કે, સ્પષ્ટ શબ્દોમાં શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવાની વિનંતી કરી નથી, પરંતુ પ્રવાદને ઉપેક્ષા કરવા દ્વારા નિર્મળ કીર્તિને મલિન નહિ બનાવવાની વિજ્ઞપ્તિ જે રૂપે કરાઈ છે, તે જોતાં એ જ ધ્વનિત થાય છે કે, શ્રી રામચન્દ્રજીએ કોઈપણ ઉપાયે શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવો જ જોઈએ, એમ વિજય આદિ ઇચ્છી રહ્યા છે. શ્રી રામચન્દ્રજી આ ન સમજી શકે એ શક્ય નથી અને એથી જ પરમઉપકારી, કલિકાળસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે

*"प्रायः प्रेमातिदुस्त्यजम् ।"*

શ્રી રામચન્દ્રજી જો આ પ્રવાદને ચલાવી લેવા તૈયાર ન હોય અને તેથી શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવો પડશે એમ લાગતું હોય, તો શ્રીમતી સીતાજી પ્રત્યેના પ્રેમને દબાવ્યા વિના છૂટકો જ નથી; પણ એમ પ્રેમનો ત્યાગ કરવો એ સહેલું નથી. જેટલો પ્રેમનો અતિરેક, તેટલો તેનો ત્યાગ મુશ્કેલ.

### અપ્રશસ્ત રાગ સંસારને વધારે છે અને પ્રશસ્ત રાગ સંસારને ક્ષીણ બનાવે છે

આ પ્રેમ વખાણવા જેવો નથી. આ પ્રેમ તો આત્માને મૂંઝવે. આવો પ્રેમ વિવેકી આત્માને પણ ખૂબ ખૂબ સતાવી શકે છે. પ્રેમ કરવો જ હોય, તો એ વસ્તુનો કરો અને એવી રીતે કરો, કે જેથી અપ્રશસ્ત રાગ નાશ પામે, રાગનું પ્રમાણ ઘટતું જાય અને અન્તે વીતરાગતા પમાય. અપ્રશસ્ત રાગ આત્માના સંસારને વધારે છે અને પ્રશસ્ત રાગ આત્માના સંસારને ક્ષીણ કરે છે. વીતરાગ દશા પામવાની અભિલાષાવાળા આત્માઓએ રાગને પ્રશસ્ત બનાવવો જોઈએ. પ્રશસ્ત રાગ આત્માને એવીજ પ્રવૃત્તિઓમાં યોજે છે કે, જે પ્રવૃત્તિઓ દ્વારા દુષ્કર્મોની ખૂબ ખૂબ નિર્જરા સધાય અને અન્તે વીતરાગતાને પમાય. પ્રશસ્ત રાગ આત્માને કોઈપણ પ્રકારની હાનિ કરતો જ નથી રાગ માત્ર ત્યાજ્ય છે એ નિર્વિવાદ વાત છે, પણ અપ્રશસ્ત રાગને કાઢવાની જેમ મહેનત કરવી પડે છે તેમ પ્રશસ્ત રાગને કાઢવાની મહેનત કરવી પડતી નથી. પ્રશસ્ત રાગથી તો સ્વયમેવ રાગના કારણોનો નાશ સધાય તેવી વૃત્તિ જન્મે છે, અને પ્રવૃત્તિ થાય છે. પ્રશસ્ત રાગના યોગે, એ રીતે રાગના કારણનો નાશ સધાતો હોઈને, એનાથી ડરવાની જરૂર નથી. આથી રાગી આત્માઓએ પોતાના રાગની અપ્રશસ્તતાને ટાળી પ્રશસ્તતા પ્રાપ્ત કરવી જોઈએ. અપ્રશસ્ત રાગ આત્માને અનેક રીતે મૂંઝવે છે અને એથી વિવેકશીલ આત્માઓને માટે પણ તેવા પ્રેમનો ત્યાગ કરવો, એ પ્રાયઃ અતિશય મુશ્કેલ છે એમ ગણાય છે.

### શ્રી રામચંદ્રજીનો ઉત્તર

શ્રીમતી સીતાજી પ્રત્યે અતિશય પ્રેમ હોવાથી, પહેલાં તો શ્રી રામચન્દ્રજી દુઃખના માર્યા મૂંગા બની ગયા પણ ગમે તેમ તોય એ ધીર,

વીર અને ગંભીર છે. સમજુ છે. એમને વિજય આદિ પુરમહત્તરો ઉપર જરાય ક્રોધ આવતો નથી. શ્રીમતી સીતાજી વિષે તદ્દન ખોટી અને તે છતાં મહાકારમી વાતો કરનારા લોકો ઉપર પણ, શ્રી રામચન્દ્રજી રોષવાળા બનતા નથી. અશુભોદયે આથી પણ વધારે ખરાબ વાતો થાય તો એ સંભવિત છે, એમ શ્રી રામચન્દ્રજી સમજે છે અને એથી જ ધૈર્યનું અવલંબન લઈને, તે વિજય આદિ પુરમહત્તરોને શ્રી રામચન્દ્રજી કહે છે કે 'તમે આ મને જણાવ્યું તે સારું કર્યું. ભક્તો કોઈપણ બાબતમાં ઉપેક્ષા કરનારા હોતા નથી. માત્ર સ્ત્રીને માટે હું આ લોકના અપયશને સહન કરીશ નહિ !' આ પ્રમાણેની પ્રતિજ્ઞા કરીને, શ્રી રામચન્દ્રજીએ તે વિજય આદિ આઠ પુરમહત્તરોને વિદાય કર્યા.

### આવું કહેવા છતાંય હિતવાદી બનવાની જ પ્રેરણા

ખૂબ ખૂબ ધીરતાને ધારણ કર્યા સિવાય, આવા સંયોગોમાં આવો ઉત્તર આપવો એ શક્ય જ નથી. વિજયના મુખેથી હૃદયને કારમો આઘાત પમાડનારી વાતને સાંભળ્યા પછીથી અને એ વાત સાંભળતા હૈયું ભેદાવા છતાં પણ આવો, ઉત્તર આપવો એ અતિશય ધીરતાને ધર્યા વિના બને જ નહિ. આ પુરમહત્તરો જ્યારે આ વાત શ્રી રામચન્દ્રજીને જણાવવા આવ્યા હતા અને નમસ્કાર કરીને ઝાડના પાંદડાની જેમ કંપતા ઉભા રહ્યા હતા, ત્યારે પણ શ્રી રામચન્દ્રજીએ તેમને નિર્ભય બનાવતા હિતવાદી બન્યા રહેવાની પ્રેરણા કરી હતી અને અત્યારે પણ શ્રી રામચન્દ્રજી એવી જ પ્રેરણા કરી રહ્યા છે. વિજયે આવી હૃદયભેદક વાત સંભળાવવા છતાં અને શ્રી રામચન્દ્રજીએ સાંભળવા છતાં પણ, શ્રી રામચન્દ્રજી એ જ કહે છે કે, 'તમે મને આ વાત કહી તે ઠીક કર્યું !' એટલું જ નહિ, પણ આવીય વાતો બીજા પ્રસંગે પણ વિજય આદિ નિર્ભયપણે કહી શકે, એ માટે શ્રી રામચન્દ્રજી કહે છે કે, 'ભક્ત આત્માઓ કોઈપણ બાબતમાં ઉપેક્ષા કરનારા હોતા નથી.'

### રાત અને દિવસ જેટલું જ ભક્તિ અને ઉપેક્ષાની વચ્ચે અન્તર છે

ખરેખર, શ્રી રામચન્દ્રજીની એ વાત તદ્દન સાચી છે કે, 'ભક્તો કોઈપણ બાબતની ઉપેક્ષા કરનારા હોતા નથી.' જેઓના હૈયામાં

કોઈના પણ પ્રત્યે ભક્તિ જાગી છે, તેઓ જ શ્રી રામચન્દ્રજીએ કહેલી આ વાતના મર્મને પામી શકે અને હૃદયસ્થ બનાવી શકે. ભક્તિથી શૂન્ય આત્માઓ, આ કથનના પરમાર્થને પામી શકે એ શક્ય જ નથી. કોઈના પણ પ્રત્યેની ભક્તિથી જેનું હૈયું ભરપૂર છે, તે આત્માને માટે તો આ કથન અનુભવસિદ્ધ છે. ભક્ત આત્માઓ જેના પ્રત્યે ભક્તિ ધરાવતા હોય છે, તે આત્માના હિતાહિતની કોઈપણ બાબતની ઉપેક્ષા કરનારા હોતા જ નથી. ભક્ત આત્માઓ પોતે માનેલા ભક્તિપાત્ર આત્માના હિતની નાશક અને અહિતની કારક એવી કોઈપણ બાબતની ઉપેક્ષા કરવા જોગું ધૃષ્ટ હૃદય ધરનારા હોય, એ બનવા જોગ વસ્તુ જ નથી. જ્યાં ભક્તિ હોય, ત્યાં ઉપેક્ષા ન હોય અને જ્યાં ઉપેક્ષા હોય, ત્યાં ભક્તિ ન હોય, એ નિર્વિવાદ વાત છે. ઉપેક્ષા અને ભક્તિને મેળ જ નથી. રાત અને દિવસ વચ્ચે જેવું અન્તર છે, તેવું જ અન્તર એ ઉપેક્ષા અને ભક્તિ વચ્ચે છે. જ્યાં રાત હોય, ત્યાં તે કાળે દિવસ હોઈ શકે નહિ અને જ્યાં દિવસ હોય, ત્યાં તે કાળે રાત હોઈ શકે નહિ તેમ જ્યાં ભક્તિ હોય, ત્યાં એ ઉપેક્ષા હોઈ શકે નહિ અને જ્યાં ઉપેક્ષા હોય ત્યાં ભક્તિ હોઈ શકે નહિ.

### ભક્તિની ક્રિયા કરવાને અશક્ત એવો પણ ભક્ત ઉપેક્ષા કરનારો તો હોય જ નહિ

આજે આ બાબત પણ ખૂબ ખૂબ સ્પષ્ટીકરણ માંગી રહી છે કારણકે, હિતાહિતની ઉપેક્ષા કરનારાઓ પણ પોતાને ભક્ત મનાવવાનો દાવો કરી રહ્યા છે; એટલું જ નહિ પણ ભક્તિવશ ઉપેક્ષા નહિ કરનારા અને ભક્તિવન્ત ગણાતાઓને સાચા ભક્ત બનવા દ્વારા ઉપેક્ષાને ત્યજવાનો ઉપદેશ દેનારા આત્માઓને, ઝઘડાખોર આદિ કહી, તેઓ નિન્દી રહ્યા છે. આપણે એમ કહીએ છીએ કે, ભક્તિપાત્રના હિતાહિતની ઉપેક્ષા ત્યાંજ સંભવિત છે, કે જ્યાં ભક્તિમાં ખામી છે. ભક્તિપાત્રની સેવા અને રક્ષા આદિને લગતી પ્રવૃત્તિ થવી કે ન થવી અગર તો અલ્પ થવી કે જરૂરી પ્રમાણમાં થવી, એ તદ્દન જુદી વસ્તુ છે અને તેની ઉપેક્ષા થવી, એ પણ તદ્દન જુદી વસ્તુ છે હૈયામાં પૂરેપૂરી ભક્તિ હોવા છતાં પણ ભક્તિપાત્રની બિલ્કુલ અગર તો થવી જોઈએ તેટલી સેવા અને રક્ષા આદિ ન થઈ શકે એ

શક્ય છે પણ હૈયામાં ભક્તિ હોય તો ભક્તિપાત્રના હિતાહિતને લગતી કોઈ પણ બાબતમાં ઉપેક્ષા તો ન જ થાય.

**સભા** : ન જાણતા હોઈએ તો ?

**પૂજ્યશ્રી** : ભક્ત આત્માઓ તેવું જાણવાના શક્ય પ્રયત્નથી વંચિત જ હોય એ શક્ય નથી. એ રીતે જાણવાના શક્ય પ્રયત્નો ચાલુ હોવા છતાં પણ, નહિ જાણવાના કારણે જ જેઓ ન કરતા હોય, તેઓ ઉપેક્ષા કરનારા છે, એમ કહેવાય જ નહિ. ઉપેક્ષા તો ત્યાં જ ગણાય, કે જ્યાં જાણવા યોગ્ય જાણવાની કે જાણવા છતાં પણ પોતાને કરવા યોગ્ય કરવાની બેદરકારી હોય. એવી ઉપેક્ષા ભક્તના હૈયામાં સંભવતી નથી.

### ભક્ત તો જાતને ય આફતમાં મૂકે

ભક્તિના યોગે આત્મા સ્વાભાવિક રીતે જ ભક્તિ પાત્રના હિતાહિતની ચિન્તામાં મગ્ન થઈ જાય છે. પોતે માનેલ ભક્તિપાત્રની લેશ પણ નિન્દાને એ સાંભળી શકતો નથી. ભક્તિપાત્રને માટે જરાપણ ઘસાતું બોલાય, તો એ સાંભળતા પણ એનું હૈયું ઘવાય છે. ભક્તિપાત્રની થતી નિન્દાને રોકવાનું જો પોતાનામાં સામર્થ્ય હોય, તો એ સામર્થ્યને એ કોઈપણ રીતે ગોપવી શકતો નથી. એ તો પોતાના સઘળા જ સામર્થ્યનો ઉપયોગ કરવા દ્વારા, પોતે માનેલ ભક્તિપાત્રની થતી નિન્દા આદિને અટકાવવા મથે છે એ માટે લાગવગનો ઉપયોગ કરવો પડે, તો લાગવગનો ઉપયોગ કરીને અને કોઈને વિનંતી કરવી પડે તો વિનંતી કરીને પણ ભક્તાત્મા ભક્તિપાત્રની થતી નિંદા આદિને અટકાવવાનો પ્રયત્ન કરે છે. એ માટે એને પોતાની સંપત્તિ આદિનો ભોગ આપવો પડે, તો તેમ કરવાને પણ તે તૈયાર થઈ જાય છે. ભક્તિપાત્ર ઉપરની આફતને એ પોતાની આફત કરતાં પણ વિશેષ માને છે અને એથી અવસરે જો પોતાની જાતને આફતમાં મૂકવી પડે, તો તેમ કરીને પણ તે ભક્તાત્મા ભક્તિપાત્ર ઉપરની આફતને ટાળવા મથે છે.

### ભક્તો માટે જ અનામત

આટલું આટલું કરવાની પોતામાં તત્પરતા હોવા છતાં પણ જ્યારે તે એમ જુએ કે, 'મારાથી આ નિન્દા આદિ અટકવાય તેમ

નથી.' ત્યારે પણ તે તેની ઉપેક્ષા તો કરતો જ નથી. એનું હૈયું દુભાયા જ કરે છે. દુભાતે હૈયે એ એવા જ વિચારો કર્યા કરે છે કે 'હું ભક્ત છું પણ કમનસીબ છું કે જેથી ભક્તિપાત્રની અવહેલના આદિ અટકાવી શકતો નથી. ક્યારે કોઈ એવા ભક્ત પાકે, કે જે આ અવહેલનાને ટાળે! એવો કોઈ નીકળી આવે તો, તેના ચરણમાં માથું મૂકવું પડે તો તેમ કરીને પણ, હું આ અવહેલના આદિને અટકાવું ! આવા મનોદુ:ખનો અને મનોમંથનનો સાચો ખ્યાલ ભક્તિવિહીન આત્માઓને ક્યાંથી આવે ? એ તો ભક્ત આત્માઓને માટેની જ અનામત વસ્તુ છે.

### ભક્તિની ખામી વિના ઉપેક્ષા હોય નહીં

હૈયામાં ભક્તિ હોય છતાં ભક્તિપાત્રના અહિતની ઉપેક્ષા થાય, એ વાત તમને કોઈ પણ રીતે બંધબેસતી લાગે છે?

**સભા** : નહિ જ.

**પૂજ્યશ્રી** : તમને એમ નથી લાગતું કે, ભક્તિપાત્રના અહિતની ઉપેક્ષા કરનારાઓ અગર તો ઉપેક્ષા નહિ કરનારાઓને નિન્દનારાઓ, એવા ધૃષ્ટ હૃદયને ધરનારાઓ છે, કે જે ભક્તિથી શૂન્ય છે અને ભક્તિને ચાહનારા પણ નથી ?

**સભા** : એમાં શંકાને સ્થાન જ નથી.

**પૂજ્યશ્રી** : ખાસ કરીને આજે તો આ વસ્તુ ખૂબ જ ધ્યાનમાં રાખી લેવા જેવી છે. જ્યારે જ્યારે તમને ભક્તિપાત્રના હિતાહિતને લગતી કોઈપણ બાબતની ઉપેક્ષા કરવાનું મન થાય, ત્યારે ત્યારે તમે નિશ્ચિત માનજો કે એ ભક્તિની ખામી છે. એ વખતે તમે જાતે જ તમારા આત્માને ઉપાલંભ દેજો ! તમારા હૃદયની તેવા સમયે પરીક્ષા કરજો. વિવેકપૂર્વક પરીક્ષા કરી શકશો, તો તમે જાતે પણ સમજી શકશો કે ભક્તિપાત્રની ભક્તિ કરતા પણ તમે બીજી કોઈ વસ્તુને વધારે મહત્ત્વની માની છે અને માટે જ આ ઉપેક્ષા આવી છે.

### શુદ્ધ આચાર-વિચારની પ્રેરણાના સ્થાનો તેજ ભક્તિના સ્થાનો છે

આ તો આપણે વિચાર્યું કે, 'જ્યાં ભક્તિ હોય ત્યાં ભક્તિપાત્રના હિતાહિતને લગતી કોઈપણ બાબતમાં ભક્તો ઉપેક્ષા

કરનારા હોય નહિ.' પણ 'ભક્તિ ક્યાં હોવી ઘટે અને ક્યાં નહિ' એનો વિવેક અવશ્ય હોવો જોઈએ. કલ્યાણના અર્થીઓએ ભક્તિના સ્થાનોથી સારી રીતે માહિતગાર બનવું જોઈએ. વિવેકશુન્ય આત્માઓ અભક્તિપાત્રની ભક્તિ કરનારા અને સાચા ભક્તિપાત્રની આશાતના કરનારા પણ બની જાય, એ સુસંભવિત છે. એવી ભક્તિ આત્માને તારી શકતી નથી અને એ આશાતના આત્માનું અકલ્યાણ કર્યા વિના રહેતી નથી. આથી ભક્તિનું વિધાન કરનારા પરમ ઉપકારી પરમર્ષિઓ, એ વાત પણ અતિશય સ્પષ્ટ રૂપમાં જ ફરમાવે છે કે, 'કલ્યાણના અર્થી' આત્માઓએ તેવા જ સ્થાનોને વિષે ભક્તિવાળા બનવું જોઈએ, કે જે સ્થાનો પરમાર્થથી ભક્તિને પાત્ર હોય.'

**સભા** : તેવા સ્થાનો ક્યાં ?

**પૂજ્યશ્રી** : જે જે સ્થાનોની ભક્તિથી સધાય તો આત્મનિસ્તાર જ સધાય. તે સર્વ સ્થાનો ભક્તિપાત્ર ગણાય. ધ્યેયમાં સુનિશ્ચિત બનો, એટલે ઘણા-ખરા પ્રશ્નોનો તમે તમારી મેળે જ ઉત્તર મેળવી શકો. અનાદિકાળથી આપણો આત્મા જડ એવા કર્મોનો સંયોગવાળો છે. આપણે ધારીએ અને યોગ્ય પ્રયત્ન કરીએ, તો આપણો આત્મા અનાદિકાળથી કર્મોના સંયોગવાળો હોવા છતાં પણ તેને આપણે કર્મોના સંયોગથી સર્વથા રહિત બનાવી શકીએ એ વિના દુ:ખથી સર્વથા રહિતપણું અને અવિનાશી તથા સંપૂર્ણ સુખની પ્રાપ્તિ શક્ય નથી. આ કારણે, આત્માનો મોક્ષ એ આપણું ધ્યેય હોવું જોઈએ. આત્માનો મોક્ષ શ્રી જિનભાષિત ધર્મની આરાધના વિના શક્ય નથી. અર્થ અને કામની સાધનાથી મોક્ષ સધાય નહિ, પણ મોક્ષથી દૂર ને દૂર જ જવાય; કારણકે અર્થ અને કામની સાધના આત્માને વિશેષ પ્રકારે કર્મબદ્ધ બનાવે છે. શ્રી જિનભાષિત ધર્મની સાધના જ આત્માને મોક્ષની નિકટમાં લઈ શકે છે અને અન્તે મોક્ષ પણ પમાડી શકે છે. હવે વિચાર કરો કે, ભક્તિના વાસ્તવિક સ્થાનો કયા હોઈ શકે? અર્થ અને કામ પ્રત્યે આકર્ષે, અર્થ અને કામની લોલુપતા જન્માવે, અર્થ અને કામની સાધનામાં યોજે અથવા કોઈપણ સ્વરૂપે અર્થ અને કામની હેયતા ભૂલાવીને આપણા હૃદયમાં અર્થ અને કામની ઉપાદેયતાને જન્માવે એવું કોઈ પણ સ્થાન ભક્તિપાત્ર હોઈ શકે ખરું?

**સભા** : નહિ જ ?

**પૂજ્યશ્રી** : ચોક્કસ ?

**સભા** : ભલે, મન અર્થ અને કામ તરફ ઢળી જાય છે પણ વિચાર કરતાં તો અર્થ અને કામ હેય જ લાગે છે.

**પૂજ્યશ્રી** : જેટલું હેય લાગે તે સઘળું તજી શકાય એમ ન પણ બને, પણ હેય માત્રનો હેય રૂપે અને ઉપાદેય માત્રનો ઉપાદેય રૂપે સ્વીકાર થઈ જાય, તો ય તે ઘણું છે. પછી હેયનો ત્યાગ અને ઉપાદેયનો સ્વીકાર સુનિશ્ચિત બની જાય છે. શુદ્ધ માન્યતા, વહેલે કે મોડે પણ શુદ્ધ આચરણને ઘસડી લાવ્યા વિના રહેતી જ નથી.

**સભા** : શુદ્ધ માન્યતા અને શુદ્ધ આચરણા કરાવનારાં જે કોઈ સ્થાનો હોય, તે સર્વ સ્થાનો ભક્તિ પાત્ર ગણાય, એમ નક્કી થયું ?

**પૂજ્યશ્રી** : હા, જે જે સ્થાનો શુદ્ધ માન્યતા અને શુદ્ધ આચરણા આદિની પ્રેરણા આદિ કરવાની સાચી અને સ્વાભાવિક લાયકાતને ધરાવતા હોય, તે સર્વ સ્થાનો સુનિશ્ચિતપણે ભક્તિને યોગ્ય ગણાય. જે જે સ્થાનોની ભક્તિથી કર્મનિર્જરા સધાય અગર પડે તો શુભ બંધ જ પડે, તે સર્વસ્થાનો પ્રત્યે કલ્યાણના અર્થી આત્માઓએ ભક્તિ કેળવવી જોઈએ, એ નિર્વિવાદ વાત છે, આ ભક્તિ પણ પ્રશસ્ત રાગના યોગે જ જન્મે છે, એટલે જેટલાં ભક્તિના સ્થાનો તેટલાં પ્રશસ્ત રાગના સ્થાનો, એમ પણ ખુશીથી કહી શકાય તેમ છે.

### અવહેલના અટકાવવાનો પ્રયત્ન શાથી નથી થતો ? એ વિચારતા દંભી બનશો નહિ

આ સ્થાનોની નિન્દા આદિ દ્વારા અવહેલના થતી હોય, તો આપણે તેની ઉપેક્ષા કરી શકીએ ?

**સભા** : નહિ જ

**પૂજ્યશ્રી** : ઉપેક્ષા કરવાનું મન થાય, તો એ ભક્તિની જ ખામી છે, એમ ચોક્કસ લાગે છે ને ?

**સભા** : હાજી.

**પૂજ્યશ્રી** : તો આજે પ્રભુશાસનની જે અવહેલના થઈ રહી છે, તેની આપણે ઉપેક્ષા ન જ કરી શકીએ ને ?

**સભા** : નહિ જ.

**પૂજ્યશ્રી** : અને ઉપેક્ષા કરવાનું આપણને જો જરાપણ મન થઈ જાય, તો આપણી શાસન પ્રત્યેની ભક્તિમાં તેટલી ખામી છે, એ પણ ચોક્કસ ને ?

**સભા** : હાજી, પણ કરવા જેવું ઘણુંય લાગે, છતાં શક્તિ ન હોય એટલે શું કરીએ ?

**પૂજ્યશ્રી** : આપણી વાત ઉપેક્ષાની છે. એને માટે તમે ઉપેક્ષા શબ્દનો ઉપયોગ કરી શકશો ?

**સભા** : નાજી.

**પૂજ્યશ્રી** : બસ ત્યારે, કરવા જેવું લાગે છતાં શક્તિના અભાવે જ ન થઈ શકે, તો એ ઉપેક્ષા નથી. છતી શક્તિએ ભક્તિને લગતી કોઈપણ આવશ્યક ક્રિયાની ઉપેક્ષા થવી જોઈએ નહિ. પણ ભક્તિને લગતી કોઈપણ કરવા યોગ્ય ક્રિયા તમે ન કરી શકો, ત્યારે એ વિચારજો કે, 'એમાં શક્તિનો અભાવ એ જ કારણ છે કે કોઈ પૌદ્‌ગલિક આસક્તિ કારણ છે ?' શક્તિના અભાવને નામે, પૌદ્‌ગલિક વૃત્તિનું કોઈ કારણ હોય, તો તેને છૂપાવતા નહિ. એવું કોઈ કારણ હોય, તો તેને દૂર કરવાનો જ પ્રયત્ન કરજો. આપણે વિચારી આવ્યા છીએ કે પ્રશંસાના અર્થી બનેલા ધર્માચાર્યો પણ, ધર્મશાસનની થઈ રહેલી કારમી અવહેલનાની, છતી શક્તિએ પણ ઉપેક્ષા કરનારા બની જાય છે એટલું જ નહિ, પણ પોતાની ઉપેક્ષાને કારણે પોતે શિષ્ટજનોના પણ માનપાનને ગુમાવી બેસે નહિ એ માટે, કીર્તિના લોલુપ બની ગયેલા તેઓ, શાસનરક્ષાની સત્પ્રવૃત્તિમાં ઓતપ્રોત બનેલા મહાત્માઓની સફાઈથી નિન્દાદિ કરનારા પણ બની જાય છે. એવી જ રીતે તમે પણ કોઈ પૌદ્‌ગલિક વૃત્તિને આધીન બનીને કરવા યોગ્ય શાસનસેવાથી તે તમારાથી શક્ય હોય તે છતાંય, વંચિત રહો છો કે નહિ, એની બરાબર તપાસ કરજો. દંભ કર્યે કશો જ લાભ નથી. ઉલટું હાનિ છે. ભક્તિ નહિ છતાં ભક્તિવાળા કહેવડાવવા મથવું એ નિસ્તારનો નહિ પણ ડૂબવાનો જ માર્ગ છે. નિસ્તારનો માર્ગ તો એ જ છે કે, ભક્તિપાત્ર સ્થાનોને વિષે સાચા ભક્તિવાળા બનવું; પછી ભલેને કોઈ ભક્તિહીન પણ કહે !

## શ્રી તીર્થંકરદેવો પણ અવશ્ય ભાવિભાવનું ઉલ્લંઘન કરી શકતા નથી

આ પ્રસંગમાં શ્રી રામચન્દ્રજીએ, 'ભક્ત આત્માઓ કોઈ પણ બાબતમાં ઉપેક્ષા કરનારા હોતા નથી.' એમ બોલવા દ્વારા વિજય આદિ પુરમહત્તરોને જેમ એ વાતનું સૂચન કર્યું છે કે 'શ્રીમતી સીતાજીના પ્રવાદ સંબંધી પણ આ વાતની તમે ઉપેક્ષા કરી નથી, એ તમારી ભક્તિ સૂચવે છે.' તેમ એ વાતનું સૂચન કર્યું છે કે 'તમારે આવી અગર તો આથી પણ વધુ દુ:શ્રવ એવી ય વાત, જો અમારા હિતાહિતને લગતી હોય, તો જરૂર કહેવી.' શ્રી રામચન્દ્રજીનું આ પ્રકારનું સૂચન પણ, તેમની ઉત્તમતાનું તેમની વિવેકશીલતાનું જ સૂચક ગણાય. જે વાતને સાંભળતા પણ શ્રી રામચન્દ્રજી આઘાત પામીને દુ:ખના વશે મૌન થઈ ગયા, તે વાત કહેનારાઓને આવો ઉત્તર દેવા જોગું કૌવત, અધમ આત્માઓમાં હોઈ શકતું જ નથી.

**સભા** : આવા સમજુ અને વિવેકી હોવા છતાંપણ શ્રી રામચન્દ્રજી શ્રીમતી સીતાદેવી મહાસતી છે એવો નિશ્ચય હોવા છતાંપણ, શ્રીમતી સીતાદેવીનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરે, એ શું ?

**પૂજ્યશ્રી** : આ વાતનો પણ સામાન્ય ખુલાસો પહેલાં થઈ ગયો છે. ઐહિક યશની વધારે પડતી કામનાનો જ એ પ્રતાપ છે. મારો યશ કોઈપણ કારણે પછી તે કારણ સાચું હોય કે ખોટું હોય, પણ કલંકિત ન જ બનવો જોઈએ, આવી મનોવૃત્તિને યોગે જ શ્રી રામચન્દ્રજી જેવાને હાથે એ વસ્તુ શક્ય બની છે. ભવિતવ્યતા પણ એક એવી વસ્તુ છે, કે ભલભલાને ભૂલવે છે, શાસ્ત્રકાર મહાત્માઓ ફરમાવે છે કે, શ્રી તીર્થંકરદેવો જેવા પરમતારકો પણ અવશ્ય ભાવિભાવને મિથ્યા કરી શકતા નથી. શ્રી નન્દિષેણ અને જમાલી જેવાને ખુદ ભગવાને દીક્ષા કેમ આપી ? શું ભગવાન જાણતા નહોતા કે, આ આત્માઓનું ભવિષ્યમાં પતન થવાનું છે ? શ્રી નન્દિષેણ વેશ્યાને ઘેર પડશે અને જમાલી તારક શાસનનો વિરોધ કરશે, એમ ભગવાન જાણતા નહોતા ? ભગવાન શ્રી મહાવીર દેવ જાણતા જ હતા. અહીં એ પ્રશ્ન સંભવિત છે કે, જ્યારે ભગવાન જાણતા હતા, તો


પછી તેમને દીક્ષા કેમ આપી ? પતન પામશે એમ જાણતા છતાંય દીક્ષા દેવાય ? અને જો એમ દીક્ષા દેવાય, તો પછી, 'વિરાધનાથી ઘોર સંસારમાં "રૂલી" જવાય છે' એ વગેરે વાતોનું શું ? પણ શાસ્ત્રકાર મહાત્માઓ એનો ખુલાસો કરતા ફરમાવે છે કે, 'એ દીક્ષાઓ તથા પ્રકારના ભાવિભાવાદિને કારણે જ બની છે' કારણકે શ્રી તીર્થંકરદેવો પણ અવશ્ય ભાવિભાવનું ઉલ્લંઘન કરી શકતા નથી. એટલે ભાવિભાવની સામે કોઈપણ દલીલ નકામી જ છે. આપણે તો પતનને કે ભાવિભાવાદિને પણ નિશ્ચિતપણે જાણી શકતા નથી. આથી આપણે તો અનન્ત જ્ઞાનીઓની આજ્ઞા મુજબ જ દીક્ષા દેવાની હોય. યથાવિધિ દીક્ષા દેવા છતાં દીક્ષા લેનાર દીક્ષાનો અન્ત સુધી નિર્વાહ કરી શકે એવા છે - એમ શક્ય રીતે નક્કી કરીને દીક્ષા દીધી હોય તે છતાં કોઈ પડે એ અસંભવિત નથી. એથી વિધિ અનુસાર વર્તનાર ગુરુ દોષિત ઠરતાં નથી. આથી તમે સમજી શકશો કે, તેવા પ્રકારની ભવિતવ્યતા સુવિવેકી આત્માઓને પણ ભૂલાવે છે. અહીં એ ભવિતવ્યતાને સફળ થવામાં જે કારણો મળ્યાં છે, તેમાં શ્રી રામચન્દ્રજીની યશની ઇચ્છાથી એ પણ એક મહત્ત્વનું કારણ છે.

### અપ્રશસ્ત ત્યાગ સંસારવૃદ્ધિનું કારણ અને પ્રશસ્ત ત્યાગ સંસારક્ષયનું કારણ

શ્રી રામચન્દ્રજી પોતાના અપયશને આગળ કરીને 'એક સ્ત્રી માત્રને માટે હું તેને સહન કરીશ નહિ' એમ બોલ્યા છે અને આપણે આગળ જોઈશું કે એવા પ્રકારની મનોવૃત્તિથી જ તેમણે શ્રીમતી સીતાજીનો ત્યાગ કર્યો છે, એટલે વાત જુદી છે બાકી શ્રી રામચન્દ્રજીનો ત્યાગ એ કોઈ સામાન્ય ત્યાગ નથી જ. શ્રી રામચન્દ્રજીને શ્રીમતી સીતાજી પ્રત્યે અનહદ પ્રેમ છે. અને તે છતાં પણ તેઓ શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવાને તત્પર બને છે, એટલે એ ત્યાગ ઘણો જ ભારે છે, આવો ભારે પણ ત્યાગ, યશની ઇચ્છાથી દૂષિત હોવાના કારણે જ અપ્રશસ્તકોટિમાં ચાલ્યો જાય છે. રાગની માફક ત્યાગ પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત હોઈ શકે છે. પ્રશસ્ત રાગ જેમ સંસારક્ષયનું કારણ છે. તેમ પ્રશસ્ત ત્યાગ પણ સંસારવૃદ્ધિનું

કારણ છે. એજ રીતે અપ્રશસ્ત રાગ જેમ સંસારવૃદ્ધિનું કારણ છે, તેમ અપ્રશસ્ત ત્યાગ પણ સંસાર વૃદ્ધિનું કારણ છે. આથી અપ્રશસ્ત રાગ જેમ હેય છે અને પ્રશસ્ત રાગ જેમ ઉપાદેય છે, તેમ અપ્રશસ્ત ત્યાગ હેય છે અને પ્રશસ્ત ત્યાગ ઉપાદેય છે. ત્યાગનો ઉદ્ભવ પણ રાગમાંથી જ થાય છે અપ્રશસ્ત રાગમાંથી અપ્રશસ્ત ત્યાગ જન્મે છે અને પ્રશસ્ત રાગમાંથી પ્રશસ્ત ત્યાગ જન્મે છે. અપ્રશસ્ત રાગના યોગે અપ્રશસ્ત ત્યાગના કરનારા, ત્યાગ કરવા છતાંપણ કલ્યાણ સાધી શકતા નથી એટલું જ નહિ પણ તેઓ ઘોર સંસારમાં રૂલનારા પણ બની જાય છે. આથી જેટલો ત્યાગ થઈ શકે તેટલો એવો જ કરો, કે જે કોઈપણ પ્રકારની પૌદ્ગલિક અભિલાષોથી દૂષિત ન હોય અને શ્રી જિનાજ્ઞાની આરાધનાવાળો હોય.

શ્રી રામચન્દ્રજીના મહાભારે એવા પણ ત્યાગને આપણે શી રીતે વખાણીએ ? એ ત્યાગ જો સંસારક્ષયના હેતુથી થયો હોત, તો આપણે જરૂર વખાણત; પણ અહીં તો એ ત્યાગમાં કેવળ યશની ઇચ્છા જ પ્રધાનતા ભોગવી રહી છે. એ પણ સમજો કે, શ્રી રામચન્દ્રજી સંસાર ક્ષયના જ હેતુથી શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવાને તત્પર બન્યા હોત, તો જે રીતે શ્રી રામચન્દ્રજીએ શ્રીમતી સીતાદેવીનો ત્યાગ કર્યો છે, તે રીતે શ્રીમતી સીતાજીનો ત્યાગ હરગીજ કરત નહીં. એ ત્યાગ તો કોઈ અનુપમ રીતે જ થયો હોત. અત્યારે તો શ્રી રામચન્દ્રજી એવું જ વર્તન કરી રહ્યા છે, કે જેથી અજ્ઞાન આત્માઓના હૃદયમાં 'શ્રીમતી સીતાજી કલંકિતા છે' એમ જ ઠસી જાય ! આવું વર્તન કોઈપણ રીતે યોગ્ય ગણાય નહિ.



# શ્રી રામ-સીતાની નિન્દા અને આજની હાલત

## ૮

શ્રીમતી સીતાદેવી જેવી મહાસતીને લોકોએ અસતી તરીકે અને સુવિવેકી એવા પણ શ્રી રામચન્દ્રજીને રાગાંધ તરીકે ઠરાવીને નીંદા કરવા માંડી, શ્રી રામચન્દ્રજીએ આ કાનોકાન સાંભળ્યું અને 'સીતા પરિત્યાગ'નો નિર્ણય લીધો જો કે આ ત્યાગ પ્રશસ્ત નથી એ આપણે જોયું. પણ આ પ્રસંગને પૂજ્યાપાદશ્રીએ આજની હાલત સાથે સાંકળતાં બાલદીક્ષા અને દેવદ્રવ્યાદિની બાબતમાં યથેચ્છ બોલનારા અને લખનારા લોકોની ધર્મ વિરોધીતાને સ્પષ્ટ કરી છે.

'એમને તો એકસો આઠ ચેલા કરીને ગણધર થવું છે. આવા કપોલ કલ્પિત વિધાનનો પર્દાફાશ કરનારું સ્પષ્ટ નિવેદન મનનીય છે. છેલ્લે મહાસતીના ત્યાગની પાછળ શ્રી રામચન્દ્રજીનું લોકપ્રશંસાનું અતિ અર્થીપણું જવાબદાર ઠરાવાયું છે. જે પણ આ હાલતનું સ્પષ્ટ દર્શન છે.

-શ્રી

## શ્રી રામ-સીતાની નિન્દા અને આજની હાલત

- છૂપી રીતે શ્રીમતી સીતાજીની નિન્દાનું શ્રવણ
- શ્રીમતી સીતાજીની સાથે લોક શ્રી રામચન્દ્રજી જેવાની પણ નિન્દા જ કરી રહ્યા છે
- આજના દીક્ષાવિરોધીઓને સુસાધુ સંસ્થા જ જોઈતી નથી
- દેવદ્રવ્યનો શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધપણે ઉપયોગ કરનારની વિચિત્ર દલીલો
- દીક્ષા વિરોધીઓએ બાલવયે અપાતી દીક્ષા વિષે ઉભી કરેલી ગેરસમજ અને તે વિશેનો ખુલાસો
- બાળકમાં અણસમજ અને વિષયવાસનાને આગળ કરનારાઓએ વીચારવું
- દીક્ષાવિરોધીઓની મોટી વયની દીક્ષા સામેની દલીલો પણ પોકળ જ છે
- પત્ની અને કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન
- માતા-પિતાદિના રુદનનો પ્રશ્ન
- પરિવર્તનને જોતા નથી
- રાગાન્ધ અને શિષ્યલોભાન્ધ ઠરાવનાર લોકો
- સમસ્ત સાધુસંસ્થાને કલંકિત ઠરાવી શકાય જ નહિ
- વાત કરનારાઓએ વિચારવું જોઈએ
- આ કાળમાં શ્રી ગણધરપદ હોય નહિ
- એક અબજ ને આઠ શિષ્યો થાય તોય દીક્ષાધર્મના પ્રચારને અટકાવાય જ નહિ
- ફરજને અદા કરનારા સાધુઓને જ આજે ધમાલખોર આદિ કહેવાય છે



૮

## શ્રી રામ-સીતાની નિન્દા અને આજની હાલત

### છૂપી રીતે શ્રીમતી સીતાજીની નિન્દાનું શ્રવણ

ખેર, શ્રી રામચન્દ્રજીએ વિજય આદિના કહેવા માત્રથી જ શ્રીમતી સીતાજીનો ત્યાગ કરી દીધો છે એમ નથી. વિજય આદિ પુરમહત્તરોએ જણાવેલા તે લોકપ્રવાદ વિષે પોતે પણ ખાત્રી કરી છે.

**સભા** : તો પછી વિજય વિગેરેની સમક્ષ પહેલા પ્રતિજ્ઞા કરી એ ખોટી જ ને ?

**પૂજ્યશ્રી** : શાથી ?

**સભા** : જ્યારે ખાત્રી જ કરવી હતી, તો પછી તે પહેલા શ્રીમતી સીતાજીના ત્યાગની પ્રતિજ્ઞા કેમ કરી ?

**પૂજ્યશ્રી** : તમારી સમજવામાં ભૂલ થઈ હોય તેમ જણાય છે. 'માત્ર સ્ત્રીને માટે હું આ લોકના અપયશને સહીશ નહિ' એવી જ શ્રી રામચન્દ્રજીએ પ્રતિજ્ઞા કરી હતી આથી, પ્રતિજ્ઞા કરવાથી, લોકપ્રવાદ વિષેની ખાત્રી પણ ન થઈ શકે, એમ કહેવાય નહિ. આપણે જોઈએ કે, લોકપ્રવાદની ખાત્રી કરવા જતાં શ્રી રામચન્દ્રજીએ કાનોકાન શું સાંભળ્યું ? વિજય આદિ આઠ પુરમહત્તરોને વિદાય કર્યા બાદ, શ્રી રામચન્દ્રજી રાતના સમયે છૂપી રીતે પોતાના આવાસથી બહાર નીકળ્યા અને કોઈ પોતાને ઓળખી જાય નહિ એવી રીતે અયોધ્યાનગરીમાં ફરવા લાગ્યા. અયોધ્યાનગરીમાં છૂપી રીતે રહેલા શ્રી રામચન્દ્રજીએ સ્થાને સ્થાને ચાલી રહેલા જે જનવાદને સાંભળ્યો તેનું વર્ણન કરતાં પરમ ઉપકારી કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વર મહારાજા ફરમાવે છે કે

*"रावणेनापनीतेयं, तद्गृहे च चिरं स्थिता ।*
*सीतानीता च रामेण, सतीति च स मन्यते ॥१॥*

*"સીતારક્તેન તેનેયં, નોપભુક્તા, કથં ભવેત્ ? ।*
*નાદ્યોઽપિ વ્યમૃષદ્ રામો, ન રક્તો દોષમીક્ષતે ॥૨॥*

અયોધ્યા નગરીમાં ઠેર ઠેર એ વાત ચાલી રહી છે કે, જે શ્રીમતી સીતાને શ્રી રાવણ ઉપાડી ગયો અને જે શ્રીમતી સીતા શ્રી રાવણના આવાસમાં ઘણો કાળ રહી તે શ્રીમતી સીતાને શ્રી રામ લઈ આવ્યા અને વળી માને છે કે, એ સતી છે ! શ્રીમતી સીતામાં રક્ત એવા શ્રી રાવણે આ શ્રીમતી સીતાને ભોગ દૂષિત ન કરી હોય, એ બને જ કેમ? એટલુ પણ શ્રી રામે વિચાર્યું નહિ ! પણ ખરી વાત એ છે કે રાગી આદમી દોષને જોતો જ નથી !

### શ્રીમતી સીતાજીની સાથે લોક શ્રી રામચન્દ્રજી જેવાની પણ નિન્દા જ કરી રહ્યા છે

લોક આ રીતે બેયની નિન્દા કરી રહ્યો છે. શ્રીમતી સીતા સતી નથી અને શ્રી રામ તેનામાં રાગી હોવાના કારણે શ્રીમતી સીતાના દોષને જોઈ શક્તા નથી. લોકનો નિર્ણય કેટલો બેહુદો છે ? શ્રી રામચન્દ્રજીને બુદ્ધિહીન કહી શકાય તેમ નથી અને શ્રી રામચન્દ્રજી અણસમજુ છે એમ પણ કહી શકાય તેમ નથી, માટે લોક પોતાની ખોટી પણ વાતને સાચી ઠરાવવાને માટે શ્રી રામચન્દ્રજીને રાગાન્ધ ઠરાવે છે ! ખરેખર આ રીતે શ્રી રામચન્દ્રજીને માટે કાંઈ પણ બોલ્યા વિના તો શ્રીમતી સીતાજીને દોષિત ઠરાવી શકાય તેમ નથી; કારણકે કોઈ એમ પૂછે છે, કે 'શું શ્રી રામચન્દ્રજીમાં તમારા જેટલી પણ અક્કલ નથી, કે એથી તેઓ તમે કહો છો એમ શ્રીમતી સીતાજી અસતી હોવા છતાંપણ તેમને સતી માને છે ? આવો પ્રશ્ન ઉદ્ભવે જ નહિ અગર ઉદ્ભવ્યો હોય તો શમી જવા પામે, એ માટે લોક એ જ વાત કરે છે કે શ્રીમતી સીતાજી ઉપર શ્રી રામચન્દ્રજીને એટલો બધો રાગ છે, કે જેના યોગે તેઓ શ્રીમતી સીતાજીના દોષને જોઈ શક્તા નથી !' શ્રી રામચન્દ્રજીને શ્રીમતી સીતાજી ઉપર અતિશય પ્રેમ છે એ વાત સાચી છે, પણ એથી શ્રી રામચન્દ્રજી શ્રીમતી સીતાજી દોષિત હોય તો પણ, શ્રીમતી સીતાજીના દોષને જોઈ જ ન શકે એવા રાગાન્ધ નથી જ !

આ તો લોકોએ ઉપાજાવી કાઢેલો આરોપ છે. લોકોએ પહેલા નક્કી કરી લીધું કે 'શ્રી રાવણ જેવા શ્રી રાવણે સીતાને ન ભોગવી હોય એ સંભવિત નથી, એટલે શ્રીમતી સીતાને કોઈ પણ રીતે સતી મનાય નહિ !' લોકના આ નિર્ણયમાં શ્રી રામચન્દ્રજીનું વર્તન આડે આવવા લાગ્યું કારણકે, શ્રી રામચન્દ્રજી ન્યાયપરાયણ તથા વિચક્ષણ આદિ તરીકે વિખ્યાત હતા અને તેઓ તો શ્રીમતી સીતાજીને મહાસતી જ માનતા હતા. આથી પરદોષ-રસિક એવા લોકોએ તેનો પણ ઉપાય શોધ્યો અને શ્રી રામચન્દ્રજીને એવા રાગાન્ધ ઠરાવ્યા, કે જે રાગાંધતાના યોગે તેમને શ્રીમતી સીતાજીનો દોષ પણ દોષ રૂપે દેખાય જ નહિ ! આમ લોકોએ એક મહાસતીને અસતી ઠરાવીને અને એક સુવિવેકી આત્માને રાગાન્ધ ઠરાવીને, બંનેની નિન્દા કરવા માંડી. છૂપી રીતે અયોધ્યાનગરીમાં ફરી રહેલા શ્રી રામચન્દ્રજીએ આ વાત કાનોકાન સાંભળી.

### આજના દીક્ષાવિરોધીઓને સુસાધુ સંસ્થા જ જોઈતી નથી

ખરેખર, આ પ્રસંગ આજના દીક્ષાપ્રકરણની સાથે ખૂબ જ બંધ બેસતો છે.

**સભા** : એ કેવી રીતે ?

**પૂજ્યશ્રી** : એનો કાંઈક ખ્યાલ આપવાને માટે તો આ વાત ઉચ્ચારાઈ છે. આજના વિરોધીઓને મૂળ તો શાસ્ત્ર ચક્ષુવાળી સાધુસંસ્થા જ પસંદ નથી. શ્રી જિનાજ્ઞાનો શક્ય અમલ કરવામાં તત્પર અને શ્રી જિનાજ્ઞા પ્રત્યેની સુશ્રદ્ધા આદિની પ્રચારક સાધુસંસ્થા તરફ જ તેઓને સૂગ છે, તેઓ એવી શ્રી જિનાજ્ઞારત સાધુસંસ્થાનું અસ્તિત્વ મીટાવવાને જ ઇચ્છી રહ્યા છે, પણ એ વાત એવી છે કે, જેનો તેઓ સ્પષ્ટ રૂપમાં ઉચ્ચાર કરી શકે નહિ !

**સભા** : કારણ ?

**પૂજ્યશ્રી** : કારણ સ્પષ્ટ છે. તેઓ જો 'આજ્ઞારત સાધુસંસ્થાનું અસ્તિત્વ નથી જોઈતું' એમ બોલે, તો આજના ઘણે અંશે અવદશાને પામેલા પણ જૈનસંઘમાંથી તેઓ પોતાનું સ્થાન ગુમાવી બેસે. તેઓને

પ્રાય: કોઈ પણ જૈન સાંભળે નહિ અને કદાચ સાંભળે તોય મોટે ભાગે તેઓનો તિરસ્કાર જ કરે. આ ઉપરાંત, તેઓ પોતાના કથનથી જ પોતાને જૈન તરીકે ઓળખાવવાને માટે સર્વથા નાલાયક છે એમ સ્પષ્ટ રૂપમાં પુરવાર કરી દે. વળી કેટલાક જૈનેતરોને પણ એમ થાય, કે, 'આ લોકો કેટલી બધી નીચ વૃત્તિવાળા છે, કે જેથી સારી પણ સાધુસંસ્થાનું અસ્તિત્વ જ ન જોઈએ એમ કહે છે !' આવુ પરિણામ આવે, એ તેઓને કોઈપણ રીતે પાલવે તેમ નથી. તેઓને તો જૈનસંઘમાં આગેવાન બનવું છે અને ઈતર સમાજમાં સારા તરીકે જ ઓળખાવું છે.

**સભા** : જૈનસંઘમાં આગેવાન બનીને તેઓ શું કરવાને ઈચ્છે છે ?

**પૂજ્યશ્રી** : એમાં આર્થિક સ્વાર્થ પણ હોય, કીર્તિ કમાવવાનો સ્વાર્થ પણ હોય અને દેવદ્રવ્યાદિનો ઉપયોગ શાસ્ત્રવિરુદ્ધ રીતે કરવાનો સ્વાર્થ પણ હોય, જ્યાં સુધી જૈન સંઘ સાચા સાધુઓમાં સુશ્રદ્ધા ધરાવતો હોય અને સાચા સાધુઓ વિદ્યમાન હોઈ સ્થળે સ્થળે વિચરતા હોય, ત્યાં સુધી જૈન સંઘને શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધ માર્ગે દોરવાની અભિલાષાવાળા તેઓ ન તો આગેવાન બની શકે, ન તો સમાજમાં સન્માન પામી શકે અને ન તો દેવદ્રવ્યાદીનો શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધપણે ઈચ્છા મુજબ ઉપયોગ પણ કરી શકે તે સ્વાભાવિક છે.

### દેવદ્રવ્યનો શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધપણે ઉપયોગ કરનારની વિચિત્ર દલીલો

**સભા** : સાચા સાધુઓ વિદ્યમાન હોવા છતાં પણ આજે કેટલેક સ્થળે શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધપણે દેવદ્રવ્યાદીનો ઉપયોગ થઈ રહ્યો છે, તે કેમ?

**પૂજ્યશ્રી** : એવા સ્થળોના આગેવાનો આદિ પ્રાય: કુસાધુઓની જાળમાં ફસાયેલા છે. આજે તો અમુક કુસાધુઓ પણ શ્રી જિનાજ્ઞા વિરોધી જેવા બની ગયા છે. આમ છતાંપણ, એ વાત નિર્વિવાદ છે કે તે તે સ્થળોએ પણ તેઓ ઈચ્છે છે તેવી સ્વચ્છન્દી રીતે,

દેવદ્રવ્યાદિનો ઉપયોગ છૂટથી કરી શકતા નથી જ અને એ પ્રતાપ સાચા સાધુઓના તેમજ સુશ્રદ્ધાસંપન્ન ગૃહસ્થોના અસ્તિત્વનો પણ છે.

**સભા** : આજે કેટલેક સ્થળે વહીવટદાર શ્રાવકોના ઘરમાં દેવદ્રવ્ય ડૂબી જતું સંભળાય છે અથવા તો તેનો દુરૂપયોગ પણ થતો સંભળાય છે, તેનું શું ?

**પૂજ્યશ્રી** : સાચા સાધુઓ એ વસ્તુને ઇષ્ટ માને છે અગર એ પણ સાચા સાધુઓની પસંદગીનો વિષય છે, એમ તો નથી જ.

**સભા** : પણ શાસ્ત્રની આજ્ઞાથી એકદમ વિરુદ્ધપણે દેવદ્રવ્યાદિનો ઉપયોગ કરનારાઓની સામે કહેવામાં આવે, એથી એવા માણસોને આડકતરું પણ ઉત્તેજન મળે ને ?

**પૂજ્યશ્રી** : એ તો ત્યારે જ મળે, કે જ્યારે સાચા સાધુઓ એની સામે બિલકુલ મૌન સેવતા હોય.

**સભા** : સાચા સાધુઓ એની સામે બોલે છે ?

**પૂજ્યશ્રી** : જરૂર. અવસરે એ વિષે પણ કહેવા યોગ્ય કહેતા સાચા સાધુઓ અચકાતા નથી જ. કેટલાક પ્રસંગોમાં તો સાધુઓએ ખાસ ધ્યાન આપીને પણ, દેવદ્રવ્યના ડૂબતા કે ડૂબેલા નાણાં વસુલ થાય એવા પ્રયત્નો, શાસ્ત્રવિહિત રીતે કર્યા છે અને કર્યે જાય છે. આ ઉપરાંત દેવદ્રવ્યનો જો ખોટી રીતે ઉપયોગ થઈ રહ્યો હોય તો તે તરફ પણ લાગતી વળગતી યોગ્ય વ્યક્તિઓનું ધ્યાન ખેંચવામાં આવે છે. વહીવટદારોને ઘેર ક્વચિત્ ડૂબી જતાં દેવદ્રવ્યમાં, ગૃહસ્થોની આંખ શરમ અને બેદરકારી આદિનો પણ ઘણો હિસ્સો હોય છે. વહીવટદાર સાથે સંબંધ હોય તેથી કે તેને ખોટું નહિ લગાડવાના હેતુથી પણ દેવદ્રવ્યને ડુબતું જાણવા છતાં પણ ઉપેક્ષા કરવામાં આવતી હોય એવું કેટલેક સ્થળે જોવાય છે. ધર્મભાવના હ્રાસ પામતી જાય, ત્યા એ અસંભવિત નથી. કેટલીક વસ્તુઓ એવી છે કે જે માત્ર સાધુઓથી બની શકે નહિ શ્રદ્ધાળુ શ્રાવકોનો જરૂરી સહકાર હોય તો જ બની શકે. આ છતાં સુસાધુઓનું અસ્તિત્વ હોવાના કારણે, દેવદ્રવ્યાદિનું રક્ષણ પણ વિશેષ પ્રકારે થઈ શકે છે એ નિશ્ચિત વાત છે. હવે તમે

કરેલા પ્રશ્નના હેતુને સ્પષ્ટ કરીએ. દેવદ્રવ્ય અમુક પ્રમાણમાં ડૂબી જતું હોય કે અમુક અંશે તેનો ગેરઉપયોગ પણ થતો હોય, એથી કાંઈ દેવદ્રવ્યનો શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધપણે ઉપયોગ કરવાને તત્પર બની શકાય નહીં. દેવદ્રવ્ય થોડું પણ ડૂબે નહીં કે તેનો લેશ પણ ગેર ઉપયોગ થાય નહીં. એવો પ્રયત્ન જરૂર થઈ શકે. પણ એ વસ્તુને આગળ કરીને, દેવદ્રવ્યનો શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધપણે ઉપયોગ કરવા-કરાવવાનો પ્રયત્ન થઈ શકે નહિ. વાપરી શકાય એવા કપડાને ડાઘ પડે અગર તે કપડું મેલું થાય તો તે ડાઘ અગર મેલને દૂર કરવાનો પ્રયત્ન થાય કે કપડાને જ ફાડી ફેંકી દેવાય.

**સભા :** કપડાને જ સાફ કરાય.

**પૂજ્યશ્રી :** આટલું સમજો છો અને છતાં દેવદ્રવ્યાદિનો શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધ ઉપયોગ કરનારાઓનો કે તેમ કરવા મથવા ઈચ્છનારાઓનો બચાવ કરો છો ?

**સભા :** આજે એવી દલીલો કરવામાં આવે છે, માટે જ પૂછ્યું હતું.

**પૂજ્યશ્રી :** હવે તો સમજાયું ને ?

**સભા :** હાજી.

### દીક્ષા વિરોધીઓએ બાલવયે અપાતી દીક્ષા વિષે ઉભી કરેલી ગેરસમજ અને તે વિશેનો ખુલાસો

આપણી ચાલુ વાત તો એ હતી કે, આજના દીક્ષાવિરોધીઓ મૂળ તો જિનાજ્ઞામાં રત સાધુસંસ્થાના જ વિરોધી છે, પણ એ વાત તેઓ સ્પષ્ટ રૂપમાં ઉચ્ચારી શકતા નથી. માટે જ તેમણે આજનું દીક્ષાપ્રકરણ ઉપસ્થિત કરી દીધું છે. દીક્ષા કે જેમાં હિંસાદીનો સર્વથા ત્યાગ છે અને તપશ્ચરણાદિનો સમાવેશ છે તેને કોઈ રીતે ખરાબ કહી શકાય તેમ નહિ હોવાથી આજના દીક્ષા વિરોધીઓએ પહેલો હલ્લો દીક્ષાર્થીઓની સામે ક્યો. બાળવયમાં દીક્ષા લેવાને તત્પર બનનારાઓને માટે તેઓએ કહેવા માંડ્યું કે એ સમજે શું ? એને સંસારની ગમ શી ? યુવાન વયે આવતાં તેનામાં વિષયવાસના પ્રગટે

અને એથી એ વિષયવાસનાના યોગે કાં તો તે વેષને જ ત્યજે અને વેષને કદાચ ન ત્યજે તો પણ છૂપા અનાચારોને સેવે !' વાસ્તવિક રીતે તો પૂર્વભવને નહિ માનનારાઓ અને વૈરાગ્ય તથા સત્શાસ્ત્રના અધ્યયન આદિના મહિમાને નહિ સમજનારાઓ જ આવી દલીલો કરી શકે. પહેલી વાત તો એ છે કે, દરેકે દરેક બાળકને દીક્ષિત બનવાનું મન નથી થતું, પણ સંસ્કારી બાળકોને જ દીક્ષિત બનવાનું મન થાય છે. ઉત્સર્ગ-માર્ગે બાળકને એવી દીક્ષા આપવામાં આવતી જ નથી, કે જે વયે તે સર્વથા અણસમજુ હોય. ચારિત્રના પરિણામ આદિને અનુલક્ષીને ઉપકારી મહાપુરુષોએ દીક્ષાની જઘન્ય વય તરીકે આઠ વર્ષની વય ફરમાવેલી છે. આ ઉપરાંત આઠથી સોળ વર્ષની ઉંમરના બાળકને તેની ઈચ્છા માત્રથી જ દીક્ષા અપાતી નથી; પણ સાથે સાથે તેના માતા-પિતાદિની સંમતિ પણ જોવાય છે. બાળક દીક્ષાર્થી હોય અને તેના માતા-પિતાદિની સંમતિ થાય, તો જ તેવા બાળકને યોગ્ય જાણ્યા પછી દીક્ષા અપાય છે માતા-પિતાદિ પોતાના બાળકોમાં તેવા પ્રકારની કશી જ લાયકાત ન જોતા હોય, તે છતાં પણ દીક્ષા લેવાની સંમતિ આપી દે, એ શું અશક્ય પ્રાયઃ નથી ? માતા-પિતાદિને સંતાન પ્રત્યે કેટલું વહાલ હોય છે ?

**સભા** : ઘણું

**પૂજ્યશ્રી** : મોહ ઉપર અમુક અંશે પણ કાપ મૂક્યા વિના બાલ વયસ્ક સંતાનને દીક્ષા અપાવવી, એ શું શક્ય છે ?

**સભા** : નાજી.

**પૂજ્યશ્રી** : અને પોતાના બાળકમાં જો તથાપ્રકારની કંઈપણ યોગ્યતા ન દેખાય, તો કલ્યાણકામી પણ માતા-પિતા પોતાના બાળકને ત્યજવા કેમ જ તૈયાર થાય? વળી દીક્ષા દેનાર ગીતાર્થ મહાત્માઓ પણ દીક્ષાર્થી બાળકના સંસ્કાર આદિ જુએ તે સ્વાભાવિક છે. આ રીતે દીક્ષિત બનેલા બાળક, બાળકાળથી જ સંયમની ક્રિયાઓમાં જોડાય અને સંવેગને પેદા કરનારા તથા પેદા થયેલા સંવેગને વધારનારા શાસ્ત્રોનું અધ્યયન આદિ કરે, એ એવા જ

વાતાવરણમાં ઉછરે. કે જ્યાં સદાને માટે સંસાર અસાર હોવાના અને વિષયો વિષથી પણ ભૂંડા હોવા આદિનો ઘોષ નીકળતો હોય. તેમજ જ્યાં વિષયવિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ અને સત્ક્રિયાઓમાં અપ્રમત્તતા કેળવવાની જ પ્રયત્નશીલતા ચાલુ હોય. આવી રીતે અને આવા સંયોગોમાં વર્ષોના વર્ષો પસાર કરી દેનાર બાળક, યુવાન વય આવતા સુધીમાં તો પ્રાયઃ એવો વૈરાગ્યરત બની જાય કે, વિષયવાસના તેનામાં જન્મે નહિ અને કદાચ જન્મી જાય તોય તેના ઉપર તે સહેજમાં કાબુ મેળવી લે, પણ તેને આધીન બને નહિ. આ બધું વિચારનાર સહેલાઈથી સમજી શકે તેમ છે કે સદ્‌ગુરૂઓની નિશ્રામાં રહેલા બાળદીક્ષિતોનું પતન, તથા પ્રકારના દુષ્કર્મના ઉદય વિના પ્રાયઃ શક્ય જ નથી અને તેવા પ્રકારના દુષ્કર્મનો ઉદય તો ભુક્તભોગી એવા પણ આત્માઓને પાડનારો છે, એ નિર્વિવાદ વાત છે. આ કારણે, એ જાતિના પતનની સંભવિતતાને આગળ કરીને, શાસ્ત્રવિહિત બાળદીક્ષાનો વિરોધ કરવો, એ મુર્ખાઈ જ છે. વળી બાળદીક્ષિતો તો શાસનના અનુપમ કોટિના પ્રભાવકો પણ બની શકે, એ સુસંભવિત છે.

### બાળકમાં અણસમજ અને વિષયવાસનાને આગળ કરનારાઓએ વિચારવું

દીક્ષાવિરોધીઓ, બાલદીક્ષાનું સમર્થન કરનારી અને બાળદીક્ષા સામેના વિરોધને નિરર્થક ઠરાવનારી આ બાબતોને તેમજ આવી બીજી પણ ખાસ ધ્યાનમાં લેવા જેવી જે ઘણી ઘણી બાબતો છે, તેને ધ્યાનમાં ન લે તે સ્વભાવિક છે; કારણકે, તેમને તો જિનાજ્ઞારત સુસાધુ સંસ્થાનું અસ્તિત્વ જ જોઈતું નથી. અયોધ્યાનગરીના લોકોએ જેમ શ્રી રાવણની વિષયલંપટતાના નામે મહાસતી શ્રીમતી સીતાજીને અસતી ઠરાવી દીધા તેમ દીક્ષા વિરોધીઓએ અણસમજ અને વિષયવાસનાના નામે બાળકોને દીક્ષા માટે અયોગ્ય ઠરાવી દીધા. અયોધ્યાનગરીના લોકોએ જેમ જેના નામે કલંક એનો વિચાર કર્યો, પણ જેના ઉપર કલંક તેનો વિચાર કર્યો નહિ, તેમ આજના

દીક્ષાવિરોધીઓએ પણ અણસમજનો વિષય વાસનાનો વિચાર કર્યો. પણ દીક્ષિત બાળકો વયમાં વધવા સાથે કેવી સમજમાં વધતા જાય છે અને એ સમજ આદિના પ્રતાપે તેમનામાં વિષયવાસનાનો જન્મ બહુ મુશ્કેલ બની જાય છે. એનો વિચાર કર્યો નહિ, અન્યથા સંસારમાં રહેલા બાળકોની સમજ અનર્થના કારણરૂપ અર્થ અને કામને ઉપાદેય માનવારૂપે સર્જાવી એ જેમ સુશક્ય છે, તેમ સદ્‌ગુરુની નિશ્રામાં રહી સંયમમય જીવનને જીવતા બાળકોની સમજ અર્થ અને કામને હેય માનવા સાથે, એક મોક્ષસાધક ધર્મને જ ઉપાદેય માનવા રૂપે સર્જાવી એ સુશક્ય છે. આ બધુ સમજાય, તો કોઈપણ વિચક્ષણ આત્મા, બાલવયમાં પણ યથાવિધિ અપાતી શ્રી જૈનશાસનની દીક્ષાનો વિરોધ કરી શકે નહિ.

### દીક્ષાવિરોધીઓની મોટી વયની દીક્ષા સામેની દલીલો પણ પોકળ જ છે

બાળવયમાં અપાતી દીક્ષાની જેમ, મોટી ઉંમરની દીક્ષા સામે પણ આજના દીક્ષાવિરોધીઓએ હલ્લો કર્યો છે. બાળદીક્ષાનો વિરોધ કરવાને માટે, દીક્ષા વિરોધીઓએ જેમ બાળકને નાલાયક ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે, તેમ મોટી ઉંમરના માણસોને અપાતી દીક્ષાનો વિરોધ કરવાને માટે, દીક્ષા વિરોધીઓએ મોટી ઉંમરના માણસોને નાલાયક ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે. મોટી ઉંમરના દીક્ષાર્થી આત્માઓને માટે, તેઓ કાં તો બૈરીની જુવાનીને આગળ ધરે છે, કાં તો તેના કુટુંબના ભરણપોષણને આગળ કરે છે, કાં તો માતા-પિતાદી મોહના યોગે રૂદનાદિ કરતા હોય તો તેને કાગનો વાઘ બનાવી કકળાટ રૂપે આગળ કરે છે અને તેવું કાંઈ ન જડે તો એ દીક્ષાર્થી થોડા દિવસ પહેલાં તો આમ કરતો હતો અને તેમ કરતો હતો વગેરે વગેરે વાતોને આગળ કરે છે ! દીક્ષા વિરોધીઓની આ દલીલો પણ, બાળદીક્ષા વિરુદ્ધની દલીલોની જેમ પોકળ જ છે.

એ લોકો શું એમ સમજે છે કે, દીક્ષાર્થી આત્માઓની પત્નીઓ અકુલીન જ હોય છે ? દીક્ષાર્થી આત્માઓની પત્નીઓને શું પોતાના

શીલની ચિન્તા જ નહિ હોય ? એ બધાયને વિધવાઓને પણ પરણાવવાની વાતો કરનારાને અને સ્ત્રીઓને સ્વચ્છન્દી બનાવી મર્યાદાહીનપણે જાહેરમાં ભળતી કરવાના મનોરથો સેવનારા એ બધાને દીક્ષાર્થીની પત્નીના શીલની ચિન્તા હોય અને ખુદ દીક્ષાર્થીને પોતાની પત્નીના શીલની ચિન્તા ન હોય, એમ? તેઓ પોતાની મા-બેનને પવિત્ર અને કુળવાન માની શકે છે, તો દીક્ષાર્થીની પત્નીને પણ પવિત્ર અને કુળવાન કેમ માની શકતા નથી ? શું તેઓ એમ માને છે કે, તેમની બેન અને બેટી આદિ યુવાન હોય અને ગમે તે કારણસર પતિથી દૂર રહેવાનુ થાય, તો તેઓ વ્યભિચારિણી બન્યા વિના રહે નહિ ? જો તેઓ પોતાની બેન અને બેટીને આદિને માટે તેવું માની શકતા નથી, તો પછી દીક્ષાર્થી આત્માઓની પત્નીઓની યુવાનીને આગળ ધરતા તેઓ કેમ શરમાતા નથી ?

**પત્ની અને કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન**

એ જ રીતે પત્નીના અને કુટુંબના ભરણપોષણ આદિને અંગે પણ વિચારી શકાય તેમ છે. એ બધાયના ભરણપોષણની ચિન્તા જેટલી દીક્ષા વિરોધીઓને છે, તેટલી પણ દીક્ષાર્થીને નહિ હોય, એમ? બૈરીના બનીને મા-બાપને ત્યજી દેનારા અને તેવો અવસર આવી લાગે તો મા-બાપને લાત પણ મારનારા તેમજ વિષયવાસનાને તાબે થઈને અનુકૂળતા મળી જાય તો બૈરીને પણ રીબાવી દેનારા આજે નથી ? એવાઓ માટે આજના દીક્ષાવિરોધીઓએ શું કર્યું ? ઉલ્ટું એવાઓ પણ દીક્ષાવિરોધીઓમાં ભળી જઈને, દીક્ષાર્થીની પત્નીના અને કુટુંબના ભરણપોષણની વાત આગળ ધરી રહ્યા છે. જે દીક્ષાર્થી સૂક્ષ્મમાં સૂક્ષ્મ દેહને ધરનારા જીવ પ્રત્યે પણ કરૂણાવાળો બનીને, કોઈની પણ હિંસાથી બચવાને માટે પ્રયત્નશીલ બનવા ઈચ્છે છે, તે દીક્ષાર્થી પત્નીના અને કુટુંબના ભરણપોષણ આદિને લગતી શક્ય વ્યવસ્થા કરવાને ચૂકે નહિ, એ નિર્વિવાદ વાત છે; પણ દીક્ષાવિરોધીઓની નેમ જુદી છે, એટલે તેઓ સાચી પણ વાતને છૂપાવીને બુદ્ધિહીન આદમીઓના જેવી દલીલો કરવાને તૈયાર થઈ

જાય છે. અમુક કિસ્સાઓમાં તો, પોતાનું ભરણપોષણ કરી શકવા ઉપરાંત બીજાઓનું ભરણપોષણ કરી શકાય એટલી સામગ્રી હોવા છતાંય, ભરણપોષણના નામે ધીંગાણા મચાવાયાં છે.

### માતા-પિતાદિના રુદનનો પ્રશ્ન

માતા-પિતાદિના રૂદનની વાત તો એવી છે, કે જે અતિશય સંભવિત છે. પુત્ર કે પુત્રી દીક્ષા લે તેમાં રાજી હોવા છતાંય, મોહના યોગે આંસુ આવવા તે સ્વાભાવિક છે. એવા સમયે તો વિવેકીઓએ તેમને એવું સુંદર આશ્વાસન આપવું જોઈએ કે જેથી મોહનું જોર નબળું પડી જાય. એવા સમયે તેમના મોહનું જોર ઉછાળો મારે. એવો બીજાઓએ વર્તન કરવું એ તો કતલથીયે ભૂંડો ધંધો છે. દીક્ષાર્થીએ દીક્ષા લેતાં પહેલાં પોતાના માતાપિતાદિ વડિલોની અનુજ્ઞા મેળવવાનો શક્ય પ્રયત્ન કરવાનો વિધિ છે. અને શક્ય પ્રયત્ન કરવા છતાંય અનુજ્ઞા ન મળે તો ગ્લાનૌષધ ન્યાયે તેનો ત્યાગ કરવાનો પણ વિધિ છે. એટલે અનુમતિ નહિ આપનારાં અગર તો અનુમતિ આપવા છતાં પણ મોહથી રીબાનારા માતા-પિતાદિ દીક્ષા સમયે અથવા દીક્ષા પછી પણ અમુક સમય સુધી રુદન કરે તે સ્વાભાવિક છે. દીક્ષાર્થીને તેના રૂદનની નિરુપાયે જ ઉપેક્ષા કરવી પડે છે. અને તેમ કરવા છતાં પણ તેના હૈયામાં એ જ ભાવના રમતી હોય છે કે 'આ માતાપિતાદિ પણ મારા ઉપકારી છે. તેમના ઉપકારનો બદલો બીજી કોઈ રીતે તો વાળી શકાય તેમ નથી. પણ જો હું તેમને સદ્ધર્મની પ્રાપ્તિ કરાવું, તો જ તેમના ઉપકારનો બદલો વાળ્યો ગણાય. આથી હું ક્યારે એવો સમર્થ બનું, કે જેથી તેમને પણ ધર્મની પ્રાપ્તિ કરાવી શકું !' આ બધું જો સમજાય, તો માતાપિતાદિના મોહાધીનતાના યોગે થતા રુદનને આગળ કરીને દીક્ષાનો વિરોધ કરવો, એ પણ મૂર્ખાઈ જ લાગે.

### પરિવર્તનને જોતા નથી.

દીક્ષા વિરોધીઓ દીક્ષાર્થીના પૂર્વકાલીન જીવનને ખરાબ ચીતરીને દીક્ષાર્થીને દીક્ષા માટે નાલાયક ઠરાવવા મથે છે. એ પણ અઘટિત જ છે. જો કે દીક્ષાર્થીના પૂર્વકાલીન જીવનમાં તેઓ કલ્પે છે

તેવી અને તેટલી બધી જ બૂરાઈઓ નથી હોતી. પણ આપણે દલીલની ખાતર માની લઈએ કે, દીક્ષાવિરોધીઓ કહે છે તેવી અને તેટલી સઘળી જ બૂરાઈઓ દીક્ષાર્થીના પૂર્વકાલીન જીવનમાં હતી; પણ તેથી શું એમ સાબિત થાય છે કે એવા માણસને બૂરાઈઓનો ત્યાગ કરવાનો કોઈ અધિકાર જ નહિ હતો ? એવો આત્મા શું કોઈ પણ કાળે સારો બનવા ઈચ્છે, તો સારો બની શકે નહિ ? ભયંકરમા ભયંકર પાપને પણ આચરનારો, શું કોઈ સ્થળે શુદ્ધ બની શકે જ નહિ ? તેનાં હૈયામાં પાપ પ્રત્યે તિરસ્કાર પ્રગટે. પાપથી બચવાની ભાવના જાગે, નિષ્પાપ અને ધર્મમય જીવન જીવી પૂર્વભવોના પણ પાપોની નિર્જરા સાધવાનો ઉલ્લાસ પ્રગટે, તો એ શા માટે પાપ માત્રનો ત્યાગી અને કેવળ ધર્મમય જીવન જીવનારો બની શકે નહિ ? બહુ પાપને નહિ આચરનારો, પણ પાપવૃત્તિને ધરનારો દીક્ષા માટે નાલાયક છે, જ્યારે ભયંકરમાં ભયંકર પણ પાપને આચારનારો, પણ જ્યાં પાપભીરુબની પાપ માત્રથી બચવા ઈચ્છે, એટલે દીક્ષાને માટે લાયક બની શકે છે. ચાર ચાર હત્યાઓને કરનારા પણ દ્રઢપ્રહારી મહાત્મા બની શક્યા કે નહિ ? અરે, ચંડકૌશિક જેવો સર્પ પણ સમતાવાળો બની શક્યો કે નહિ ? શું મનોવૃત્તિમાં અને જીવનમાં એવું પરિવર્તન આવવું, એ અશક્ય છે ?

**સભા :** નહિ જ.

**પૂજ્યશ્રી** : દીક્ષા પાપરક્ત આત્માઓને આપવામાં આવતી નથી, પણ પાપવિરાગી આત્માઓને આપવામાં આવે છે. પાપના નિવારણ માટે દીક્ષા છે, જેનું પૂર્વકાલીન જીવન ગમે તેટલું પાપમય હોય, તેવો પણ આત્મા જો પાપથી કંપતો બને અને પાપનાશ અથવા સંસારક્ષયના હેતુથી દીક્ષા લેવાને ઈચ્છે, તો પરિણામ વિશુદ્ધિને પામેલો તે ગીતાર્થ ગુરૂઓ દ્વારા દીક્ષા દેવાવાને માટે લાયક જ છે. અયોધ્યા નગરીના લોકોએ જેમ શ્રી રાવણ પરસ્ત્રીલંપટ હતા એ જ જોયું, પણ શ્રીમતી સીતાજી કેવા એ વિચાર્યું નહિ, તેમ આજના દીક્ષાવિરોધીઓ પણ દીક્ષાર્થીના પૂર્વકાલીન જીવનને જુએ છે, પણ તે

પછી તેનામાં આવેલા મહત્ત્વના અને કલ્યાણકારી પરિવર્તનને જોતા નથી.

### રાગાન્ધ અને શિષ્યલોભાન્ધ ઠરાવનારા લોકો

આ રીતે દીક્ષાવિરોધીઓએ દીક્ષાર્થીઓને નાલાયક ઠરાવવાના બહુ બહુ પ્રયત્નો કરવા છતાંપણ તે નાલાયકાત કલ્પિત હોવાને કારણે સુવિહિત આચાર્યાદિ મુનિવરોએ તેને જરાપણ મચક આપી નહિ અને દીક્ષાઓ થતી જ ગઈ. આ સંયોગોમાં દીક્ષાવિરોધીઓને એમ પણ પૂછનારા મળે એ અસંભવિત નથી કે 'ભાઈ ! તમે દીક્ષાર્થીઓ નાલાયક છે એમ જોરજોરથી પોકાર્યે જાવ છો અને તમારા સારા સારા અને વિદ્વાન પણ ગુરુઓ દીક્ષા આપ્યે જાય છે, તો શું તેઓ તમે સમજો. એટલું પણ સમજતા નથી ? તમને જેટલી તમારા સમાજની આબરૂની પડી છે, તેટલી પણ શું તમારા સારા ગુરૂઓને ય સમાજની આબરૂની ચિન્તા નથી એમ? કે પછી તમે જ દીક્ષાર્થીઓ નાલાયક છે એવી વાતો વગર સમજ્યે હાંક્યે રાખો છો ?' આ જાતિના પ્રશ્નનો પણ દીક્ષાવિરોધીઓએ જવાબ શોધી કાઢ્યો. મહાસતી એવા પણ શ્રીમતી સીતાજીને અસતી ઠરાવવાને રસિક બનેલા અયોધ્યાનગરીના લોકોએ જેમ નક્કી કર્યું કે 'શ્રી રામ રાગાન્ધ બનીને શ્રીમતી સીતાના સ્પષ્ટ પણ દોષને જોઈ શકતા નથી. તેમ દીક્ષાવિરોધીઓએ પણ નક્કી કરી દીધું કે નાના કે મોટા દીક્ષાર્થીઓ નાલાયક છે એ વાત તો તદ્દન સાચી જ છે, પણ અમારા સાધુઓ એટલા બધા શિષ્ય લોભી બની ગયા છે, કે જેથી તેઓ જે આવ્યો તેને મૂંડ્યે જ રાખે છે, લાયકાત બાયકાત કાંઈ જ જોતા જ નથી. શિષ્યલોભથી અન્ધ બનેલા તેઓને સમાજની આબરૂની પણ ચિન્તા ન રહે તે સહજ છે.'

વિચાર કરો કે, શ્રી રામચન્દ્રજીએ કાનોકાન પણ જે જનવાદનું શ્રવણ કર્યું, તેની સામે આજનું દીક્ષાપ્રકરણ કેટલું બધું મળતું આવે છે?

**સભા** : આબાદ મળતું આવે છે.

**સમસ્ત સાધુસંસ્થાને કલંકિત ઠરાવી શકાય જ નહિ**

શ્રી રામચન્દ્રજી રાગાન્ધ હોઈને શ્રીમતી સીતાજીના વાસ્તવિક પણ દોષને જોઈ શકતા નથી, એ કથન જેટલું ખોટું છે, તેટલું જ સુવિહિત આચાર્યાદિ મુનિવરોને અંગેનું શિષ્ય લોભાન્ધ હોવાનું આજના દીક્ષાવિરોધીઓનું કથન ખોટું છે. સુવિહિત આચાર્યાદિ મુનિવરો તો બરાબર સમજે છે કે, ઘણા શિષ્યો કે થોડા શિષ્યો એ કાંઈ તરણોપાય નથી. ઘણા શિષ્યોવાળાઓ પણ ઉન્માર્ગગામી બન્યા તો ડૂબી ગયા અને એકપણ શિષ્ય નહિ હોવા છતા પણ માર્ગની આરાધનામાં રત બનેલા મહાત્માઓ તરી ગયા. સાચી સાધુતાના આસ્વાદથી બેનશીબ રહેલા વેષધારીઓ જ શિષ્ય લોભમાં ફસાય અને શિષ્યલોભમાં ફસાઈને અન્ધ બને.

**સભા :** એવા આજે બિલકુલ નથી, એમ આપ કહી શકશો ? આજે એવા થોડા પણ નથી ?

**પૂજ્યશ્રી :** એવા થોડા હોય કે વધારે હોય, પણ એટલા માત્રથી સમસ્ત સાધુસંસ્થા ઉપર જ શિષ્યલોભના અન્ધપણાનો ભયંકર આક્ષેપ ઠોકી બેસાડાય, એનો અર્થ શો છે ? એમાં કયી બુદ્ધિમત્તા છે? એમાં કઈ શાસનની સેવા છે ? એવાઓ હોય તો એવાઓને માર્ગે લાવવાના પ્રયત્નો કરવાના હોય કે સમસ્ત સાધુસંસ્થાને ઇતરોની દૃષ્ટિમાં પણ ખૂબ ખૂબ હલકી પાડવાના અધમ પણ પ્રયાસો કરવાના હોય ? દોષિત આત્માઓને સુધારવાની કામનાવાળા આત્માઓ તો, જરૂરી મર્યાદાનો પણ ત્યાગ કરતા નથી એને બદલે ન જોવા દોષિત કે ન જોવા નિર્દોષ અને સઘળા જ સાધુઓ શિષ્યલોભથી અન્ધ બની ગયા છે એવું વારંવાર જાહેર કર્યે જવું, એ ક્યાનો ન્યાય ?

**સભા :** એ તો બહુ જ ખરાબ કહેવાય.

**પૂજ્યશ્રી :** છતાં આજે એવુ પણ ચાલી રહ્યું છે કે નહિ ?

**સભા :** પ્રચાર તો એવો જ થઈ રહ્યો છે.

**પૂજ્યશ્રી :** એવા પ્રચારની સામે જરૂરી પગલા લેવાની શ્રદ્ધા સંપન્ન ગૃહસ્થોની પણ ફરજ છે કે નહિ ?

**સભા :** મોટા મોટા સાધુઓય બોલતા નથી ને ?

**પૂજ્યશ્રી :** એથી તમે તમારી ફરજને કેમ ભૂલી શકો ?

**સભા :** અમારૂ સાંભળે કોણ ?

**પૂજ્યશ્રી :** કહેતાં આવડે તો સાચી અને હિતકર વાત શા માટે ન સાંભળે ? કદાચ થોડા સાંભળે તો થોડા, પણ તેથી તમને નુકસાન શું ? તમને તો, તમે તમારી ફરજ અદા કરો એથી લાભ જ થાય.

**સભા :** બરાબર છે.

### વાત કરનારાઓએ વિચારવું જોઈએ

**સભા :** કહે છે કે આપને એકસો આઠ ચેલા કરીને ગણધર પદવી લેવી છે, માટે જ આપ આ બધી ધમાલ કરો છો ?

**પૂજ્યશ્રી :** શાસનવિરોધી જુઠ્ઠા માણસોને અમને ધમાલખોર કહેવા પડે એય સ્વાભાવિક છે અને અજ્ઞાન આત્માઓ એવાઓની તદ્દન જૂઠ્ઠી પણ સફાઈથી કહેવાયેલી વાતોને માની લે, એય સ્વાભાવિક છે. બાકી આવું તો ઘણીવાર પૂછાઈ ગયું અને ઘણીવાર એના ખુલાસા પણ કરી દેવાયા.

**સભા :** ઘણા લોકો હજુ પણ એ વાત કરે છે, એમાં શંકા કરવા જેવું નથી.

**પૂજ્યશ્રી :** તમે ખોટી હકીકત જણાવી રહ્યા છો, એમ મારું કહેવું નથી. તમે તો જે વાત ચાલી રહી છે તે વાત જ જણાવી રહ્યા છો; પણ આવી આવી વાતો કરનારાઓને જ્યાં પોતાની જોખમદારીનુ કે પોતાના હિતાહિતનું ભાન ન હોય, ત્યાં થાય શું ? વાત કરનારાઓએ તે તે વાતની સત્યતા આદિ વિષે વિચાર તો કરવો જોઈએ ને ?

**સભા :** જરૂર, પણ ઘણા કરતા નથી.

**પૂજ્યશ્રી :** તો તેઓ સૌથી પહેલા તો પોતાના આત્માનું જ અહિત કરી રહ્યા છે. તેમની વાતોથી બીજાનું અહિત થશે તો થશે, પણ તેમનું અહિત તો નિયમા થાય છે. હિતની કાંક્ષાવાળા આત્માઓથી તો, એ રીતે વાતો થઈ શકે જ નહિ. જેઓ પોતાના હિતથી પણ બેદરકાર બનીને પર નિન્દાના રસિક બને છે, તેઓ તો અતિશય દયાપાત્ર છે.

**સભા :** પણ ખુલાસા થતા રહે તો વાતાવરણમાં ફેર પડે.

**પૂજ્યશ્રી :** એ વાત જુદી છે. તમે એ વાત ઉચ્ચારી છે એટલે તેનો ખુલાસો તો કરીશું જ. પણ આવી આવી વાતો કરનારાઓ, કાંઈ નહિ તો છેવટ પોતાના હિતની ખાતર પણ, ખોટી અને અહિતકર વાતોનો ત્યાગ કરે એ ઈચ્છવા જોગ છે.

### આ કાળમાં શ્રી ગણધરપદ હોય નહિ

શ્રી જૈનશાસનના નિયમોનું સામાન્ય જ્ઞાન ધરાવનાર પણ સમજી શકે તેમ છે કે એકસો આઠ, એક હજારને આઠ, એક લાખ અને આઠ અગર તો એથી પણ વધુ ચેલાઓ કરવા માત્રથી જ શ્રી ગણધર પદની પ્રાપ્તિ થઈ શકતી નથી. શ્રી ગણધરપદની પ્રાપ્તિ શ્રી તીર્થંકરદેવો સિવાય અન્ય કોઈના પણ દ્વારા થઈ શકતી નથી શ્રી ગણધરદેવો, શ્રી તીર્થંકરદેવોના વરદ હસ્તે જ દીક્ષિત બનેલા હોય છે. ભગવાન શ્રી મહાવીરદેવના શાસનમાં, શ્રી ગૌતમસ્વામીજી આદિ અગિયાર ગણધર ભગવંતો થઈ ગયા છે. ભગવાને પોતે જ તેઓને શ્રી ગણધર પદે સ્થાપિત કર્યા હતા. ભગવાન શ્રી મહાવીરદેવના શાસનમાં એ પછી કોઈ ગણધર થયા પણ નથી અને થવાના પણ નથી. કોઈ અત્યારે પોતાને ગણધર તરીકે ઓળખાવે , તો આપણે તેને ગણધર માનવાને તૈયાર નથી જ. વળી બીજી વાત એ પણ છે કે, ભગવાન શ્રી ગૌતમસ્વામીજી આદિ પુણ્યાત્માઓ ગણધર બન્યા હતા, તે એકસો ને આઠ શિષ્યો થવાથી ગણધર બન્યા હતા એમ નથી. શ્રી ગણધરદેવ તે જ થઈ શકે, કે જે એકસો ને આઠ ચેલાના ગુરૂ હોય એવો કોઈ જ નિયમ નથી. આ ઉપરથી સામાન્ય અક્કલવાળો પણ સમજી શકે તેમ છે કે એકસોને આઠ ચેલા કરીને શ્રી ગણધરપદને પ્રાપ્ત કરવા વિષેની લોકમાં ચાલી રહેલી વાત, કેટલી બધી બનાવટી અને બેહુદી છે ? આવી તદ્દન બનાવટી અને એકદમ બેહુદી વાત કરતાં પણ જે લોક ન અચકાય, તે લોકનું અજ્ઞાન ઓછું દયાપાત્ર નથી.

### એક અબજને આઠ શિષ્યો થાય તોય દીક્ષાધર્મના પ્રચારને અટકાવાય જ નહિ

**સભા :** આપને એકસોને આઠ ચેલા કરવા નથી ?

**પૂજ્યશ્રી :** મારે એવો કોઈ નિયમ નથી અને એવો કોઈ નિયમ હોઈ શકે પણ નહિ. કોઈપણ આત્માને સાધુધર્મ પમાડવાની ભાવના એ જેમ ઉત્તમ ભાવના છે, તેમ પોતાનો ચેલો બનાવવાની ભાવના એ અધમ ભાવના છે. સૌ કોઈ શુદ્ધ સાધુધર્મના ઉપાસક બનો, એવી ભાવના જરૂર હોવી જોઈએ એવી ભાવના છે પણ ખરી; પણ 'મને ઘણા ચેલા મળો' એવી ભાવના નહિ જ હોવી જોઈએ. એવી ભાવના એક ક્ષણવાર પણ આવી જાય, તોય સાધુઓએ તેને પોતાનું કલંક જ માનવું જોઈએ. બની શકે તેટલી વધુ સંખ્યામાં કલ્યાણકામી આત્માઓને સાધુધર્મના પાલક બનાવવાનો પ્રયત્ન અમે જરૂર કરીએ, પણ 'એ પ્રયત્ન અમારા શિષ્યો વધારવા માટેનો જ પ્રયત્ન છે.' એમ કહેવું એ સર્વથા ખોટું છે. અમે સાધુધર્મના પાલનની આવશ્યકતા સમજાવીએ, શ્રોતાઓના હૈયામાં એ જચે અને તેઓ જો અમારી પાસે જ દીક્ષિત બનવા ઇચ્છતા હોય, તો અમે અમારી જવાબદારી આદિનો પણ વિચાર કરીને જરૂર દીક્ષા આપીએ. એ રીતે એકસોને આઠ તો શું, એક અબજને આઠ કે એથીય વધુ શિષ્યો થાય, તોય અમે એવા સંતોષની વાત કરીએ નહિ 'હવે અમારે કોઈને સાધુ બનાવવો નથી.' એક અબજને આઠ કે તેથીય વધુ શિષ્યો હોવા છતાં પણ સાચા સાધુઓ તો, શુદ્ધ સાધુધર્મના પ્રચારનો શક્ય પ્રયત્ન કર્યા જ કરે અને જે કોઈ પોતાની પાસે દીક્ષા લેવાને તૈયાર થાય, તેને પોતાની જવાબદારી આદિનો પણ વિચાર કરીને દીક્ષા આપે જ.

### ફરજને અદા કરનારા સાધુઓને જ આજે ધમાલખોર આદિ કહેવાય છે

વસ્તુસ્થિતિ આ છે આમ છતાં પણ અમે જો શિષ્ય લોભને આધીન બનીને ધમાલ મચાવીએ, તો અમે મહાપાપી જ છીએ, એ નિર્વિવાદ વાત છે.

**સભા :** એમ નહિ, એમ નહિ.

**પૂજ્યશ્રી** : પણ તમે કેમ મૂંઝાઓ છો ? અમે આ વેષમાં હોઈએ, એટલે પાપ અમારા વેષની શરમ રાખે કરે નહિ. પોતાના શિષ્યોને વધારવાની લાલસાથી જે કોઈ ધમાલ મચાવતા હોય, તે મહાપાપી જ છે. અમે તો ઇચ્છીએ છીએ કે, અમારામાં એવી પાપવાસના સ્વપ્ને પણ ન આવે. પણ એ તો વિચારો કે, આજની ધમાલ સાધુઓએ ઉત્પન્ન કરેલી છે ? સાચા સાધુઓને તો આજની કહેવાતા સુધારકોએ ઉત્પન્ન કરેલી ધમાલનો પોતાની ફરજને તાબે થઈને, સામનો કરવો પડે છે. અમારા યોગે શ્રી સંઘમાં અસમાધિમય વાતાવરણ ન પ્રગટે, એનો જેમ અમારે ખ્યાલ રાખવાનો છે. તેમ સિદ્ધાંત વિપ્લવ જાગ્યો હોય, તો તેને સઘળા સામર્થ્યના ભોગે નામશેષ બનાવી દેવાનો પ્રયત્ન કરવો, એ પણ અમારી ફરજ છે. આવી ફરજ અદા કરવાના કારણે, અમને કોઈ ધમાલખોર કહે, ઝઘડાખોર કહે કે અમારે માટે શિષ્યલોભ આદિની બનાવટી વાતો પણ વહેતી મૂકે, તો એથી અમે ગભરાઈએ નહિ. અમને તો લાગે છે કે એ બિચારાઓ બીજું કરે પણ શું ? એમની શાસન વિરોધી કામનાઓ, એમને અમારા યોગે નિષ્ફળ નિવડતી લાગે, એટલે એ બિચારાઓ અમારે માટે ગમે તેવી જુઠ્ઠી પણ હકીકતો લખે કે બોલે, તે સ્વાભાવિક જ છે.





# જન માનસ અને ધર્મશાસન

## ૧૦

શ્રી રામચંદ્રજી મોટા લોકોપવાદથી ડરીને શ્રી સીતાદેવીનો ત્યાગ કરવા તૈયાર થાય છે ત્યારે શ્રી લક્ષ્મણજી વિનંતીપૂર્વક તેમ નહીં કરવા આગ્રહ કરે છે. પણ શ્રીરામચંદ્રજીની અપયશભીરુતાએ કડક વલણ અપનાવ્યું હતું.

શ્રી લક્ષ્મણજીએ "લોકનું મોઢું બંધાયેલું નથી." એમ કહીને જનમાનસની વિચિત્રતા વ્યક્ત કરી પણ રામચંદ્રજી યશની અતીચ્છામાં હોવાથી સાંભળે તેમ નથી, તેઓને કોઈ બીજો કહી શકે તેમ નથી.

આવા જનમાનસનો ખ્યાલ રહે તો રામ તરીકે આજે ધર્મશાસન માટે આ લોકો શું કરી રહ્યાં છે? ધર્માચાર્યો રાજાના સ્થાને છે, તેઓ ભીમ અને કાન્તગુણના ધારક હોય છે, આવા માનસને ધરનારા લોકોની સામે ધર્માચાર્યો પોતાની સઘળી શક્તિનો ઉપયોગ કરે છે. ઉપેક્ષાનું વિધાન છે તે પણ અપ્રતિકાર્ય દોષો માટે ! બાકી છતાં સામર્થ્યે ઉપેક્ષા સેવાય તો સંસાર પરિભ્રમણ વધી જાય તે વાતને આ પ્રકરણમાં સારી રીતે વર્ણવી છે. કુવૃષ્ટિન્યાયવાળું દૃષ્ટાંત પણ રજૂ થયું છે.

-શ્રી

# જન માનસ અને ધર્મશાસન

- લોક પ્રાયઃ પરનિંદામાં રસિક હોય છે
- શ્રી રામચન્દ્રજીએ ચરપુરૂષોને મોકલ્યા
- શ્રી રામચન્દ્રજીની વિચારણા શ્રી લક્ષ્મણજીનો ક્રોધ
- સીતાત્યાગની વાતનું ઉચ્ચારણ
- શ્રી લક્ષ્મણજીની વિનંતી
- શ્રી રામચન્દ્રજીની અપયશની ભીરૂતા
- પગે પડીને વિનંતી
- શ્રી લક્ષ્મણજીએ મુખ ઢાંકીને ચાલ્યા જવું
- શ્રી રામચન્દ્રજીને અત્યારે કોઈ કાંઈ કહી શકે તેમ જ નહિ
- લોકની જીભે મર્યાદાનું બન્ધન નથી
- ધર્માચાર્યો રાજાના સ્થાને
- બન્નેય કિંમત વિનાના છે
- જાતને જ નિન્દામાંથી બચાવવાનો પ્રયત્ન
- યશની અતિ ઈચ્છાની ભયંકરતા
- આ નિન્દા નથી પણ સ્વરૂપ વર્ણન છે.
- ધર્મદેશકનું ધ્યેય
- લોકનિન્દાથી ડરીને સદ્ધર્મી વફાદારીને ભૂલવી નહિ
- સારા અને સારા ગણાતા વચ્ચેનો ભેદ
- એવી આજની પરિસ્થિતિ છે જ નહિ
- કુવૃષ્ટિ ન્યાયનું દૃષ્ટાંત
- કીર્તિની કારમી લાલસા, દોષનો નશો
- અવિવેકી બનીને ગુણસંપન્નતાનો અપલાપ કરનારા બનો નહિ
- કોઈપણ પ્રકારના આવેશને આધીન ન બનાય તેમ કરવું
- પ્રેરક અને ઉપકારક પ્રસંગ
- યાત્રાના બહાને શ્રીમતી સીતાજીને જંગલમાં છોડી દેવાની આજ્ઞા
- શ્રીમતી સીતાજીને લઈને કૃતાન્તવદન રવાના થાય છે
- દુનિર્મિતો અને અપશુકનો
- શ્રીમતી સીતાજીનો કૃતાન્તવદનને પ્રશ્ન કૃતાન્તવદનનો દર્દભર્યો જવાબ
- કૃતાન્તવદનનું દર્દભર્યું કથન
- શ્રીમતી સીતાનો કારમો આઘાત લાગે છે
- વારંવાર મૂર્ચ્છા
- શ્રી રામચન્દ્રજી સાથે વાત કરવાથી કાંઈ જ વળે તેમ છે નહિ



## ૧૦

## જન માનસ અને ધર્મશાસન

### લોક પ્રાયઃ પરનિંદામાં રસિક હોય છે

**સભા** : મૂળમાં તો આવી વાતો લખનારા કે બોલનારા થોડા હોય છે. પણ પછી એનો પ્રચાર વધી જાય છે.

**પૂજ્યશ્રી** : પ્રાયઃ એમજ બને. અહી જુઓને, મહાસતી શ્રીમતી સીતાજીના કલંકની શરૂઆત શી રીતે થઈ ? શ્રીમતી સીતાજીની ત્રણ સપત્નીઓ ઈર્ષ્યાવશ બની. પોતાના પતિ શ્રી રામચન્દ્રજીનો શ્રીમતી સીતાજી પ્રત્યેનો અનુરાગ તેમનાથી ખમાયો નહિ. કપટ કરીને શ્રીમતી સીતાજીની પાસે શ્રી રાવણના ચરણોનું ચિત્રણ કરાવ્યું શ્રી રામચન્દ્રજી પાસે એ ચિત્રણ રજૂ કરીને.શ્રી રામચન્દ્રજીને ભરમાવવાનો પ્રયત્ન કર્યો વિચક્ષણ એવા શ્રી રામચન્દ્રજીએ ગંભીરતા જાળવીને શ્રીમતી સીતાજીની સાથેનો વ્યવહાર પૂર્વવત્ ચાલુ રાખ્યો અને એથી શ્રી રામચન્દ્રજીને ભરમાવવામાં નિષ્ફળ નિવડેલી શ્રીમતી સીતાજીની ત્રણ સપત્નીઓએ, શ્રીમતી સીતાજીના કલંકની વાત વહેતી મૂકી. શ્રીમતી સીતાજીની સપત્નીઓએ ઈર્ષ્યાળુ બનીને પોતાની દાસીઓ દ્વારા લોકમાં આ વાત ફેલાવી. ધીરે ધીરે એ વાત આખી અયોધ્યાનગરીમાં પ્રસરી ગઈ અને ઘેર ઘેર એજ વાત થવા લાગી કે, 'શ્રીમતી સીતાજી અસતી છે અને રામ રાગાન્ધ છે.' આ વાત ઉત્પન્ન કરનારી ત્રણ સ્ત્રીઓ જ હતી, પણ હવે વાત કરનારા કેટલા ? એજ રીતે અત્યારે સુસાધુઓને માટે ખોટી વાતો લખનારા કે બોલનારા થોડા છે, પણ પછી એ વાતો ફેલાવો પામતી જાય છે.

**સભા** : એમ કેમ?

**પૂજ્યશ્રી** : પરનિન્દાની રસિકતા. એ પણ અજ્ઞાન લોકોની એક ખાસીયત છે. અજ્ઞાન લોક બહુલતયા પરનિન્દારસિક હોય છે.

નહિ તો વિચાર કરો કે, શ્રીમતી સીતાજીએ અયોધ્યાનગરીના લોકોનું શું બગાડ્યું છે ? કશું જ નહિ. શ્રીમતી સીતાજીને અસતી ઠરાવવામાં અયોધ્યાનગરીના લોકોને શો સ્વાર્થ છે ? કશો જ નહિ. છતાં વાતો કેવી ચાલી રહી છે ? આમ બનવુ, એ પરનિન્દાની રસિકતા વિના શક્ય નથી. અજ્ઞાન લોક સ્વભાવે પરનિન્દાનો રસિક હોઈને જ, એક મહાસતી માટે પણ આવી વાતો કરી રહ્યો છે. આપણે જોઈ ગયા કે, રાત્રિના વખતે છૂપી રીતે પોતાના આવાસની બહાર નીકળેલા શ્રી રામચન્દ્રજી સ્થળે સ્થળે એવા જનવાદને સાંભળે છે કે, 'આ શ્રીમતી સીતાને શ્રી રાવણ ઉપાડી ગયો અને સીતા શ્રી રાવણના આવાસમાં લાંબો કાળ વસી. તે પછી શ્રી રામ તેને પાછી તો લઈ આવ્યા પણ વળી પાછા તેને સતી માને છે. શ્રી રામે એટલું પણ વિચાર્યુ નહિ કે, 'શ્રીમતી સીતામાં રક્ત એવા શ્રી રાવણે સીતાને ન ભોગવી હોય, એ બને જ કેમ?' પણ રાગી આત્મા દોષને જોતો નથી!'

### શ્રી રામચન્દ્રજીએ ચરપુરૂષોને મોકલ્યા

અયોધ્યા નગરીમાં, મહાસતી શ્રીમતી સીતાજીના કલ્પિત કલંકને લગતી ઠેર ઠેર ચાલી રહેલી આ અને આવી બીજી પણ વાતોને સાંભળતા સાંભળતા, શ્રી રામચન્દ્રજી પોતાના આવાસે પાછા ફરે છે. પોતાના આવાસે પાછા ફર્યા, બાદ પુનઃ પણ શ્રીમતી સીતાજીના તે અપવાદનું શ્રવણ કરવાને માટે, શ્રી રામચન્દ્રજી પોતાના શ્રેષ્ઠ એવા ચરને મોકલે છે.

**સભા** : ફરી પાછા ?

**પૂજ્યશ્રી** : હા, લોકાપવાદની પૂરેપૂરી ખાત્રી કરવાને માટે.

### શ્રી રામચન્દ્રજીની વિચારણા શ્રી લક્ષ્મણજીનો ક્રોધ

શ્રી રામચન્દ્રજીની આજ્ઞાથી ચરપુરૂષો લોકના મુખેથી અપવાદને સાંભળવાને જાય છે. અને અહીં શ્રી રામચન્દ્રજી વિચારમાં ગરકાવ બને છે તેમના હૈયામાં લોકોની વાતો ઘોળાઈ રહી છે. શ્રી રામચન્દ્રજીને પહેલાં તો શ્રીમતી સીતાજીના અશુભોદયને માટે બહુ લાગી આવે છે. શ્રી રામચન્દ્રજી વિચારે છે કે,

" XXXXXXXXXX, *मया यस्याः कृते कृतः ।*
*रक्षःकुलक्षयो रौद्र-रतस्याः किमिदमागतम् ? ॥१॥*

જે શ્રીમતી સીતાને માટે મેં રૌદ્ર એવા રાક્ષસ કુળનો ક્ષય કર્યો, તે શ્રીમતી સીતાને માથે આ કેવી આપત્તિ આવી ? આ વિચારતા શ્રી રામચન્દ્રજીને લોકપ્રવાદની પોકળતાનો વિચાર આવે છે. લોકપ્રવાદ એવો છે કે, શ્રી રામ રાગાન્ધ બન્યા છે માટે શ્રીમતી સીતાના દોષને જોઈ શકતા નથી, નહિ તો શ્રી રામ એટલો ય વિચાર ન કરે કે, પરસ્ત્રીલંપટ શ્રી રાવણ શ્રીમતી સીતાને ન ભોગવે એ બને જ કેમ? જાણે કે, શ્રી રામચન્દ્રજી શ્રી રાવણની તે સ્ત્રીલોલુપતાને જાણતા જ નહોતા ! શ્રી રામચન્દ્રજી જાણે એના જવાબરૂપે જ હોય તેમ, એવા ભાવનું વિચારે છે કે 'હું એ પણ જાણું છું કે શ્રીમતી સીતા મહાસતી છે અને શ્રી રાવણ સ્ત્રીલંપટ હતો એમ પણ હું જાણું છું !' આ પછી હતાશ જેવા બની ગયેલા હોય તેમ શ્રી રામચન્દ્રજી વિચારે છે કે, 'મારૂ કુળ નિષ્કલંક છે એ હું જાણું છું, પણ એથી શું વળે ? આ લોકાપવાદની સામે મારે કરવું શું ?'

આ બાજુ શ્રી રામચન્દ્રજીએ મોકલેલા પેલા ચરપુરુષો ઠેર ઠેર ગવાતા શ્રીમતી સીતાજીના અપવાદને સાંભળીને થોડા જ વખતમાં પાછા ફરે છે અને શ્રી રામચન્દ્રજીને પોતે સાંભળેલી વાતને જણાવવા આવે છે. એ વખતે શ્રી રામચન્દ્રજીની પાસે શ્રી લક્ષ્મણજી, સુગ્રીવ અને શ્રી બિભીષણ પણ હાજર છે. ચરપુરૂષો તો, પોતે શ્રીમતી સીતાના અપવાદને જેવા રૂપમાં લોકોના મુખેથી સાંભળ્યો હતો, તેવા જ સ્ફુટ રૂપમાં કહી બતાવે છે, એ સાંભળીને શ્રી લક્ષ્મણજી એકદમ કોપાકુલ બની જાય છે. કોપાકુલ બનેલા શ્રી લક્ષ્મણજી બોલી ઉઠે છે કે, 'જેઓ ગમે તેવા હેતુઓ દ્વારા દોષોને કલ્પીને સતી શ્રીમતી સીતાની નિન્દા કરે છે, તેઓનો આ હું કાળ રૂપ છું !' શ્રી લક્ષ્મણજી જેવાને આટલું બધું લાગી આવે તે સ્વાભાવિક જ છે, શ્રી લક્ષ્મણજી બરાબર જાણે છે કે 'શ્રીમતી સીતાજી મહાસતી જ છે.' ઉપરાંત, શ્રી લક્ષ્મણજી પોતાના વડીલ ભાઈ શ્રી રામચન્દ્રજીનાં શ્રીમતી સીતાજી પત્ની હોઈને, તેમને પૂજ્ય માને છે તેમના હૈયામાં શ્રીમતી સીતાજી પ્રત્યે ભક્તિ છે અને એથી જ તેઓ શ્રીમતી સીતાજીની નિન્દાને સાંભળી શકતાં નથી.

## સીતાત્યાગની વાતનું ઉચ્ચારણ

શ્રી લક્ષ્મણજી આ રીતે ક્રોધે ભરાય છે, જ્યારે શ્રી રામચન્દ્રજી આ વાતનો પોતાની ધારણા મુજબનો નિવેડો, બને તેટલી ત્વરાથી લાવવાને ઇચ્છે છે. આથી તેઓ કહે છે કે, 'આ ચરોએ જે વાત કહી તે વાત તો મને પહેલા આપણા વિજય આદિ પુરમહત્તરો પણ કહી ગયા છે અને મેં જાતે પણ એ વાત સાંભળી છે. આ લોકો જાતે સાંભળીને આવ્યા છે અને એ જ વાત એમણે પ્રત્યક્ષપણે કહી છે. શ્રીમતી સીતાનો ત્યાગ કરવાથી સીતાના સ્વીકારની જેમ લોક અપવાદને થશે નહિ !'

આ રીતે શ્રી રામચન્દ્રજી પોતે શ્રીમતી સીતાનો ત્યાગ કરવાના નિર્ણય ઉપર જ છે, એ વાતને ઉચ્ચારે છે. શ્રીમતી સીતાજીના સ્વીકારથી ઉત્પન્ન થવા પામેલ લોકપવાદનો, શ્રીમતી સીતાજીના ત્યાગ દ્વારા જ નાશ થશે એમ શ્રી રામચન્દ્રજી માને છે. જેના સ્વીકારથી નિન્દા થાય છે, તેનો ત્યાગ કરવાથી નિન્દા અટકી પડશે, એમ શ્રી રામચન્દ્રજીનું માનવું છે. અત્યારે તેમની આંખ સામે કેવળ લોકનિન્દા જ દેખાઈ રહી છે અને લોકનિન્દાને અટકાવવા તેમનું હૈયું તલસી રહ્યું છે. એ તલસાટમાં તેમને શ્રીમતી સીતાજી સગર્ભા છે અને આવી અવસ્થામાં તેમનો ત્યાગ કરવાથી તેમનું શું થશે ? એ વગેરે સૂઝતું નથી. લોક પ્રશંસાના અતિ અર્થીપણાએ શ્રી રામચન્દ્રજીના વિવેકચક્ષુઓને આવરી લીધા છે; નહિતર શ્રી રામચન્દ્રજી જેવા લોકનિન્દા ખાતર મહાસતી એવા શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવાને તત્પર બને, એ શક્ય જ નથી.

## શ્રી લક્ષ્મણજીની વિનંતી

તદ્દન ખોટાપણ લોકાપવાદથી ડરી જઈને મહાસતી એવા પણ શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવાને પોતાના વડીલ બન્ધુ શ્રી રામચન્દ્રજી તૈયાર થાય છે, એ જાણીને શ્રી લક્ષ્મણજીને પારાવાર ખેદ થાય છે. શ્રી રામચન્દ્રજીનો પડતો બોલ ઝીલવાને સદાય તત્પર રહેનારા અને પોતે વાસુદેવ હોવા છતાં પણ સ્વામી તરીકેની શ્રીરામચન્દ્રની ખ્યાતિમાં જ રાચનારા શ્રી લક્ષ્મણજીને લાગે છે કે, 'વડીલ ભાઈ શ્રી રામચન્દ્રજી અત્યારે ભયંકર ભૂલ કરી રહ્યા છે.

લોકની વાણીને આવી રીતે વજન અપાય જ નહિ' આથી જ શ્રી લક્ષ્મણજી પોતાના વડીલ ભાઈ શ્રી રામચન્દ્રજીને વિનંતી પૂર્વક કહે છે કે,

'હે આર્ય ! લોક એવી વાતો કરી રહ્યા છે, એટલા માટે શ્રીમતી સીતાજીનો ત્યાગ કરો નહિ ! લોક તો ઘડીમાં આમ પણ બોલે અને ઘડીમાં તેમ પણ બોલે ! લોકની વાણી તો આમે ય અપવાદ દેનારી હોય છે અને તેમે ય અપવાદ દેનારી હોય છે. લોકના મોંઢાને કોઈ બંધન નથી. આથી જેમ ફાવ્યું તેમ અપવાદને બોલનારી લોકવાણીથી, આપ શ્રીમતી સીતાજીનો ત્યાગ કરો નહિ!' આ રીતે લોકવાણીની અવિશ્વસનીયતા વર્ણવ્યા બાદ, સુરાજ્યમાં સુસ્થિત એવો પણ લોક જો રાજદોષને જોવા કે ગાવામાં તત્પર બને, તો રાજાઓએ તેવા લોકની સાથે કેવી રીતે કામ લેવું જોઈએ, એ વાતને સ્પષ્ટ કરતાં પણ શ્રી લક્ષ્મણજી જણાવે છે કે

*"લોકઃ સૌરાજ્યસુસ્થોऽપિ, રાજદોષપરો ભવેત્ ।*
*શિક્ષણીયો ન ચેત્તન્નો-પેક્ષણીયઃ સ ભૂભુજામ્ ॥૧॥"*

લોકને જો આપણા તરફથી કોઈપણ પ્રકારની તકલીફ હોય અને એથી તે આપણા દોષોને જોવા કે ગાવામા તત્પર બન્યો હોય તો તે એક જુદી વાત છે આપણા રાજ્યમાં તેવું તો કાંઈ છે જ નહિ; આપણા રાજ્યમાં તો લોક સુખપૂર્વક જીવી રહ્યા છે. આમ છતાંપણ, સુરાજ્યમાં સુસ્થિત એવો પણ લોક, જો રાજદોષમાં તત્પર બને, તો તો રાજાઓને માટે તે શિક્ષણીય છે અને તેમ નહિ તો ઉપેક્ષણીય છે, રાજાએ કાં તો તેવા લોકની શિક્ષા દ્વારા સાન ઠેકાણે લાવવી જોઈએ અને તેમ ન કરવુ હોય તો તેવા લોકની ઉપેક્ષા કરવી જોઈએ પણ એ સિવાય બીજું કાંઈ કરવાનું હોય નહિ !

### શ્રી રામચન્દ્રજીની અપયશની ભીરૂતા

શ્રી લક્ષ્મણજીએ લોકવાણીના સ્વરૂપ આદિની જે વાત કહી, તેની સામે તો શ્રી રામચન્દ્રજી કાંઈ જ કહી શકે તેમ હતું નહિ અને બીજી તરફ તેમને કોઈ પણ રીતે આ અપયશ સહન નહોતો કરવો, એ પણ નિર્વિવાદ વાત છે. શ્રીમતી સીતાજી જેવી મહાસતીનો ત્યાગ તેમને ઇષ્ટ નહોતો, પણ તે સાથે શ્રી રામચન્દ્રજી લેશ પણ અપયશને

સહવાને માટે તૈયાર નહોતા. આ સંયોગોમાં તેઓ, આ વાતને જેમ બને તેમ ટૂંકે જ પતાવવાને ઈચ્છે, તે સ્વાભાવિક છે.

આથી જ શ્રી રામચન્દ્રજી, શ્રી લક્ષ્મણજીએ કહેલી વાતના ઉત્તર રૂપે કહે છે કે,

'એ વાત સત્ય છે કે, લોક સદાને માટે જ એવો હોય છે, પણ પ્રતિષ્ઠિત વ્યક્તિઓને માટે લોકવિરુદ્ધ ત્યાજ્ય જ છે.'

આ પ્રમાણે કહીને, શ્રી રામચન્દ્રજી જરાપણ થોભ્યા વિના, પોતાના કૃતાન્તવદન નામના સેનાપતિને આજ્ઞા ફરમાવે છે કે,

*"अरण्ये त्यजतां क्वापिं सीतेयं गर्भवत्यपि ।"*

'ગર્ભવતી એવી પણ આ સીતાને ક્યાંક પણ જંગલમાં ત્યજી દો !'

### પગે પડીને વિનંતી

શ્રી રામચન્દ્રજીના મુખેથી આવી આજ્ઞા નીકળતાંની સાથે જ, શ્રી લક્ષ્મણજીનું હૈયું વલોવાઈ જાય છે. શ્રી લક્ષ્મણજીને લાગે છે કે, વડીલ ભાઈ અત્યારે કારમું દુસ્સાહસ આચરી રહ્યા છે. આથી શ્રી લક્ષ્મણજી એકદમ શ્રી રામચન્દ્રજીના ચરણોમાં પડે છે, શ્રી રામચન્દ્રજીના ચરણોમાં પડેલા શ્રી લક્ષ્મણજી રડતાં રડતાં કહે છે કે

*सीतादेव्या महासत्या-स्त्यागोऽयमुचितो न हि ।"*

મહાસતી એવા શ્રીમતી સીતાદેવીનો આપ આ રીતે જે ત્યાગ કરી રહ્યા છો, તે કોઈપણ રીતે ઉચિત નથી.

પણ શ્રી રામચન્દ્રજી કોઈપણ સંયોગોમાં પોતાનો નિર્ણય ફેરવવાને તૈયાર નથી. અત્યારે તેમને કોઈનું કાંઈ સાંભળવું નથી કે પોતાના અપયશ સિવાયની કોઈપણ વાતનો વિચાર કરવો નથી. આથી શ્રી લક્ષ્મણજી પગમાં પડ્યા અને, 'મહાસતી એવા શ્રીમતી સીતાદેવીનો ત્યાગ નહિ કરવાની' રડતાં રડતાં વિનંતી કરી, તે છતાં પણ શ્રી રામચન્દ્રજી પોતાના પ્રત્યે અતિશય ભક્તિવાળા અને વિનીત એવા શ્રી લક્ષ્મણજીને અતિશય ધૃષ્ટતાપૂર્વક કહે છે કે

*"नातः परं त्वया वाच्यम् ।"*

શ્રી રામચન્દ્રજી શ્રી લક્ષ્મણજીને સાફ સાફ શબ્દોમાં ફરમાવી દે છે કે 'આ વિષયમાં હવે તારે એક પણ અક્ષર ઉચ્ચારવો નહિ !'

**શ્રી લક્ષ્મણજીએ મુખ ઢાંકીને ચાલ્યા જવું**

કહો, છે કાંઈ કમીના ? શ્રી રામચન્દ્રજીની આવી આજ્ઞા સાંભળતાંની સાથે જ, શ્રી લક્ષ્મણજીનું રૂદન વધી પડે છે. શ્રી લક્ષ્મણજી વસ્ત્રથી પોતાના મુખને ઢાંકી દે છે અને રડતાં રડતા પોતાના આવાસે ચાલ્યા જાય છે. શ્રી રામચન્દ્રજીની જગ્યાએ અત્યારે બીજું કોઈ હોત, તો શ્રી લક્ષ્મણજી શું કરત, એ કહી શકાય નહિ, કારણકે શ્રીમતી સીતાજી પ્રત્યે શ્રી લક્ષ્મણજીનો પૂજ્યભાવ જેવો તેવો નથી. મહાસતી શ્રીમતી સીતાજીના લેશ પણ દુ:ખને શ્રી લક્ષ્મણજી સહી શકે તેમ નથી. પણ કરે શું ? સામે વડિલ બન્ધુ છે અને વડિલ બન્ધુ પાસે વિજ્ઞપ્તિ કરવા ઉપરાન્તનો પોતાને કશો જ અધિકાર નથી, એમ શ્રી લક્ષ્મણજી માને છે.

**શ્રી રામચન્દ્રજીને અત્યારે કોઈ કાંઈ કહી શકે તેમ જ નહિ**

**સભા** : સુગ્રીવ અને શ્રી બિભીષણ ત્યાં હાજર છે, તો તેઓ કાંઈ ન કહે ?

**પૂજ્યશ્રી** : જરૂર કહે, પણ કહેવાને અવકાશ તો હોવો જોઈએ ને ? તેઓ એટલું તો સમજે ને કે જે શ્રી રામચન્દ્રજીએ શ્રી લક્ષ્મણજી જેવાના કથનને પણ ધ્યાનમાં લીધું નહિ, એટલું જ નહિ પણ પગમાં પડીને રડતે રડતે વિનંતી કરવા છતાંય, જરાય વધુ નહિ બોલવાની આજ્ઞા કરી દીધી, તે શ્રી રામચન્દ્રજી આપણી વાત તો સાંભળે જ શાના? સુગ્રીવને અને શ્રી બિભીષણને આ વાત રૂચિકર છે, એવું કાંઈ જ નથી, પણ સંયોગ એવા છે કે, અત્યારે કાંઈપણ કહેવું એ નિરર્થક છે, એમ તેઓ સમજે છે અને તેથી જ મૌન રહે છે.

**સભા** : બીજા કોઈ ન કહે ?

**પૂજ્યશ્રી** : કોણ કહે ? અને કહેવાજોગા સંયોગો ય ક્યાં છે ? અયોધ્યાનગરીના લોકો, 'સીતા અસતી અને શ્રી રામ રાગાન્ધ' એવી જ વાતો કરી રહ્યા છે. ખુદ વિજય આદિ આઠ પુરમહત્તરો પણ આવો લોક અપવાદ સહન કરવા દ્વારા નિર્મલ કીર્તિને મલિન બનાવશો નહિ એવી શ્રીરામચંદ્રજીને સલાહ આપી ગયા છે અને શ્રીમતી સીતાજીની સપત્નીઓએ તો ઈર્ષ્યાવશ બનીને આ વાત વહેતી મૂકેલી છે, એટલે શ્રી રામચન્દ્રજીનાં અન્ત:પુરમાં પણ છૂપી રીતે ય નિન્દા ચાલી રહી

હોય તે સ્વાભાવિક છે. આવા સંયોગોમાં કહે કોણ ? ઘણોખરો ભાગ તો શ્રી રામચન્દ્રજી શ્રીમતી સીતાજીનો ત્યાગ કરે એમાં ખુશી છે અને જે થોડાઓ 'મહાસતી શ્રીમતી સીતાજીનો શ્રી રામચન્દ્રજીએ ત્યાગ નહિ જ કરવો જોઇએ' એમ માને છે, તેઓનું કાંઇ પણ સાંભળવાને ય શ્રી રામચન્દ્રજી તૈયાર નથી. એમ પણ શ્રી લક્ષ્મણજી સાથેની તેમની વાતચીત ઉપરથી જોઇ શકીએ છીએ.

### લોકની જીભે મર્યાદાનું બન્ધન નથી

શ્રી રામચન્દ્રજીને જો વિચાર જ કરવો હોત, તો શ્રી લક્ષ્મણજીએ ટુંકમાં પણ જે કહ્યું તે પૂરતું જ હતું. જો વિચાર કરવામાં આવે, તો શ્રી લક્ષ્મણજીએ થોડા શબ્દોમાં પણ ઘણું ઘણું કહી દીધું છે. શ્રી લક્ષ્મણજીએ ચોખ્ખુ કહ્યું છે કે 'લોકનું મોઢું બંધાયેલું નથી.'

**સભા** : એટલે શું ?

**પૂજ્યશ્રી** : એનો ભાવ એ છે કે, લોકની વાણીને કોઈ મર્યાદા નથી. લોકની જીભે મર્યાદાનું બન્ધન નથી, કે જેથી એ જે કાંઇ બોલે તે વિચારપૂર્વક જ બોલે. અને અસત્ય કે અહિતકર એવું સત્ય પણ બોલે નહીં લોક તો આ અસત્ય પણ અને અહિતકર પણ બોલે. અજ્ઞાન લોકમાં વહેતી મૂકાએલી, સારામાં સારા સજ્જનને લગતી તદ્દન ખોટી પણ વાત, કેવા રૂપમાં આવી જશે અને ક્યાં જઇને અટકશે તે કહી શકાય નહિ. વાત શરૂઆતમાં સામાન્ય હોય, તોય અજ્ઞાન લોકના મોઢે ચઢી ગયા પછી, તેને ખૂબ ખૂબ વધી જતાં પણ વાર લાગે નહિ. શરૂઆતમાં જે વાત સામાન્ય હોય, તે વાત વધતે વધતે એવી પણ વધી જાય કે, જેના મોં, માથા કે ટાંટીયાનો કશો પત્તો જ લાગે નહિ. પછી શાણા ગણાતા પણ વસ્તુતઃ દોઢ ડાહ્યા માણસો વિચાર કરે કે, 'લોકો આટલું બધું બોલે છે, તો કાંઇક જરૂર હશે.' પોતાને શાણા મનાવતા આત્માઓ પણ સત્યાસત્યની જરૂરી તપાસ ન કરે અને અજ્ઞાન લોક ભેગા એય હાંકયે રાખે કે, 'આમાં થોડું ઘણું તો સાચું જરૂર હશે.' લોકનો આવો સ્વભાવ હોઈને, એવી કહેવત પણ પડી ગઇ છે કે 'કુવાને મોઢે ગરણું બંધાય નહિ અને લોકને મોઢે ડૂચો દેવાય નહિ.'

લોકના આવા સ્વભાવને જાણનારાઓ જો કર્તવ્યશીલ હોય,

તો કદિપણ લોકનિન્દાને તાબે થઈને કર્તવ્યને ચૂકે નહિ. લોકનિન્દાને તાબે થઈને કર્તવ્યભ્રષ્ટ બનનારાઓ, એ ગમે તેટલું ભણેલા હોય તે છતાંપણ, મૂર્ખાઓથી ય બદતર છે. મૂર્ખાઓમાં તો અક્કલ નથી જ્યારે આ તો પોતાને અક્કલવાન અને ભણેલા મનાવે છે. મૂર્ખાઓ તો કહે કે, 'અમે ભણ્યા નથી.' જ્યારે આ તો પોતાને વિદ્વાન તરીકે ઓળખાવે. આવા અક્કલવાન અને વિદ્વાન જ્યારે લોકનિન્દાને તાબે થઈને કર્તવ્યને ચૂકે, ત્યારે એજ કહેવું પડે કે 'એ બિચારાઓ મૂર્ખાઓથી ને અભણથી પણ બદતર છે.' અજ્ઞાન લોક ખોટી પણ નિન્દા કરે, એટલા જ કારણે સ્વપરહિતકારક કર્તવ્યને ચૂકાય અને અજ્ઞાન લોકની પ્રશંસા પામવાના હેતુથી સ્વપરના હિતનાં ઘાતક એવાં પણ કાર્યોનો આદર કરાય, એ અતિશય ભયંકર વસ્તુ છે, પણ લોકહેરીમાં પડેલાઓને માટે એ વિના બીજું સંભવિત પણ શું છે ? સાચો કર્તવ્યશીલ તો તે જ ગણાય, કે જે સાચા શિષ્ટજનોની અપ્રિયતા પમાડે એવા એક પણ કાર્યને આચરવા ઉત્સુક બને નહિ અને અજ્ઞાન લોકની નિન્દાને તાબે થઈ, સ્વપરહિતકારક એવી એક પણ પ્રવૃત્તિનો ત્યાગ કરે નહિ.

જૈન સંઘમાં આજે જો આવા કર્તવ્યશીલો સારા પ્રમાણમાં હોત, તો જૈન સંઘમાં આજે જે અશાન્તિ વ્યાપી ગઈ છે અને જૈન સમાજના નામે આજે ઇતરોમાં પણ જે અણછાજતી વાતો થઈ રહી છે, તેનું કદાચ નામનિશાન પણ ન હોત. પણ આજે તો ધર્માચાર્ય જેવા ઉત્તમ પદે પ્રતિષ્ઠિત ગણાતી પણ કેટલીક વ્યક્તિઓ, ખોટી પણ લોકનિન્દાથી ડરીને મૌન બેઠી છે જ્યારે કેટલાકો તો વળી પોતાની ભયંકર લોકૈષણાને છૂપાવવાને માટે, કર્તવ્યપરાયણ બનેલા પુણ્યાત્માઓની અને એમાં મદદ રૂપ બનારાઓની પણ નિન્દાનો ધંધો લઈ બેઠા છે. અજ્ઞાન લોક ધર્મશાસનની જુદી રીતે નિન્દા કરી રહ્યો છે અને એવા ધર્માચાર્યો આદિ જુદી રીતે નિન્દા કરી રહ્યા છે પણ બેઉના તરફથી ધંધો તો સ્વપરહિતના નાશનો જ ચાલી રહ્યો છે. અજ્ઞાન લોક કરતાં પણ એવા ધર્માચાર્ય આદિ ગણાતાઓનું વર્તન વધારે દોષપાત્ર અને વધારે હાનિકારક છે, એ નિર્વિવાદ વાત છે.

### ધર્માચાર્યો રાજાના સ્થાને

શ્રી લક્ષ્મણજીએ રાજાઓના કર્તવ્યનો ખ્યાલ આપતાં પણ કહ્યું છે કે, 'સુરાજ્યમાં સુસ્થિત એવો પણ લોક જો રાજદોષમાં તત્પર બને, તો તે રાજાઓ દ્વારા કાં તો શિક્ષણીય છે અને કાં તો ઉપેક્ષણીય છે.' ધર્માચાર્યના પવિત્ર સ્થાનને અલંકૃત કરનારાઓ, શ્રી જૈનશાસનમાં રાજાના સ્થાને ગણાય છે. દુનિયાના રાજાએ જેમ પોતાની ફરજ અદા કરવાની હોય છે, તેમ ધર્માચાર્યોએ પોતાની ફરજ અદા કરવાની હોય છે. રાજાઓમાં જેમ ભીમ - કાન્ત ગુણ હોવો જોઈએ, તેમ ધર્માચાર્યો પણ ભીમ-કાન્ત ગુણને ધરનારા હોય છે. એથી શાસનના દ્રોહીઓને ધર્માચાર્યો ભયંકર લાગે તે જેમ સ્વાભાવિક છે, તેમ ધર્મના અર્થી જગતને તો એ મહાત્માઓ ખૂબ ખૂબ ક્ષમાશીલ, શાન્ત અને પરોપકાર પરાયણ જ લાગે એ સ્વાભાવિક છે. ધર્માચાર્યો પોતામાં દોષ ન આવે એની અને થોડો પણ દોષ આવી ગયો હોય તો તેને મૂળમાંથી કાઢવાની કાળજી રાખનારા હોય છે. આમ છતાંપણ, નિર્દોષ એવા તે મહાત્માઓની શાસનના દ્રોહીઓ નિન્દા કરે અને કરાવે તે સ્વાભાવિક છે. સાચા ધર્માચાર્યાં એથી જરા પણ ડરે કે ડગે નહિ. એ તો પોતાની નિન્દાને પણ પોતાની કર્મનિર્જરાનું જ કારણ બનાવી દે. આવા ધર્માચાર્યો જ્યારે શાસનની સામે આક્રમણ આવે, ત્યારે પોતાના સામર્થ્યનો ખૂબ ખૂબ ઉપયોગ કરવાને તત્પર બની જાય છે. સદ્ધર્મના દ્વેષી બનીને શ્રી સંઘનું અનિષ્ટ કરવાને તત્પર બનેલા અયોગ્ય આત્માઓને, શ્રી જિનાજ્ઞાના આરાધક ધર્માચાર્યો, પોતાની સઘળી જ શક્તિનો ઉપયોગ કરીને રોકે. જે કોઈ ધર્માચાર્યાદિ, આવા આત્માઓને વારવાનું પોતામાં સામર્થ્ય હોવા છતાંપણ, તેઓની ઉપેક્ષા કરે છે, તે શ્રી જિનાજ્ઞાના વિરાધક બનીને ઘોર એવા સંસારમાં જ ખૂબ ખૂબ ભમનારા બની જાય છે. આપણે ત્યાં ઉપેક્ષાનું વિધાન જરૂર છે, પણ તે અપ્રતિકાર્ય દોષોને માટે ! સામાના દોષો આપણાથી અપ્રતિકાર્ય જ હોય, ત્યાં તો ઉપેક્ષા સિવાય બીજો કોઈ માર્ગ નથી; પણ સામર્થ્ય હોય તો શાસનના વિરોધીઓ આદિની ઉપેક્ષા કરવાની હોય જ નહિ. આપણે ત્યાં સારણા, વારણા, ચોયણા અને પડિચોયણાનો વિધિ પણ છે. એ

વિધિ આદિના રહસ્યને જાણનારાઓ ક્યાં કેવી શિક્ષા હોઈ શકે ? અને ક્યાં કેવી ઉપેક્ષા હોઇ શકે ? એ વગેરે વસ્તુને પણ સારામાં સારી રીતે સમજી શકે છે.

**બન્નેય કિંમત વિનાના છે**

શ્રી લક્ષ્મણજીએ શ્રી રામચન્દ્રજીને લોકનું મોઢું બંધાએલું નથી એમ પણ કહ્યું અને સુરાજ્યમાં સુસ્થિત એવો પણ લોક જો રાજદોષમાં તત્પર બને, તો કાં તો શિક્ષણીય છે અને કાં તો ઉપેક્ષણીય છે એમ પણ કહ્યું. આ રીતે કહીને તેમણે, મહાસતી એવાં શ્રીમતી સીતાજીને લોકાપવાદને ખાતર ત્યાગ નહિ કરવાની વિનંતી કરી પણ યશના અતિશય અર્થી બની ગએલા શ્રી રામચન્દ્રજીએ કેવું અણછાજતું વર્તન ચલાવ્યું, તે આપણે જોઈ આવ્યા. 'સદાકાળને માટે જ લોક એવો હોય છે' એ વાત શ્રી રામચન્દ્રજીએ કબૂલ કરી, કારણકે, એ વાત એટલી સાચી હતી અને વળી અનુભવસિદ્ધ પણ હતી કે એને કોઈ પણ રીતે ખોટી કહી શકાય નહિ પણ એ વાત કબૂલ કરીને ય શ્રી રામચન્દ્રજીએ બચાવ એવો કર્યો કે, 'એવા પણ લોકથી જે કાર્ય વિરૂદ્ધ હોય. તેનો યશસ્વી બન્યા રહેવા ઈચ્છનારાઓએ ત્યાગ કરવો જોઇએ.'

ખરેખર, યશના અતિશય અર્થી બનેલા માણસો આવા વખતે એ વાતને ભૂલી જાય છે કે, 'અજ્ઞાન લોકને પ્રિય બનવા જતાં આપણે, જેની ખરેખર પ્રિયતા પ્રાપ્ત કરવી જોઈએ, એવા શિષ્ટલોકની પ્રીતિને ગુમાવી બેસીએ છીએ.' વસ્તુત અજ્ઞાન લોકનો તિરસ્કાર જેમ કિંમત વિનાનો છે, તેમ અજ્ઞાન લોકને સત્કાર પણ કિંમત વિનાનો જ છે. જેની જીભને કશી જ મર્યાદા નથી, જે માણસોને અસત્ય અને અહિતકર બોલતાં કોઇ બન્ધન આડે આવતું નથી, તેવો લોક સત્કાર કરે એમાં રાચવું એય મૂર્ખતા છે અને તેવો લોક તિરસ્કાર કરે એથી ગભરાઇ જવું એ પણ મૂર્ખતા છે. એવા લોકોને જેમ સત્કાર કરવામાં સદ્ - અસદ્નો સાચો ખ્યાલ હોતો નથી, તેમ તિરસ્કાર કરવામાં પણ સદ્ - અસદ્નો સાચો ખ્યાલ હોતો નથી. ધ્વજા જેમ આ બાજુનો પવન આવે તો આમ ઉડે અને બીજી બાજુનો પવન આવે તો તેમ ઉડે, તેમ મુખના બન્ધન વિનાનો લોક

પણ ઘડીમાં આમ બોલે અને ઘડીમાં તેમ પણ બોલે એટલે વિવેકશીલ આત્માઓએ, તેવા લોકોના કથન આદિ ઉપર કશો જ મદાર બાંધવાનો હોય નહિ, પણ સદ્દવૃત્તિ અને સત્યપ્રવૃત્તિમાં જ સુસ્થિર રહેવાનુ હોય, તે સ્વાભાવિક છે. જે લોકો સત્યાસત્યનો અને હિતાહિતનો નિર્ણય કરવાની બેદરકારી ધરાવે છે, તેઓની વાતો આદિને વજન આપવું, એ તો નાશને જ નોંતરવા જેવું છે.

### જાતને જ નિન્દામાંથી બચાવવાનો પ્રયત્ન

શ્રી રામચન્દ્રજી જો યશના અતિશય અર્થી બન્યા ન હોત, તો શ્રી લક્ષ્મણજીએ કહેલી તદ્દન સાચી વાતનો વિચાર કરવાને જરૂર થોભત અને જો શ્રી રામચન્દ્રજીએ વિવેકપૂર્વક વિચાર કર્યો હોત, તો તેઓ કદિપણ આ રીતે શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવાને તત્પર બનત નહીં ! પણ ભવિતવ્યતા જ કોઇ વિચિત્ર છે. શ્રી રામચન્દ્રજી શ્રીમતી સીતાના લોકમુખેથી થતા અપવાદને સાંભળીને એટલા બધા મૂંઝાઈ ગયા છે કે, પોતે એમાંથી નીકળી જવાને ઇચ્છે છે. શ્રીમતી સીતાદેવીનું કલંક કેમ ટળે એનો એમને વિચાર આવતો નથી, પણ આ લોકની નિન્દામાંથી હું કેમ બચી જાઉં એનો જ એમને વિચાર આવે છે, કોઈપણ રીતે અને કોઈપણ ભોગે તેઓ, પોતાની નિન્દાને અટકાવવાનો ઇચ્છે છે અને એથી જ તેમને શ્રીમતી સીતાજીનું શું થશે એનો વિચાર આવતો નથી. 'શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવા દ્વારા તેઓ લોકાપવાદને ટાળવાને ઇચ્છે છે.' એમ નથી, પણ પોતાની જાતને એમાંથી બચાવી લેવા માટેનો જ તેમનો આ પ્રયત્ન છે. જો આવી મનોદશા ન હોત અને સીતાદેવીને શિરે આવેલા તદ્દન ખોટાં કલંકને પણ દૂર કરવાનો જ શ્રી રામચન્દ્રજીનો ઇરાદો હોત, તો તો શ્રી રામચન્દ્રજીએ શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવાને બદલે, કોઈ બીજો જ ઉપાય અજમાવ્યો હોત.

### યશની અતિ ઇચ્છાની ભયંકરતા

શ્રી રામચન્દ્રજીને એટલો પણ વિચાર નથી આવતો કે, 'ગર્ભવતી એવી પણ સીતાને હું જંગલમાં કોઈક સ્થળે મૂકી આવવાની આજ્ઞા તો કરૂં છું પણ ત્યાં એનું અને ગર્ભમાં રહેલા જીવોનું પણ થશે શું ?' તીવ્ર બનેલી યશની ભૂખ પણ કેટલી બધી ભયંકર નિવડે છે,

એ ખાસ વિચારવા જેવું છે. શ્રી રામચન્દ્રજીએ જ્યારે અયોધ્યાનગરીનો ત્યાગ કર્યો હતો, ત્યારે જે મહાસતી સ્વેચ્છાપૂર્વક જ રાજ્યસુખોને ત્યજી તેમની સાથે ચાલી નીકળી હતી અને જે મહાસતીએ પોતાના સ્વામીના સાનિધ્યમાં રહીને દુઃખમાં પણ સુખપૂર્વક જીવી અરણ્યોમાં રખડવાનું પણ પસંદ કર્યું હતું, તે મહાસતીનો 'તે મહાસતી છે' એમ નિશ્ચયપૂર્વક જાણવા છતાંપણ, માત્ર અજ્ઞાન લોકની ખોટી નિન્દામાંથી પોતાની જાતને બચાવી લેવાને માટે સગર્ભાવસ્થામાં ત્યાગ કરવો અને ત્યાગ કરીને પણ તેને ક્યાંક પણ જંગલમાં છોડી દેવાનો હુકમ ફરમાવવો, એ શું ઓછી ભયંકર વસ્તુ છે ? મહારાણીનું સુખ ભોગવતી મહાસતી, અરણ્યમાં એકલી કરે શું ? કોઈ હિંસક પશુ તેને ફાડી ખાય, તો તે પણ જીવથી જાય અને ગર્ભમાં રહેલા જીવો પણ જીવથી જાય, એમજ બને ને ? યશની ભૂખ અને અપયશની ભીરૂતાને આધીન બનેલા શ્રી રામચન્દ્રજીને અત્યારે એટલો પણ વિચાર સૂઝતો નથી, એ ઓછી વાત છે ?

### આ નિન્દા નથી પણ સ્વરૂપ વર્ણન છે

**સભા :** શ્રીમતી સીતાજીનો અશુભોદય છે ને ?

**પૂજ્યશ્રી** : 'શ્રીમતી સીતાજીનો અશુભોદય છે' એ વાતેય ચોક્કસ અને 'તેવી ભવિતવ્યતા છે' એ વાતેય ચોક્કસ પણ એથી શ્રી રામચન્દ્રજીની કારમી યશોલિપ્સાનો તો કોઇપણ રીતે બચાવ થઇ શકે તેમ નથી. જ્યાં સુધી રામાયણ વિદ્યમાન રહેશે, ત્યાં સુધી શ્રી રામચન્દ્રજીની આ યશોલિપ્સા તો નિન્દાવાની જ ! શ્રી રામચન્દ્રજીમાં ઘણા ગુણો હતા અને તેની આપણે અવસરે અવસરે પ્રશંસા કરી જ છે. ગુણનો રાગી અવગુણનો દ્વેષી પણ હોય જ. શ્રી રામચન્દ્રજીમાં ઘણા ગુણો હતા, માટે આપણે તેમની ભૂલને પણ વખાણીએ એ ન બને. ગુણને જેમ ગુણ રૂપે જ વર્ણવવો જોઇએ, તેમ દોષને પણ દોષ રૂપે જ વર્ણવવો જોઇએ. આ કાંઇ નિન્દા નથી. આ તો વસ્તુસ્વરૂપનું દર્શન છે અને વસ્તુસ્વરૂપનું દર્શન કરાવવાનો હેતુ પણ એ જ છે કે, આ સાંભળીને પણ કલ્યાણના અર્થી આત્માઓ દોષથી બચનારા બને. જેઓમાં દોષ હોય, તેઓને દોષનો ત્યાગ કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય અને જેઓમાં દોષ ન હોય, તેઓ કોઇપણ વખતે દોષ ન આવી

જાય એની કાળજીવાળા બને, એ જ આપણો આ બધા સ્પષ્ટીકરણનો હેતુ છે. શુદ્ધ ધર્મદેશનામાં આથી વિપરીત હેતુ હોઈ શકે નહિ.

### ધર્મદેશકનું ધ્યેય

દોષો નાશ પામે અને ગુણો પ્રગટે, એ જ ધર્મદેશનાનો હેતુ હોઈ શકે. ધર્મદેશકનું ધ્યેય એજ હોવું જોઈએ. સાચો ધર્મદેશક એ જ ધ્યેયને અવલંબીને ઉપદેશ આપે. ધર્મદેશકના હૈયામાં, દોષનાશ અને ગુણપ્રાપ્તિ, એ સિવાયની કામનાને તો સ્થાન જ નહિ હોવું જોઈએ. સાચો ધર્મોપદેશક જીવાજીવાદિ તત્ત્વોના સ્વરૂપનું વિવેચન કરતો હોય કે કથા દ્વારા ઉપદેશપ્રદાન કરતો હોય, પણ એનો આશય તો એ જ હોય કે, 'દોષો નાશ પામે અને આત્માના ગુણો પ્રગટે'. આ જ હેતુથી ધર્મદેશક જ્યાં દોષનું વર્ણન આવે, ત્યાં દોષની ત્યાજ્યતા સમજાવવાને માટે અને એ દોષો કેવી કેવી રીતે આત્માને ઉન્માર્ગનો ઉપાસક બનાવી દે છે તેનો ખ્યાલ આપવા પૂર્વક એ દોષોથી કેવી રીતે બચી શકાય તેમ છે એ સમજાવવાને માટે, દોષ અને દોષિત બન્નેના સ્વરૂપ આદિનું વર્ણન કરે. એ જ રીતે જ્યાં ગુણનું વર્ણન આવે ત્યાં પણ ગુણોથી થતા લાભ અને ગુણવાન્ આત્માઓની કરણીઓ કેવી હોય એ વગેરે સમજાવીને ગુણોની પ્રત્યે શ્રોતાઓ આદરવાળા બને એ પ્રકારનું વર્ણન કરે. કલ્યાણકામી આત્માઓને દોષિતોના સંસર્ગથી બચાવવા અને સાચા ગુણવાળાનો સંસર્ગમાં સ્થાપિત કરવા, એવી કામના શુદ્ધ ધર્મદેશકમાં હોવી એ પણ સ્વાભાવિક છે. આ કારણે, દોષિતોને અનુલક્ષીને થતું દોષોનું વર્ણન એ જેમ નિન્દા નથી, તેમ સાચા ગુણવાનોને અનુલક્ષીને થતું ગુણોનું વર્ણન એ મિથ્યા પ્રશંસા પણ નથી. ધર્મના અર્થી શ્રોતાઓએ તો ખાસ કરીને આ વસ્તુને પણ સમજી લેવી જોઈએ, કારણકે ધર્મના વિરોધીઓ તરફથી આ રીતે પણ ભદ્રિક આત્માઓને બહેકાવવાના પ્રયત્નો થાય તે અસંભવિત નથી.

માનો કે, શ્રી રામચન્દ્રજીની સીતાત્યાગની તત્પરતાનો પ્રસંગ આપણે વિચારી રહ્યા છીએ, એટલે એને અનુલક્ષીને આપણે, યશોલિપ્સાના યોગે સન્માર્ગથી વિમુખ બનનારાઓ આદિનું વર્ણન કરીએ, તો એ નિન્દા છે ?

**સભા** : નિન્દા તો ન કહેવાય.

**પૂજ્યશ્રી** : આપણે એવા પણ આત્માઓનું કલ્યાણ જ ઇચ્છીએ છીએ. એ નિર્વિવાદ વાત છે. પણ 'એવા આત્માઓ પોતાનું અકલ્યાણ સાધી રહ્યા છે' એમ સમજાવીને, તેવી રીતે પણ અકલ્યાણના સાધનારા બની જવાય નહિ તેની કાળજી રાખવી જોઈએ એમ સમજાવાય, તો એ ખોટું છે ? એ પણ જરૂરી નથી ?

**સભા** : જરૂરી તો છે. પણ વિરોધિઓ એને નિન્દા કહે છે અને અણસમજુ માણસો વિરોધીઓની વાતોમાં ભળી જાય છે.

**પૂજ્યશ્રી** : વિરોધીઓ એને નિન્દા કહે, એ તો સ્વાભાવિક જ છે. અણસમજુઓને સમજાવવાનો આપણે શક્ય પ્રયાસ કરીએ, છતાં ન સમજે તો જેવી ભવિતવ્યતા. ખરેખર, અજ્ઞાન એ મહાકષ્ટ છે. અજ્ઞાનને સજ્ઞાન બનાવવાનો પ્રયત્ન કરવો, પણ અજ્ઞાનની વાતોથી લેશપણ મૂંઝાવું નહિ.

### લોકનિન્દાથી ડરીને સદ્ધર્મની વફાદારીને ભૂલવી નહિ

વિરોધીઓથી દોરવાઈને કે એમને એમ પણ, અજ્ઞાન આત્માઓ ગમે તેવી ટીકા કે નિન્દા કરે, એથી ધર્મી ધર્મને ત્યજે નહિ. આજે દીક્ષા આદિના સિદ્ધાન્ત સામે આક્રમણ છે, આવા આક્રમણના સમયે જેઓ દીક્ષા આદિના સિદ્ધાન્તને વફાદાર રીતે વળગી રહે, તેઓની નિન્દા આદિ થાય તે સ્વાભાવિક છે. હવે એ નિન્દા આદિમાંથી પોતાની જાતને કોઈપણ રીતે બચાવી લેવાને માટે, સિદ્ધાન્તની વફાદારીનો ત્યાગ કરાય ? અને જો લોક નિન્દાથી પોતાની જાતને બચાવી લેવાને માટે સિદ્ધાન્તની વફાદારીનો ત્યાગ કરાય, તો એ ત્યાગને શું વ્યાજબી ગણાય ?

**સભા** : વફાદારી છોડાય તો નહિ, પણ નિન્દા સહવાની તાકાત હોવી જોઈએ ને ?

**પૂજ્યશ્રી** : નિન્દા સહવાની તાકાત આવવી એ મુશ્કેલ છે, પણ સિદ્ધાન્તને વફાદાર રહેવું હોય તો એ તાકાત પણ કેળવ્યે જ છૂટકો છે. વિચાર તો કરો, તમે સદ્ધર્મને સારી રીતે વફાદાર રહો અને એથી કોઈ તમારી નિન્દા કરે, તો એટલા માત્રથી તમારૂં બગડે શું ?

**સભા** : આ લોકમાં ખરાબ કહેવાઈએ, સારા ગણાતા માણસો જોડે બેસવું મુશ્કેલ બની જાય અને કોઈ વાર તે માણસોનું કામ પડી

જાય તો તેઓ કામ ન પણ કરી આપે, એમ પણ બને.

**પૂજ્યશ્રી** : આથી વધારે નુકશાન તો નહિ ને ?

**સભા** : આથી વધારે નુકશાન તો નહિ, પણ આ નુકશાન ક્યાં ઓછું છે ?

**પૂજ્યશ્રી** : અરે, તમે કહો છો એથી પણ વધારે નુકશાન થાય તો તે અસંભવિત નથી. એવુંય બની જાય કે, બાપ કહી દે કે, તું મારો દીકરો નહિ અને ઘરવાળી કહી દે કે, તમે મારા ધણી નહિ. એવોય પ્રસંગ આવી લાગે કે, બહાર નીકળો ત્યારે લોક આંગળીય ચીંધે અને ઉચ્છૃંખલો હુરીયો હુરીયો પણ કરે. વ્યવહારમાંય મુશ્કેલી આવે અને કદાચ વ્યાપારમાં પણ મુશ્કેલી નડે.

**સભા** : એવો વખત આવી લાગે એ પણ સંભવિત ખરૂં.

**પૂજ્યશ્રી** : આમ છતાં ઉપકારીઓ ફરમાવે છે કે, કલ્યાણના અર્થી આત્માઓએ કોઈપણ સંયોગોમાં સદ્ધર્મના સિદ્ધાન્તોને વફાદાર જ રહેવું જોઈએ. સદ્ધર્મના સિદ્ધાન્તોને વફાદાર નહિ બનનારાઓ પોતાનું કલ્યાણ સાધી શકતા નથી. સદ્ધર્મના સિદ્ધાન્તોને વફાદાર નહિ બનનારાઓ પોતાના ભવિષ્યને સુધારી શકતા નથી. મહાપુણ્યના ઉદયે મળેલા ચિન્તામણિ સમા મનુષ્યભવને એ આત્માઓ કોડીનો બનાવી દે છે. જે ભવમાં શુદ્ધ વિવેકને પામી સંયમમય જીવન જીવવાની અને એ રીતે આત્માના અનન્તકાલનાં દુ:ખનો ક્ષય સાધવાની અનુપમ સામગ્રી છે, તે ભવને કેવળ આ લોકના જ હિતની દૃષ્ટિવાળા બની વ્યતીત કરી દેવો, એ દુ:ખમય સંસારની મુસાફરી વધારવા જેવું છે. આ તો સામાન્ય આત્માઓની વાત થઇ, પણ જેઓ પોતાની જાતને સદ્ધર્મના સિદ્ધાન્તોને વફાદાર તરીકે ઓળખાવે છે, તેઓ સદ્ધર્મના સિદ્ધાન્તોની વફાદારી લોકનિન્દાને કારણે ત્યજે, તો એ કારમા વિશ્વાસઘાતીઓ પણ છે. સદ્ધર્મના સિદ્ધાન્તોને વફાદાર તરીકેની નામના ભોગવવી, એ નામનાના બળે મળતાં માનપાન ભોગવવાં અને જ્યારે એ સિદ્ધાન્તોની સામે વિપ્લવ જાગે, ત્યારે સિદ્ધાન્તોનું ગમે તે થાય તેની દરકાર નહિ કરતા જાતને જ બચાવી લેવાના પ્રયત્નો આદરવા, એ

ઘોર સંસારમાં અનન્તકાળને માટે પણ રૂલી જવાનો જ ધંધો છે. સદ્‌ધર્મના સિદ્ધાન્તોની વફાદારીથી મળતા અનેકવિધ અને અનુપમ લાભોનો જો વિવેકપૂર્વક વિચાર કરવામાં આવે, તો કદિપણ, આ લોકની નિન્દામાંથી પોતાની જાતને બચાવી લેવાને માટે, સદ્‌ધર્મના સિદ્ધાન્તોની વફાદારી ત્યજી દેવાનું મન થાય નહિ.

આપણો આત્મા અનાદિકાલથી આ દુ:ખપૂર્ણ એવા સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. અનાદિકાલથી આ સંસારમાં પરિભ્રમણ કરી રહેલા આપણા આત્માને ક્યાં-ક્યાં દુ:ખો નથી સહવાં પડ્યાં ? નારક તરીકે, નિગોદીયા તરીકે અને પશુ-પંખી આદિ તરીકે આ સંસારમાં આપણે જે દુ:ખો ભોગવ્યાં છે, તેનું જો વર્ણન કરવાને બેસીએ, તો તેનો પાર પણ આવે નહિ.

જન્મ, જરા અને મરણનાં દુ:ખને વારંવાર સહવા ઉપરાન્ત, આપણે ભૂખનું, તરસનું, ટાઢનું, તડકાનું, વસ્ત્રહીનતાનું, અનુકૂળ સામગ્રીની હીનતાનું, પ્રતિકૂળ સામગ્રીની પ્રાપ્તિનું, વધનું, બંધનું, છેદનું,રોગનું અને અનેકવિધ અપમાનો તથા કલંકો આદિનું દુ:ખ શું ઓછું સહ્યું છે ?

**સભા :** ઘણું ય સહ્યું હશે.

**પૂજ્યશ્રી** : અનન્તકાળમાં આપણા આત્માઓએ આ બધાં દુ:ખોને કેટલીવાર સહ્યાં હશે, એની ગણત્રી પણ થઇ શકે તેમ નથી. હજુ પણ આપણો આત્મા જો સંસારની રખડપટ્ટીએ ચઢી જાય તો આ બધાં જ દુ:ખો આપણે વારંવાર પણ ભોગવવાં પડે એ સુનિશ્ચિત વાત છે.....

જ્યાં સુધી સંસારની રખડપટ્ટીનો સર્વથા અન્ત આવે નહિ. ત્યાં સુધી દુ:ખનો પણ સર્વથા અન્ત આવે નહિ અને સંસારની રખડપટ્ટીનો અન્ત સદ્‌ધર્મની ઉપાસના વિના આવે એ શક્ય નથી. સદ્‌ધર્મની ઉપાસનામાં રક્ત બનેલા સઘળા જ આત્માઓ, માત્ર એકજ ભવમાં કરેલી આરાધનાથી સંસારની રખડપટ્ટીનો અન્ત પામી શકે છે એમ નથી માત્ર એક જ ભવની સદ્‌ધર્મની આરાધનાથી પણ મુક્તિ પામનારા નથી હોતા એમ નહિ, પણ એવા થોડા. વળી આપણને જે શરીર આદિની સામગ્રી મળી છે. તે સામગ્રી દ્વારા

આપણે આ ભવમાં કદાચ વધુમાં વધુ આરાધના કરીએ તો પણ, આપણે આ ભવમાંથી જ સીધા મુક્તિને પામી શકીએ એ શક્ય નથી, કારણકે, અહીંથી સીધા જ મુક્તિએ પહોંચી શકવા માટે જેટલી આરાધના કરવી જોઇએ, તેટલી આરાધના થવી, એ આજની આપણને મળેલી સામગ્રી દ્વારા શક્ય નથી. છતાં પણ, આપણે જો આ ભવમાં બને તેટલા વધુ પ્રમાણમાં સદ્ધર્મની આરાધનામાં મગ્ન થઇ જઇએ, તો આપણે ઘણા જ અલ્પ કાળમાં મુક્તિને પામી શકીએ અને જ્યાં સુધી મુક્તિ ન પામીએ ત્યાં સુધી પણ પ્રાય: આપણને અનુકૂળ સામગ્રી જ મળ્યા કરે. એથી ઘણુંખરૂં દુ:ખ તો નાશ પામી જાય અને આરાધના પણ વધતી જાય, આ તો પરલોકની વાત થઇ. સદ્ધર્મના વફાદાર આરાધકનો પરલોક સુન્દર બને એ જેમ નિર્વિવાદ વાત છે, તેમ આ લોક પણ સુન્દર બને એ નિર્વિવાદ વાત છે, સદ્ધર્મનો વફાદાર આરાધક સત્ત્વશીલ બનીને, ગમે તેવા વિપરીત સંયોગોની વચ્ચે પણ, અનુપમ કોટિના સમાધિસુખનો ભોક્તા બની શકે છે.

આધિ, વ્યાધિ અને ઉપાધિ પૈકી, એ આત્મા આધિ ઉપર અસામાન્ય વિજય પ્રાપ્ત કરી શકે છે અને એથી એને, વ્યાધિ અને ઉપાધિ, ઇતર આત્માઓની જેમ સતાવી શકતી નથી. કારમા વ્યાધિ વખતે પણ એ પ્રસન્નચિત્ત રહી શકે છે અને ઉપાધિની ઉથલપાથલ વખતેય તે અનુપમ ચિત્ત-શાન્તિને ભોગવી શકે છે. હવે એક તરફ આ બધા લાભોને મૂકો અને બીજી તરફ તમે જે નુકશાનોને ગણાવ્યાં અને મેં પણ સૂચવ્યાં તે નુકશાનોને મૂકો ! બન્નેની તુલના કરી જૂઓ તો !

**સભા** : આટલો બધો વિચાર કરીએ તો તો ધર્મની વફાદારી ખાતર જ સહવી પડતી લોકનિન્દાનો ડર ભાગી ગયા વિના રહે નહિ.

**પૂજ્યશ્રી** : વિચાર તો કરવો જ જોઇએ ને ? વિચાર ન કરો તો બુદ્ધિ મળી તોય શું અને ન મળી તોય શું ? વધુમાં, આપણે જે નુકશાનોની વાત કરી આવ્યા, તે નુકશાનોમાં લોકનિન્દા ભલે નિમિત્ત રૂપ બનતી હોય, પણ તે તે નુકશાનો આપણા તેવા પ્રકારનો અશુભોદય ન હોય તો ન જ પ્રાપ્ત થાય, એ વાત તો માનો છો ને ?

**સભા** : એય બરાબર છે.

**પૂજ્યશ્રી** : એવા વખતે સમજવું જોઈએ કે, 'આ કાંઈ સદ્ધર્મ પ્રત્યેની વફાદારીનું ફળ નથી, પણ મેં પૂર્વકાળમાં જે દુષ્કૃત્યો આચર્યા છે તેનું આ ફળ છે. કદાચ આ ભવમાં દુષ્કૃત્યો ન આચર્યા હોય, પણ પૂર્વભવોમાં આચર્યા હોય, તો તે તેનું પણ ફળ ભોગવવું પડે ને ? ગમે ત્યારે પણ આપણે જ આચરેલાં કૃત્યોનું આપણે ફળ ભોગવવું પડે, તો એથી મૂંઝાવાનું હોય ? ઉલટું, એ ફળ ન ગમતું હોય, તો એવું ફળ ભવિષ્યમાં પ્રાપ્ત થાય નહિ, એ માટે તેવા દુષ્કાર્યોનો જ ત્યાગ કરવાને તત્પર બનવાનું હોય અને એ માટે મુક્ત બનવાની ભાવનાને જ સતેજ બનાવવાની હોય. આથી પણ તમે સમજી શકશો કે, અજ્ઞાન લોકની નિન્દાને કારણે કે એ નિમિત્તે થતા નુકશાનને કારણે પણ, સદ્ધર્મના સિદ્ધાન્તોની વફાદારીને ચૂકી શકાય જ નહિ.

### સારા અને સારા ગણાતા વચ્ચેનો ભેદ

હવે તમે નુકશાનો ગણાવતાં જે એમ કહ્યું હતું કે 'સારા ગણાતા માણસો જોડે બેસવું મુશ્કેલ બની જાય' એ વિષે પણ જરા ખુલાસો કરી લઈએ. સારા અને સારા નહિ હોવા છતાં પણ સારા ગણાતા એમ વિભાગ પાડીને જો તમે સારા ગણાતા માણસોની વાત કરતા હો, તો તે બરાબર છે, પણ એવા ખરાબ હોવા છતાંય અજ્ઞાન દુનિયામાં સારા ગણાતા આદમીઓની સાથે બેસવાનો અભરખો શા માટે હોવો જોઈએ ?

**સભા** : એ વાતેય ખરી છે, પણ ગમે તે કારણે તેવાઓ જોડે બેસવાનું મન થઈ જાય છે.

**પૂજ્યશ્રી** : એ કારણને શોધવાનો પણ તમારે પ્રયત્ન કરવો જોઈએ. કોઈ ને કોઈ પૌદ્ગલિક સ્વાર્થ વિના એવું મન થાય એ શક્ય નથી.બાકી અજ્ઞાન લોકોની નિન્દાને સહીને તેમજ એ નિમિત્તે આવતી આપત્તિઓને પણ સહીને જે આત્માઓ સદ્ધર્મના સિદ્ધાન્તોને વફાદાર બન્યા રહે છે, તેઓ તો, આપોઆપ સારા આદમીઓમાં ઉંચા સ્થાને બેસવાને લાયક બની જાય છે.

આપણો મૂળ મૂદ્દો તો એ છે કે, શ્રી રામચન્દ્રજીએ કરેલી ભૂલને ભૂલરૂપે વર્ણવી, તેવી ભૂલથી બચાવવાનો જે પ્રયત્ન થાય, તેમાં શ્રી રામચન્દ્રજીની નિન્દા નથી. ધર્મદેશકે એવો પણ પ્રયત્ન કરવો જોઈએ. આપણું કહેવું એ છે કે, શ્રી રામચન્દ્રજીએ જેમ યશોલિપ્સાને આધીન

બનીને, મહાસતી એવા શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવાની તત્પરતા દાખવી : પણ શ્રીમતી સીતાજી ઉપરનું કલંક કેમ ટળે એનો કે જંગલમાં શ્રીમતી સીતાજીની તથા ગર્ભમાં રહેલા જીવોની શી દશા થશે? એનો વિચાર કર્યો નહિ. તેમ કલ્યાણના અર્થી આત્માઓએ કદિપણ યશોલિપ્સામાં કે અયશની ભીરૂતાથી ફસાઇને સદ્‌ધર્મની વફાદારીનો ત્યાગ કરવો જોઇએ નહિ. યશોલિપ્સાને આધીન બનેલા આત્માઓને માટે, સ્વયં સદ્‌ધર્મથી વિમુખ બની, બીજા પણ અનેક આત્માઓને સદ્‌ધર્મથી વિમુખ બનાવવા, એ અતિશય સંભવિત વસ્તુ હોઇને, સદ્‌ધર્મશીલ આત્માઓએ તો ખાસ કરીને યશોલિપ્સાથી પણ પર રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ.

### એવી આજની પરિસ્થિતિ છે જ નહિ

**સભા** : લોકહેરીને આધીન નહિ બનેલા હોવા છતાં પણ, વિરોધીઓની 'હા' મા હા અને 'ના' માં ના મેળવવાનો વખત જ આવે ?

એવું કયું કારણ હોય, તે જ બોલોને ?

**સભા** : કહે છે કે, શાસ્ત્રમાં કુવૃષ્ટિ ન્યાય પણ કહ્યો છે ને ?

**પૂજ્યશ્રી** : શાસ્ત્રમાં કુવૃષ્ટિ ન્યાયની રીતે પણ વર્તવાનો વખત આવી લાગશે, એમ કહ્યું છે પણ કુવૃષ્ટિ-ન્યાયનો અમલ કોણ અને ક્યારે કરી શકે, એ જાણો છો ?

**સભા** : સામાન્ય ખબર છે કે રાજા અને મંત્રી ડાહ્યા હતા, છતાં ગાંડા ભેગા ગાંડા બની ગયા હતા.

**પૂજ્યશ્રી** : પણ કયા સંયોગોમાં ? કેટલી ચોક્સાઇપૂર્વક અને કયા હેતુથી ? રાજા-મંત્રીને ડાહ્યા હોવા છતાં પણ ગાંડા બનવું પડ્યું હતું એ જાણો છો ?

**સભા** : કહે છે અત્યારે અમે એ ન્યાયે વર્તી રહ્યા છીએ, બાકી અમે શાસનનાં કામો ક્યાં નથી કર્યાં કે નથી કરતા ?

**પૂજ્યશ્રી** : શાસનનાં કરવા યોગ્ય કામો નહિ કરનારાઓનું આ કથન કેટલે અંશે ગેરવ્યાજબી છે અગર તો વ્યાજબી છે, એ વસ્તુને તમે પણ સારી રીતે સમજી શકો એ માટે, કુવૃષ્ટિ-ન્યાયનું ઉપકારીઓએ ફરમાવેલું ઉદાહરણ, જોઇ લેવું એ ઠીક થઇ પડશે.

### કુવૃષ્ટિ ન્યાયનું દૃષ્ટાંત

શાસ્ત્રકાર, મહાત્મા ફરમાવે છે કે, પૃથ્વીપુરી નામે એક નગરી હતી. એ નગરીમાં પૂર્ણ નામનો રાજા હતો બુદ્ધિનિધાન એવો સુબુદ્ધિ નામે તેને એક મંત્રી હતો. એક વાર એવું બન્યું કે લોકદેવ નામના કોઇ ઉત્તમનૈમિત્તિકને તે સુબુદ્ધિ મંત્રીએ આગામી કાળ સંબંધી પ્રશ્ન પૂછ્યો. લોકદેવ નામના તે નૈમિત્તિકે કહ્યું કે,

'એક મહિના પછી અહીં એવી મેઘની વૃષ્ટિ થવાની છે, કે જે વૃષ્ટિનું પાણી પીતાંની સાથે જ, તે પાણીને પીનારો ગાંડો બની જાય. પણ તે પછી કેટલાક કાળે સુવૃષ્ટિ થશે અને તેનું પાણી પીવાથી, ગાંડો બની ગયેલો લોક પાછો ડાહ્યો બની જશે.'

આથી ચિન્તાતુર બનેલા સુબુદ્ધિ મંત્રીએ એ વાત પૂર્ણ રાજાને જણાવી અને કર્તવ્યપરાયણ પૂર્ણ રાજાએ પણ, પડહ વગડાવીને લોકને સાવધ બનાવ્યો તેમજ સારા પાણીનો સંચય કરી લેવાની આજ્ઞા ફરમાવી.

પેલા નિમિત્તિયાએ કહેલું તે મુજબ કુવૃષ્ટિ થઇ, કુવૃષ્ટિનું પાણી બધે ભરાઇ ગયું. લોકોએ પહેલાં તો કુવૃષ્ટિના એ પાણીને પીધું નહિ, કારણકે રાજાની આજ્ઞાથી સારા પાણીનો સંચય કરી લીધો હતો. પણ જેમ જેમ સારૂં પાણી ખૂટતું ગયું, તેમ તેમ લોકો મૂંઝાવા લાગ્યા અને તરસને સહન નહિ કરી શક્વાથી કુવૃષ્ટિનું પાણી પીવા લાગ્યા. જેમ જેમ લોકો કુવૃષ્ટિનું પાણી પીતા ગયા, તેમ તેમ લોકો ગાંડા બનવા લાગ્યા. દહાડે દહાડે ગાંડાઓની સંખ્યા વધવા લાગી અને ડાહ્યાઓની સંખ્યા ઘટવા લાગી. રાજા અને મંત્રીને આથી દુ:ખ તો ઘણું થાય પણ કરે શું ? લોક્ને સારૂં પાણી આપવાનો તેમની પાસે કોઇ જ ઇલાજ છે નહિ. ધીરે ધીરે રાજાના સામન્તો આદિના ઘરમાં પણ સારૂં પાણી ખૂટ્યું અને તેઓએ પણ જીવ બચાવવાની અભિલાષોથી કુવૃષ્ટિનું પાણી પીધું. એમ કરતાં કરતાં એવો વખત આવી લાગ્યો કે, એક રાજા અને એક મંત્રી, એ બે સિવાયના તે પૃથ્વીપુરી નગરીના સઘળા જ લોકોએ કુવૃષ્ટિનું પાણી પીધું અને સૌ કોઈ ગાંડા બની ગયા.

આ દશામાં રાજા અને મંત્રી સુવૃષ્ટિની રાહ જોઇ રહ્યા છે તેઓને સુવૃષ્ટિની આશાએ બેસી રહેવા સિવાય ચાલે તેમ નથી કારણકે સુવૃષ્ટિ થવી, એ કાંઇ એમના હાથની વાત નથી.

પણ અહીં જુદો જ બનાવ બનવા પામે છે. ગાંડા બની ગયેલા રાજસામન્તો અને બીજા લોકો તો નાચગાન કરે છે, ગમે તેમ હસે બોલે છે, અને બીજી પણ ગાંડાને છાજતી ચેષ્ટાઓ કરે છે. માત્ર રાજા અને મંત્રી એ બે જ જણા તેવું કાંઇ કરતા નથી. આથી ગાંડા બનેલા રાજસામન્તો આદિ નક્કી કરે છે કે, આ બન્ને જણા પાગલ બની ગયા છે, જો તેઓ પાગલ ન બની ગયા હોય, તો આપણી સાથે ભળે કેમ નહિ ?' આપણી માફક નાચ-ગાન વગેરે કેમ કરે નહિ ?

આટલું નક્કી કરીને જ તે ગાંડા બનેલા રાજસામન્તો આદિ અટક્યા નહિ, પણ તેઓએ તો એવો જ નિર્ણય કર્યો કે, 'વિલક્ષણ આચારવાળા આ રાજાને અને મંત્રીને સ્થાનભ્રષ્ટ બનાવીને, આપણે બીજા કોઇ યોગ્ય રાજાની અને મંત્રીની નિમણુંક કરવી.'

ગાંડા બનેલા રાજસામન્તો આદિના આવા નિર્ણયની રાજાને અને મંત્રીને ખબર પડી ગઇ. બન્ને વિચાર કરવા બેઠા કે, 'હવે કરવું શું?' કારણકે, ગાંડાઓ બધા હતા અને ડાહ્યા તો માત્ર આ બે જ જણા હતા. તેઓ ગાંડાઓને સમજાવી શકે કે ડાહ્યા બનાવી શકે તેમ હતું નહિ અને ગાંડાઓ ઉત્પાત મચાવીને રાજ્યની લગામ હાથમાં લઇ લેતો રાજા કે મંત્રી તેનો સામનો કરી શકે એમેય હતું નહિ. આથી રાજસંપત્તિના રક્ષણને માટે તેઓએ નિર્ણય કર્યો કે, 'આપણે પણ હવે ગાંડા ભેગા ગાંડા બની જવું !' ગાંડા ભેગા ગાંડા જ બની જવું, એનો અર્થ એમ નહિ કે, ગાંડા જ બની જવું, પણ મનમાં સમજવા છતાં બહારથી આચરણ ગાંડા જેવું જ રાખવું. આ રીતે ગાંડા જેવો વર્તાવ રાખીને પણ, આપણે બેએ રાજસંપત્તિનું રક્ષણ કરવું અને જ્યારે સુવૃષ્ટિ થશે ત્યારે તો સૌ સારાં વાનાં થઇ રહેશે.

આ પ્રકારના દૃષ્ટાન્તને ફરમાવીને સૂચવાયું છે કે, એવો પણ સમય આવી લાગશે, કે જે સમયે શાસન સંપદાનું સંરક્ષણ કરવું અતિશય મુશ્કેલ બની જશે અને શાસનસંપદાનું સંરક્ષણ કરવાની ભાવનાવાળા ગીતાર્થ મહાત્માઓને પણ વેષધારીઓની જેમ વર્તવું

પડશે ! આ દૃષ્ટાન્તને બરાબર વિચારશો, તો તમે પણ સમજી શકશો કે, કુવૃષ્ટિ ન્યાયનો અમલ કોણ કરી શકે ? અને કુવૃષ્ટિ ન્યાયનો અમલ કેવા સંયોગોમાં થઇ શકે ? આજે જો એવા જ સંયોગો હોય અને એથી જ તેઓ વિચાર જુદા અને વર્તન જૂદું એમ રાખતા હોય, તો વાત જુદી છે, પણ વિચારવા જેવી વાત એ છે કે, 'શું આજે એવા સંયોગો છે ? વેષધારીઓનું જોર એટલું બધું વધી ગએલું છે ? ગીતાર્થ મહાત્માઓ આજ્ઞાનુસારિણી વાત કહે, તો તેને સમજવાને માટે શું કોઈ તૈયાર જ નથી ? શું ગીતાર્થ મહાત્માઓની પડખે રહે, એવા સુસાધુઓ અને સુશ્રાવકો આજે વિદ્યમાન જ નથી ?

**સભા** : આજના સંયોગોમાં એવું તો કશું પણ કહી શકાય એવું નથી.

**પૂજ્યશ્રી** : જે બોલો તે વિચાર કરીને બોલજો. અહીં કાંઈ ને બહાર કાંઇ એવું કરશો નહિ. ન સમજાય કે ન જચે તો પૂછવાની છૂટ છે. હમણાં હમણાં તો ખુલાસાઓ કરવાનું જ કામ મોટે ભાગે ચાલી રહ્યું છે.

**સભા** : પ્રસંગ એવો છે અને આપે પૂછવાની છૂટ આપી છે એટલે આડા અવળા પ્રશ્નો પણ પૂછાય.

**પૂજ્યશ્રી** : તો આપણે ખુલાસો આપવાની ક્યાં ના પાડીએ છીએ? આપણે ખુલાસો આપીએ જ છીએ. આ નિમિત્તે પણ કોઇને ભ્રમણા ભાગે તો એ પણ લાભ જ છે. ખેર, આપણે ત્યાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધ શ્રી સંઘ ગણાય છે. 'કુવૃષ્ટિ ન્યાયનો અમે અમલ કરી રહ્યા છીએ' એમ કહેનારાઓ શું ચતુર્વિધ શ્રી સંઘને પાગલ જેવો બની ગયેલો ધારે છે ? આ વિષયમાં તો ભારપૂર્વક કહેવું જોઈએ કે, આ એક પોકળ બચાવ છે. જેઓ આજે બચાવ કરી રહ્યા છે, તેઓ ઘોર અજ્ઞાનમાં સબડે છે. આજે પણ એવા સંખ્યાબંધ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા વિદ્યમાન છે, કે જેઓ શ્રી જૈનશાસન પ્રત્યે અવિહડ રાગ ધરાવે છે અને સિદ્ધાન્તરક્ષા માટે જાતનો ભોગ આપવો પડે તો જાતનો ભોગ આપવાને પણ તૈયાર છે. કુવૃષ્ટિ ન્યાયના અમલ આદિની વાતો કરનારાઓ તો, તેમના વિશ્વાસમાં રહેલા ધર્મશીલ આત્માઓને પણ ઉન્માર્ગે દોરી રહ્યા છે અને આજ્ઞારત સાધુ - સાધ્વી-

શ્રાવક - શ્રાવિકાની સ્થિતિને કફોડી બનાવી રહ્યા છે. પોતાની લોકૈષણાની કારમી ભૂખને છૂપાવવાને માટે, આ જાતિનો બચાવ કરવાને તૈયાર થવાય, એ તો ઘણું જ ખરાબ છે. પોતાની વાહ-વાહને બની બનાવી રાખવાને માટે પોતાની જાતને ડાહી ઠરાવીને બીજા સર્વને ગાંડા ઠરાવવા તૈયાર થવું, એ ઘણી જ અધમ કોટિની મનોદશા વિના શક્ય નથી. તેઓ જો વિચાર કરે, તો આજે તેમની પાસે પણ એવા અનુયાયીઓ છે કે જેઓ તેમનાથી પ્રેરણા પામીને જૈન શાસનની રક્ષામાં સહાય કર્યા વિના રહે નહિ તેઓ તો એવા ઉત્તમ પણ આત્માઓની સદ્ભાવનાનો નાશ કરવાનું મહાભયંકર પાપ આચરી રહ્યા છે. તમને નથી લાગતું કે, લોકહેરીની કારમી આધીનતાનું જ આ પરિણામ છે ?

**સભા** : હવે તો બરાબર લાગે છે.

### કીર્તિની કારમી લાલસા, દોષનો નશો

**પૂજ્યશ્રી** : ખરેખર, કીર્તિની કારમી લાલસા, સારા પણ આદમીના હાથે ઘણું જ અયોગ્ય એવું પણ કાર્ય કરાવી જ દે છે. અહીં પણ શ્રીરામચંદ્રજી અજ્ઞાન લોકની નિન્દામાંથી પોતાની જાતને બચાવી લેવાને માટે, મહાસતી શ્રીમતી સીતાજીનો સગર્ભાવસ્થામાં પણ ત્યાગ કરી દેવાને તત્પર બન્યા છે. અત્યારે એમને શ્રીમતી સીતાજી જેવાં મહાસતીને લોક અસતી માને એની કે અરણ્યમાં એકલાં શ્રીમતી સીતાજીને છોડી દેવાથી તેમનું અને તેમના ઉદરમાં રહેલાં બાળકોનું શું થશે ? એની કશી જ પડી નથી. એમને ચિન્તા છે માત્ર પોતાની નિન્દા અટકાવવાની ! આથી એમ ન માનતા કે શ્રીમતી સીતાજી માટે એમને કશું જ લાગતું નથી, લાગે છે તો ઘણું, પણ એ ઘણુંય એવું કે જેની પોતાના યશ પાસે કશી જ કિંમત નહિ ! પણ આ તો ધૂન માત્ર છે, શ્રીમતી સીતાજીનો ત્યાગ કર્યા પછી તો, એ મહાસતીનો વિરહ વેઠવો પણ અતિશય ભારે થઇ પડવાનો છે; પણ એ તો જ્યારે આ દોષનો નશો ઉતરશે ત્યારે ! અત્યારે તો શ્રી લક્ષ્મણજી જેવાને પણ તેમણે, 'એક પણ અક્ષર નહિ બોલવાની' આજ્ઞા ફરમાવી દીધી અને એથી શ્રી લક્ષ્મણજીને મોઢા ઉપર કપડાને ઢાંકીને રડતાં રડતાં પોતાના આવાસે ચાલ્યા જવું પડ્યું.

## અવિવેકી બનીને ગુણસંપન્નતાનો અપલાપ કરનારાં બનો નહિ

હવે આપણે આ આઠમા સર્ગના છેલ્લા પ્રસંગને જોવાનો અને વિચારવાનો છે. કે જે પ્રસંગ આ આઠમા સર્ગનાં 'સીતાપરિત્યાગ' એવા નામને સાર્થક બનાવનારો છે. સીતાપરિત્યાગને લગતા આ છેલ્લા પ્રસંગને. શ્રીમતી સીતાજીના સંદેશાએ ખૂબ જ મહત્ત્વનો બનાવી દીધો છે. અન્યાયથી ભરેલું અને અતિશય ક્રૂરતાવાળું ગણાય તેવું પણ પોતાની પ્રત્યે વર્તન ચલાવનાર પોતાના સ્વામીને માટે ય મહાસતીઓની કેવી મનોદશા હોય છે ? તેમજ સદ્ધર્મને પામેલી મહાસતીઓ પોતાના સ્વામીનું કેવા પ્રકારનું કલ્યાણ ચાહનારી હોય છે? એ વસ્તુ મહાસતી શ્રીમતી સીતાજીએ શ્રી રામચન્દ્રજીને કહેવડાયેલા સંદેશા દ્વારા ઘણી જ સુન્દર રીતે સ્પષ્ટ થઇ જાય છે. મહાસતી શ્રીમતી સીતાજીએ શ્રી રામચન્દ્રજીએ કહેવડાવેલા સંદેશાના મર્મને પામી શકનારા પુણ્યાત્માઓ, જરૂર સમજી શકશે કે, મહાભાગ્યશાળી આત્માઓને જ આવી સુન્દર મનોદશાને ધરનારી મહાસતીની પ્રાપ્તિ થાય છે.

**સભા** : છતાં શ્રી રામચન્દ્રજી જેવાએ પણ તેમનો ત્યાગ કરવાનું જ પસંદ કર્યું ને ?

**પૂજ્યશ્રી** : આ વિષે ઘણી વાતો કહેવાઇ ગઇ છે અને ઘણું સ્પષ્ટીકરણ થઇ ચૂક્યું છે. શ્રી રામચન્દ્રજી તદ્‌ભવ મુક્તિગામી આત્મા છે, વિવેકશીલ છે, ન્યાયપરાયણ છે અને તેમ છતાંપણ આ વસ્તુ જ્યારે બની ગઇ છે, ત્યારે સમજવું જોઇએ કે, તથા પ્રકારની ભવિતવ્યતાના યોગે ઉત્તમપણ આત્માથી ક્વચિત અનિચ્છનીય કાર્ય પણ બની જાય છે. શ્રી રામચન્દ્રજીમાં ઘણા ઘણા ગુણો હતા, છતાં તેઓ સઘળા જ દોષોથી રહિત હતા, એમ તો નથી ને ? આ જ ભવમાં સર્વ દોષોથી રહિત અને સર્વ ગુણોથી પરિપુર્ણ એવી અનુપમ દશાને શ્રી રામચન્દ્રજી પ્રાપ્ત કરવાના છે, પણ એ દશા તો જ્યારે પ્રાપ્ત થશે ત્યારે ખરી. એથી અત્યારે તેમનામાં એક પણ દોષ નથી, એમ તો કહી શકાય નહિ ને ? જો કે, આવા ગુણ સંપન્ન પણ આત્માના દોષની વાત આપણે ન છૂટકે જ કરવી પડી છે અને કરવી પડે છે. કારણકે પ્રસંગ એવો જ બની ગયો છે અને આપણે એ પ્રસંગનો પણ વિચાર કર્યા વિના ચાલે તેમ નહિ હતું,

અન્યથા આવા ગુણસંપન્ન આત્માઓની વાત જ્યારે ચાલતી હોય. ત્યારે તેઓના અલ્પ અને સંયોગવશ ઉત્પન્ન થવા પામેલા દોષોને યાદ પણ કરવાના હોય નહિ. પરિપૂર્ણ વીતરાગતાને પામ્યા વિના, સર્વ દોષોથી રહિતપણું અને સર્વ ગુણોથી સંપન્નપણું શક્ય નથી, પરંતુ જ્યાં અમુક વિશિષ્ટ ગુણો હોય છે, ત્યાં તેવા ગુણવિશિષ્ટ આત્માઓની દોષ સંભવિતતાને આગળ કરાય નહિ અને જ્યાં આત્મસ્વભાવને આવરનારા મિથ્યાત્વાદિ દોષોની પ્રધાનતા હોય. ત્યાં અમુક અમુક ગુણો લાગતા હોય, તો પણ તે ગુણો ગુણ રૂપે નહિ હોવાથી, દોષોની પ્રધાનતાને ભૂલી શકાય નહિ. વાંચનાર કે વિચારનાર, બોલનાર કે સાંભળનાર, સૌમાં આ વિવેક હોવો જોઈએ. જેમકે,

*''જીવા દ્વિવિધાઃ । સંસારિણો મુક્તાશ્ચ ।''*

આવું પણ વર્ણન શાસ્ત્રમાં આવે. જીવો બે પ્રકારના છે : એક સંસારી અને બીજા મુક્ત. આ સિવાયના કોઇ પણ પ્રકારના જીવ આ સંસારમાં હતા નહિ, છે નહિ અને હશે પણ નહિ. આ સંસારમાં જેટલા જીવો છે, તેમાં કોઈપણ કાળે વધારો કે ઘટાડો થવાનો નથી. નવા જીવો આવવાના નથી કે વિદ્યમાન જીવો સર્વથા વિનાશને પામવાના નથી, આ સંસારમાં જે કાંઇ વિદ્યમાન છે, તે કોઈને કોઈ રૂપે વિદ્યમાન રહેવાનું છે અને જે કોઈ પણ રૂપે વિદ્યમાન નથી, તેની કોઈપણ કાળે ઉત્પત્તિ થવાની નથી. વિદ્યમાનના રૂપાદિમાં પરિવર્તન થયા કરે એ બને, પણ સર્વથા વિનાશ કે તદ્દન નવીન ઉત્પત્તિ થાય, એ તો કદિ જ બને નહિ. યોગ્ય સંસારી જીવો મુક્ત બને એ બને, પણ તેની વિદ્યમાનતાનો કદિ જ નાશ થાય નહિ. એ જ રીતે વિદ્યમાન જીવોમાં કાં તો જીવ સંસારી હોય અને કાં તો જીવ મુક્ત હોય, પણ ન સંસારી હોય કે ન મુક્ત હોય અને એથી જૂદી એવી જ કોઇ ત્રીજી અવસ્થાવાળો એક પણ જીવ હોય, એ સંભવિત નથી. હવે વિચાર કરો કે, ચૌદમા ગુણ સ્થાનકે રહેલા અયોગી કેવલી એવા પણ આત્માઓ સંસારી ગણાય કે નહિ ? તેરમા ગુણસ્થાનકે વર્તતા શ્રી અરિહન્ત પરમાત્માઓ અને બીજા પણ કેવલજ્ઞાની મહાત્માઓ સંસારી ગણાય કે નહિ ? બારમા ગુણસ્થાનકે વર્તતા અને પરિપૂર્ણ વીતરાગતાને પામી ચૂકેલા પણ પુણ્યાત્માઓ સંસારી ગણાય કે નહિ? ક્ષપકશ્રેણિએ

આરૂઢ થઈને, અનુક્રમે સાત અને એકવીસ સમ્યક્ત્વ અને ચારિત્ર સંબંધી પ્રકૃતિઓનો ક્ષય સાધી રહેલા આત્માઓ પણ સંસારી ગણાય કે નહિ ? અને છઠ્ઠા ગુણસ્થાનકવર્તી આચાર્ય આદિ પણ સંસારી ગણાય કે નહિ ? જ્યારે જીવોનું સિદ્ધ અને સંસારી એમ બે પ્રકારોએ જ વર્ણન ચાલી રહ્યું હોય, તેવા પ્રસંગમાં શ્રી સિદ્ધાત્માઓ સિવાય સર્વ જીવો સંસારી જીવોની કક્ષામાં ગણાય તે સ્વાભાવિક છે પણ તે વાતનું અવલંબન લઈને, ગમે તે વાતમાં સર્વવિરતિધર આચાર્યાદિને સંસારી તરીકે વર્ણવવા તૈયાર થવું, એ મૂર્ખતા છે અને શાસ્ત્રને શસ્ત્ર બનાવવા જેવું છે. કોઈ પણ આત્મા જ્યારે 'સાધુઓ સંસારત્યાગી હોય છે' એવું વર્ણન કરતો હોય, ત્યારે આ વાતનો વિરોધ કરવાને માટે *"જીવા દ્વિવિધાઃ સંસારિણો મુક્તાશ્ચ ।"* - એવી વાતનો ઉપયોગ થઈ શકે ?

**સભા** : નહિ જ.

**પૂજ્યશ્રી** : અને જો કોઈ પણ આત્મા, શાસ્ત્રની એ વાતનો તેવો ઉપયોગ કરે, તો તેણે મુખ્યત્વે પોતાને માટે શાસ્ત્રને શસ્ત્ર રૂપ બનાવ્યું, એમજ ગણાય ને ?

**સભા** : હાજી.

**પૂજ્યશ્રી** : કર્મનિર્જરાની સાધક પ્રવૃત્તિઓને અંગે પણ આવી જ રીતે વિચારવું જોઈએ. શું ખમાસમણ દેવાં, સૂત્રો ઉચ્ચારવાં, એ વગેરે ક્રિયાઓ મુક્તાત્માને કરવાની હોય છે ? નહિ જ, કારણકે, એ અક્રિય અવસ્થા છે. ત્યાં એની જરૂર પણ નથી અને સંભાવના પણ નથી. એ અવસ્થાને આગળ કરીને કોઈ, એ અવસ્થાને પમાડનારી ક્રિયાઓનો અપલાપ કરવા નીકળે તો ?

**સભા** : મિથ્યાત્વના તીવ્ર ઉદય વિના એવી પાપબુદ્ધિ સૂઝે જ નહિ.

**પૂજ્યશ્રી** : એ જ રીતે પ્રશસ્ત રાગ-દ્વેષની વાત. પ્રશસ્ત રાગ દ્વેષ, કે જેના વિના મુક્તિની સાધના જ શક્ય નથી, તેનો વિરોધ કરવાને માટે કોઈ, શાસ્ત્રકાર મહાત્માઓએ ફરમાવેલા વીતરાગતાના ધ્યેયની વાતને આગળ ધરે તો ? પ્રશસ્ત રાગની ઉપાદેયતાના સમર્થનની સામે થવાને માટે જ 'વીતરાગ તેજ બની શકે છે, જે સર્વ

પ્રકારના રાગોનો ત્યાગ કરે છે, માટે પ્રશસ્ત રાગ પણ અપ્રશસ્ત રાગની જેમ હેય જ છે' આવું કોઇ શાસ્ત્રના નામે વર્ણન કરે તો ?

**સભા** : તો એ પણ ઘોર મિથ્યાત્વના ઉદયથી રીબાઇ રહ્યો છે, એમજ માનવું પડે.

**પૂજ્યશ્રી** : આથી આપણે આ વાત સ્પષ્ટ કરી રહ્યા છીએ કે, કોઇપણ વાત કરવી હોય ત્યારેય કલ્યાણકામી આત્માએ વિવેકને વિસરવો જોઇએ નહિ. પરિપૂર્ણ વીતરાગતાને નહિ પામેલા આત્માઓ પણ, એવા ગુણોથી સંપન્ન હોઇ શકે છે, કે જે ગુણોની પાસે અમુક દોષો ગૌણ બની જાય. આટલું સમજ્યા વિના તમે ગુણસંપન્ન પણ આત્માઓના સંભવિત કે સંભાવનીય દોષોને આગળ કરવાથી બચી શકો, એ બહુ મુશ્કેલ છે. શ્રી રામચન્દ્રજીએ ભૂલ કરી છે, ભયંકર ભૂલ કરી છે, પણ એથી તેઓની ગુણસંપન્નતાનો કે મહાભાગ્યશાલિતાનો કોઇપણ રીતે અપલાપ થઇ શકે તેમ નથી, એય એટલી જ ચોક્કસ બીના છે.

### કોઈપણ પ્રકારના આવેશને આધીન ન બનાય તેમ કરવું

કેટલાક સંયોગો એવા હોય છે, કે જે સંયોગોમાં દોષને વિફરતાં વાર લાગે નહિ. વિરલ આત્માઓ જ એથી બચી શકે છે. દોષ વિફરવો, એ પણ એક પ્રકારનો આવેશ છે અને આવેશ એ એક એવી વસ્તુ છે કે એને આધીન બન્યા પછી તો, સારા પણ આત્મા દ્વારા અતિશય અનુચિત એવી પણ ક્રિયા બની જાય. ઉત્તમ આત્માઓ પ્રાય: આવેશને આધીન બને જ નહિ, પણ ક્વ્ચિત્ આવેશને આધીન બની જાય તો અનુચિત ક્રિયા થઇ પણ જાય આ સમજીને આપણે તો, ગમે તેવા સંયોગોમાં પણ આપણો આત્મા કોઇપણ પ્રકારના આવેશને આધીન બને નહિ એવો પ્રયત્ન કરવો જોઇએ. શ્રી રામચન્દ્રજી અત્યારે આવેશમાં છે, તેમણે શ્રીમતી સીતાજીનો ત્યાગ આવેશમાં કરેલો છે, દોષ વિફરે ત્યારે આવું પણ બની જાય એ સંભવિત છે. જો કે, શ્રી રામચન્દ્રજીએ યશની કામનાને આધીન બનીને જે અનુચિત કૃત્ય કર્યું છે, તેનો આપણે બચાવ કરતા નથી પણ આજના કેટલાકોની વાતને લઇએ, તો તેઓ શ્રી રામચન્દ્રજીની આ અનુચિત પણ કરણીની સામે

ટીકાનો એક અક્ષર પણ બોલવાને લાયક નથી, એ નિર્વિવાદ વાત છે. આપણે એ વાત તો એટલા જ ખાતર છેડી નથી કે, એવી વાતથી ભૂલેચૂકે પણ તેવા પ્રકારની યશ:કામનાના ત્યાગની વાતને આંચ આવે નહિ. અજ્ઞાન લોકની નિન્દામાંથી એ રીતે પોતાની જાતને બચાવી લેવાની ભાવનાને લેશ પણ પોષણ ન મળે અને એવી ભાવના સદાને માટે ત્યાજ્ય જ છે એ વાત સારી રીતે તમારા ધ્યાનમાં આવી જાય, એ જ હેતુથી આપણે એ વાતને છેડી નથી અન્યથા, શ્રી રાવણની સ્ત્રીલોલુપતાની સામે એક પણ શબ્દ ઉચ્ચારવાની જેમ આજના ઘણાઓ લાયકાત ધરાવતા નથી, તેમ શ્રી રામચન્દ્રજીની પણ એ યશોલોલુપતાની સામે એક પણ શબ્દ ઉચ્ચારવાની આજના ઘણાઓ લાયકાત ધરાવતા નથી, એ સુનિશ્ચિત વાત છે. શ્રીમતી સીતાજીમાં અતિશય રક્ત એવા પણ શ્રી રાવણે, પોતાના પરસ્ત્રીને બળાત્કારે નહિ ભોગવવાના એક માત્ર નિયમની જ ખાતર, શ્રીમતી સીતાજી ઉપર બળાત્કાર કર્યો નથી. એમની લોલુપતાની ભયંકરતાની સાથે નિયમ પાલનની અડગતા વિચારવા જેવી છે. આમછતાં રસ્તે ચાલતાં પણ જ્યાં ત્યાં ડાફોળીયાં મારનાર માણસો ય શ્રી રાવણની નિન્દા કરવાને તત્પર બની જાય છે, એ શું યોગ્ય છે ? એજ રીતે એક ફૂટડી બૈરી ખાતર ગમે તેવાં અનુચિત આચરણો આચરનારાઓને શ્રી રામચન્દ્રજીના આવા અનુચિત પણ વર્તનની સામે બોલવાનો શો અધિકાર છે ?

**સભા** : કશો જ નહિ.

**પૂજ્યશ્રી** : છતાં આપણે એ વાતને નહિ છેડવાનું કારણ એ જ છે કે, કોઈપણ રીતે દોષત્યાગની ભાવના સતેજ બને.

### પ્રેરક અને ઉપકારક પ્રસંગ

આપણી ચાલુ વાત તો એ હતી કે, આઠમા સર્ગનો છેલ્લો પ્રસંગ વાંચવાની હવે શરૂઆત થાય છે અને એ પ્રસંગ, મહાસતી શ્રીમતી સીતાજીએ શ્રી રામચન્દ્રજીને કહેડાવેલા સંદેશાથી અતિશય મહત્ત્વનો બની ગયો છે. આપણે જે વાતનું શ્રી રામચન્દ્રજીએ કરેલા શ્રીમતી સીતાત્યાગના નિર્ણયને અવલંબીને સ્પષ્ટીકરણ કર્યું છે, તે વાત પણ મહાસતી અને પરમશુદ્ધ શ્રાવિકા સીતાદેવીએ શ્રી રામચન્દ્રજીને

કહેવડાવી છે. દુ:ખમય દશામાં પણ જો વિવેક જાગૃત હોય છે. તો આત્મા ક્વી સુન્દર વિચારણા કરી શકે, એનો પણ ખ્યાલ, મહાસતી શ્રીમતી સીતાજીના વર્તનમાંથી મેળવી શકાય તેમ છે. સ્ત્રીઓને માટે આ પ્રસંગ કદાચ સૌથી વધારે ઉપયોગી છે, એમ કહી શકાય. આ પ્રસંગ અને એમાં તરવરી રહેલી ભાવના જે કોઈ સ્ત્રીના હૈયામાં જચી જાય, તે સ્ત્રી પોતાની અને પોતાના પતિ આદિની પણ ઉદ્ધારક બની શકે એ સુસંભવિત છે. ધર્મશીલ આત્માઓને માટેય આ પ્રસંગ ઘણો મજેનો છે. અજ્ઞાન લોકની નિન્દાથી ગભરાઈને, સ્વપર હિતકારક કર્તવ્યથી ચૂકનારાઓને માટે પણ, આ પ્રસંગ ખૂબજ પ્રેરક અને ઉપકારક છે.



### યાત્રાના બહાને શ્રીમતી સીતાજીને જંગલમાં છોડી દેવાની આજ્ઞા

આપણે જોઇ આવ્યા કે, મહાસતી 'શ્રીમતી સીતાદેવીનો ખોટા લોકાપવાદથી ત્યાગ કરવો, એ કોઇપણ રીતે ઉચિત નથી' એવી શ્રી લક્ષ્મણજીએ પગે પડીને રડતાં રડતાં વિનંતી કરી તે છતાંપણ શ્રી રામચન્દ્રજીએ એ વાતને ગણકારી નહિ. એટલું જ નહિ. પણ એવી સખ્ખત આજ્ઞા ફરમાવી દીધી કે, 'આ વિષયમાં હવે તારે એક અક્ષર પણ ઉચ્ચારવો નહિ.' આથી શ્રી લક્ષ્મણજી કાંઇ પણ બોલ્યા વિના જ, વસ્ત્રથી પોતાનું મોઢું ઢાંકીને રડતા રડતા પોતાના આવાસે ચાલ્યા ગયા.શ્રી લક્ષ્મણજી આ રીતે ચાલ્યા ગયા, એની પણ શ્રી રામચન્દ્રજી ઉપર કશી જ અસર થઇ નહિ, શ્રી રામચન્દ્રજીએ તો શ્રીમતી સીતાત્યાગના પોતાના નિર્ણયને, બને તેટલી વધુ ત્વરાથી અમલમાં મૂકવાની તત્પરતા દાખવી. કદાચ એમને એમ પણ લાગ્યું હોય કે, 'આ વાત જો પ્રસાર પામશે, તો શ્રીમતી સીતાત્યાગમાં અવનવી અડચણો આવીને ખડી થઇ જશે.' વળી એ વિચાર પણ તેમને આવ્યો હોય એ બનવાજોગ છે કે, 'જો આ વાતની શ્રીમતી સીતાને ખબર પડી જશે, તો પણ મુશ્કેલી વધી પડશે.' ગમે તેમ, પણ શ્રી રામચન્દ્રજી બને તેટલી વધુ ત્વરાથી શ્રીમતી સીતાજીનો ત્યાગ કરવાને તત્પર બન્યા છે અને એથી શ્રી લક્ષ્મણજી જેવા ચાલ્યા ગયા કે તરત જ, શ્રી રામચન્દ્રજી પોતાના કૃતાન્તવદન નામના સેનાપતિને આજ્ઞા ફરમાવે છે કે, 'સીતાને સમેતશિખરજી તીર્થની યાત્રાનો દોહદ ઉત્પન્ન થયેલો છે, એટલે તું એ

બહાનાથી શ્રીમતી સીતાને વનમાં લઇ જા !'

**સભા :** શ્રીમતી સીતાજીનો ત્યાગ પણ કપટપૂર્વક ?

**પૂજ્યશ્રી :** એક દોષ અનેક દોષોને જન્માવે તે સ્વાભાવિક છે. શ્રી રામચન્દ્રજીને ખાત્રી છે કે, 'શ્રીમતી સીતાજી મહાસતી છે' અને તેમ છતાં પણ તેમનો ત્યાગ કરવો છે એ નક્કી વાત છે. એટલે આવું કપટ આચરવું જ પડે ને ? સીધી વાત કરે અને શ્રીમતી સીતાજી પૂછે કે, લોક ભલે ગમે તેમ કહે પણ આપ શું માનો છો ?' તો જવાબ શો દેવો ? વળી પોતે મહાસતી હોવા છતાં ખોટા લોકાપવાદને કારણે જ પોતાનો ત્યાગ કરવાને શ્રી રામચન્દ્રજી જેવા તૈયાર થયા છે, એવા વિચારથી શ્રીમતી સીતાજીના હૃદયને સખત આઘાત લાગે અને એથી કદાચ તેમનું મૃત્યુ પણ થઇ જાય, તો તે વખતે શ્રી રામચન્દ્રજીની શી હાલત થાય ? એવું કંઇ બને, તો તો કદાચ એનો એ નિન્દક લોક પણ એવોય અપવાદ બોલતાં અચકાય નહિ કે, 'લોકોએ વાતો કરી, એટલે રામે બૈરીને મારી નાખી.'

**સભા :** શ્રીમતી સીતાજીને સગર્ભા હાલતમાં વનમાં એકલાં છોડે, એથી પણ નિન્દા થાય ને ?

**પૂજ્યશ્રી :** એમાં ઘણો ફેર છે. શ્રી રામચન્દ્રજી શ્રીમતી સીતાજીનો ત્યાગ કરી રહ્યા છે, પણ તે છૂપી રીતે ! લોક શ્રીમતી સીતાજીનો ત્યાગ કર્યો એટલુ જ જાણે, પણ જો ક્યાં અને કેવી રીતે શ્રીમતી સીતાજીનો ત્યાગ કરાયો એ ન જાણે, તો કદાચ અજ્ઞાન લોકમાં નિન્દાને બદલે પ્રશંસાય થાય કે 'ગમે તેમ પણ રામે અપવાદ જાણ્યો કે તરત પોતાની અતિ પ્રિય પણ પત્નીનો ત્યાગ કર્યો !'

### શ્રીમતી સીતાજીને લઇને કૃતાન્તવદન રવાના થાય છે

ખેર, કૃતાન્તવદન શ્રી રામચન્દ્રજીની એ આજ્ઞાનો અમલ કરવાને તત્પર બન્યો, તત્પર બન્યો શું, તેને તત્પર બનવું પડ્યું કારણકે એ ગમે તેવો તોય નોકર હતો. શ્રી રામચન્દ્રજીની આજ્ઞા ઉત્થાપવાનું તેનામાં સામર્થ્ય નહોતું. એ જાણતો હતો કે, 'શ્રીમતી સીતાજી મહાસતી છે અને તેમનો ત્યાગ કરવામાં શ્રી રામચન્દ્રજી ભૂલ કરી રહ્યા છે.' પણ એ કરે શું ? વાસુદેવ એવા પણ શ્રી લક્ષ્મણજીને મોઢું ઢાંકીને રડતાં રડતાં ચાલ્યા જવું પડ્યું, ત્યાં કૃતાન્તવદન જેવા નોકરથી તો બોલાય જ શું ? એનું હૈયું 

 બળી રહ્યું છે. પણ બળતા હૈયે તેને શ્રી રામચન્દ્રજીના હુકમને તાબે થયા વિના ચાલે તેમ નથી.

**સભા :** નોકરી છોડી દે.

**પૂજ્યશ્રી** : નોકરી છોડવી એ તો સામાન્ય વાત છે. પણ રાજહુકમનો ભંગ કરવો, એ તો કદાચ મૃત્યુને નોતરવા જેવું ગણાય અને બધા એટલા તૈયાર ન હોય તે સ્વાભાવિક છે. હવે બળતે હૈયે પણ શ્રી રામચન્દ્રજીની આજ્ઞાનો અમલ જ કરવાનો હોઇને, તે ઠાવકે મોંઢે સીતાદેવીની પાસે જાય છે અને કહે છે કે, 'શ્રી સમેતશિખરજીની યાત્રાર્થે આપને લઇ જવાની શ્રી રામચન્દ્રજીએ મને આજ્ઞા ફરમાવી છે અને એ માટે રથ તૈયાર છે, તો આપ પધારો !' શ્રી રામચન્દ્રજીની આજ્ઞાથી શ્રીમતી સીતાદેવી ધર્મક્રિયાઓમાં રક્ત હતાં જ અને વળી શ્રી સમેતશિખરજી તીર્થની યાત્રા કરવાનો તેમનો દોહદ પણ હતો એટલે શ્રી રામચન્દ્રજીના વિશ્વાસુ સેનાપતિએ શ્રી રામચન્દ્રજીની આવી આજ્ઞા સંભળાવી કે તરત જ તેઓ આવીને રથમાં બેઠાં અને શ્રી રામચન્દ્રજીની આજ્ઞા મુજબ કૃતાન્તવદને પણ રથને એકદમ મારી મૂક્યો.



### દુર્નિમિત્તો અને અપશુકનો

નિમિત્તો અને શકુનો, એ પણ એક એવી વસ્તુ છે, કે જેના દ્વારા જાણકારો સારા નરસા ભાવિનો ખ્યાલ મેળવી શકે છે. સારાં નિમિત્તો અગર સારા શકુનો જેમ સારા ભાવિનાં સૂચક ગણાય છે, તેમ ખરાબ નિમિત્તો અગર ખરાબ શકુનો દુર્ભાવિનાં સૂચક ગણાય છે. મુહૂર્ત કરતાં પણ શકુન બળવાન ગણાય છે. નિમિત્ત અગર શકુન ભાવિને ઘડનાર છે એમ નથી, પણ તેવા પ્રકારના ભાવિનાં તે સૂચક છે. દેશ-કાલાદિના પણ તથા-પ્રકારના યોગને પામીને શુભાશુભ કર્મો ઉદયને પામે છે. આથી જ ઉપકારી મહાપુરૂષોએ દીક્ષા જેવી પવિત્ર ક્રિયાને માટે પણ શુભ મુહૂર્તાદિને લેવાનો વિધિ બાંધેલો છે. અહીં આ વાત આપણે એ માટે કરી રહ્યા છીએ કે, રથમાં બેસીને જ્યારે શ્રીમતી સીતાજી નીકળ્યાં, ત્યારે તેમને સારાં નિમિત્તોનો કે સારા શકુનોનો યોગ ન થયો, પણ દુર્નિમિતોનો અને અપશકુનોનો યોગ થયો, એમ કથાકાર પરમર્ષિ આચાર્ય ભગવાને અત્રે ફરમાવેલ છે. રથમાં બેઠેલાં શ્રીમતી સીતાજી આ

જુએ છે અને જાણે પણ છે કે આ નિમિત્તો અને આ શકુનો ઠીક નથી પણ સરળતાને કારણે, એ વિષે શ્રીમતી સીતાજી કશો વિચાર જ કરતાં નથી.

**સભા :** એમ કેમ?

**પૂજ્યશ્રી** : પોતાને શ્રી સમેતશિખરજીની યાત્રા કરવાની ઘણી જ તીવ્ર ઇચ્છા છે અને એ માટે જ પોતાને લઇ જવામાં આવે છે એમ શ્રીમતી સીતાજી માને છે. વળી શ્રી રામચન્દ્રજીની-પોતાના સ્વામીની આજ્ઞાથી પોતે જઇ રહ્યાં છે અને સ્વભાવનાં સરલ છે. એ બધાના યોગે દુર્નિમિત્તો અને અપશકુનોનો યોગ થવા છતાંપણ, શ્રીમતી સીતાદેવીને બીજા વિચારો ન આવે એ સહજ છે.

**શ્રીમતી સીતાજીનો કૃતાન્તવદનને પ્રશ્ન કૃતાન્તવદનનો દર્દભર્યો જવાબ.**

અહીં તો રથ પૂરજોસમાં ચાલી રહ્યો છે. કૃતાન્તવદન બને એટલી ઉતાવળ કરી રહ્યા છે એમ કરતાં કરતાં તેઓ ગંગાસાગર ઉતરીને સિંહનિનાદ અરણ્યમાં આવી પહોંચે છે. અરણ્યમાં આવી પહોંચ્યા બાદ, કૃતાન્તવદન રથને થોભાવે છે અને નીચે ઉતરીને કોઇ ઊંડા વિચારમાં ગરકાવ બન્યો હોય, એ રીતે ઉભો રહે છે. ધીરે ધીરે તેની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડે છે અને તેનું મોઢું પણ ફીક્કું પડી જાય છે. કૃતાન્તવદનને આ રીતે મૂંગો મૂંગો છતાં રડતો, મ્લાન મુખવાળો અને ચિન્તાતુર બની ગયેલો હોય તેમ ઉભેલો જોઇને, શ્રીમતી સીતાજી મૂંઝાય છે. શ્રીમતી સીતાજીને તો હજુ કશી જ કલ્પના નથી, એટલે કૃતાન્તવદનની આવી ચેષ્ટાને જોઇને તેઓ મૂંઝાય તે સ્વાભાવિક છે. બીજી તરફ 'તેમનો ત્યાગ કરાયો છે તથા તેમને આ અરણ્યમાં છોડી દેવાને માટે જ પોતે અહીં લઇ આવ્યો છે' એ વાત શ્રીમતી સીતાજીને કહેવાને માટે કૃતાન્તવદનની જીભ ઉપડતી નથી. આથી જ તે આવી રીતે વગર બોલ્યે ચાલ્યે ઉભો રહ્યો છે. શ્રીમતી સીતાજી તેને આવી રીતે મૌન ધારીને ઉભેલો જોઇને પૂછે છે કે, 'છે શું? તારા મનમાં શું દુઃખ છે? શોકગ્રસ્તની જેમ દુઃખી મને તું આમ કેમ ઉભો છે ?'

**કૃતાન્તવદનનું દર્દભર્યું કથન**

હવે કૃતાન્તવદન શું કહે ? જીભ ઉપડતી નથી અને કહ્યા વિના

ચાલે તેમ નથી. આ વખતે તો તેને પોતાના સેવકપણા ઉપર ખૂબ ખૂબ તિરસ્કાર છૂટે છે. તેને એમ થઈ જાય છે કે, 'હું નોકર હોઈને જ મારે આ કરવું પડ્યું ને ?' મહામુસીબતે તે બોલવા માંડે છે. અને તે શ્રીમતી સીતાજીને એ કહે છે કે,

'હે પવિત્ર દેવિ ! આપ પૂછો છો, પણ હું શી રીતે દુર્વચન બોલું? હું સેવકપણાથી દૂષિત છું અને એથી જ મારે આ દુષ્કર એવું પણ કામ કરવું પડ્યું છે. આપને શ્રી રાવણના આવાસમાં જે રહેવું પડ્યું, તેને અંગે લોકોએ જન્માવેલા અપવાદથી ડરી ગયેલા શ્રી રામચન્દ્રજીએ. આપનો વનમાં ત્યાગ કર્યો છે. ચરપુરૂષોએ આવીને જ્યારે એ અપવાદ શ્રી રામચન્દ્રજીને કહ્યો અને એથી શ્રી રામચન્દ્રજી જ્યારે આપનો ત્યાગ કરવાને ઉદ્યત બન્યા, ત્યારે શ્રી લક્ષ્મણજીએ તો લોકો ઉપરના ક્રોધથી લાલચોળ નેત્રોવાળા બનીને, આપનો ત્યાગ નહિ કરવાની શ્રી રામચન્દ્રજીને વિનંતી કરી, પણ શ્રી રામચન્દ્રજીએ કોઈપણ રીતે જેનો અમલ થવો જ જોઈએ એવી સિદ્ધાજ્ઞા દ્વારા શ્રી લક્ષ્મણજીને બોલતા બંધ કરી દીધા, એટલે તે રડતા રડતા ચાલ્યા ગયા અને બીજી તરફ શ્રી રામચન્દ્રજીએ આ કાર્ય માટે મને મોકલ્યો. દેવિ ! ખરેખર, હું પાપી જ છું. શ્વાપદોથી આકીર્ણ એવું આ વન મૃત્યુના એક નિકેતન સમું છે. આવા અરણ્યમાં મારાથી ત્યજાએલાં આપ, કેવલ આપના પ્રભાવથી જ જીવી શકશો.'

### શ્રીમતી સીતાજીને કારમો આઘાત લાગે છે

કૃતાન્તવદને આ રીતે પોતાને જે કાંઈ કહેવાનું હતું તે કહ્યું તો ખરૂ, પણ એનું કથન જોતાં આપણે સમજી શકીએ છીએ કે, એણે આ વાત ખૂબ દર્દભરી રીતે અને બહુ જાળવી જાળવીને જ ઉચ્ચારી છે. આમ છતાં એ વાત જ એવી છે, કે જે શ્રીમતી સીતાજીના હૈયાને કારમો આઘાત પહોંચાડ્યા વિના રહે નહિ. આવી આફતને લેશ પણ આઘાત વિના સમભાવે સહી લેવાનું સામર્થ્ય કોઈમાં જ નથી હોતું એમ તો નહિ, પણ જવલ્લે જ હોય એ તો ચોક્કસ. પોતે નિર્દોષ છે, ત્યજનાર પણ જાણે છે કે, આ નિર્દોષ છે અને સગર્ભાવસ્થામાં તજી દેવાની આજ્ઞા ફરમાવતાં પહેલાં પોતાને કશું જ પૂછવામાં આવતું નથી આ બધા સંયોગોમાં હૃદયને કારમો આઘાત પહોંચે, તો તે કોઈપણ રીતે આશ્ચર્યકારક કે વિચિત્ર વસ્તુ ગણાય નહિ. જો કે આવા અગર તો

આથી પણ વધારે વિષમ સંયોગોમાં ય અદીનતા ટકી રહે, આઘાત થાય નહિ અને સમભાવ બન્યો રહે એવું સામર્થ્ય પ્રાપ્ત કરવાનો જ પ્રયત્ન કરવો જોઇએ, પણ એ સામર્થ્યની પ્રાપ્તિ બહુ વિરલ આત્માઓને જ થાય છે.

અહીં તો પરમઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે, કૃતાન્તવદને કહેલી વાત સાંભળતાંની સાથે જ શ્રીમતી સીતાજી મૂર્ચ્છાધીન બની જાય છે અને મૂર્ચ્છિત એવાં તે રથમાંથી સીધા જ જમીન ઉપર ગબડી પડે છે. આ જોઇને કૃતાન્તવદનને તો એમ જ થઇ જાય છે કે, 'ખલાસ. મહાસતી શ્રીમતી સીતાજી સખત આઘાતના વિષે મૃત્યુ જ પામ્યાં.' અને આથી પોતાને પાપી માનતો કૃતાન્તવદન, એકદમ રડવા માંડે છે.

**વારંવાર મૂર્ચ્છા**

આ રીતે કૃતાન્તવદન રડી રહ્યો છે, તે વખતે વનમાં વાયુ વહી રહ્યો છે અને એ વનવાયુથી શ્રીમતી સીતાજી કાંઇક ચેતનાને પ્રાપ્ત કરે છે. વનવાયુથી કાંઇક ચેતનાને પામેલા શ્રીમતી સીતાજી પુનઃ મૂર્ચ્છાને પામે છે, વારંવાર એવું બને છે. શ્રીમતી સીતાજી ઘડીમાં મૂર્ચ્છાને પામે છે, તો ઘડીમાં ચેતનાને પામે છે.

**શ્રી રામચન્દ્રજી સાથે વાત કરવાથી**
**કાંઇ જ વળે તેમ છે નહિ**

આમ ઘણો કાળ વહી ગયા બાદ, શ્રીમતી સીતાજી સ્વસ્થતાને પ્રાપ્ત કરીને કૃતાન્તવદનને પૂછે છે કે,

*"इतोऽयोध्या कियद्दूरे ?,*
*रामस्तिष्ठति कुत्र वा ?"*

અહીંથી અયોધ્યા નગરી કેટલે દૂર છે ? અથવા શ્રી રામચન્દ્રજી હાલ ક્યાં છે ? કૃતાન્તવદન શ્રીમતી સીતાજીના આ પ્રશ્નના હેતુને કળી જાય છે. પણ એ જાણે છે કે, 'હવે ખુદ શ્રીમતી સીતાજી પણ શ્રી રામચન્દ્રજીને મળે, તોય તેનો કાંઇ અર્થ જ નથી. શ્રી રામચન્દ્રજી અત્યારે કોઇની પણ વાતને કાને ધરે એ શક્ય જ નથી. અને આવી ઉગ્ર આજ્ઞા કરનારની શ્રીમતી સીતાજીએ તો વાત પણ શા માટે કરવી

જોઈએ ?' આથી કૃતાન્તવદન કહે છે કે, 'દેવિ ! અયોધ્યા તો અહીંથી દૂર છે, પણ આપ આવો પ્રશ્ન શા માટે પૂછો છો ? ઉગ્ર એવી આજ્ઞાવાળા શ્રી રામચન્દ્રજીની તો વાત જ કરવા જેવી નથી.' જ્યારે શ્રી રામચન્દ્રજીએ શ્રી લક્ષ્મણજીનું કહ્યું માન્યું નહિ અને કૃતાન્તવદનને શ્રીમતી સીતાજીને વનમાં છોડી આવવાની આજ્ઞા ફરમાવી, તે વખતે શ્રી બિભીષણ અને સુગ્રીવ હાજર હતા; તે છતાં પણ, તેઓ કેમ કાંઈ બોલ્યા નહિ, તેનો ખુલાસો કૃતાન્તવદનના આ કથનમાંથી પણ મળી રહે છે. એક તો શ્રી રામચન્દ્રજીની એવી છાયા જ હતી, કે જેથી તેમની આ આજ્ઞાની સામે કોઈથી પણ કાંઈ બોલી શકાય નહિ અને વધુમાં તેઓ આ પ્રસંગમાં ઘણા ઉગ્ર બની ગયા હતા. સીતાત્યાગના પોતાના નિર્ણયને ફેરવવાને પોતે કોઈપણ સંયોગોમાં તૈયાર નથી, એમ શ્રી રામચન્દ્રજીની વાણી પણ કહી આપતી હતી. આથી જ કૃતાન્તવદન શ્રીમતી સીતાજીને પણ એમજ સમજાવે છે કે, 'શ્રી રામચન્દ્રજીની વાર્તાથી સર્યું !' કૃતાન્તવદનના આ શબ્દોમાં શ્રી રામચન્દ્રજી પ્રત્યેની તીખાશ પણ છે. એ એમ પણ સૂચવતો લાગે છે કે, 'આ જાતિનું આપની સાથે વર્તન કરનાર તેમની, આપે વાત પણ શા માટે કરવી જોઈએ ?'



# મહાસતી સીતાદેવીનો સંદેશ

## ૧૧

'સીતા પરિત્યાગ' આ નામને સાર્થક બનાવનાર છેલ્લા પ્રસંગને મહત્ત્વ આપનાર શ્રીમતી સીતાજીનો સન્દેશ છે. અન્યાય અને અતિશય ક્રૂર એવા વર્તન ચલાવનાર પોતાના સ્વામી પ્રત્યે એક મહાસતીએ 'મહાસતીઓની મનોદશાનો' અતિ સ્પષ્ટ ખ્યાલ આપે એવો સંદેશ આપ્યો છે.

આપણે જાણીએ છીએ કે ખોટા લોકોપવાદથી સીતાદેવીના ત્યાગનો નિર્ણય કરી પછી શ્રી લક્ષ્મણજીની આજીજીભરી વિનંતીને પણ અવગણી છે અને પછી શ્રી રામચન્દ્રજીએ શ્રી સમેતશિખર તીર્થની યાત્રાના બહાને જંગલમાં છોડી દેવાની આજ્ઞા કરી. કૃતાન્તવદન સેનાની તેઓને લઈને ભારે દુઃખાતે હૈયે રવાના થાય છે, જંગલમાં પહોંચીને હકીકત કહેવા અસમર્થ સેનાનીના રુદનથી શંકિત સીતાજી વિગત જાણીને કારમો આઘાત અનુભવે છે. મૂર્ચ્છિત બને છે. અને કૃતાન્તવદનને શ્રી રામચંદ્રજીને પહોંચાડવાનો જે સન્દેશો આપે છે તે તેઓના હૃદય સૌન્દર્યનું દર્શન કરાવે તેવો છે. આ ભાગના આ છેલ્લા પ્રકરણમાં આ વાતની સાથે કૃતાન્તવદની સુંદર વિચારણા આપણે વાંચીએ...

-શ્રી

## મહાસતી સીતાદેવીનો સંદેશ

- મારી પરીક્ષા તો કરવી હતી
- હું મારા કર્મો ભોગવીશ પણ આપનું કૃત્ય વિવેક કુળને અનુરૂપ નથી
- મિથ્યાદ્રષ્ટિઓની વાણીથી શ્રી જિનભાષિત ધર્મને તજશો નહિ
- શ્રીમતી સીતાજીનું હ્રદય સૌન્દર્ય
- મહાસતી શ્રીમતી સીતાજીને જીવનમાં આદર્શ બનાવો !
- શુભાશુભ કર્મોના વિવેકપૂર્વકનો વિચાર
- પતિના આત્મહિતની કાળજી રાખવી, એ પણ સતી સ્ત્રીનો ધર્મ છે જ
- સ્વકલ્યાણની ભાવના વિના સાચા પરકલ્યાણની ભાવના પ્રગટે નહિ
- લોકહેરીમાં પડેલાઓને માટે ધર્મત્યાગ, એ પણ કોઇ અશક્ય વસ્તુ નથી
- કૃતાન્તવદનની સુંદર વિચારણા



# ૧૧

## મહાસતી સીતાદેવીનો સંદેશ



કૃતાન્તવદનના મુખેથી આ પ્રમાણે સાંભળવા છતાંપણ શ્રી રામચન્દ્રજી પ્રત્યેની શ્રીમતી સીતાજીની ભક્તિમાં ફેર પડતો નથી. 'ઉગ્ર આજ્ઞાવાળા શ્રી રામચન્દ્રજીની વાર્તાથી સર્યું' એમ કૃતાન્તવદને કહેવા છતાંય, પરમ પતિભક્તા શ્રીમતી સીતાજી પુનઃ પણ કહે છે કે, 'હે ભદ્ર ! મારા આ સંદેશાને તું શ્રી રામચન્દ્રજીને સર્વ પ્રકારે કહેજે ! અર્થાત્ 'આ હું તને જે કહું છું, તે તું શ્રી રામચન્દ્રજીની પાસે જઇને યથાયોગ્ય રૂપે જણાવજે !'

આ પ્રમાણે કહીને મહાસતી શ્રીમતી સીતાદેવી શ્રી રામચન્દ્રજીને જે સંદેશો કહેવડાવે છે, તેનું વર્ણન કરતાં પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*"यदि निर्वादभीतस्त्वं, परीक्षां नाकृथा कथम् ? ।*
*शंकास्थाने हि सर्वोऽपि, दिव्यादि लभते जनः ॥१॥*
*"अनुमोक्ष्ये स्वकर्माणि, मन्दभाग्या वनेऽप्यहम् ।*
*नानारुपं त्वकार्षीस्त्वं, विवेकस्य कुलस्य च ॥२॥*
*"यथा खलगिरा त्याक्षीः, स्वामिन्नेकपदेऽपि माम् ।*
*तथा मिथ्यादृशां वाचा, मा धर्मं जिनभाषितम् ॥३॥"*

મહાસતી શ્રીમતી સીતાદેવીએ આ સંદેશો ખૂબ જ વલોવાતે હૃદયે ઉચ્ચાર્યો છે. આ સંદેશો સૂચવે છે કે, શ્રીમતી સીતાજીનું હૈયું વેદના અને ચિન્તાથી એકદમ ભરાઇ ગયું છે. શ્રીમતી સીતાજીને એમ થઇ ગયું છે કે, 'શ્રી રામચન્દ્રજીએ આ કર્યું શું ? ડરી જઇને પણ તેમણે આવું વિચારહીન પગલું ભરવાની જરૂર શી હતી ? તે ડરી ગયા તો મારી

પરીક્ષા કરી શકતા હતા. તેમ તેમના વિવેકને અને કુલને ન છાજે, એવું આ સાહસ તેમણે શું વિચારીને કર્યું ? મારી વાત તો બાજુએ રહી, પણ તેઓ જો લુચ્ચા આદમીઓની વાતોથી આવી જ રીતે ડરી જાય, તો તેમની કઈ દશા થાય ? આજે ડરી જઇને તેમણે મારો ત્યાગ કર્યો, તો કાલે કદાચ સદ્ધર્મનો ત્યાગ કરે અને એમ થાય તો તેમનું ભાવિ કેટલું બધું ખરાબ થઇ જાય ?' શ્રીમતી સીતાજીના હૈયામાં આ જ જાતિની વેદના તેમજ ચિન્તા હતી અને એથી જ શ્રીમતી સીતાજી પોતાના સંદેશામાં એ વાતને જણાવી દેતાંની સાથે જ મૂર્છા પામીને ભૂમિ ઉપર પટકાઇ પડ્યાં છે.



### મારી પરીક્ષા તો કરવી હતી

શ્રીમતી સીતાજી સૌથી પહેલી વાત તો એ ભાવની કહેવડાવે છે કે, 'હે નાથ ! આપ જ્યારે લોકાપવાદથી ભય પામ્યા, તો પછી આપે મારી પરીક્ષા શા માટે કરી નહિ ? આપ જાણો છો કે, દિવ્યો દ્વારા પણ સત્યાસત્યની પરીક્ષા કરી શકાય છે અને શંકાસ્થાને સૌ કોઈ એમ કરે પણ છે; એ રીતે આપ પણ દિવ્યાદિ દ્વારા મારી પરીક્ષા કરી શક્તા હતા. આપ જો દિવ્યાદિ દ્વારા મારી પરીક્ષા કરવાને તૈયાર થયા હોત, તો હું કાંઇ એનો ઈન્કાર કરત નહિ ! અરે, આપે જો મને આ રીતે ત્યજતાં પહેલાં વાત કરી હોત, તો હું પણ કહેત કે - સર્વ લોક કરે છે તેમ આપ પણ મારી દિવ્યાદિ દ્વારા પરીક્ષા કરો ! આપે જો એ રીતે મારી પરીક્ષા કરી હોત, તો લુચ્ચા લોકોએ ઉત્પન્ન કરેલો અપવાદ ટળી જાત, સર્વ કોઇને મારા સતીપણા વિષેની ખાત્રી થઇ જાત, એટલે ભવિષ્યમાં આવો કોઈ અપવાદ ઉત્પન્ન થવાને અવકાશ રહેત નહિ, આપને આવી રીતે મારો ત્યાગ પણ કરવો પડત નહિ અને મારે માથે પણ આવી આફત આવત નહિ !'

### હું મારા કર્મો ભોગવીશ પણ આપનું કૃત્ય વિવેક કુળને અનુરૂપ નથી

આ પછી શ્રીમતી સીતાજી એવા ભાવનું કહેવડાવે છે કે, 'મારે માથે આવી આફત આવી પડી છે, એ માટે આપને હું શું કહું ? હું જ મન્દભાગ્યા છું. હું સમજું છું કે, મારા અશુભોદયે જ મારે શિરે આ

કારમી આફત આવી છે; અને એથી હું તો અહીં વનમાંય મારાં પૂર્વકૃત કર્મોને ભોગવીશ, પણ હે નાથ ! આપે જે આ રીતે મારો ત્યાગ કર્યો, એ શું આપનાં વિવેકને અને આપના કુળને છાજતું કર્યું છે ? આપ વિવેકી છો અને આપનું કુલ ઉત્તમ છે, માટે જ મારે કહેવું પડે છે કે, આપે જે કર્યું છે. તે તો કોઈપણ રીતે આપના વિવેકને અને કુલને અનુરૂપ નથી જ ! સત્યાસત્યની પરીક્ષા કરવાનું જે કોઈ પણ રીતે શક્ય હોય, તે રીતે પરીક્ષા કરીને અસત્યનો અનાદર કરવાપૂર્વક સત્યનો આદર કરવો, એ જ આપના વિવેકને અને કુલને અનુરૂપ ગણાય. કોઈ અવિવેકીએ અગર અકુલીને આવું દુ:સાહસ કર્યું હોય, તો તે ક્ષન્તવ્ય ગણાય પણ આપના જેવા વિવેકી અને કુલીન આવું દુસ્સાહસ કરે ! તે કેમ જ ક્ષન્તવ્ય ગણાય ? આપનું આ કૃત્ય આપના વિવેકને અને કુલને કલંક લગાડનારૂં છે, એજ મારા દુ:ખનો વિષય છે. મારા અશુભોદયને તો હું ભોગવી લઈશ, પણ આપનું આ કલંક કેમ ટળશે ?'

### મિથ્યાદ્રષ્ટિઓની વાણીથી શ્રી જિનભાષિત ધર્મને તજશો નહિ

મહાસતી શ્રીમતી સીતાજીએ કહેવડાવેલી આ બે વાતો તો એવી છે, કે જે સદ્ધર્મને નહિ પામેલી હોવા છતાંપણ ભાગ્યને માનનારી અને આ રીતે ત્યજાએલી શીલવતી સ્ત્રી કહેવડાવી શકે પણ મહાસતી શ્રીમતી સીતાજીએ જે છેલ્લી વાત કહેવડાવી છે, તેમાં તો તેમનું સુશ્રાવિકાપણું ઘણી જ સુન્દર રીતે ઝળહળી રહ્યું છે. શ્રી રામચન્દ્રજીના ભાવિની ચિન્તા એમા સુસ્પષ્ટપણે તરવરી રહેલી જણાય છે. શ્રીમતી સીતાજી એવા ભાવનું કહેવડાવે છે કે, 'ખલજનોની વાણીથી આપે એક જ ધડાકે મારો ત્યાગ કરી દીધો, એ જો કે આપે અનુચિત જ કર્યું છે, છતાં એમાં એટલી બધી હાનિ નથી; પણ મને એ ચિન્તા થાય છે કે, ખલજનોની વાણીથી આટલા બધા દોરવાઇ જનારા આપ, મિથ્યાદૃષ્ટિ આત્માઓની વાણીથી શ્રી જિનભાષિત ધર્મનો ત્યાગ કરનારા તો નહિ બની જાઓ ને ? હું આપની પાસેથી ગઇ એ તો સામાન્ય વાત છે, પણ જો શ્રી જિનભાષિત ધર્મ આપની પાસેથી જશે, તો આપનું થશે શું ? આથી ખલજનોની વાણીનાં કારણે ત્યજાએલી એવી પણ આપની

સીતા આપને વિનંતિ કરે છે કે, 'હે સ્વામિન્ ! આપે જેમ ખલજનોની વાણીથી એક જ ધડાકે મારો ત્યાગ કરી દીધો, તેમ મિથ્યાદૃષ્ટિ આત્માઓની વાણીથી આપ શ્રી જિનભાષિત ધર્મનો ત્યાગ કરશો નહિ !'

### શ્રીમતી સીતાજીનું હૃદય સૌન્દર્ય

જો કે, પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ બધી જ વાતોનું અક્ષરશઃ નિરૂપણ કરેલું છે અને આપણે તેના અર્થ માત્રનો જ ઉચ્ચાર કર્યો છે એમ નથી; પણ એ પરમ ઉપકારી મહાત્માએ જે નિરૂપણ કર્યું છે, તેની પાછળ આ બધો ભાવ સમાએલો છે, એમ કોઈપણ વિચક્ષણ આત્મા સહજમાં સમજી શકે તેમ છે. હવે તમે વિચાર કરો કે, શ્રીમતી સીતાજીએ જે સંયોગોમાં આ સંદેશો કહેવડાવ્યો છે, એ સંયોગો કેવા છે ? અને એવા પણ સંયોગોની વચ્ચે એ શું કહેવડાવે છે ? જેનાં હૈયામાં પોતાના પતિના ધર્મ માટેની આટલી બધી ચિન્તા છે, તેવી મહાસતી સ્ત્રી મહાભાગ્યશાળીઓને જ મળે, એમ હવે તમને લાગે છે ને ?

પોતાની પત્ની ઉપર તદ્દન ખોટું કલંક આવ્યું, ત્યારે તેના નિવારણનો કોઈપણ ઉપાય નહિ કરતાં પોતાની પત્નીનો જ ત્યાગ કરી દેવાને તત્પર બનનારા અને લોક નિન્દામાંથી પોતાની જાતને બચાવી લેવાને માટે કપટનો આશ્રય લઈને પણ, જંગલમાં શીલવતી પણ પત્નીને ત્યજાવી દેનાર પતિ માટે, શું ત્યજાએલી પત્નીના હૈયામાં દુર્ભાવ ન આવે ? એને ગાળો દેવાનું મન ન થઈ જાય ?

**સભા** : વિવેકને અને કુળને છાજતું નથી કર્યું, એમ તો કહેવડાવ્યું છે ને ?

**પૂજ્યશ્રી** : એ દુર્ભાવથી કહેવડાવ્યું છે ? એને ગાળો દીધી કહેવાય ? હિતની કામનાથી ઉપાલંભના શબ્દો કહેવાય, એને દુર્ભાવ અને ગાળોની કોટિમાં લઈ જવાય, તો તો એ કારમુ અજ્ઞાન જ ગણાય.

**સભા** : આ તો ખુલાસો થઈ ગયો.

**પૂજ્યશ્રી** : પૂછ્યું એ ખરાબ કર્યું એમ નહિ, પણ આવો વિચાર જ હૈયામાં જન્મવો જોઈએ નહિ. એ મહાસતીએ તો ચોખ્ખું કહેવડાવ્યું છે કે, 'મન્દભાગ્યા એવી હું વનમાં પણ મારાં કર્મોને ભોગવીશ.' આ

વાતને કેમ ભૂલી જાઓ છો ? બાકી અનુચિત કાર્યને કરતા પતિને પણ સતી સ્ત્રીઓ, પોતાની મર્યાદામાં રહીને ઉપાલંભના શબ્દો પણ સંભળાવી શકે છે. શું તમે એમ માનો છો કે, સાચી હિતકામનાથી નીકળતા ઉપાલંભના શબ્દો, દુર્ભાવવાળા આત્માના મુખમાંથી જ નીકળી શકે ? અને જે કોઈ ઉપાલંભના શબ્દો કહે, તે સર્વ દુર્ભાવવાળા જ હોય ?

**સભા** : ના જી.

**પૂજ્યશ્રી** : ખરેખર, આવાં સુન્દર હૈયા તો તેવા આત્માઓને જ પ્રાપ્ત થાય છે કે જેઓની ભવિતવ્યતા સુન્દર હોય છે.

**મહાસતી શ્રીમતી સીતાજીને જીવનમાં આદર્શ બનાવો !**

સાચા સતીપણાને પામવાની અભિલાષાવાળી સ્ત્રીઓએ મહાસતી શ્રીમતી સીતાજીને આદર્શ બનાવી લેવાની જરૂર છે. મહાસતી શ્રીમતી સીતાજીના જેવા હૃદયસૌન્દર્યને પામેલી સ્ત્રીઓ, દુષ્ટમાં દુષ્ટ એવા પણ પતિ પ્રત્યે દુર્ભાવવાળી બનવાથી બચી શકશે તેમજ પતિ અને કુટુમ્બ આદિની ઉદ્ધારક પણ બની શકશે. પતિ દુષ્ટ બને, અમાનુષી વર્તન ચલાવે, ભયંકર ત્રાસ દે - એ બધું જ ખરાબ હોવા છતાંપણ, સતી સ્ત્રીઓએ પોતાના પવિત્ર કર્તવ્યની સામે જ નજર રાખવી જોઇએ કર્તવ્યભ્રષ્ટ બનનાર, નથી પોતાનો ઉદ્ધાર સાધી શકાતો કે નથી બીજા કોઈનો ઉદ્ધાર સાધી શકતો. સામો મારા પ્રત્યેના કર્તવ્યને ચૂક્યો, તો મારે પણ એના તરફના મારા કર્તવ્યને ચૂકવું જોઇએ - એવો વિચાર કરનાર અને એ રીતે વર્તનાર સ્ત્રી કે પુરૂષ, હિતકારી માર્ગથી ભ્રષ્ટ જ થાય છે. મહાસતી શ્રીમતી સીતાદેવીએ જો એવો વિચાર કર્યો હોત, તો તેઓ પોતાના મહાસતીપણાને પણ ગુમાવી બેસત. મહાસતી શ્રીમતી સીતાજીએ એવો વિચાર નથી કર્યો, પણ એક પતિભક્તા સુશ્રાવિકાને છાજતો જ વિચાર કર્યો છે અને એથી જ એ મહાસતીનું વર્તન મહાપુરૂષોની પણ પ્રશંસાને પામી શક્યું છે. આજની સ્ત્રીઓ જો આ વસ્તુને બરાબર સમજી લે, હૃદયમાં ઓતપ્રોત બનાવી લે અને જીવનમાં એનો શક્ય એટલો અમલ કરવાને જો તત્પર બની જાય, તો આજના અનેકવિધ મૂંઝવનારા ગણાતા પ્રશ્નોનો નિકાલ સહજમાં આવી જાય.

સ્ત્રીઓએ કોઇપણ સંયોગોમાં પોતાના કર્તવ્યને ભુલવું જોઇએ નહિ અને પતિના કલ્યાણની પૂરતી કાળજી રાખવી જોઇએ. એમ મહાસતી શ્રીમતી સીતાજીનો આ સંદેશો પણ સૂચવી રહ્યો છે. આજના સંયોગોમાં આ વાત રૂચવી ઘણી મુશ્કેલ છે, બહુ જ થોડી સ્ત્રીઓને આ વાત રૂચે એ સંભવિત છે, પણ કલ્યાણની કામનાવાળી દરેક સ્ત્રીએ આ વાતને અપનાવી લેવી એ જ શ્રેયસ્કર છે.

### શુભાશુભ કર્મોના વિવેકપૂર્વકનો વિચાર

મહાસતી શ્રીમતી સીતાજીએ શ્રી રામચન્દ્રજીને ઉપાલંભના શબ્દો જણાવીને જેમ તેમના કર્તવ્યનો ખ્યાલ આપ્યો છે. તેમ તે મહાસતીએ પોતાના ભાગ્યદોષને પણ, વિચાર્યો જ છે. શુભાશુભ કર્મનો વિવેકપૂર્વકનો વિચાર આત્માને ઉન્મત્ત અને હતાશ બનતાં બચાવી લે છે એ વિચાર દોષિત પ્રતિ પણ દયાળુ બનાવનારો છે ગમે તેવી તકલીફમાં મૂકનાર પણ આત્મા તરફ, એ વિચારના યોગે દુર્ભાવ જન્મતો નથી. ખરાબમાં ખરાબ સ્થિતિ વેળાએ પણ એ વિચાર, આત્માને ખોટી ગભરામણમાંથી બચાવી લે છે અને આપત્તિને સમભાવે સહવાનું સામર્થ્ય સમર્પે છે. એ વિચાર તો મોક્ષની અભિલાષોને પણ સતેજ બનાવનારો છે. મોક્ષની સાધનામાં, એ વિચાર આત્માને ખૂબ જ ઉત્સાહિત બનાવી શકે છે. દુઃખભરી સ્થિતિમાં પણ આત્મિક સુખનો અનુભવ કરવાને માટે, આ વિચાર ખૂબ જ સહાયક નિવડે છે. પૌદ્‌ગલિક સુખની વિપુલ સામગ્રી મળી હોય, તેવા સમયે પણ આ વિચાર આત્માને વિરાગભાવમાં રમતો બનાવી શકે છે. શ્રીમતી સીતાજીએ શ્રી રામચન્દ્રજીને કહેવડાવેલા સંદેશામાંથી આ બોધપાઠ પણ લઇ શકાય તેમ છે. આફત દેનારને પણ દોષ દેવા તત્પર નહિ બનતાં પોતાના દુષ્કર્મને દોષ દેવો, એ સામાન્ય વસ્તુ નથી. પોતાના દુષ્કર્મને દોષ દેવો, એ પોતાના આત્માને જ દોષ દેવા બરાબર છે અને જે આત્માઓ એ રીતે પોતાના દોષને સમજી શકે છે, તેઓ પોતાના આત્માને સર્વથા દોષરહિત બનાવી દેવાને માટે, સારી રીતે ઉજમાલ પણ બની શકે છે. અને પોતાના આત્માને સર્વથા દોષરહિત બનાવવાની ભાવનાથી પ્રેરાઇને દોષરહિત

બનવાના યથાસ્થિત માર્ગને સેવવામાં ઉજમાલ બનેલા આત્માઓને માટે. કોઈપણ કલ્યાણ અપ્રાપ્ય નથી, એ પણ નિર્વિવાદ વાત છે. આથી તમે સમજી શકશો કે, શુભાશુભ કર્મ સંબંધી જો વિવેકપૂર્વક વિચાર કરતાં આવડે. તો એથી પણ આત્મા ઘણા ઘણા લાભને પામી શકે છે.

**પતિના આત્મહિતની કાળજી રાખવી, એ પણ સતી સ્ત્રીઓનો ધર્મ છે જ**

શ્રીમતી સીતાજીનો આ સંદેશો એ વાત પણ સૂચવે છે કે, સ્ત્રીઓએ પોતાના સ્વામીના આત્મહિતની પણ ખૂબ ખૂબ કાળજી રાખવી જોઈએ. જો કે. પતિએ પણ પત્નીના આત્મહિતની પૂરેપૂરી કાળજી રાખવી જ જોઈએ, પણ અહીં સ્ત્રીનો પ્રસંગ હોઈને. એ વાત સ્ત્રીને અંગે સૂચવાય છે. પત્ની જેટલે અંશે પતિના આત્મહિતની પણ કાળજી ન રાખે, તેટલે અંશે એ પોતાના કર્તવ્યને ચૂકે જ છે, કોઈ પણ રીતે પતિને ખુશ રાખવો - એટલો જ સતી સ્ત્રીઓનો ધર્મ નથી. સતી સ્ત્રીઓનો ધર્મ તો એ પણ છે કે, તેમણે પતિના આત્મહિતની ખૂબ ખૂબ કાળજી રાખવી. એ માટે પોતાને દુઃખ વેઠવું પડે તો દુઃખ વેઠીને પણ, સતી સ્ત્રીએ પતિને કલ્યાણ માર્ગે યોજવાનો અને કલ્યાણમાર્ગે યોજાએલો પતિ કલ્યાણમાર્ગમાં ખૂબ ખૂબ સુસ્થિત બને તેવો પ્રયત્ન કરવો જોઈએ પોતાના કષ્ટને માટે પતિને કલ્યાણ માર્ગની સાધનામાં યોજાતાં રોકાવા અગર તો કલ્યાણમાર્ગે યોજાએલા પતિને કલ્યાણમાર્ગથી ભ્રષ્ટ બનાવવાનો પ્રયત્ન કરવો, એ મોહનો જ ચાળો છે. મોહથી મૂંઝાએલી પત્ની, સ્વભાવે સારી હોવા છતાં પણ, એવું અપકૃત્ય કરી બેસે એ જો કે સંભવિત છે, પણ કલ્યાણને ચાહનારી પત્નીએ તો એવી મોહની મૂંઝવણથી સદાને માટે પર રહેવાનો જ પ્રયત્ન કરવો જોઈએ.

**સ્વકલ્યાણની ભાવના વિના સાચા પરકલ્યાણની ભાવના પ્રગટે નહિ**

શ્રી રામચન્દ્રજીના આત્માની મહાસતી શ્રીમતી સીતાજીએ કરેલી ચિન્તાને, બીજા પણ આત્માઓ પોતાના માટે પ્રેરક બનાવી શકે છે. પિતા પુત્ર, રાજા પ્રજા, પતિ-પત્ની, સ્વામી સેવક, વડિલ - લઘુ, ભાઈ -

બેન, નણંદ - ભોજાઇ આદિ સૌ કોઇએ પરસ્પરના આત્મકલ્યાણની ભાવના કેળવવી જોઇએ. આપણને મળેલ કુટુમ્બીઓ કોઇપણ રીતે ધર્મને પામે અને આરાધે, એ ભાવના સૌએ અપનાવવી જોઇએ. કોઈનો પણ આત્મા અકલ્યાણને સાધનારો નહિ બનતાં, કલ્યાણને સાધનારો જ બને - એ ભાવના સૌ કોઇએ કેળવવી જોઇએ. પણ એ ભાવના ક્યારે જન્મે એ જાણો છો ? પોતાના આત્માના વાસ્તવિક કલ્યાણની ભાવના જન્મે ત્યારે ! જેનામાં પોતાના આત્માના વાસ્તવિક કલ્યાણની ભાવના જાગી નથી, તે પરના સાચા આત્મકલ્યાણની ભાવનાથી ભાવિત મતિવાળો બની શકતો જ નથી. શ્રીમતી સીતાજીના હૈયામાં પોતાના આત્માના વાસ્તવિક કલ્યાણની ભાવના હતી અને માટે જ શ્રીમતી સીતાજી શ્રી રામચન્દ્રજીને કહેવડાવી શક્યાં છે કે, 'ખલોની વાણીથી દોરવાઇ જઇને આપે જેમ મારો ત્યાગ કર્યો, તેમ મિથ્યાદૃષ્ટિઓની વાણીથી દોરવાઇ જઇને આપ શ્રી જિનભાષિત ધર્મનો ત્યાગ કરશો નહિ !'

### લોકહેરીમાં પડેલાઓને માટે ધર્મત્યાગ, એ પણ કોઇ અશક્ય વસ્તુ નથી

મહાસતી શ્રીમતી સીતાજીના આ કથનમાંથી, અજ્ઞાન લોકની નિન્દાથી ડરનારાઓ પણ સુન્દર પ્રેરણા મેળવી શકે તેમ છે. ખલોની નિન્દાથી પોતાની જાતને બચાવી લેવાને માટે, જેઓ છતા સામર્થ્યે પણ સિદ્ધાન્તરક્ષાના પોતાના કર્તવ્યની ઉપેક્ષા સેવે છે, તેઓ અજ્ઞાન લોકથી મોહ પામીને, ક્યારે સદ્‌ધર્મને ત્યજી દેનારા બનશે, તે કહી શકાય નહિ. ખલોની નિન્દા જેને એટલા બધા પ્રમાણમાં ડરાવી શકે છે, તે આદમી ધર્મ પ્રત્યે રાગ ધરાવનારો હોય તોય કરી શું શકે ? એ દુર્ગુણની સાથે અજ્ઞાનલોકની પ્રશંસાના અર્થીપણા રૂપ દુર્ગુણોનો યોગ મળી જાય, તો ધર્મત્યાગ એ કાંઇ અશક્ય વસ્તુ નથી. મહાસતી શ્રીમતી સીતાજી માને છે કે, ખલજનોની નિન્દાથી જેઓ પોતાના વિવેક અને કુળને નહિ છાજતું એવું પણ કૃત્ય કરવાને તૈયાર થઇ જાય છે, તેઓ મિથ્યાદૃષ્ટિ આત્માઓની વાણીથી શ્રી જિનભાષિત ધર્મનો ત્યાગ

કરનારા પણ ઘણી જ સહેલાઇથી બની શકે છે. મહાસતી શ્રીમતી સીતાજીની આ વાત, લોકહેરીમાં પડેલા ધર્માચાર્યો આદિએ પણ ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. તેઓને માટે પણ આઠમા સર્ગનો આ અન્તિમ પ્રસંગ અને ખાસ કરીને શ્રીમતી સીતાજીના સંદેશામાંની આ વાત ખૂબ જ પ્રેરક અને ઉપકારક છે.

### કૃતાન્તવદનની સુંદર વિચારણા

આપણે જોઇ ગયા છીએ કે, પોતાના પતિ શ્રી રામચન્દ્રજીને પહોંચાડવાનો સંદેશો કૃતાન્તવદનને સાંભળ્યા બાદ, મહાસતી શ્રીમતી સીતાજી પુનઃ પણ મૂર્છા પામીને જમીન ઉપર પટાકાયાં છે. થોડી વારે તેઓ ચેતનાને પામે છે, ઉઠે છે અને કહે છે કે, 'મારા વિના શ્રી રામચન્દ્રજી જીવશે શી રીતે ? અરે, રે, હું તો મરી ગઇ છું !' આ શબ્દો મોહના યોગે જ બોલાયા છે. આવા ઉત્તમ પણ આત્માઓને મોહ આ રીતે સતાવે છે. ખરેખર, મોહને માર્યા વિના છૂટકો જ નથી. મોહને માર્યા વિના આત્માને સાચા સુખની પ્રાપ્તિ થતી નથી.

**સભા** : મરી ગઇ એમ કહેવાય ?

**પૂજ્યશ્રી** : અતિ દુઃખના યોગે એવું પણ બોલાઇ જાય. આવા શબ્દો આફ્તની મોહમય અસરના સૂચક છે. ખેર, એટલું બોલ્યા પછી મહાસતી શ્રીમતી સીતાજી કહે છે કે,


'શ્રી રામચન્દ્રજીને કહેજે કે, સીતા આપનું કલ્યાણ ઇચ્છે છે અને શ્રી લક્ષ્મણજીને મારી આશિષ જણાવજે. હે વત્સ ! હવે તું શ્રી રામચન્દ્રજીની પાસે જા. તારો માર્ગ કલ્યાણકારી હો !' શ્રીમતી સીતાજીની આ બધી વાતો સાંભળીને કૃતાન્તવદન તો દિઙ્મૂઢ જેવો બની ગયો છે એને એ જ થાય છે કે, 'શ્રી રામચન્દ્રજીનું કૃત્યુ કેવું અને શ્રીમતી સીતાજીની ભાવના કેવી ? ધન્ય છે આવી સતીઓને ! આ શ્રીમતી સીતાજી, ખરેખર જ, સતીઓમાં શ્રેષ્ઠ છે.' હવે પોતાને જવાનું હોઇને કૃતાન્તવદન ખૂબ ખૂબ રીતે મહાસતી શ્રીમતી સીતાજીને પ્રણામ કરે છે અને શ્રીમતી સીતાજીને વનમાં છોડી ધીરે ધીરે પાછો ફરે છે. રસ્તે પણ એ જ ચિન્તવે છે કે, 'આવા પણ વિપરીત વૃત્તિવાળા સ્વામીને વિષે જે મહાસતી આવી ભક્તિ અને આવી ભાવનાવાળી છે, તેથી આ મહાસતી ખરેખર જ સતીઓમાં મુખ્ય છે.'

કૃતાન્તવદનના હૈયામાં જે ભાવના ઉદ્દ્ભવી, તે ભાવના યોગ્ય આત્માઓના અન્તરમાં ઉદ્દ્ભવવી એ સ્વાભાવિક જ છે. કૃતાન્તવદનના હૈયામાં એ પ્રસંગ નજરે જોવાથી આવી ભાવના ઉદ્દ્ભવી અને આપણા હૈયામાં એ પ્રસંગના કથાકાર પરમર્ષિએ કરેલા આલેખનના વાંચન અને શ્રવણથી એ ભાવના ઉદ્દ્ભવે. આવી ભાવના યોગ્ય આત્માઓના અન્તરમાં જ ઉદ્દ્ભવે છે. અને આવી ભાવના પણ આત્માને સુનિર્મળ બનાવવામાં સહાયક નિવડે છે.

હવે આવી ભાવનાથી ભાવિત અન્તઃકરણવાળો કૃતાન્તવદન . અયોધ્યા પહોંચીને શ્રી રામચન્દ્રજીને શ્રી સીતાદેવીનો સંદેશ આપે છે.

**॥ ઈતિશ્રી ષષ્ઠમ્ ભાગ સમાપ્ત ॥**





**સૂરિમંત્ર સમારાધન સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થમાળા**

- *गौतमपृच्छा सटीक*
- *रूपसेन चरित्र*
- *कुर्मापुत्र चरित्रम् सटीक*
- *अर्हदभिषेक पूजन*
- *श्रृंगार वैराग्य तरंगिणी*
- *उत्तराध्ययन कथासंग्रह*
- *जीतकल्पसूत्रम् कल्प व्यवहार-निशिथसूत्राणि च*
- *उपदेश प्रदीप (पद्य)*
- *नवतत्व संवेदन प्रकरण सटीक*
- *समवसरण साहित्य संग्रह*
- *रत्नपाल नृपचरित्रम्*
- *गौतम कुलकम्*
- *पंचस्तोत्राणि*
- *सुसढ चरित्रम्*
- *श्राद्धगुण विवरण - सटीक - भाषांतर*
- *प्रश्नपद्धति- सानुवाद*

**વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રન્થમાળા**

૧. ધોધ ધર્મ દેશનાનો
૨. પરમગુરુની જીવન સંધ્યા
(ઢળતી સાંજની દ્વિતિયાવૃત્તિ
૩. બોધદાયક કથાઓ
૪. સાધુવેશનો મહિમા
૫. જગદ્‌ગુરુ આચાર્ય ભગવાન વિજય હીરસૂરીશ્વરજી મહારાજ
૬. પરિચય પુસ્તિકા
૭. કરાલ કલિકાળ
- *परमगुरू की जीवनसंध्या*


**પ્રકાશિત થનારા પુસ્તકો**
**શ્રી જયાનંદકેવલી ચરિત્ર**

**શ્રી મુક્તિ-મહોદય ગ્રન્થમાળા**

- યોગદષ્ટિ સજ્ઝાય (સાર્થ)
- જીવન જ્યોતના અજવાળા
- સૂરિરામ સજ્ઝાય સરિતા
- સાધના અને સાધક
- સુપાત્રદાન મહિમા વિધિ
- પ્રશ્ન પદ્ધતિ
- પાપમુક્તિ અર્થાત્ ભવ આલોચના–૧–૨
- અબ મોહે સમ્યગ્‌દર્શન દીજીએ...
- પંચ પ્રતિક્રમણ સૂત્ર
- હું તો માંગુ સમ્યગદર્શન
- બાલ રામાયણ
- *बाल रामायण*
- *पापमुक्ति अर्थात् भव आलोचना १-२*
- *पापमुक्ति अर्थात् भव आलोचना १-*
- *क्युं कर भक्ति करुं ?*
- શ્રી હૃદયપ્રદીપ ષટ્‌ત્રિંશિકા
- શ્રી વીશસ્થાનક તપ મહાપૂજા

**મુક્તિકિરણ હિન્દી-ગુજરાતી ગ્રંથમાળા**

૧. ગુણ ગાવે સો ગુણ પાવે
૨. સાગરકાંઠે છબછબીયા
૩. વાણીવર્ષા
૪. કરીએ પાપ પરિહાર
૫. મનના ઝરુખે
૬. પ્રભુવીર અને ઉપસર્ગો
૭. પંચમાંગ શ્રી ભગવતીસૂત્રમ્ ભાગ–૧
૮. પ્રભુવીરના દશ શ્રાવકો
૯. નવપદ શરણ
૧૦. ભગવાન શ્રી વજ્રસ્વામીજી
૧૧. ગાગરમાં સાગર
૧૨. હું આત્માં
૧૩. *मन एक झरोखा*
૧૪. *प्रभुवीर के दश श्रावक*
૧૫. *प्रभुवीर एवं उपसर्ग*
૧૬. *नवपद ही शरण*
૧૭. *दर्द और दवा*



***શ્રી સ્મૃતિમંદિર પ્રકાશનના સદસ્યોની શુભ નામાવલી***

**મુખ્ય આધારસ્તંભ :**

★ શ્રી દિનેશકુમાર અચલદાસ શાહ, અમદાવાદ

**આધારસ્તંભ :**

★ શાહ ચીમન પોપટલાલ પીલુચાવળા (સુરત)

★ સદૈવ સ્મરણીય સહયોગી :

★ શાહ હસમુખભાઈ અમૃતલાલ, લાડોલ

★ શ્રેષ્ઠિવર્ય શ્રી કેસરીચંદ મોતીચંદજી શાહ, દમણ

**મોભી :**

★ પૂ. મુનિરાજ શ્રી ચારિત્રસુંદર વિજયજી મ. સ્મૃતિ

★ શ્રી સમરથમલજી જીવાજી વિનાકીયા પરિવાર - પૂના

★ શ્રી આશાભાઈ સોમાભાઈ પટેલ, સુભાનપુરા-બરોડા

★ પ્રેમિલાબેન વસંતલાલ સંકલેચા પરિવાર, સેલવાસ-વાપી

**સહાયક :**

★ પરમગુરુ સૂરિત્રય સંયમસુવર્ણોત્સવ સ્મૃતિ

★ પૂ.સા.શ્રી હર્ષપૂર્ણાશ્રીજીની સ્મૃતિ નિમિત્તે હ.કૈલાસબેન

★ પૂ.સા.શ્રી ચારિત્રરત્નાશ્રીજી મ. વર્ધમાન તપ સ્મૃતિ

★ શ્રીમતી શોભનાબેન ચંપકલાલ કોઠારી, મુંબઈ

★ શ્રીમતી ગુલાબબેન નવિનચંદ્ર શાહ, મુંબઈ

★ શેઠશ્રી પન્નાલાલ ઝુમખરામ, મુંબઈ

★ શેઠશ્રી ગેનમલજી ચુનીલાલજી બાફના, કોલ્હાપુર

★ શ્રી સંભવનાથ વાંચના સમિતિ, મુંબઈ

★ શેઠશ્રી તરુણભાઈ પોપટલાલ, લાડોલ

★ મીનાક્ષીબેન સાકરચંદ હ. કુંજેશ, મુંબઈ

★ શેઠશ્રી જેસીંગલાલ ચોથાલાલ મેપાણી, મુંબઈ

★ શ્રીમતી વિમલાબેન રતિલાલ વોરા, મુંબઈ

★ શેઠશ્રી પ્રવિણકુમાર વાલચંદ શેઠ, નાસિક

★ શેઠશ્રી બાબુલાલ મંગળજી ઉંબરીવાલા, મુંબઈ

★ શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, આણંદ

★ નૈનાબેન રમેશચંદ્ર કાન્તીલાલ ચોક્સી

★ શ્રી મહેન્દ્રભાઈ મગનલાલ શાહ, અમદાવાદ

★ માતુશ્રી લક્ષ્મીબેન કેશવજી છેડા, મુંબઈ (ગામ-ભચાઉ)

★ શ્રીમતી રૂક્ષ્મણીબેન પ્રાણલાલ છગનલાલ શેઠ પરીવાર, મલાડ-મુંબઈ

★ શ્રીમતી કલાવતીબેન કીર્તિકુમાર શાહ, લોદ્રા


**આત્મજાગરણનો ઉજાસ અને મુક્તિપથ પર**

પ્રકાશ પાથરતું...


# મુક્તિકિરણ

**હિન્દી માસિક/ગુજરાતી પાક્ષિક**

આજીવન લવાજમ રૂ. ૭૫૦

***પ્રકાશક :*** *શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન*

*અમદાવાદ*

# રામાયણ અને સૂરિરામ

સિદ્ધહસ્તલેખક પૂ.આ.શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચન્દ્રાચાર્ય**-વિરચિત ૧૦ પર્વો/વિભાગોમાં વિસ્તૃત/ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્રનાં સાતમાં પર્વમાં રામાયણ તરીકે પ્રસિદ્ધ કથાવસ્તુ વર્ણિત છે. શલાકા-પુરુષનો અર્થ ઉત્તમ પુરુષ થાય. એથી સાર્થક નામ ધરાવતાં આ ચરિત્રમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, નવનવની સંખ્યા ધરાવતા બળદેવો-વાસુદેવો અને પ્રતિવાસુદેવોનાં જીવન રજૂ થયાં છે. શ્રી મુનિસુવ્રત સ્વામીજી ભગવાનના કાળમાં થઈ ગયેલા આઠમા બળદેવ રામચન્દ્રજી, વાસુદેવ રાવણ અને પ્રતિવાસુદેવ લક્ષ્મણજીની જીવન-કથા એટલે જ રામાયણ !

**રામાયણ એટલે રજોહરણની ખાણ** ! આ જાતનો સૌ પ્રથમ પરિચય જૈન જગતને કરાવનારા પૂ. મુનિરાજ શ્રી **રામવિજયજી** મહારાજ હતા. વિ.સં. ૧૯૮૫/૧૯૮૬ની સાલમાં મુંબઈ લાલબાગ ભૂલેશ્વરના આંગણે આ જ પૂજ્યશ્રીએ જૈન રામાયણના આધારે આપેલાં પ્રવચનોના પ્રભાવે જ જૈન જગતને એવો ખ્યાલ આવવા પામ્યો હતો કે, **જૈન રામાયણ એટલે જ રજોહરણની ખાણ ! જેમાં પાને પાને અને પાત્રે પાત્રે જોવા મળે દીક્ષાનું સન્માન !**

રામાયણની રસધારાના સૌ પ્રથમ ઉદ્ગાતા બનવાનું શ્રેય જેમના શિરે અભિષેકી શકાય, એવા આ પૂ. પ્રવચનકારશ્રી જ આગળ જતાં વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા તરીકે રામાયણ એટલે સંસ્કૃતિનો આદર્શ આ રીતની અનોખી ઓળખાણ અજૈનોને પણ આપવાના યશભાગી બનવા સફળ રહ્યા હતા. વિ.સં. ૨૦૦૭માં અમદાવાદમાં પ્રેમાભાઈ હોલમાં પ્રતિ રવિવારે જાહેર પ્રવચનો રુપે પૂ. પ્રવચનકારશ્રીએ રામાયણના માધ્યમે સંસ્કૃતિનો સંદેશ સુણાવ્યો અને અમદાવાદનાં અનેક દૈનિકોએ સ્વયંભૂ પ્રેરણાથી પ્રેરિત બનીને એ સંદેશનો જે રીતે વ્યાપક ફેલાવો કર્યો, એના પ્રતાપે જ અજૈન જગતને પણ એ વાતનો ખ્યાલ આવવા પામ્યો કે, જૈનોનું પણ એક અદ્ભુત રામાયણ છે અને સંસ્કૃતિના અજોડ આદર્શથી એ સમૃદ્ધ છે.

આમ, જૈન-અજૈન જગતમાં રામાયણના પ્રથમ પ્રવક્તા- પ્રવચનકાર તરીકેનાં માન-સન્માનના એકમાત્ર અધિકારી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનાં શ્રીમુખે વિવેચિત જૈન રામાયણની પુસ્તક શ્રેણીને વાંચીશું, તો રામાયણ એટલે રજોહરણની ખાણ અને રામાયણ એટલે સંસ્કૃતિનો આદર્શ-આ જાતનો પરિચય કેટલો બધો યથાર્થ છે, એ સમજાઈ ગયા વિના નહીં જ રહે. આ શ્રેણીનું આકર્ષક સંપાદન-સંકલન કરીને પ્રસિદ્ધ પ્રવચનકાર આચાર્ય શ્રી વિજય **શ્રેયાંસપ્રભસૂરિજી**એ તથા પ્રકાશન-લાભ લઈને **પિંડવાડા નિવાસી લાલચંદજી છગનલાલજી પરિવારે** અદ્ભુત ગુરુભક્તિ અદા કર્યાનો અહેસાસ પણ સાથે સાથે થશે જ.



*( જૈન રામાયણ: રજોહરણની ખાણ : ભાગ-૧ પ્રસ્તાવનામાંથી)*

# જૈન રામાયણ

## રજોહરણની ખાણ

**પ્રશસ્ત : અપ્રશસ્ત**

પ્રશસ્ત ઉગ્રતા સારી, પણ દાંભિક
શાંતિ ખરાબ.
પ્રશસ્ત ઉગ્રતા સ્વ-પર લાભકારી,
દાંભિક શાંતિ સ્વ-પરનો
ઘાત કરનારી.
પણ
પ્રશસ્તના નામે
અપ્રશસ્ત ન પોષાઈ જાય
તેની કાળજી રાખજો.
પૌદ્‌ગલિક સ્વાર્થવૃત્તિનો
એક અંશ પણ જેમાં હોય,
તે પ્રશસ્ત નથી.
પ્રશસ્ત પ્રવૃત્તિમાં વિવેક હોય, સ્વ-
પરની હિતદૃષ્ટિ હોય,
આટલી સમજપૂર્વક
અપ્રશસ્ત તજી
પ્રશસ્તને અપનાવો.

શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન

13

વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રંથમાળા